

શ્રી અરવિંદ જન્મશતાબ્દી વર્ષ



લોકમાન્ય તિલક · પુણ્યતિથિ

કુમાર


૫૭૨

સંસ્થાપક
રવિશંકર રાવળ
વર્ષ ૪૮ ◆ અંક ૮ મો
ઑગસ્ટ ◆ ૧૯૭૧
સળંગ ૫૭૨ મો અંક
તંત્રી
બચુભાઈ રાવત





અવનીન્દ્રનાથ જન્મશતાબ્દી



સ્વાતંત્ર્યદિન પરેડ



મહાદેવભાઈ · પુણ્યતિથિ

Breathes there the man with soul so dead
Who never to himself has said
This is my own, my native land?

હૈયા વિનાનો જડ કોણ એવો
જેને ન થાતું મનમાં ય લેશઃ
'આ દેશ મારો! પ્રિય આ સ્વદેશ!'?

વૉલ્ટર સ્કૉટ રચિત · સ્વદેશાભિમાન ગીત



વૉલ્ટર સ્કૉટ · જન્મદ્વિશતાબ્દી

કુમાર

ઑગસ્ટ ૧૯૭૧ • અંક ૫૭૨

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

વાચકો લખે છે

જુલાઈના અંકમાં જીવજી દાદાજી ચૌધરીનો લેખ વાંચીને બહુ આનંદ થયો.

ગઈ સદીના આખા ભારત વિષે વિચારતાં મને જણાયું છે કે દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના, કષ્ટ સહન કરવાની તૈયારી, નિરભિમાનીપણું, કર્તવ્યપરાયણતા ને નિઃસ્વાર્થભાવે મદદરૂપ થવાની ભાવના ઘણા લોકોમાં વ્યાપક હતી. નિર્ણયસાગર પ્રેસમાં, મોરબીના મહામહોપાધ્યાય શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર પોતાનાં સંસ્કૃત પુસ્તક છપાવતા. (એ મારી માતાના મામા થાય.) તેમના લખાણમાં કોઈ શબ્દ વિષે શંકા લાગે તો પ્રુફ સાથે ત્યાંના પ્રુફરીડર શાસ્ત્રીના પત્રમાં શંકાઓ લખી હોય. ઉત્તરમાં શાસ્ત્રી શંકરલાલ પણ પ્રાચીન ગ્રંથોમાંથી ઉદાહરણો આપી, પોતે યોજેલા શબ્દનું ખરાપણું લખી જણાવતા. આથી નિર્ણયસાગર પ્રેસના સંચાલક તથા શાસ્ત્રીઓ પ્રસન્ન થતા. આવા ત્રણચાર પત્રો મેં જોએલા. નિર્ણયસાગરમાં છપાએલા ગ્રંથમાં એકે ભૂલ ન હોય, એકે ટાઈપ તૂટેલો પણ ન હોય, એવું શુદ્ધ મુદ્રણ હતું. મદ્રાસનું વાણીવિલાસ પ્રેસ પણ ઉત્તમ કોટિનું છાપકામ કરતું, છતાં મુદ્રણદોષ રહેતા. ખુદ કાશીમાં છપાએલા સંસ્કૃત ગ્રંથોમાં મેં દોષો જોયા છે તેવી ભૂલો નિર્ણયસાગર પ્રેસમાં ન થતી. જો કે હવે મુદ્રણદોષ વગરનું કામ ત્યાં પણ થતું નથી.

(ભાવનગર) —મુકુન્દરાય પારાશર્ય



▷ ધુમલી બ્રહ્મા મૂર્તિ

▷ મિયાણી બ્રહ્મા મૂર્તિ

જાન્યુ૦ અંકમાંના શ્રી અમૃત પંડયા લિખિત બ્રહ્માની મૂર્તિ વિષે 'પચ્ચીસ વર્ષ પહેલાં' લખાએલા પરિચયમાં આજે ઘણો ઉમેરો થઈ શકે તેમ છે, જેમાંથી બે મૂર્તિઓના (મેં લીધેલા) ફોટો તથા પરિચય મોકલું છું.

૧) મિયાણી ગામથી દૂર, પાંચડેરાની પ્રખ્યાત જગ્યાથી દરિયાકિનારા તરફ હજાર વર્ષ જૂની બ્રહ્માની દહેરી આવેલી છે. તેમાં કાળા પથ્થરની એક સુંદર બ્રહ્માની મૂર્તિ બિરાજે છે. બ્રહ્માની આ મૂર્તિને વિધાન મુજબ ચાર મસ્તક, ચાર હાથ છે, જેમાં ક્રમે શરવો, માળા, લોટી તથા પુસ્તક છે. (પુસ્તકવાળો હાથ ઉપરથી ખંડિત છે.) ચરણો પાસે ચારને બદલે છ આકૃતિઓ એ આ મૂર્તિની વિશિષ્ટતા છે. સામાન્ય રીતે બે બાજુ એકએક સ્ત્રી આકૃતિ-તે સાવિત્રી ને સરસ્વતી-તથા એક એક પુરુષ તે વેદપુરુષ મનાય છે. અહીં બંને બાજુ બે બે સ્ત્રી આકૃતિઓ છે તે કદાચ બ્રહ્મીનાં ચાર સ્વરૂપો હોય. બ્રહ્માને જટામુકટ, દાઢી, કાનમાં કુંડળ, ગળામાં દ્વિસરો હાર તથા યજ્ઞોપવિત અને કટિ પર કલાત્મક વસ્ત્ર-અલંકારો છે. આ મૂર્તિ સોલંકીયુગના ઉત્તમ શિલ્પનો એક સુંદર નમૂનો છે.

૨) બરડાની પ્રખ્યાત નગરી ધુમલીમાં નવલખા મંદિરની પાસે ગણેશ દેરા નજીક એક ચોકમાં આ મૂર્તિ ખુલ્લામાં ઊભી છે. ઉપર્યુક્ત વિધાનો મુજબ જ આજુબાજુ બે બે એમ ચાર આકૃતિઓ અને ડાબા હાથમાં કમલ છે. કમલ ધારણ કર્યું હોય તેવી મૂર્તિઓ ક્વચિત્ જ જોવા મળે છે, કદાચ ગુજરાતભરમાં એવી આ પ્રથમ જ મૂર્તિ છે. મિયાણીની બ્રહ્મામૂર્તિ

કરતાં આ પ્રાચીન પણ છે.

આ બન્ને મૂર્તિઓનું બીજી રીતે મહત્ત્વ પણ છે. બન્ને ઉપાસ્ય પ્રકારની બ્રહ્મામૂર્તિઓ છે અને તે સૌરાષ્ટ્રમાં વ્યાપક પ્રમાણમાં બ્રહ્માનો સ્વતંત્ર પૂજાવિધિ હતો એમ સાબિત કરે છે. આપણે જાણીએ છીએ કે બ્રહ્માનાં સ્વતંત્ર મંદિરો અને સ્વતંત્ર પૂજાવિધિ ગુજરાત સૌરાષ્ટ્ર સિવાય ભારતના અન્ય ભાગોમાં જોવા મળતાં નથી. ૧૯૪૯માં લખાએલા અને જાન્યુ. ૧૯૭૧ના 'કુમાર'માં ફરી છાપેલા શ્રી અમૃત પંડયાના લેખમાં તેમજ ૧૯૬૩માં લખાએલા સ્વ. કનૈયાલાલ દવેના 'ગુજરાતનું મૂર્તિવિધાન' ગ્રંથમાં સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત ઉપાસ્ય પ્રકારની બ્રહ્મામૂર્તિનો ઉલ્લેખ નથી અને તેથી સાંસ્કૃતિક દૃષ્ટિએ અધૂરું રહેલું સૌરાષ્ટ્રનું ચિત્ર આ બે ઉપાસ્ય મૂર્તિઓથી કેટલેક અંશે પૂર્ણ થાય છે, તે પણ આનું મહત્ત્વ વધારી મૂકે છે.

જુલાઈ અંકમાં પૂ. શંકરદેવ વિદ્યાલંકારનો જાવજી દાદાજી ચૌધરી પરનો અતિ સમૃદ્ધ પરિચયાત્મક લેખ ગમ્યો. આપને બન્નેને ધન્યવાદ.

પણ એકાદો વિગતદોષ એમાં જણાય છે: 'મુંબાઈ સમાચાર'ના માલિકનું નામ ફિરોજશાહ મહેરજી જણાવ્યું છે, પણ તે 'મોબેદ ફરદુનજી' જોઇએ. બીજું વિધાન છે: 'નિર્ણયસાગર પંચાંગ ઈ. ૧૮૬૯માં બહાર પડ્યું તે કદાચ મરાઠી ભાષાનું 'પ્રથમ પંચાંગ.' 'મરાઠી' ચોખ્ખું નથી લખ્યું, પણ મહારાષ્ટ્રમાં ઘરઘર સ્થાન પામ્યું એ વાક્યથી 'મરાઠી' સમજાય છે. આની સામે ગુજરાતીમાં પ્રથમ પંચાંગ ઈ. ૧૮૧૪માં બહાર પડ્યું તે નોંધવું જોઇએ. 'મુંબાઈ સમાચાર'ના માલિક મોબેદ ફરદુનજીએ જ ગુજરાતીનું આ પ્રથમ પંચાંગ બહાર પાડયું.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

બ્રહ્માની મૂર્તિ સૂરત જિલ્લામાં બારડોલીથી ત્રણેક માઈલ છેટે આવેલા મોતા ગામમાં પણ છે. તે એક અવડ કૂવામાંથી મળ્યાનું ગામલોકો કહે છે. મંદિર બાંધીને તેમાં પધરાવેલી છે. મોતા તે મોતાળા બ્રાહ્મણોનું મૂળ ગામ—સ્વ. ભોગીલાલ લાલાકાકાનું મૂળ જ્ઞાતિગામ.

(સૂરત) —નટવરલાલ માલવી

અંક ૫૬૫ અને ૫૬૯માં બ્રહ્માની મૂર્તિઓ અને મંદિર ગુજરાતમાં ક્યાં ક્યાં છે. એ વિષે લખાણ છે. બ્રહ્માજીનું બહુ જ સુંદર મંદિર સૂરત જિલ્લાના કામરેજ ગામમાં તાપી નદીને કિનારે અત્યારે પણ સારી હાલતમાં છે. તેમાં નારદ-બ્રહ્માની કલાત્મક મૂર્તિઓ જોવાલાયક છે.

કામરેજ ગામ તાપી નદીને કિનારે સૂરતથી બાર માઈલ પર, ચલથાણ સ્ટેશનથી સાત માઈલ અને સાયણ સ્ટેશનથી ત્રણ માઈલે આવેલું છે. ગામ પ્રાચીન છે. તેનું અસલ નામ કામાવતી નગરી હતું. આ સૂરત જિલ્લાનો તાલુકો હોઈ ત્યાં મામલતદારની તથા ફોજદારની કચેરીઓ છે. ગામમાં બીજાં પણ અનેક મંદિરો છે. નારદ-બ્રહ્માના મંદિરમાંની આ મૂર્તિઓ ભોંયરામાં છે અને પગથિયાં ઊતરી ત્યાં જવાય છે.

સરસ્વતી દેવી બ્રહ્માજીનાં પુત્રી હતાં અને કુંવારિકા તરીકે શાસ્ત્રો અને પુરાણોમાં પ્રસિદ્ધ છે છતાં શા માટે લોકો ખોટા ગપગોળા લગાવતા હશે એ સમજાતું નથી. બ્રહ્માજીનાં પત્નીનું નામ સાવિત્રી છે અને એ વિધાત્રી તરીકે પ્રખ્યાત છે. એમને નારદ અને સરસ્વતી બે બાળકો હતાં. બન્ને કુંવારાં રહ્યાં.

(સાબરમતી) —ઇન્દ્રવદન દેસાઈ

[* પુરાણોમાં 'સરસ્વતી' બ્રહ્માની સ્ત્રી તેમજ પુત્રી ઉપરાંત અન્ય નામથી પણ નિર્દેશાઈ છે તેના ઘણા ઉલ્લેખો કોશોમાં મળે છે. તે પૈકી એક: સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવ કૃત મરાઠી 'પ્રાચીન ચરિત્રકોશ' પૃ. ૬૦૬, કૉલમ ૧, લીટી ૧૫: 'સરસ્વતી=બ્રહ્મદેવાચી સ્ત્રી, જ્ઞાનશક્તિ, સાવિત્રી, ગાયત્રી વ० વાચ અશી હિચા નામાંતરે આહેત.'

બે: 'Hindu World' Vol I, by Benjamin Walker, Page 165: 'The chief wife of Brahma is Saraswati, goddess of wisdom and science, the Minerva of Hinduism, who is also the goddess of speech and music and the deviser of Sanskrit script. She was born of Brahma.']

અંક ૫૬૬ પાના નં. ૫૫-૫૬માં શ્રી રવિશંકર રાવળના 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં ઐતિહાસિક સરકારી ખટલાનું વર્ણન હમણાં વાંચવામાં આવ્યું. તેમાં કેટલીક ત્રૂટિઓ છે.

તે કેસ મિ. બ્રૂમફીલ્ડ પાસે ચાલેલો તે વાત સાચી, પણ મિ. બ્રૂમફીલ્ડ તે, એ વખતના અમદાવાદના ડિસ્ટ્રિક્ટ ને સેશન્સ જજ હતા. તેમને મુંબાઇથી આ કેસ માટે મોકલેલા એવું જે લખાયું છે તે બરાબર નથી. પાછળથી સરકારે બ્રૂમફીલ્ડની મુંબાઈની હાઇકોર્ટના જજ તરીકે નિમણૂક કરેલી ને ત્યાંથી તેઓ નિવૃત્ત થએલા.


બીજું, સરકાર તરફથી આ કેસ ચલાવવા માટે સરકારી વકીલ વકીલ તરીકે મુંબાઇથી તે વખતના ઍડવોકેટ જનરલને અમદાવાદ મોકલેલા તે તેમનું નામ છપાયા પ્રમાણે મિ. આર્મસ્ટ્રૉંગ નહિ પણ સર થૉમસ સ્ટ્રૅંગમૅન હતું. તેઓ ઘણા

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૮)

કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુરનાં આ ત્રણ ચિત્રો આપણે ત્યાં કદાચ આ પ્રથમ વાર જ રજૂ થાય છે. રવીન્દ્ર ભારતી સોસાએટી-કલકત્તાના સંગ્રહમાંથી ધી ઈમ્પીરીઅલ ટૉબૅકો કંપનીએ અગાઉ એ પ્રકટ કરેલાં. ચિત્રકલામાં ભારતીય નિરૂપણની અવનીન્દ્રનાથે જે પુનઃ પ્રતિષ્ઠા કરેલી તેનાં એ દ્યોતક છે. ખૂધિયાની વાર્તાના કથાપ્રસંગોનું નાનકડા પટમાં પણ એમણે વિવિધ સ્તરે જે નિદર્શન કરાવ્યું છે તેની સંયોજનામાં ભારતીય સ્પર્શ સ્પષ્ટ છે. એવું જ રાજાના ચિત્રમાં સાદી છતાં શોભનભરી અને વાસ્તવિકતાથી દૂર છતાં સ્પષ્ટ વિગતભરી એની ચિત્રણામાં રાજાની લાક્ષણિકતાનું કંઈક વિનોદભર્યું સચોટ આલેખન છે. ત્રીજા દૃશ્યચિત્રમાં કલાકારે પ્રકૃતિના વાતાવરણની હવાઈ મુલાયમતા ઉતારી છે.

(આ મહિને આવેલી એમની જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં જુઓ આ અંકની કલાવાર્તા)

▽ ખૂધિયાની એક વાર્તાના કથાપ્રસંગો





ગામસીમનું ઝરણું



રાજા



મૃગ અને મૃગનયની ૧૭મી સદીના ઉત્તરાર્ધની રાજસ્થાની કલમ. આ અંકની કલાવાર્તામાં ફિલાડેલ્ફિયાનાં સંસ્મરણો સાથે ત્યાંના જે શાનદાર મ્યૂઝિયમનો સચિત્ર પરિચય આપ્યો છે ત્યાંના ભારતીય કલાના સમૃદ્ધ સંગ્રહમાંનું આ એક કલારત્ન છે. (બ્લૉક : 'સ્પૅન'–યુસિસ–ના સૌજન્યથી)

શંખાવલી / રાજેન્દ્ર શાહ

· હરિણી ·

વિજન વનવેરાને શંખાવલી રહી વિસ્તરી
ધવલ કુમળાં ફૂલે, ભીની તુષારજલે જરા.
ચરણતલથી ચંપાતી રે' અહીંથી જનારના,
તદપિ ઊઘડ્યા હાણાની શી પ્રશાન્ત ધરી નરી!
પવનલહરી આછી આછી અડે, ઉરને થતું:
અહીં જ ઊતર્યું લાગે તારાભર્યું નભ રાત્રિનું.

વન નહિ: હવે મારો વ્યોમે વિહાર મનોરથ:
મૃગ ઉપરથી ચિત્રા, ત્યાંથી વળી ઋષિમંડળે,
હૃદય તરપાતું વાત્સલ્યે અરુંધતીનાં જલે:
નવલ બલ ઉત્સાહે આધું નહીં ધ્રુવનું સ્થલ.
અજસુતની વીણાની ગીતિ પ્રશાન્ત સુણું અહીં,
શ્રુતિની સહ યાત્રા મારી યે, જયહીં ધ્વનિ હું ત્યહીં.

નિથર જલ ઘેરા આનંદે હું વ્યાપી બધે રહું;
પણ ધવલ ફૂલે સોહંતા વને ય મને લહું.

કોઇનો હું / રામચંદ્ર બ. પટેલ 'સુક્રિત'

· શિખરિણી ·

તમે ઊંડે ઊંડે જલ બની વસ્યાં ભીતર અને
હું કાંઠો કૂવાનો થઈ અરવ ભેંકાર તપતો
રહ્યો પીતો ઊના પ્રહર, હર શ્વાસે તરસની
વરાળો ઉડાડી વમળ રચતો જીવું સજની!

હવે મારું'તારું' મિલન લઈ વેળા મધુરવી
વહી આવે તો એ અવસર નહીં હોય ઢીલવો.
કદી ભૂલેચૂકે વરસી રણમાં વાદ'ળ જશે
–શું માની લેવું કે હરિત વન લ્હેરાતું ઊગશે?

અજાણ્યું આવે જો ફરફરતું પાનેતર-મઢ્યું
પરોઢિયું: એના હળુ રણકતા ઝાંઝરરવે
સરી સૂનાસૂના સભર અખિલાઈ સ્પરશતા
જશું ત્યારે થાશે અણુઅણુ મહીં કો'ક પજવે.

થઈ કોઇનો હું ઘટ, ઊતરી આવું તવ કને,
સમાઈ જાશો શું સહજ ઊછળી ઓળખી મને?

મિલન / જયન્ત પાઠક

· શિખરિણી ·

તમારું એકાન્તે મિલન સ્મરું છું; એમ સરું છું
વનોની છાયામાં શીતલ જયમ કો સાપણ સરે;
બધે હૈયે ગાત્રે અનનુભૂત શી ટાઢક વળે!
પહાડી ખીણોની હરિત ધરતીમાં વિહરું છું,

અહો એકાન્તોની ગમતી ક્ષણ! આનંદઅમીના
ટીપામાં હું જાણે ગળી જઉં, પરિપ્લાવિત બધું;
બધું કો માયાવી મધુર શમણા શું, ભવનના
પ્રમાદી પર્યંકે ભરતીજલદોલાયિત વપુ.

દબાઈ આશ્લેષે સઘન પ્રીતિના પ્હાડ પીગળે;
પ્રવાહે ફીણાળા તટની ભીની માટી ગરી પડે;
ઊંડે એકાન્તે ઉન્મુખ છીપ શી સ્વાતિજલ ગળે!
ઊંડાણોના ગર્ભો છલ છલ કશા છાલક વડે!

સમાધિમાં જાણે સ્થલ-સમયની પાર પળું છું;
હું મારામાં જાણે અરૂપ તમને આવી મળું છું!

ત્રિચાલ / માણેકલાલ પટેલ

· મંદાક્રાન્તા ·

પ્હેલી ચાલે શિશુ મલપતું બાળગાડી ધકેલી
ધીમે ધીમે ડગ કંઈ ભરે, ઊર્મિનો લૈ ઉછાળ
નાના હૈયે કુતૂહલ રમે, આંગણે હર્ષઘેલી
કાલાશબ્દે કલકલ થતી, આશિષે સ્પંદમાન.

બીજી ચાલે શિશુ ગણગણે ગીતવાં નૃત્યછંદે,
ઝીણો ઝીણો પદરવ ઊઠે સ્ફૂર્તિના નવ્ય નંદે;
છૂટ્ટા કેશે ફરફર થતો ભેરુ સંગે વિહાર,
શેરી વચ્ચે લઘુક પગલાં ફાળતાં લાલ લાલ!

ત્રીજી ચાલે શિશુ પથ ભમે; બાદશાહી રુઆબે
ત્રાંસી નાખે નજર, નચવે આવતી કાલ તાલે;
સામે ખૂલે અગમ ગતિની ઝંખનાનાં અનંત,
ભાગોળે તો ક્ષિતિજ સરકે... ઈષ્ટ છો દૂર દૂર!

કોઈ પ્રસન્ન પળ ઊઘડતા પ્રભાતે–
હૈયે લહી, અરવ ઝંકૃતિ ઊઠી જાગી:
જ્યારે બધી દિશ સમૃદ્ધિ લઈ ઊભી'તી,
ત્યારે તમારી શુભ સંનિધિ માત્ર માગી.

હરીન્દ્ર દવે

મને આ માટીના પરસ મહીં આકાશ મળતું,
તૃણોના કંપે મેં ઉડુગણ તણાં નૃત્ય નીરખ્યાં;
હવાના આંદોલે નીરખી લીધું બ્રહ્માંડ સઘળું,
મને આ પૃથ્વીનો પરિચય થયો?–કે નિખિલનો?

હરીન્દ્ર દવે

લીલો નિખાર / હરિકૃષ્ણ પાઠક

ઘેઘૂર નેહ ઘનશ્યામ અહીં ઝર્યો છે;
લીલો નિખાર બસ આંખ મહીં ભર્યો છે,
ઝોકાર તેજ ક્ષણમાં ઝબકી જતાં ને
અંધારનો અમલ તો અભરે ભર્યો છે.

ભાવે ભર્યો અતલ અંતરનો અજંપો
સોણા સમો સકલ મોલ મહીં ઠર્યો છે,
કેકારવે ખલક રંગધનુ સજાવી
કિલ્લોલનો કનક પાલવ પાથર્યો છે.

સેલારતાં ગગન, નીર, ધરા તળાવે
શો એકતાર અવતાર જમે ધર્યો છે!

સનાતન અસ્તિત્વ / લાભશંકર દવે

· ગઝલ ·

ઊતરી ગયું છે પાણી બધું શ્વાસેશ્વાસમાં.
એનો વિકાસ થાય છે આ લીલા ઘાસમાં.

હું ફૂલ એનાં જોઇને નિશ્ચિંત થઈ ગયો!
મારું કફન વણાઈ રહ્યું છે કપાસમાં!

મારો અભાવ કેવો લીલોછમ બની ગયો!
ઊગી ગયું છે ઘાસ કબર આસપાસમાં.

એ યાદ સૌને આપશે અહીંઆં રહીરહી,
અવશેષ જે રહી ગયા હશે નિવાસમાં.

તું એને શોધવાના પ્રયાસો ન કર હવે,
એ પણ કદાચ હોય તારા શ્વાસેશ્વાસમાં!

જૂનું પિયરઘર
મનોહર ત્રિવેદી

ઘરની છાશ અડી જ્યાં હોઠે
દીવા થ્યા ત્યાં બત્રી કોઠે.

બચપણ સંતાયું છે કિલ્લે,
ગોતું છું જે કોઠે-કોઠે.

અણુસમજુ ઈ રીસ અટાણે
ફળિયા વચ્ચોવચ્ચ આળોટે.

પગની ઠેકે ખાટ હલી ત્યાં
વીત્યા દિવસો વળગ્યા કોટે.

દંતકથાઓ આવી'તી જે
રતના વણઝારાની પોઠે.

ક્યાં ગ્યું સંધુ પરિયું યે ને?
ઊડે ફૂંકરી જેમ લગોઠે.

પાંચીકેલી ઊછળી છઠ્ઠો
પ્રીતમ થઈ આવ્યો બાજોઠે.

જાન ઊઘલતાં એક અમૂંઝણ
આમ ગર્યું'તું, આમ ન ગોઠે.

દીવા થ્યા હ્યો બત્રી કોઠે
ઘરની છાશ અડી જ્યાં હોઠે.

લીલેરો સંવાદ / ધીરુ પરીખ

· સવૈયા ·

આવો વરસ્યો ન'તો કદી યે
મન મૂકી વરસાદ!

કોરીમોરી શંક આંખમાં
આંજ્યાં લીલાં અંજન;

ઘુમરાતા વ્હેળામાં હસતાં
ધરતી-ચહેરે
પડ્યાં લીલેરાં ખંજન;
ખળહળ વ્હેતાં નીર મહીં કો

વ્હાલ ભરેલી મૂક વાતનો
ઝળહળતો આ શો લીલો કલનાદ!
આવો વરસ્યો ન'તો કદી યે
મન મૂકી વરસાદ!

માણસ લીલાં ભાસે,
ભાસે લીલાં લીલાં ધામ;

આકાશી ખેતરમાં ફણગ્યા
લીલેરા ટહુકાઓ જાણે
હરખ-લચેલાં હૈયાં તણા મુકામ.

અંધારું આ લીલું,
આજે પ્રકાશ પણ છે લીલો,
લહેકાતી લહરીમાં ઝ્હેકે
લીલી ગંધનો ચીલો;

ખીલ્યો શો ચોપાસ અકળ
આ લીલેરો સંવાદ!
આવો વરસ્યો ન'તો કદી યે
મન મૂકી વરસાદ!

ધજા કરી મને / કિશન સોસા

ફરફરી ફરફરી થાકી હું જાઉં,
રે ફરફરી ફરફરી ફાટી હું જાઉં,
તે કોઈ એક 'માનતા'ના હાથે—
ધજા કરીને મને બાંધી દીધો છે અહીં સુક્કાભસ જંગલના માથે.

સૂરજના થડકારે આખ્ખા યે આભથી રાખોડી ઉજાજડતા ખરતી,
તડકે તે ભિસોટા તાણંતી તીણી કો ચીચિયારી સમળીની ફરતી,
અંધારું પાથરી કાળમીંઢ રાત પછી ચારે પા ઝીણું ઝીણું બળતી,
ફરકચાંના થાકોડે તૂટતો હું જાઉં,
રે, ફરકચાંના થાકોડે ખૂટતો હું જાઉં,
તે કોઈ એક વાયરાને હાથે—
લીરેલીરા થઈ ઊડી જઈશ આમ... તૂટેલા પાંદડાની સાથે.

પંખીની જેમ હું તો ઊડતો રહું અને ક્યારે ય હું પ્હોંચું ન ક્યાંય,
સૂસવતી કૂરતાએ મારામાં ચીતરેલા સૂરજના શ્વાસો રુંધાય.
તંતુઓ તૂટ્યાની વાગે છે ભાન પણ કેમ કરી કેમ એ સંધાય?
નીચેના દેવની હું ઊંચી એંધાણી,
રે, પથ્થરિયા દેવની હું ફરફરતી વાણી,
તે કોઈ એક ઇચ્છાના હાથે—
વેચાઈ ગયા અમે પથ્થરિયા દેવતાને દોથો એક સિંદુરની સાથે.

નીરવ રાતે / ગીતા પરીખ

· સવૈયા ·

દિન આખો વરસીને થંભ્યો
માંડ હવે વરસાદ.
સૂતું જગનું ચેતન આખું
ઓઢી કાળી રાત,
ચૂપચાપ લંબાવી અંગો
શાંતિ કરે નિરાંત;
તમરાં યે ગભરાય બોલતાં
રખે કરે ફરિયાદ;
નીરવતાની ભોમ પરે પણ
અવિરતપણે સુણાય,
ટક ટક નાદે સમય-સવારના
ઘોડા આવે-જાય.

હૈયા વિનાનો જડ કોણ એવો
જેને ન થાતું મનમાં ય લેશ:
'આ દેશ મારો! પ્રિય આ સ્વદેશ!'?

આ દૈવે દીધેલાં ખોડભર્યાં અંગ અને પોચટ મન ઉપર જેણે પુરુષાર્થની ખેડથી સશક્ત શરીર ને નિશ્ચયબળે શોભતા શીલ ને સમૃદ્ધિયુક્ત ભવ્ય જીવનશિલ્પનું નિર્માણ કર્યું



સર વૉલ્ટર સ્કૉટ

લંગડો થવા છતાં પહાડખેડૂ બનનાર

અનેક બીમારીઓ છતાં દૃઢ શરીર બનાવનાર

સામાન્ય શાળા-કૉલેજશિક્ષણ છતાં અસામાન્ય જ્ઞાન સંપાદન કરી 'વર્ટ્યૂઅસો' બનવાનું સ્વપ્ન સિદ્ધ કરનાર

દુર્દૈવને ય માનવના નિશ્ચયબળથી મહાત કરી પ્રારબ્ધ ઉપર પુરુષાર્થનો વિજય સ્થાપનાર

અંગ્રેજી ઐતિહાસિક નવલકથાનો જનક

લોકકથાઓ ને લોકકવિતાનો સંપાદક

લોકપ્રિય કવિ, વેધક પત્રકાર, સક્રિય ધારાશાસ્ત્રી, તટસ્થ ન્યાયાધીશ ને ખડતલ પ્રવાસવીર

સર વૉલ્ટર સ્કૉટની જીવન તવારીખ માનવ-યુયુત્સાની એક યશકલગી જેવી છે.

કુ. નયના જાની

પંદરમી ઑગસ્ટે આ ભાવ જાગે તે સ્વાભાવિક છે. આપણું એ રાષ્ટ્રીય પર્વ; મહાદેવભાઈનું સ્મૃતિપર્વ; શ્રી અરવિંદ અને અવનીન્દ્રનાથ ઠાકુરની જન્મતિથિ. અને આ વર્ષે પંદરમી ઑગસ્ટે—

'બ્રીધ્ઝ ધેર ધ મૅન વિથ સોલ સો ડેડ,
હુ નેવર ટુ હિમસેલ્ફ હૅથ સેઈડ:
ધિસ ઈઝ માઈ ઓઉન માઈ નેટિવ લૅન્ડ?'

એ જાણીતા કાવ્યના કવિ સર વૉલ્ટર સ્કૉટની બસોમી જયંતી આવે છે.

એની જ ઐતિહાસિક નવલનો દાખલો આપીને આપણે ત્યાં રસલસાહેબે નંદશંકરને ગુજરાતીમાં એવી 'ગાથા' લખવાની પહેલ કરવા ચીમકી આપી, અને તેનું પરિણામ તે આપણી પહેલી ઐતિહાસિક નવલ 'કરણ ઘેલો'. એ હકીકતની સાથે પણ સ્કૉટ યાદ આવ્યા વિના નહિ રહે.

અનેક ઐતિહાસિક નવલકથાઓ અને લોકકથાઓથી અતીતને અર્ઘ્ય આપનાર સ્કૉટની જીવનતવારીખ માનવ યુયુત્સાની એક યશકલગી જેવી છે. જન્મથી મૃત્યુ સુધી, એક પછી એક અકલ્પ્ય આપત્તિઓ આવતી જ રહી. એની સામે એ અવિરત ઝૂઝ્યો, છતાં ઝૂક્યો નહિ; ન જડ બન્યો, ન ક્રોધી બન્યો; ન ભલાઈ છોડી, ન શાણપણ છોડયું, ન આશા છોડી; ને આખરે, પ્રારબ્ધને હાથ ઊંચા કરી મીણ ભણવું પડયું! જો કે ત્યારે જીવનની એ સાવ છેલ્લી પળોમાં તો એ બેહોશ રહ્યો. ખુદ પ્રારબ્ધ પણ હાર કબૂલ કરી નામોશી બતાવે એ જાણે એને ગમ્યું નહિ!

પૈતૃક વંશમાં શૌર્યના સંસ્કારો ખરા. સ્કૉટ વંશમાં જ સરહદપારના એક યોદ્ધા વૉલ ઑવ હાર્ડેન થઈ ગએલા. સ્કૉટના દાદા સુધી તો આ કસુંબલ રંગના સંસ્કારો સ્પષ્ટ વરતાતા હતા. પ્રપિતામહની મમતા સ્ટુઅર્ટ વંશ તરફ એટલી બધી હતી કે સ્ટુઅર્ટો જ્યાં સુધી દેશપાર રહ્યા ત્યાં સુધી એમણે દાઢી મૂંડાવી નહિ. એથી લોકોએ એમનું ઉપનામ પાડેલું 'બીઅર્ડી.' દાદા રૉબર્ટ સ્કૉટ પણ 'બીઅર્ડી' કહેવાતા. શસ્ત્રોના તો એવા શોખીન કે એક વાર ખેતરની ચીજવસ્તુઓ લેવા ઉપાડેલા ૩૦ પૌંડ એક લોખંડી ચાબૂક ખરીદવામાં ખર્ચી નાખેલા. દાદાનો આ ઉડાઉ સ્વભાવ પોતાનામાં ય ઊતરી આવેલો હોવાનું સ્કૉટ કહેતા. આ દાદા ડુંગરોની તળેટીમાં આવેલા સૅન્ડીનોઆમાં રહેતા. પિતા રહેતા એડિનબરઅમાં. એ સીધાસાદા, પ્રામાણિક, રૂઢિપ્રિય, ધર્મભીરુ, ન્યાયપ્રિય, ને તેથી અત્યંત સામાન્યસ્થિતિના વકીલ હતા. ધર્મનો ઇતિહાસ એ એમનો પ્રિય અભ્યાસવિષય. માતા ઍન એડિનબરઅ યુનિવર્સિટીના ઔષધશાસ્ત્રના પ્રોફેસર જ્હોન રધરફર્ડની પુત્રી. આનંદી સ્વભાવ અને કાવ્ય-કથામાં જીવંત રસ.

આવા કુટુમ્બમાં માતપિતાના નવમા સંતાન તરીકે, ઈ. સ. ૧૭૭૧-ના ઑગસ્ટની પંદરમી તારીખે એડિનબરઅમાં વૉલ્ટર સ્કૉટનો જન્મ થયો. અગાઉ મૃત્યુ પામેલાં ત્રણ બાળકોનાં નામ ક્રમે ક્રમે પછી જન્મતાં બાળકને—રૉબર્ટ ને જ્હોનને અપાએલાં, એટલે વૉલ્ટરનું પણ એ જ રીતે નામાભિધાન થયું. જો કે નાનપણમાં સૌ એને લાડમાં વેટી કહેતું. વરસેક દિ' તો એ તંદુરસ્ત રહ્યો. પછી દાંત આવવા શરૂ થતાંની સાથે તબિયત કાચીપાકી રહેવા લાગી. દોઢ વરસનો થયો ત્યાં એક વાર એવા તો સખત તાવમાં પટકાયો કે એમાંથી એને લકવા થઈ ગયો ને જમણો પગ હમેશ માટે ખોટો થઈ ગયો! અનેક ઉપચારો નિષ્ફળ નીવડયા. અંતે માતામહ ડૉકટર રધરફર્ડની હવાફેર કરવાની સલાહથી એને એડિનબરઅમાંથી દાદાને પહાડી ગામડે સૅન્ડીનોઆમાં ખસેડવામાં આવ્યો.

આમ, સ્કૉટ પણ, મેઘાણીભાઈની માફક બન્યો પહાડનું બાળક. 'રણઝણતા ડુંગરા ને સૂસવતા પવનો' એ છે એની પહેલી સ્મૃતિ. ચાર વર્ષનો થયો ત્યાં સુધી વેટી ત્યાં રહ્યો. ધીમેધીમે ઊભો રહેતો ને થોડુંક ચાલતો-દોડતો પણ એ થયો. ત્યાંની નિસર્ગશ્રીથી ચિત્ત સંસ્કારાઈ ગયું. 'માર્મિયૉન' અને 'ઇવ ઑવ સેન્ટ જ્હોન'માં એ સંસ્કારો સ્પષ્ટ જણાઈ આવે છે. નિર્ભયતાના સંસ્કારો પણ એને એ પ્રકૃતિએ જ આપ્યા. એની ત્રણેકની વયે એને ઘેટાંના ટોળા વચ્ચે મૂકીને આયા ક્યાંક ગએલી. એ

તો સૂતાં સૂતાં રમતો હતો. ત્યાં એકાએક આંધી ચડી અને ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો. એની જેનેટકાકીને ચિંતા થઈ. ત્યાં જઇને જુએ, તો 'વેટી' તો એથી કિલકારીઓ કરતો તાળીઓ પાડતો હતો!

નાના વેટીને આયા ડુંગરો પર લઈ જતી. દાદા લોકકથાઓ કહેતા. તેમાં યે પૂર્વજોની પરાક્રમગાથામાં અને સરહદ પારના બહારવટિયાઓ-ની વાતોમાં એને બહુ રસ પડતો. વાર્તાની ચોપડીઓમાંથી પણ એને વાંચી સંભળાવવામાં આવતું. ત્યારે જે ગમી જતું તે વિના આયાસે એવું યાદ રહી જતું કે એમાંથી આખેઆખા ફકરા એ બોલી બતાવતો. એ કાળે યાદ રહી ગએલું 'હાર્ડી કૅન્યૂટ'નું ગીત એ પછી ક્યારે ય નહોતો વિસર્યો. જેનેટકાકીએ એને વાંચતાં શીખવ્યું. તે પછી જે પ્રથમ પુસ્તક હાથમાં આવ્યું તે હતું એના વંશના ઇતિહાસનું. એમાંથી બે શૂરવીરોની વાત એના હૈયે વસી ગઈ. એ બન્ને અપંગ હતા. એક હતો જ્હૉન ધ લૅટીમર, બીજો હતો વિલિયમ બોલ્ટફૂટ. એની એક પંક્તિ વેટીનું રટણ થઈ પડી : He did survive to be a Man. (પંગુતા છતાં એ જીવ્યો એટલું જ નહિ, પરાક્રમી નર તરીકે અમર થયો.) આમ બાહ્ય આપત્તિ-ઓ સામે બાથ ભીડવાની વૃત્તિનાં બીજ બચપણથી જ વેટીમાં વવાયાં.

એ ચાર વર્ષનો જ હતો, ને દાદા અવસાન પામ્યા. ત્યારે દાદાની જે દફનક્રિયા થઈ, જેનેટકાકીએ જે મેલા લખ્યા, ને કાળા ગુંદરે ચોંટાડયા, તે બધું જ વેટીને વર્ષો સુધી યાદ રહ્યું. દાદાના મૃત્યુને કારણે મુક્ત પર્વતમાળા ને હરિયાળાં ખેતરોનો એ મુલક છોડીને વેટીને પાછા પથ-રાળ જડ રસ્તા ને સાંકડી પોળોવાળા એડિનબરઅમાં આવવું પડયું. ઘરમાં બે મોટા ભાઇઓ ઘોડાની માફક ડુંગરા ખૂંદે, ત્યારે પોતાને તો નીસરણી ચડવી યે ભારે થઈ પડે! કોઈએ સૂચવ્યું : 'કેલ્સોના લઈ જાવ.' એટલે જેનેટ એને ત્યાં લઈ ગઈ. ત્યાં ડૉક્ટર વિલ્સનની સારવાર શરૂ કરી. સારવાર માટે જાય ત્યાં પણ વેટી પેલું 'હાર્ડી કૅન્યૂટ'નું કથાગીત ગણગણ-તો. એમાં એક વાર ડૉકટરે એ સાંભળ્યું. ધ્યાન દીધું તો લાગ્યું કે છોકરો બાબડો છે! પગની ખોટ તો ઠીક, પણ જીભની સરખી સારવાર એમણે કરી. પગની સારવાર માટે એને બાથ બંદરે લઈ જવાની અને ત્યાંના દરિયાઈ પાણીની સારવાર આપવાની એમણે સલાહ આપી.

બાથમાં એકાદ વરસ રહેવાનું થયું. પગની સારવાર ઉપરાંત એક ગામઠી શાળામાં એ ત્રણેક માસ ગયો. થોડું વાંચતાં-લખતાં શીખ્યો. ઘેર એક આઇરિશ કામવાળી રાસડા (ballads—કથાગીતો) ગાતી તેમાં બે કથાઓ એની ખૂબ પ્રિય બની. એકમાં આયર્લૅંડની એક રાજકુમારી-ને ભોળવીને એક અમીર ઘૂઘવતા સાગરની એક ભયાનક ભેખડ પર લઈ ગયો ને ત્યાંથી સાગરમાં પડતું મૂકવા ફરમાવ્યું પણ તે પહેલાં કહ્યું :

'Strip off, Strip off that comely garb!'
That knight did her command;
'For surely it is too costly
To rot on the salt-sea-sand.'

(તારાં કીમતી વસ્ત્રો કિનારે મૂકતી જા.) પહેલાં તો એણે પોતાને જીવતી રાખવા કાલાવાલા કર્યા, પણ એ નિષ્ફળ જતાં, આખરે, વિનંતી કરી કે એ પીઠ ફેરવીને ઊભો રહે, જેથી એને કપડાં કાઢતાં શરમ ન આવે. એક અમીર-ના ગૌરવને છાજે એમ એણે વર્તવું જ રહ્યું. અને, એ જેવો પીઠ ફેરવીને ઊભો કે પેલી વીરાંગનાએ એને ધક્કો મારીને દરિયામાં પધરાવી દીધો.

કથાકવિતાના આવા સંસ્કારોથી વેટીનું આંતરજગત ઘડાતું હતું ત્યાં, ભારતથી એના રૉબર્ટ કાકા રજા પર આવી ચડયા. એમણે એને શેક્સપી-અરનું 'ઍઝ યુ લાઇક ઇટ' નાટક બતાવ્યું. એમાં બે ભાઈ એ-ઑર્લૅન્ડો ને ઑલિવર વચ્ચે ઝગડો જોતાં એ બોલી ઊઠેલો : 'અરે, આ તે કાંઈ ભાઈઓ કહેવાય!' પણ થોડા સમય પછી, બાથ છોડીને એડિનબરઅ-માં ભાઈ-ભાંડુઓ વચ્ચે રહેવાનું થયું ત્યારે એણે અનુભવ્યું કે એક ટૉમ સિવાય બધાં જ ભાઈ-બહેનો લંગડા ભાઈની મશ્કરી કરે છે! પણ એથી તો એનો જુસ્સો ઘટવાને બદલે વધ્યો. એક વાર એના એક સગાએ વેટીનું પાળેલું પક્ષી મારી નાખીને રાંધ્યું. પાંચ વરસના વેટીએ આ જાણતાં તેમની ગળચી પકડી, ને ત્યાં એવું તો સજ્જડ બચકું ભર્યું કે તેની પકડ છોડાવતાં ઘરનાં માણસોનો દમ નીકળી ગયો.

એક ડૉક્ટરે વેટીને શેક્સ્પીઅરની વાતો કહેલી. એથી જાગેલા રસને કારણે શેક્સ્પીઅરનાં જે નાટકો હાથ લાગ્યાં તે એણે વાંચી નાખ્યાં. છ વર્ષની ઉમરે મિલ્ટનનું 'પૅરૅડાઈઝ લૉસ્ટ' વાંચતાં વાંચતાં માને પૂછયું : 'હેં મા! આ આદમ હજુ હમણાં જ પૃથ્વી પર આવ્યો, છતાં તેને બધું જ જ્ઞાન! આ તો કવિકલ્પના જ હોવી જોઈએ.' હોમરનાં મહાકાવ્યોનું ભાષાન્તર પણ તેણે આ જ વયે વાંચ્યું. માતા પાસે લોકકથાઓનો પણ સારો ખજાનો. કાવ્યરસિક પણ ખરી. ઍલિસન કૉકબર્ન નામની કવયિત્રી એની બહેનપણી. એક વાર એ આવેલી, ને વેટીએ મિલ્ટનની એક કવિતાનો એક ખંડ સંભળાવ્યો. પછી એના પર ચર્ચા ચાલી. બીજે દહાડે વેટી એની માતાને કહે : 'પેલી બાઈ બહુ સારી હોં.' 'કઈ બાઈ?' 'કેમ? ગઈ કાલે આવી'તી તે મિસિસ કૉકબર્ન. મારા જેવી જ વર્ટ્યૂઅસો (Virtuoso)!' 'વર્ટ્યૂઅસો એટલે શું?' માએ પૂછયું. 'કેમ? આટલું યે નથી જાણતી? બધું જાણનાર પરમ જિજ્ઞાસુ.' માત્ર સવા છ વર્ષની 'કાચી' વયે પોતાના સ્વત્વ-સત્ત્વનું આવું ભાન એને હતું!

એની સમજશક્તિ પણ ગજબ હતી! આઠેકની વયે સમુદ્રસ્નાનથી પગે કદાચ ફેર પડશે એમ માનીને એને પ્રેસ્ટનપેન્સમાં લઈ ગએલા. એ દિવસોમાં અમેરિકામાં બળવો ફાટી નીકળેલો. એની વાતો વેટી રસ-થી સાંભળે. ગામમાં ડેલ્જેટી નામે એક વૃદ્ધ જર્મન યુદ્ધવીર નિવૃત્ત થઇને આવેલા. એ ને વેટી અમેરિકામાં ચાલતી ક્રાન્તિની વાતો કરતા. વૃદ્ધ અનુ-ભવી યોદ્ધાએ બધી ગણતરી કરીને શું થશે એનું ભાવિ ભાખ્યું. નાનકડા વેટીએ એથી વિરુદ્ધનો અભિપ્રાય આપ્યો;—ને એ જ સાચો પડયો!

એના કાકાએ એને એક નાની સુંદર વછેરી ભેટ આપેલી. વેટી પૂરપાટે એને દોડાવતો. એનું શરીર પણ હવે સારી પેઠે વધ્યું. એ શાળાએ જતો પણ ત્યાં બહુ મજા ન પડતી. સૌથી વધુ કંટાળો લૅટિનમાં આવતો. પણ વૉલ્ટરના એક શિક્ષક ડૉક્ટર ઍડમે વર્ગમાં એક વાર લૅટિન બાબતમાં તેની પ્રશંસા કરી. એથી એવો પોરસ ચડયો કે એણે હૉરેસ ને વર્જિલ-નાં કાવ્યોમાંથી કેટલાંકનો અંગ્રેજીમાં પદ્યાનુવાદ કરવા માંડયો. દસ-અગિયારની વયે કરેલા આવા એક અનુવાદનો એક કાગળ એની માને હાથ આવી જતાં તેણે 'My Walter's First Lines–1782' ('મારા વૉલ્ટરની આરંભની પંક્તિઓ ઈ. ૧૭૮૨) એવી નોંધ સાથે એ જાળવેલો. એમાંની બે પંક્તિઓ એની ત્યારની શક્તિનો સારો પરિચય આપે છે :

At other times huge balls of fire are toss'd,
That lick the stars, and in smoke are lost.

આથી, શિક્ષકોમાં પણ એ ધીરેધીરે પ્રિય થઈ પડેલો. વાર્તારસિયાઓ તો એની આસપાસ ઊભરાતા. રમતના મેદાનમાં નહિ પણ પોળોમાં છોકરાઓ વચ્ચે થતી મારામારીમાં એ કદી પાછો ન પડતો. પગે ખોડ હતી છતાં પહાડો ખૂંદવામાં એ એની આડે ન આવી. વાંદરાની ચપળતા અને સરળતાથી એ બીક રાખ્યા વિના, ખીણો-કંદરાઓમાં ભમતો.

વર્ગમાં યે એના વાનરવેડા ક્યારેક ચાલુ રહેતા. એ જ રીતે એણે એક હોશિયાર વિદ્યાર્થીને પરાસ્ત કરેલો એ પ્રસંગ જાણીતો છે. શિક્ષક ગમે તે પૂછે, પેલો પટપટ જવાબ આપે ને વેટીને એની ઈર્ષ્યા આવે. એક વાર એણે આની હોશિયારીનું રહસ્ય શોધી કાઢયું. પેલો બોલવા ઊભો થાય પછી તરત પહેરણનું બટન આંગળાં વડે રમાડતાં રમાડતાં જવાબ આપે. વેટીએ એક વખત ચૂપકીથી એ બટન જ કાપી નાખ્યું; ને પેલો ઉત્તરો આપવામાં નિષ્ફળ ગયો! વેટીને પેલાની જગ્યા મળી.



સર વૉલ્ટર સ્કૉટ-૭ વર્ષની વયે, યુવાવસ્થામાં અને ઈ. ૧૮૩૦માં ઉત્તરાવસ્થામાં

જન્મથી મૃત્યુ સુધી, એક પછી એક અકલ્પ્ય આપત્તિઓ સામે એ અવિરત ઝૂઝચો, પણ ઝૂકચો નહિ. ન જડ બન્યો, ન ક્રોધી; ન ભલાઈ છોડી, ન શાણપણ છોડયું; ન આશા છોડી; ને આખરે, પ્રારબ્ધને હાથ ઊંચા કરી મીણ ભણવું પડ્યું.

પણ પોતે એને કરામતથી પરાસ્ત કર્યો એનો વસવસો વેટીને ઘણાં વર્ષ રહ્યો. જોકે પોતાની તીવ્ર સ્મરણશક્તિનો પરચો એણે શિક્ષકોને પણ કરાવેલો. ડૉક્ટર ઍડમ પોતે યુદ્ધ જેવી કોઈ અગત્યની ઘટના કે તારીખો વગેરે ભૂલી જાય ત્યારે વેટીને પૂછતા. એનું નામ એમણે પાડેલું The Historian of the Class 'વર્ગનો ઇતિહાસવેત્તા.' બાર વર્ષની ઉંમર પહેલાં એણે લખેલી બે પદ્યરચનાઓ ડૉક્ટર ઍડમે સાચવી છે. એક છે: 'On the setting Sun.' બીજી છે 'On the Thunder-storm:

Loud o'er my head though awful thunders roll,
And vivid lightnings flash from pole to pole,
Yet 'tis thy voice, my God, that bids them fly,
Thy arm directs those lightnings through the sky.

એ વીજળીઓને આકાશી માર્ગે પસાર કરાવે છે તો હરિનો હાથ જ.

ડૉક્ટર ઍડમ વિદ્યાર્થીઓમાં પ્રિય હતા. વેટી તો એમને ખૂબ ચાહતો. એક વાર જ્યારે ગામની કાઉન્સિલના ટેકાથી મિ. નિકોલ નામના શિક્ષકે ડૉક્ટર સાથે કોઈ બાબતમાં મોટો ઝગડો કર્યો, ને એમનું જાહેરમાં અપમાન કર્યું ત્યારે વેટીને એ નિકોલ પર બરાબર ચાટી ગએલી. નિકોલ સારો વિદ્વાન હતો, પણ વિદ્યાર્થીઓને ઝૂડતો પણ ખરો. એણે વેટીને એક વાર એવો મારેલો કે એ નીચે ઢળી પડેલો; અલબત્ત, ત્યારે એણે માફી માગતાં (કટાક્ષમાં) કહેલું કે આવો અશક્ત પોતે હશે એમ પોતે જાણતો નહોતો. નિકોલે એના ઍડમ સાથેના મતભેદને વેરનું એવું રૂપ આપ્યું કે એક વાર રાતે એકલતાનો લાભ લઈને એણે એમને માર્યા! એ જાણીને છોકરા બધા એની પર ખારે બળેલા તો હતા જ, એમાં, શાળાની પ્રથા મુજબ, ઍડમની કસોટી લેવા નિકોલને વર્ગમાં આવવાનું થયું. છોકરાઓએ વેટીની સરદારી નીચે કાવતરું કર્યું. કસોટીમાં 'એનિડ'નો એક ફકરો હતો. કાર્થેજની રાણી એના દરબારીઓને રાજ્યમાં નવા આવેલા અજાણ્યા મુસાફર વિષે પૂછે છે: What new visitor approaches our throne? એમાં નવા માટે શબ્દ હતો 'novus'. વેટીએ એક કાગળ ઉપર આ પંક્તિ લખી. પણ એમાં novusને બદલે લખ્યું vanus. આ વર્ણવ્યત્યયથી અર્થ થયો 'દંભી ડખલ કરનાર.' ચાલાકીથી વેટીએ આ કાગળ સાહેબના કોટ પાછળ ટાંકણીથી ભરાવી દીધો! ને આખી નિશાળમાં એ જ્યાં ગયા ત્યાં સૌ ખડખડાટ હસ્યા.


તે વખતે એનો શાળાનો પક્કો દોસ્ત હતો જ્હોન ઇર્વિંગ. શનિ-રવિ ને રજાઓમાં ઐતિહાસિક સ્થાનો ને ખંડેરોમાં બંને ભમતા. ક્યારેક એવાં દુર્ગમ શિખરો પર ચડતા કે જ્યાંથી ઊતરવું જ ભારે થઈ પડે! ને એક વાર જેમતેમ ચડી ગયા પછી ઘણી વાર જ્હોનને લાગતું કે વેટી માટે નીસરણી લાવવી જ પડશે; પણ વેટી ગમેતેમ કરીને પણ ઊતરતો જ!

વેટીના વિકાસમાં એની શાળાના વર્ગનો હિસ્સો જેટલો નથી એટલો ઘરના વાતાવરણનો છે; ખાસ કરીને માનો. સાંજે વાળુ પછી બધાં મળે ત્યારે વેટી શેક્સપીઅરનાં નાટકો કે અરેબિયન નાઈટ્સ મોટેથી વાંચી સંભળાવતો. ક્યારેક દીવાનખાનામાં જ છોકરાઓ ખેલ નાખતા. એમાં દિગ્દર્શક, મૅનેજર ને મુખ્ય અદાકાર રહેતો વેટી. કુટુંબનું પ્રિય નાટક 'Jane Shore' વારંવાર રજૂ થતું. એમાં વેટી બનતો હેસ્ટિંગ્ઝ. 'રિચર્ડ ધ થર્ડ'માં એ ગ્લોસ્ટરની ભૂમિકા કરતો. સંગીત સિવાય બધી કળાઓમાં એ કુટુંબને રસ હતો. વાર્તાઓમાં તો જબ્બર રસ. તેમાં યે માતાની એક સગી, બુઢ્ઢી માર્ગરેટ સ્વિન્ટન તો વાતોનો અણખૂટ ખજાનો હતી. ત્યાં સાંભળેલી ઘણી વાતો સ્કૉટે મોટા થઈને લખી છે.

હવે વેટીને શાળાએથી ઉઠાડી લીધો ને ઘેર ભણાવવાની વ્યવસ્થા કરી. તે પછી તેને કૉલેજમાં મોકલવાને બદલે છએક માસ કેલ્સો મોકલ્યો. ત્યાંની ગ્રામર સ્કૂલમાં લૅટિનના અભ્યાસ માટે રોજના ચાર કલાક એ



માતા ઍન સ્કૉટ અને પત્ની શાર્લોટ





એશેરટીઅલમાં પ્રકૃતિ સૌંદર્યથી ઘેરાએલા સ્કૉટના આવાસનું વિખ્યાત ચિત્રકાર જે. એમ. ડબ્લ્યુ. ટર્નરે કરેલું આલેખન. ઈ. સ. ૧૮૦૪થી ૧૮૧૨ સ્કૉટ અહીં રહેલો. (જમણી બાજુ) જ્યાં સ્કૉટે પોતાની પાંચ હજાર એકરની જાગીર પર નંદનવન ખડું કરેલું એ ઍબ્બટ્સફર્ડ આજે.

આપતો. ત્યાં એને જેમ્સ બૅલૅન્ટાઈન સાથે એવી મૈત્રી થઈ જે મૃત્યુ સુધી ટકી. 'એના જેવો વાર્તાકાર મેં બીજો જોયો નથી' એમ સ્કૉટે કહ્યું છે. કેલ્સોમાં એણે પુષ્કળ વાંચ્યું; પણ નોંધપાત્ર ગણાય પર્સીનું 'રેલિક્સ...' એમાંનાં બૅલડ્ઝથી એને અપાર આનંદ થયો. એમાંનું ઘણું એને મુખપાઠ થઈ ગયું. ઐતિહાસિક ખંડેરો અને પ્રાકૃતિક દશ્યો તરફની દૃષ્ટિ ખૂલી. પરિભ્રમણની ભૂખ વધી.

ઈ. ૧૭૮૩ના નવેમ્બરમાં એડિનબરચ કૉલેજમાં દાખલ થવા ગયો ત્યારે એને તેરમું બેઠેલું. વર્ગના ૭૪ વિદ્યાર્થીઓમાં એ સૌથી નાનો, ને 'ગ્રીકમાં ઢ' હતો. જ્હૉન ઇર્વિંગ, વિલિયમ અર્સ્કાઈન, ચાર્લ્સ કેર, વિલિયમ ક્લાર્ક વગેરે મિત્રો સાથે ઘોડેસવારી કરવા, પર્વતો ને જંગલોમાં ઘૂમવા, ને જૂના કિલ્લાઓ જોવા એ નીકળી પડતો. પિતાએ ગુસ્સે થઈને એને 'રખડુ'નું બિરુદ આપ્યું હતું. દિવસના ૨૦–ક્યારેક ૩૦ માઈલ પગપાળો એ ડુંગરોમાં ભમતો! આ પરિભ્રમણ ઉપરાંત વાર્તારસ તો ચાલુ જ હતો. મધ્યયુગની પ્રેમશૌર્યભરી કહાણીઓમાં એને ખૂબ રસ હતો. એ માટે તો એ ખાસ ઇટાલિયન ફ્રેન્ચ અને જર્મન ભાષા શીખેલો. પણ કૉલેજ-અભ્યાસની તકનો પૂરો લાભ ન ઉઠાવી શક્યાનો રંજ એને રહી ગએલો. 'જો સાહિત્ય ને વિજ્ઞાનનું મારું જ્ઞાન સંપૂર્ણ થતું હોય તો મારી અર્ધી કીર્તિ આપી દેવા હું તૈયાર છું' એમ એ પછીથી કહેતો.

પંદરમે વર્ષે (૧૭૮૬માં) પિતાના વ્યવસાયમાં ઉમેદવાર તરીકે એ જોડાયો. ખાધાપીધા વિના એકી બેઠકે સારા અક્ષરે ૧૨૦ પાનાં જેટલું એ રોજ લખી શકતો. ક્યારેક પિતાની ગેરહાજરીમાં ઑફિસના કારકુનો સાથે શતરંજ રમતો, ને પિતાનાં પગલાં સંભળાતાં ચેસબોર્ડ સંતાડી કામે લાગી જતો. પેઢીના એ કામથી ઉદ્યમી થવાની ને ભિન્નભિન્ન સ્વભાવના માણસો સાથે કામ પાડવાની સારી તાલીમ એને મળી. ઉપરાંત એમાંથી મળતું મહેનતાણું એ નાટકો જોવામાં ને પુસ્તકો ખરીદવામાં ખર્ચી શકતો.

આ અરસામાં પેઢીના કામે એને હાઇલૅન્ડ્ઝમાં સફર કરવી પડી. ત્યાંનાં સુંદર દશ્યો અને લોકપરિચયની છાપ એનાં લખાણમાં અનેક સ્થળે છે. આ પ્રવાસ દરમિયાન એક વાર, ઈ.સ. ૧૭૪૫માં થએલા જૅકોબાઈટના બળવા વખતના જે માણસો જીવતા હતા એમાંના ઈન્વર્નહિલના સ્ટુઅર્ટ ઍલેક્ઝાન્ડરને તે મળ્યો અને બળવાની વિગતો મેળવી નોંધી. આવી નોંધો એ ઘણી રાખતો. અદ્ભુત વાર્તાસાહિત્ય વાંચવાનો ત્યારે એને નાદ લાગેલો. એ વાર્તાઓ અને કાવ્યો લખતો પણ ખરો.

કાકા રધરફર્ડને ત્યાં અનેક સાહિત્યકારો આવતા. એમાં ડૉકટર કાર્ટરાઈટ, વૃદ્ધ નાટ્યકાર જ્હૉન હોમ, પ્રો. ઍડમ ફર્ગ્યુસન, પ્રજ્ઞાચક્ષુ કવિ ટૉમસ બ્લૅકલૉક, રૉબર્ટ બર્ન્સ વગેરેને મળવાનું એને થતું. એક વાર બર્ન્સ આવ્યા. દીવાલ પરના એક ચિત્ર પાસે થંભી ગયા. બન્સબરીનું ચિત્ર હતું: બરફમાં એક યોદ્ધાના શબ પાસે એક બાજુ શોકસંતપ્ત કૂતરો ને બીજી બાજુ પુત્ર તેડીને ઊભેલી વિધવા હતાં. નીચે 'ધ જસ્ટીસ ઑવ પીસ' નામે કવિતાની કેટલીક પંક્તિઓ હતી. બર્ન્સે પૂછ્યું: 'આ કવિતા કોની?' કોઈ જાણતું નહોતું! ત્યારે કિશોર વૉલ્ટર કહે: 'લૅંગ્હોર્ન'ની. એ ઉત્તરથી બર્ન્સ સાશ્ચર્ય વેટી સામે જોઈ રહ્યો.

પિતાના વ્યવસાયમાં તાલીમ લેતો હતો એ દરમિયાન, સોળ વર્ષની વયે, એકાએક, પેટની એક નસ તૂટવાને કારણે જીવલેણ માંદગી આવી પડી. એક ચમચો પ્રવાહી પણ પેટમાં ન ટકે, પથારીમાં બેસી પણ ન શકાય, એ સ્થિતિ થઈ ગઈ. ડૉકટર રધરફર્ડે કહી દીધું કે નહિ બચે. છતાં બચ્યો! આ માંદગી દરમિયાન સ્પેન્સર, શેક્સપીઅર, ઓર્મનું 'હિસ્ટરી ઑવ ઈન્ડોસ્ટાન' (હિંદ) વગેરે તો વાંચ્યાં, પણ વર્ટોનું 'નાઈટ્સ ઑવ માલ્ટા' તો આખું ય હૈયે-હોઠે ચડી ગયું એ રીતે વાંચ્યું. (જોકે સ્મરણશક્તિ એટલી તીવ્ર હતી કે, ચુમાળીસની વયે એણે પોતે કહ્યું છે તે મુજબ, પંદર વર્ષની વયથી એણે જે કાંઈ લખ્યું તેની પહેલી પંક્તિ કોઈ યાદ કરે કે બાકીનું તે કડકડાટ બોલવા માંડે!) સાજા થતાં જ એ કાકાને ત્યાં કેલ્સો હવાફેર માટે ગયો. ત્યારે કાકા કૅપ્ટન રૉબર્ટ સ્કૉટ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની નોકરીમાંથી નિવૃત્ત થઇને કેલ્સો આવી ગયા હતા. ત્યાં એક શ્રીમંતની પુત્રી જેસ્સીના પ્રેમમાં એ પડયો. કાકાની બીકે બન્ને છૂપાં મળતાં ને પત્રોની આપલે કરતાં. એની ઊર્મિ કવિતાનું રૂપ લેતી:

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૦ પર)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

તારીખ ૨૯ ફેબ્રુઆરી ૧૯૨૩ની સવારે બચુભાઈને ત્યાં ગયો અને બાલ માસિકને માટે વધુ વિચારો કર્યા. ઘેર આવ્યો ત્યાં ખબર મળ્યા કે કોઈ નવીન મુલાકાતી આવ્યા છે. ઉપર જઈને જોઉં છું તો ઠક્કુર નારાયણ વસનજી–જેમને હું વર્ષો પહેલાં પોરબંદરમાં મળ્યો હતો. એ વખતની એક જ કલાકની મુલાકાતમાં તેમની પાસેથી ગુજરાતના જાણીતા સાક્ષરો વિષે ખૂબ જ કટાક્ષો અને નિંદા સાંભળ્યાં હતાં એટલે હું તેમની સાથે વધુ સમાગમ કરતાં ડરતો હતો. અમદાવાદમાં ઘણી વાર મળી જતા ત્યારે માત્ર જય જય કરી વિદાય લેતો.

આજે તે જાતે જ ઘેર આવ્યા જોઈ આશ્ચર્ય તો થયું. તેમણે વર્ષો પહેલાં બંગાળીમાંથી બંકિમ બાબુનું 'ચંદ્રશેખર' ચિત્ર-પુસ્તક અનુવાદિત કરેલું. તેની નવી આવૃત્તિ માટે કેટલાંક ચિત્રો મારી પાસે જ કરાવવાનો તેમણે આગ્રહ બતાવ્યો. મને હવે પુસ્તકોનાં ચિત્રો કરવામાં કંટાળો આવતો હતો, પણ બંકિમની કૃતિનાં ચિત્રો કરવામાં એક પ્રકારનો ઉલ્લાસ અનુભવ્યો. તેમણે તેમની 'ભારત-લોકકથા'નાં ચિત્રો કરવાનું કામ પણ મને સોંપવાની ઇચ્છા બતાવી. આમ, કામ તો મારા માટે ઊભું થતું જ હતું ને મારાં પત્નીની ઇચ્છા પ્રમાણે ભાવનગર જવાનું ઠેલાતું હતું.

તા. ૧-૩-૨૩ના રોજ મારા પિતાશ્રી મુંબઈથી ભાવનગર જતાં રોકાયા અને તે જ દિવસે સવારમાં ગોંડલથી આવેલા ભાઈ ગૌરીશંકર જોશી (ધૂમકેતુ)ની પ્રથમ મુલાકાત થઈ. તેમણે મને જૂનાગઢમાં મળ્યાનું યાદ આપ્યું. હું પ્રો. હરિલાલ ભટ્ટને ત્યાં રહેતો. ઘણા કૉલેજ-વિદ્યાર્થીઓ મળવા આવતા તેમાં તે આવેલા, પણ તે વખતે અમે એકબીજાને બરાબર ઓળખી શક્યા નહોતા. હવે તો 'પૃથ્વીશ'ની તેમની વાર્તા 'નવચેતન'માં પ્રકટ થવા માંડી હતી. હું તેમાં ચિત્રો કરતો હતો, એટલે એમની બુદ્ધિમત્તા વિષે મારા મનમાં આદર થયો હતો. તેમની લેખનશક્તિથી આકર્ષાઈને અંબાલાલ શેઠની શાળામાં ઇતિહાસ-સાહિત્યના શિક્ષકની જરૂર હતી તે માટે તેમના લેખોથી આકર્ષાએલા ત્યારના ત્યાંના શાળા-સંચાલક કૌશિકરામ મહેતાનું તેમના પ્રતિ ધ્યાન ગયું હતું અને મળવા બોલાવ્યા હતા. તેના પરિણામે તેમને નિમણૂક મળી ગઈ.

૫૬૫ યશવંતરાવ હાટે

તા. ૨-૩-૨૩ના રોજ મારી તબિયત બહુ બગડતી જણાઈ. બે દિવસ કામ થયું નહિ. કાનની વ્યથાથી મગજ પીડાએલું રહેતું, શરીરમાં પણ કળતર જણાતું. છતાં પણ કામ તો ખેંચવું જ પડતું, છેવટે થાકી જવાતું. મગજ ઉશ્કેરાએલું રહેતું અને શાંત નિદ્રા પણ મળતી નહોતી. આ દિવસોમાં પ્યારેલાલની નાટક કંપનીમાં ચિત્રકાર તરીકે કામ કરતા યશવંતરાવ હાટેનો કલ્યાણજીભાઈ શુક્લ દ્વારા પરિચય થયો. હાટેએ હુસેનબક્ષ અને દીનશા ઈરાની પાસે દીક્ષા લીધેલી તેને પરિણામે તેના રંગકામમાં ઊતરેલી સુરખી મને આકર્ષક લાગી અને તેમનો સમાગમ વધાર્યો. તેમણે મારી પાસેથી ચિત્રસંયોજનની સમજ મેળવી ને નાટકશાળામાં ફુરસદને વખતે નાનાં બોર્ડ તૈયાર કરી તે પર પ્રસંગ-ચિત્રો કરવા લાગ્યા. તેમાં મારાં સૂચનોથી થોડાં પ્રભાવશાળી ચિત્રો નીપજેલાં, એ પૈકી એક-બે 'નવચેતન'માં પૂર્ણરંગી બ્લૉકથી છપાયાં પણ ખરાં.

યશવંતરાવ હાટે એક નિશ્ચયવાન ભાવુક નર હતા. નાટકની જિંદગીનો કેટલોક રંગ તેમને લાગેલો. ઉજાગરા અને થાક મારવા વ્યસન પણ થએલું. છતાં મારી સામે તે કદી બેપરવાઈથી બોલતા કે અસ્વચ્છ વેશમાં દેખાયા નહોતા. કલ્યાણજીભાઈએ જે કેટલીક માહિતી આપી તે પ્રમાણે તેઓ વડોદરામાં હતા ત્યારે તેમની ઉદાર નીતિથી એક પ્રણય-સંબંધ પણ થયો હતો. આજે યશવંતરાવ આ જગતમાં નથી પણ સુંદર મિત્રભાવ સાચવવામાં તે અનન્ય હતા એવી મારી ખાતરી થઈ હતી. મારાં એક બે ચિત્રોમાં તેમણે સુંદર પૃષ્ઠભૂમિનાં દૃશ્યો કરી આપ્યાં હતાં. તેમનાં દૃશ્યચિત્રોથી હું ઘણો આકર્ષાતો.

૫૬૬ મિત્રલાભ

આ દિવસોમાં બચુભાઈ અને મારા વચ્ચે નવપ્રજાના સામયિકની ગંભીર ચર્ચાઓ ચાલતી જ રહી હતી અને અમારું અંગત લેખક-મંડળ ઊભું કરવા અમે ખૂબ ચિંતાશીલ હતા. બચુભાઈની સાથે ખભો મિલાવી કામ કરે એવા મિત્રની પસંદગી એમને જ કરવાની હતી. તેમને ગોંડલના સન્મિત્ર દેશળજી પરમાર હૈયે હતા. હાજીસ્મારક ગ્રંથમાં તેમના કાવ્યથી હું પણ પ્રભાવિત થયો હતો. ગોંડલમાં તેમની સાહિત્યભક્તિ અને સાહિત્ય-પ્રતિભાની સામે જોનાર કોઈ નહોતું. કોઈ રીતે તેમને ખેંચી લાવવા અમારા પ્રયત્નો હતા. એવામાં વનિતાવિશ્રામના વિદ્યાલયમાં, જ્યાં મારા મિત્રો ચંદુલાલ દવે, ભોગીલાલ ઠાકર, સવિતાબેન ત્રિવેદી વગેરે મુખ્ય કાર્યકરો હતા એમની આગળ દેશળજીની વાત મૂકી. તેમણે તે એકદમ આવકારી અને પરમારને નિમણૂક આપી. પ્રથમ તે એકલા જ આવ્યા અને થોડો વખત બચુભાઈ સાથે તેમના પાનકોર નાકાના ઘેર રહ્યા, ને પછી મકાન મળતાં કુટુંબ તેડાવી લીધું.

બચુભાઈ હવે માસિક કાઢવાની ઉતાવળ કરવા લાગ્યા હતા. પરદેશની ટપાલ જોવા તે બહુ ઇન્તેજાર રહેતા. અમેરિકન પત્ર 'બૉય્ઝ લાઈફ'માં ધનગોપાલ મુખર્જીની લખેલી 'Kari the Elephant' નામની વાર્તા આવવા લાગી તેમાં ભારતીય નિસર્ગદૃશ્યો અને ગ્રામજીવનની વચ્ચે એક પાળેલા હાથીની વાર્તાનું સુંદર આલેખન હતું. તેથી આકર્ષાઈ મેં એ પત્રના તંત્રી દ્વારા લેખકની પાસેથી તેનો અનુવાદ કરવા સંમતિ માગી. તેના જવાબમાં તેનો ઉમંગભર્યો પત્ર અને સાથે તેનો ફોટોગ્રાફ, સંમતિ અને પોતાની આત્મકથાની ચોપડી મોકલી. બચુભાઈ બાળપણથી નિસર્ગની નિકટમાં ઊછરેલા એટલે પક્ષીપ્રાણી ઉપર તેમને પ્રેમ. તેથી તે વાર્તા તેમણે રંગથી અમારા માસિક માટે તૈયાર કરવા માંડી.

ગૌરીશંકર જોશી અમદાવાદ આવ્યા તે જ દિવસે બપોરે બટુભાઈ ઉમરવાડિયા પણ મને મળવા આવ્યા હતા. એટલે બપોરના ગૌરીશંકર જોશી, બટુભાઈ, દેશળજી પરમાર, રવિશંકર પંડિત, દમનલાલ મહેતા વગેરેનું મારે ત્યાં મિલન થઈ ગયું. બટુભાઈએ તેમના 'ચેતન' માસિકને નવા રૂપરંગમાં પ્રકટ કરવાના વિચારો જણાવ્યા. તેમનો ઉત્સાહ અપાર હતો.

આ જ દિવસોમાં ગુજરાત વિદ્યાપીઠ માટે છોટુભાઈ પુરાણીએ તૈયાર કરેલી વાચનમાળાનાં ચિત્રોનું કામ ભાઈ પંડિતે અને મેં સાથે ઉપાડ્યું હતું. આમ કલા-સાહિત્યના સમાગમોથી ભરચક વાતાવરણમાં બચુભાઈમાં પ્રેરણા છલકાતી હતી. તેઓ ચારે તરફ ફરતા હોઈ નવાં નવાં પુસ્તકો અને ચોપાનિયાંના ખબર લાવતા ને કોઈ કોઈ જોવા પણ લઈ આવતા. ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની ગુજરાત વિદ્યાસભા)ના મંત્રી અમારા મિત્ર હીરાલાલ પારેખનો સંપર્ક અને રેલવે સ્ટેશનના સ્ટૉલની મુલાકાતો તેમનાં મુખ્ય થાનક હતાં. શ્રી પારેખ ઘણાં નવાં પુસ્તકો તથા સામયિકો મંગાવતા. તે વડે બચુભાઈનો સાહિત્યિક પત્રકારત્વનો નાદ પોષાતો. દર રવિવારે તેમને ત્યાં અમે મુલાકાત કરતા અને અમારી ભાવનાઓમાં તે ઉત્સાહ પૂરતા. ત્યારની ઈંગ્લૅન્ડની નવોદિત સાહિત્યપ્રતિભાઓ જૉન મિડલટન

મરી, ડી. એચ. લૉરેન્સ, કૅથેરીન મૅન્સફીલ્ડ વગેરેનું નવું ત્રૈમાસિક 'ઍડેલ્ફી' તેમણે મેળવી આપેલું.

ડૉ. હરિપ્રસાદ એ વખતે અમદાવાદની આસપાસમાં જનસંપર્ક માટે ફરતા રહેતા. એ દિવસોમાં તેમણે ટૉલ્સ્ટૉયની વાર્તા 'પાપીનો પસ્તાવો' રૂપાંતરિત કરેલી તેનાં દશ્યો નજીકના નરોડા ગામ પરથી લીધેલાં. તે બતાવવા તે બહુ ઇન્તેજાર હતા. તે માટે તેમણે એક વાર મને સાથે જવા સૂચવ્યું. ભાઈ રવિશંકર પંડિત પણ મારી સાથે જોડાવા તૈયાર થયા.

બપોરે બાર વાગ્યે અમે નરોડા સ્ટેશને ઊતર્યા ને રખડતા નિશાળિયાની જેમ ગામ ભણી ચાલ્યા. શહેરની ધમાલમાંથી છૂટી આ ગ્રામસૃષ્ટિના સંપર્કથી અમારામાં ખૂબ ઉલ્લાસ પ્રકટયો. તળાવ પરથી એક-બે સ્કેચ કર્યાં. પછી ગામમાં ગયા. મહાત્મા ગાંધી તરફથી ભાષણ કરનારા ડૉક્ટરને ગામના માણસો સારી પેઠે ઓળખતા જણાયા. ડૉક્ટર પણ બધાની ખટપટો અને સુખો-દુઃખોથી પરિચિત હતા. છગન વૈદ્ય નામના ૬૦ વર્ષના એક ગૃહસ્થે અમારું ચા-નારંગીથી સ્વાગત કર્યું. થોડો વખત બાકી રહ્યો તેમાં શાળા, મંદિર, જૈનોનું દેરાસર વગેરે જોઈ સ્ટેશને આવ્યા અને ચાર વાગ્યાની સાંજની ગાડીમાં અમદાવાદ પહોંચી ગયા. એ વખતે બચુભાઈ 'નવજીવન'માંથી રજા પર ગોંડલ ગયા હતા.

૫૬૭ ટાગોરનું પુનરાગમન

તા. ૧૭-૩-૨૩ના રોજ ખબર સાંભળ્યા કે કવિવર રવીન્દ્રનાથ ટાગોર અંબાલાલ શેઠને ત્યાં ફરી વાર મહેમાન થયા છે; એટલે ડૉક્ટર હરિપ્રસાદે સાહિત્ય સભાના સભ્યોને તેમને શેઠના બંગલે જ મળવાની ગોઠવણ કરી. ત્યાં એક ખંડમાં ટાગોરની આસપાસ સાહિત્ય-રસિયાઓ ગોઠવાઈ ગયા, પણ એમના જેવા મહાપુરુષ સાથે શો વાર્તાલાપ કરવો તે કોઈને સૂઝતું નહોતું. કોઈએ અગાઉથી કશો વિચાર જ કરી રાખ્યો નહોતો! બેચાર ઉપલકિયા પ્રશ્નો પૂછાયા અને તેના ઉત્તરો પણ ઉપલકિયા મળ્યા. ટાગોર પોતે કંઈક થાકેલા-કંટાળેલા લાગતા હતા તેથી ટૂંકા જવાબ આપી ચૂપ થઈ જતા. બધાને લાગ્યું કે આજની મુલાકાત હમણાં જ પૂરી થઈ જશે. એવામાં કુંજવિહારી (ગટુભાઈ ધ્રુવના નાના ભાઈ) એ શાંતિનિકેતનમાં તાજી સ્થપાએલી સંસ્થા 'વિશ્વભારતી' વિશે જિજ્ઞાસા બતાવી. 'વિશ્વભારતી' તો તાજેતરમાં જ ટાગોરના જીવનનું એક ધ્યાન-કેન્દ્ર બન્યું હતું એટલે તેઓ એકદમ પ્રેરિત થયા અને લગભગ એક કલાક સુધી 'વિશ્વભારતી'ની મૂલક ભાવના સમજાવતાં અમૃતવર્ષા કરી.

તેમણે સમજાવ્યું કે ભારતનું ગૌરવ રાજકીય હક્કો મેળવવામાં કે ભૌતિક સામગ્રી રચવામાં નથી. તે મળતાં સુખ મળશે એ આશા વ્યર્થ છે. જે દેશોને તે મળી ચૂક્યું છે તેઓ યે દુ:ખી છે. જે યુરોપી વિદ્વાનોનાં પુસ્તકો વાંચી આપણે ઉત્તેજિત થયા છીએ તેઓ શાંતિની આશાએ ભારત પાસે આવ્યા છે તો પછી ભારતે પરાપૂર્વનો અપૂર્વ વારસો ગુમાવી યુરોપ જે ફાંસામાં પડેલું છે તેમાં શા માટે ફસાવું? તેમ કરવાથી ભારત પોતાનો ખરો વૈભવ ગુમાવશે અને બીજો મળશે નહિ. આત્મિક વૈભવ મેળવનારને ભૌતિક વૈભવ પછી સુલભ થઈ પડે. યુરોપ હજુ પણ ભાવનાશાળી પુરુષો પેદા કરી રહ્યું છે કેમ કે તેની ભૌતિક સામગ્રીનું મૂળ કારણ એ પુરુષોની સમર્થ શોધો છે, જેમનું જીવન ઉદાત્ત ભાવનાઓ પર રચાએલું છે, તેઓ જાતીય ભેદો ગણકારતા નથી. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેઓ વિશ્વમાં કોઈ પણ સંસ્થા જોડે સહકાર કરવા તૈયાર હોય છે. જ્ઞાન ધરાવતા કોઈ પણ જાતિના મનુષ્યનો યોગ્ય સત્કાર કરવા તેઓ જરાયે પાછા પડયા નથી. આપણે ત્યાં આપણી ને મુસ્લિમભાઈઓ વચ્ચેની એકતા રાજકીય કારણોને લીધે થતી હોય તો તે અતિ ભયંકર છે. જો તે માનવપ્રેમથી હોય તો આપણે યુરોપને પણ જગતનો ભાગ માની પ્રેમ કરીએ. આપણે આપણી ઉત્તમ પ્રસાદી માટે જગતને નોતરીએ. જગતના વિદ્વાનોને હજુ શ્રદ્ધા છે કે શાંતિનો સંદેશ ભારત પાસે છે. આપણે તે અતિથિઓનો સત્કાર કેવી રીતે કરીશું? ભારતની ઉત્તમોત્તમ છાયા પ્રકટ કરતું એક આદર્શ સ્થાન રચવું એ પ્રેરણામાંથી 'વિશ્વભારતી સંસ્થા'નો આવિષ્કાર થયો છે. ફ્રેન્ચ વિદ્વાન સિલ્વે લેવીએ જણાવ્યું છે. કે ત્યાંના જેવી છાપ જગતની કોઈ યુનિવર્સિટીમાં નથી. ભારતને આથી વધારે પ્રતીતિની જરૂર છે? વિશ્વમાં ભારતીય વિચારનો જ્યાંજ્યાં ઉદ્દ્ગમ હોય ત્યાં ભારતને સ્થાન છે. માટે જ 'વિશ્વભારતી.'

આ તો માત્ર મારી નોંધમાંના સારભૂત વિચારો છે. એ વખતે સી. એફ. ઍન્ડ્રુઝે તેમનું એ આખું સંભાષણ લખી લીધું હતું.

આજે આઠ મહિને મેં આ બંગલામાં પ્રવેશ કર્યો હતો. અહીંનો દરેક માણસ હમેશના વિવેકથી પણ વધારે ઉમળકાથી મને મળ્યો. એક વર્ષ સુધી અહીંનાં બાળકોના સહવાસમાં રહેલો તે વાત તાજી થઈ. તેમણે મને બંગલામાં પ્રવેશ કરતો જોઈ લીધો હતો. એટલે ટાગોર સાથેનો પ્રસંગ પૂરો થતાં જ વિખરાતા ટોળા વચ્ચે બાળકો મારી પાસે દોડી આવ્યાં. કેવા સ્નેહથી તેઓ મળ્યાં! જીવનની એ એક ધન્ય પળ હતી.

૫૬૮ અમદાવાદમાં કલામંડળની સ્થાપના

તબિયત હજી નરમગરમ રહેતી હતી પણ હું હવે મારા સમયનો સ્વામી હતો એટલે રોજ થોડું કામ તો થયા જ કરતું. 'ચાલણગાડી'નું કામ પૂરું થવા આવ્યું હતું, બીજી બાજુ અમારી માસિકની યોજના ધપાવ્યે રાખતા હતા. એટલામાં એક અણધાર્યો પ્રસંગ આવી પડયો.

શહેરમાં ફોટોગ્રાફિક સ્ટૂડિયો ચલાવતા અને ગુજરાત વિદ્યાપીઠમાં સ્વલ્પ વેતનથી ચિત્રકામ શીખવવા જતા મારા ચિત્રકાર મિત્ર દત્તાત્રેય માહુલીકર પોતાની સાથે ચંદુલાલ છગનલાલ શાહ નામના એક યુવાનને લઈ મને મળવા આવ્યા. ચંદુલાલ તેમના સમાગમથી તેમજ થોડું સ્વપ્રયત્ન ચિત્રકામ સારું જાણતા હતા, અને તરુણ વેપારી તરીકે પણ સારી સ્થિતિમાં હતા એવી ઓળખાણ માહુલીકરે આપી. તેમણે જણાવ્યું કે અમદાવાદમાં એક કલામંડળ સ્થાપવાની ઉત્કટ ભાવનાથી બીજે દિવસે કેટલાક સંસ્કારી મિત્રો બાલાહનુમાન પાસે શ્રી જનાર્દન દીધેના નૅશનલ ફોટો સ્ટૂડિયોમાં મળવાના છે તેમાં તમારે માટે નિમંત્રણ આપવા અમે આવ્યા છીએ. વિશેષમાં ઉમેર્યું કે કવિ નાનાલાલ આ પ્રવૃત્તિમાં અગ્ર ભાગ લેવાના છે અને સાથે તેમના અનુરાગીઓ, જેવા કે રામનારાયણ પાઠક, રસિકલાલ છો. પરીખ, ડૉ. હરિપ્રસાદ વગેરે પણ જોડાવાના છે. ચિત્રકાર તરીકે તમારે જોડાવું જ પડશે.

મેં તેમને સ્પષ્ટ જણાવ્યું કે મેં એક મોટી પ્રવૃત્તિ માટે મારું સર્વ ધ્યાન અને શક્તિ કેન્દ્રિત કરવાનો સંકલ્પ કર્યો છે એટલે મારાથી બીજું કંઈ પણ નહિ બને, છતાં હાજર રહીશ. ડૉ. હરિપ્રસાદને હું મળ્યો ત્યારે તેમણે વાત કરી કે કવિ સાથે સીધી રીતે રહેવું મુશ્કેલ થશે પણ તમારે બને તેટલો સહકાર આપવો.

બીજે દિવસે હું બાલાહનુમાન પાસેના મેડા પર નૅશનલ ફોટો-સ્ટૂડિયોમાં ગયો ત્યારે કવિ નાનાલાલની સાથે રામનારાયણ પાઠક અને રસિકલાલને જોયા. આ મિત્રોની ઠાવકાઈ અને નિષ્ઠા માટે મને પૂરી શ્રદ્ધા હતી. મારા જવા પહેલાં તે બધાએ કલામંડળનો એક કાચો ખરડો તૈયાર કર્યો હતો પણ મંડળનું નામ મૂક્યું નહોતું. મેં કહ્યું હજી ગુજરાતમાં શિષ્ટ કલાકારોનું જૂથ બંધાયું નથી એટલે બહુ મહત્ત્વાકાંક્ષાવાળું નામ ન આપતાં કલાનો અભ્યાસ, પરિચય, સમાગમ અને ઉત્તેજન આપવાનો ઇરાદો જણાવે એવું નામ રાખીએ. મેં 'ગુજરાત કલા-પ્રવર્તક મંડળ' નામ આપ્યું અને સૌને તે સ્વીકારપાત્ર લાગ્યું.

તે પછી તરત કવિએ દોર હાથમાં લીધો અને કહ્યું કે 'આજે આપણે આ સભા દ્વારા મંડળની સ્થાપના જાહેર કરીએ છીએ, અહીં બેઠેલા સૌ ગૃહસ્થો તેનું કાર્યવાહક મંડળ ગણાશે. મંત્રીઓ તરીકે શ્રી માહુલીકર અને ચંદુલાલ છ. શાહ રહેશે. ઉપપ્રમુખ તરીકે (અનુ. પૃ. ૩૨૩)

બદ્ધ પ્રોમીથિયસ

[પૂર્વકથા: દેવાધિકારમાંના અગ્નિને માનવો-ને પહોંચાડનાર પ્રોમીથિયસને, ઝયૂસના આદેશ-થી, પૃથ્વીને છેડે સાગરઆવૃત્ત એક ગિરિશિખરે જડી દઈ, ક્રેટોસ, બિયા ને હેફિસ્ટસ ચાલ્યાં જાય છે. એ એકાન્તમાં થએલા ઘણહથોડાના અવાજો સાંભળીને જળપરીઓ ત્યાં આવે છે. એને પ્રોમીથિયસ પોતાની આપવીતી કહેતો હોય છે ત્યાં એમના પિતા ઓશનસ પોતાના જમાઈ પ્રોમીથિયસ-ને સારું લગાડવા આવે છે; પણ પ્રોમીથિયસનો પક્ષ લેવા જતાં આવી પડનાર જોખમનો ખયાલ આવતાં જ એ છૂ થઈ જાય છે.]



કથારૂપ
કનુભાઈ જાની

દૂર છુપાઈ બેઠેલી જળપરીઓ પિતાને ચાલ્યા જતા જોઈ રહી. એ પ્રોમીથિયસ પાસે આવી. એ વિચારમાં ડૂબેલો લાગતો હતો. એની સામે જોતી મોટીની આંખો છલકાઈ ઊઠી. ચિત્ત પણ દ્રવતું હતું. ‘ઝયૂસનું શાસન કેવું કઠોર છે! આવો તે દંડ આવા દેવપુરુષને હોય? ઝયૂસના અહંકારની જ આ જીવતી સાબિતી.’ એ બોલી.

‘જુએ તે રુએ એવી કરુણ સ્થિતિ આની છે.’ બીજી બોલી: ‘એકે-એક દેશ–જેણે જાણ્યું તે સૌ આજે રોતું હશે.’

‘માત્ર મૃત્યુલોક જ નહિ પાતાળલોક પણ.’ ને મોટીએ સમુદ્રના ઊંડાણ તરફ આંગળી ચીંધી:

‘આ વિરાટ પારાવાર તણાં ઊંડાણો કેવાં દ્રવતાં!’

બીજીએ કહ્યું:

‘ને સરિતાઓનાં મૂળતણાં હૈયાં કેવાં રે સ્રવતાં!’
‘અહીં રુએ પવન ને પાણી.’
‘અહીં રુએ દેવ ને માનવ.
રે નહિ કોઈ યે સત્ત્વ એવું
જેણે કરુણા ના જાણી!’
‘ને તોય આપણો મહાદેવ તો કેવો બન્યો કઠોર!’
‘રે હૈયાસૂનો! સત્તાના મદ થકી છકેલ, નઠોર!’

ને આંખો લૂછતી મોટીએ પ્રોમીથિયસ સામે જોયું. એમની પરસ્પરની આ આર્દ્રવાણીથી પ્રોમીથિયસનું મૌન ભેદાયું. એ બોલ્યો: ‘હું કંઈ બોલતો નથી તેથી તમને થતું હશે કે આ યે કેવો અક્કડ છે,–ગર્વિષ્ઠ! પણ ક્રોધથી જાત પરનો કાબૂ ગુમાવું છું ત્યારે મારું અંતર મને કોતરી ખાય છે!...ને મેં એવું કર્યું શું યે કે મારી આ દશા થઈ? આજ છે તે સ્થાને દેવો સ્થપાય એ માટે મેં ઓછી મહેનત લીધી છે? અલબત્ત, પરોપકાર દાખવ્યો હોય તો તે માનવો પ્રત્યે.’...ને એ જાતિ પ્રત્યેનો એનો અઢળક પ્રેમ અછતો ન રહ્યો. માનવને સંભારતાં જ એને એક પછી એક અનેક વસ્તુઓ યાદ આવી; ‘એમનાં ચિત્તમાં મેં બુદ્ધિનું તત્ત્વ મૂક્યું એથી કેટલું મોટું પરિવર્તન થઈ ગયું! એ છતી આંખે જોઈ શકતા નહોતા; છતે કાને અવાજોના કોઈ અર્થ ઉકેલી શકતા નહોતા. એમનું સારું યે જીવન સ્વપ્નના અર્થહીન આકારોની જેમ વ્યતીત થતું હતું. જીવ-જંતુની જેમ દરોમાં એ ભરાઈ રહેતા; ઈંટ-પથ્થરોનાં હૂંફાળાં ઘરો કરી નહોતા શકતા. શિશિરનાં શીત, વર્ષાની ઝડી, ગ્રીષ્મનાં દાહ ને લૂ ક્યારે આવશે–ક્યારે જશે એનું એમને ભાન નહોતું. એ ભાન તો મેં આપ્યું. નક્ષત્રોના ઉદય–અસ્તની સૂઝ એમને મેં પાડી. વિજ્ઞાનના પાયામાં રહેલી અંકોની શોધ તો મેં કરી આપી. અનેક કળાઓની પ્રેરક-પ્રસારક લેખનકળા પણ એમને મેં શિખવાડી. ચોકડાં પહેરાવીને પશુઓને પોતાની મદદમાં લેવાનું મેં બતાવ્યું.

રથે મેં અશ્વને જોડયો રશ્મિસંયમ પાળતો,
માનવીની મહત્તા ને સમૃદ્ધિને વધારતો.
પારાવાર તણી પીઠે, પાંખમાં પવનો ભરી
વેગથી ઝૂલતી હોડી, એ યે મેં જ રચી દીધી.
કૈંક આવી કલાઓ તો સર્જી માનવકાજ મેં;
મારે કાજે જ ના સૂઝે મને આજે કશું ય તે!’

કહીને એ પાછો શાન્ત પડી ગયો. થોડી વાર એની સામે પેલી બાળાઓ જોઈ રહી. પછી સાંત્વનાભર્યા સ્વરે મોટી બોલી:

‘તેજોભંગ થએલું ને દુ:ખવિહ્વળ ચિત્ત તો
માર્ગ ચૂકી જ જાય છે.
રોગી વૈદ્ય સ્વકાજે કો ઔષધિ શોધી ના શકે!
ખંખેરો દુ:ખ. શું શોધી શકવા અસમર્થ છો?’

પ્રોમીથિયસને યાદ આવ્યું. એણે જ માનવોને ઔષધજ્ઞાન આપ્યું. પંખીઓની વાણી ને યજ્ઞાદિ ક્રિયાઓથી ભાવિ દર્શનની ભિન્નભિન્ન રીતિઓ શીખવી. સર્વધાતુ સમૃદ્ધ પૃથ્વીપેટાળનો અખૂટ ખજાનો પણ હાથવગો કરી દીધો. ને એ વેદનાનીતર્યું સ્મિત કરીને બોલ્યો: ‘ટૂંકમાં કહું? માનવોનાં બધાં વિદ્યા-વિજ્ઞાન, કળા-કારીગરી પ્રોમીથિયસનું પ્રદાન છે.’

‘ઓહો! ત્યારે શું? તમે એક વાર ઝયૂસને ય જરૂર મા’ત કરશો જ.’

‘ના, ના. વિધિનો એવો આદેશ નથી. અંતહીન વેદના વેઠયા પછી જ મારો છુટકારો થશે. નિયતિ પાસે કોઈ યુક્તિ નથી ચાલતી!’

‘નિયતિ પર નિયંત્રણ કોનું?’ કન્યાએ પૂછ્યું.

પ્રોમીથિયસ જ્ઞાનસંપન્ન હતો. એણે સમજ પાડી: ‘દેવોથી યે બળવત્તર છે અનાદિ ઋત, નિયતિ. અચલ નીતિનું એ સનાતન સત્ત્વ. એની સહાયમાં છે ત્રણ વિધિ-દેવીઓ, અને કોઈ અપરાધીને દંડયા વિના ન છોડતી એવી અનેક કોપદેવીઓ (Furies). આ સૌ એકઠી થઇને બ્રહ્માંડનું શાસન કરે છે. એના શાસનથી ઝયૂસ પણ પર નથી.’

પ્રોમીથિયસના જ્ઞાનથી પ્રભાવિત થતી જળપરીઓએ એના કથનમાં નમ્રતા જોઈ તેમ અહંકાર પણ જોયો! ઝયૂસનું ભાવિ પણ આ જણ ખરેખર જાણે છે? મોટીએ તરત પૂછ્યું: ‘શું ઝયૂસ ઉપર પણ એની સત્તા ચાલે છે?’ ‘હા એ પ્રણ નયતિનિર્માણથી પર નથી.’

‘એનું નિર્માણ કેવું છે?’ ‘એ પૂછશો મા.’

‘કેમ? એનેરહસ્યના અંચળામાં છુપાવી રાખવાની તમારે શી જરૂર?’

‘એ સંગોપિત રહસ્ય જ ભવિષ્યની મારી મુક્તિનું એકમાત્ર સાધન છે.’ કહી, એ ચૂપ થઈ ગયો. અને પાછો વિચારમાં ડૂબી ગયો.

જળપરીઓ સાશંક બની. પ્રોમીથિયસ કાંઈક છુપાવતો હતો. ઝયૂસ તો સર્વશક્તીશ છે; ને આ છે સર્વ-જ્ઞ. ‘આ બે વચ્ચેની લડાઈમાં આપણે

કાં સંડોવાતું?' એવો વિચાર પણ એમને આવી ગયો. કાંઈ-નહિ-તો યે ઝ્યૂસની નિંદા તો ન જ કરવી એમ સૌને લાગ્યું. 'પણ આગળ થઈ ગઈ એનું શું?' એકે પ્રશ્ન કર્યો. સૌને એનો વસવસો હતો. મનોમન એ ઝ્યૂસની પ્રાર્થનામાં પડી:

'હે નાથ મારા!
તારી કૃપાનો અધિકાર આપજે!
શ્રદ્ધા ભરેલાં અમ ચિત્ત રાખજે!
હે નાથ મારા!
પ્રકાશે, પરમાનંદે હૈયું છલકતું રહે,
આશા ને આત્મશ્રદ્ધામાં વીતે આખું ય આયખું!
નિર્દોષ ને નિર્મળ, નાથ, રાખજે!
હે નાથ મારા!'

પછી મોટીએ પ્રોમીથિયસને કહ્યું: 'તમે વધારેપડતું મહત્ત્વ માનવને આપ્યું છે એમ તમને નથી લાગતું?'

'એટલે?' પ્રોમીથિયસે ચોખવટ કરવા જણાવ્યું.

'તમારા એ મિત્રોએ તમારે માટે શું કર્યું? સ્વપ્ન જેવાં ઠાલાં, સાવ ટૂંકાં આયખાંવાળાં કયાં એ માનવ; ને કયાં દેવાધિદેવની શક્તિ! પ્રોમીથિયસ! તમારી આપત્તિમાંથી આ પાઠ અમે તારવીએ તો માફ કરજો! કેવી તમારી દશા! અમને આ જોઈને શું થાય છે તે તમે કયાંથી જાણો? તમને યાદ છે? એક વાર, જ્યારે તમે અમારાં બહેન હિસ્યોનીને પરણીને આવ્યા હતા ત્યારે અમે હરખઘેલાં થઇને એ પ્રસંગને કેવા આનંદથી ભરી દીધો હતો! કેટકેટલાં ગીતો કેવેકેવે પ્રસંગે ગાયાં'તાં! તમે ન્હાતા, તો અમે ગાતાં! તમે શયને સિધાવતા ત્યારે ય અમે ગાતાં. કયાં એ આનંદનો પ્રસંગ ને કયાં આ! આજે અમારે તમને આવી દશામાં જોવાના!'

એમની દયા પ્રોમીથિયસને ખટકી. એ જવાબ આપવા જતો હતો ત્યાં કોઈ આવતું જણાયું. એ હતી કોઈ સ્ત્રી—કે વાછરડી?

'ઓહ! આ તો આયો!' પ્રોમીથિયસ ઓળખી ગયો.

'કોણ? આ રૂપાળી વાછરડી?' જળપરીએ પૂછયું.

'એ વાછરડી નથી'—કહીને એ વધુ ઓળખ આપવા જતો હતો ત્યાં ચીસ સાથે એ ત્યાં ફસકાઈ પડી!

'ઓ...હ! છોડ! મૂઆ, ઊડ! ઓ ભગવાન! આને ઉડાડો!' કહેતી આયો પૂંછડું ઉલાળતી હતી. એની આંખોમાં અપાર વ્યગ્રતા હતી. મોં પર આંસુના રેલા થીજી ગયા હતા. જાણે નિરંતર ડંખ દેવાતા ન હોય એમ એની ચામડી અવિરત થરકતી હતી. એણે ઊંચે જોયું તો એની દૃષ્ટિ થીજી ગઈ! પોતે કયાં આવી છે એની એને ખબર નહોતી. ને અહીં, આવી ભેંકાર એકલ પર્વતટોચે કોઈ ખોડાયેલ હોય-ને પાસે આટલી બધી જળપરીઓ-તે તો અકલ્પ્ય હતું. પણ-વધારે વિચારે તે પહેલાં તો એનાથી ચીસ પડાઈ ગઈ! 'ઓ બા...પ રે! પેલો પથ્થરે જડાએલ પુરુષ, જાણે ઓળખતો હોય એમ એને લાગ્યું. એથી એને નવાઈ લાગી. 'તમે મને ઓળખો છો?!' એણે સાશ્ચર્ય પૂછયું. પણ ઉત્તર મળે તે પહેલાં તો પાછી એનાથી ચીસ પડાઈ ગઈ. 'આ યે મૂઓ પીછો મૂકતો જ નથી!'

'અહીં તો કોઈ દેખાતું નથી!' જળપરીએ કહ્યું.

'છે ને પે...લો ડાંસ' પ્રોમીથિયસે નજર ચીંધી.

'ડાં...સ? ના, ના. એ તો આર્ગસનું પ્રેત, મારી અનવધિ પીડા. એની સહસ્ર આંખોના ડંખથી હજી યે હું વીંધાઉં છું. એ મૂઓ તો યે ધરતી એને ઢબૂરી શકી નથી ને એ મારો કેડો મેલતો નથી!... જુઓ... જુઓ... સંભળાય છે વાંસળીના સૂર?'

કોઇને વાંસળીના કોઈ સૂર સંભળાતા નહોતા!

'જોયું! વાગી વાંસળી!' ને એ ચમકીને ચારેકોર જોવા લાગી. પછી બોલી: 'આંખે એનું ધારણ જામે છે ને મટકું મારવા જ્યાં જઈ છું ત્યાં જ મૂઓ ડંખ દઈ મને ભગાડે છે!

જઠરાગ્નિનો દાહ શમાવવાને
થંભું જરા ત્યાં
એવો ડસે કાળ કરાળ આ કે
હું ભાગતી ત્યાં રણ-ઝાંઝવાંમાં,
તૃષાર્ત ને નિત્યબુભુક્ષિતા બની!'

એની ચંચળ આંખોમાં તીવ્ર વેદનાનો ફરકાટ હતો.

'એક પા દંશ ને બીજી પા સંગીત! કેવી વિડંબના!' પ્રોમીથિયસને થયું. ત્યાં એણે પ્રોમીથિયસને પૂછયું: 'તમને આ સૂર સંભળાય છે ને?' પ્રોમીથિયસે ડોકું હલાવ્યું.

'એ શાની વાત કરે છે?' જળપરીએ પૂછયું.

જળપરીઓ એ જાણતી નહોતી, પણ એ વાત નવી નહોતી. એમના જ બંધુ ઇનેક્સની આ પુત્રી. ઝ્યૂસને એનું ઘેલું લાગ્યું, પણ એની પત્ની હીરાને એ ખટકયું. હીરાની નજરથી બચવા મેઘાચ્છાદન કરીને ઝ્યૂસે આયોને મળવા માંડયું. એ વાત પણ હીરા કળી ગઈ. એક વાર વાદળોનાં આવરણ પ્રગટાવી જેવાં પેલાં બે મળ્યાં કે હીરાએ મેઘાવરણ વિદાર્યાં ને પોતે ત્યાં હાજર થઈ! પણ ત્યાં જુએ છે તો આયો ન મળે! એને બદલે નાની બે શિંગીઓવાળી એક સફેદ રૂપાળી વાછરડી ત્યાં હતી! હીરાએ પૂછયું: 'આ શું?'

ઝ્યૂસ કહે: 'ધરતી માટે મેં સર્જેલ એક નવો જીવ.'

'ઓહો! તો તો, તારું આ નવસર્જન હું માગું તો મને ભેટ આપે ને? કેવું સરસ છે!' હીરાએ માગણી કરી. ઝ્યૂસ ના શી રીતે પાડે? શી રીતે કબૂલ કરે કે તારું મન કળી જઇને મેં જ આયોને આ રૂપ આપ્યું છે?

આમ હીરાના કબજામાં આયો આવી પડી. એની સતત ચોકી કરવા હીરાએ એક એવા દૈત્યને મૂકયો જેને સેંકડો મુખ ને હજારો આંખો હતી. એ ઊંઘે ત્યારે પણ વારાફરતી માત્ર બે જ આંખો બિડાતી, બાકીની બધી જ ખુલ્લી રહેતી! આયોના દુ:ખનો પાર ન રહ્યો.

ઇનેકસે પોતાની ગુમ થએલી દીકરીની શોધ આદરી. આખરે એક નદીતટે એક વિચિત્ર વાછરડીને ખરીથી ભોંય પર 'આયો' લખતી જોઈ. એ આખી વાત કળી ગયો. ઝ્યૂસ પણ મૂંઝાતો તો હતો. આખરે આ બન્નેએ દેવદૂત હર્મિસને કામ સોંપ્યું—સહસ્રાક્ષી રાક્ષસની ચોકીમાંથી આયોને છોડાવવાનું. હર્મિસે એ કપરું કામ માથે લીધું.

હાથમાં લીધી વાંસળી, છેડયા સૂર,
લીધું એક ગોધણ, ને વનવાટ લીધી
જ્યાં અણમીંચાએલ આંખવાળો
પેલો દૈત હતો
દિનરાત બેઠેલો, ચારતો ગાયો,
સતત ચોકી રાખતો
કે કહીં જાય ના આયો.
સાંભળ્યા એણે સૂર!...
રોકવા કેવા કઠણ છે રે
વેણુ-વિધાયલ ઉર!

દૈત્ય આર્ગસે સાદ કર્યો: 'ભાઈ, જરા બેસને! નિરાંતે જરા સંભળાવતો જાને.' ને એણે એવા સૂર છેડયા કે એનું ઘેન એની આંખે-આંખે એકસામટું ફેલાયું. એણે એક ઝોકું ખાધું કે વાંસળી પડખે મૂકીને વીજળીવેગે હર્મિસે એ દૈત્યને એક જ ઝાટકે પૂરો કર્યો.

પણ દૈત્ય ગયો છતાં ત્રાસ ન ગયો. ઊલટો વધ્યો. હીરાએ આયોની પાછળ, અસહ્ય ડંખથી એને કાયમ ખદેડતી જ રાખે એવો ડાંસ મૂકયો! ઝ્યૂસે એને પ્રેમ કરીને તો પાયમાલ કરી!

પ્રોમીથિયસ તો આ વાત જાણતો હતો, પણ જળકન્યાઓ એથી

અજાણ હતી. ને આયો ઓળખાય એવી પણ ક્યાં રહી હતી? આર્ગસને હણનાર દેવદૂતના સંગીતે જ હીરાને ડાંસની ભેટ ધરી! પેલા સહસ્રનેત્ર દૈત્ય આર્ગસનું પ્રેત જ આ ડાંસ છે એમ હીરાના મનમાં ઠસતું ગયું ત્યારથી એ ડંખની સાથે અણકથ ભડક પણ ભળી.

'પેલું વાંસળીનું સંગીત અનવરત ઘેન પ્રેરે ને ડંખ પર ડંખથી કાયમ ભડકતા રહેવું પડે! એવો તે મારો કયો હતો અપરાધ, ઓ દેવાધિદેવ! કહેશો?...ઓ...! હું ગાંડી યે કેમ નથી થઈ જતી? મને કોઈ બાળી નાખો...રે! મને તારામાં સમાવી દે ઓ ધરતી મા!...મને કાળી નાગનો કોળિયો કરી દો ઓ દેવ! આટલી તો મારી અરજ સાંભળો! બીજું હું કાંઈ માગતી નથી.

હું સતત વેઠતી, દૂર ભાગતી રહી છું!
ને તો ય વેદના દૂર નથી દેખાતી!
ઓ દેવ! ક્યાં લગી આમ હજી સહેવાનું
ઓ ઝ્યૂસ! બતાવો, ક્યાં લગ આ રહેવાનું?'

એનો વલોપાત સાંભળી પ્રોમીથિયસથી ચૂપ ન રહેવાયું. સ્નેહ-ભરેલે અવાજે એણે ધીમેથી કહ્યું: 'બહેન! બા! ઝ્યૂસ તે વળી સાંભળતો હશે? બાપુ, સાંભળું તો હું છું; પણ, બેટા, લાચાર છું! ઇનેકસની દીકરી-ને હું જ સહાય નથી કરી શકતો!'

'હેં! તમે...તમે મારા પિતાનું નામ દીધું? તમે એમને ઓળખો છો? તમે કોણ છો? લાગે છે કે તમે મારી આખી વાત જાણો છો. ઝ્યૂસ-ને કારણે મારી આ દશા થઈ છે. હું તો માનતી'તી કે મારા જેવી વ્યથા તો ક્યાં ય નથી! અહીં તમારી પણ છે એવી જ હાલત! કોણે કરી આ?'

પ્રોમીથિયસે પોતાની વીતકકથા ટૂંકમાં કહી સંભળાવી.

'આનો કોઈ ઉપાય?' આયોએ પૂછ્યું.

'એ હું નહિ કહું.' પ્રોમીથિયસે સ્પષ્ટ કર્યું. આયો બોલી: 'ભલે. પણ મને કહેશો, મારા આ ચિરભ્રમણનો અંત ક્યારે આવશે, ને ક્યાં?'

ભાવિનાં અસહ્ય દુ:ખોની વાતથી આયોના હૈયાને ભારે કરી દેવા પ્રોમીથિયસ ઇચ્છતો નહોતો. અજાણ રહેવામાં મજા છે એમ એ માનતો હતો. પણ આયોના અત્યાગ્રહ આગળ એણે નમતું જોખ્યું. એ કહેવા જતો હતો ત્યાં જળપરી વચમાં પડી: 'ઊભા રહો! અમારે તો પહેલાં આયોને જ મોઢેથી એની આપવીતી સાંભળવી છે.' પ્રોમીથિયસે જળ-પરીઓની ઓળખાણ આપતાં આયોને કહ્યું: 'આમને કહ્યા વિના તારો છૂટકો નથી, આયો! આ તારી ફોઇઓ છે. સ્નેહીઓને સંભળાવવાથી વીતકો સહ્ય બને છે.' પ્રોમીથિયસનો પ્રેમભર્યો આદેશ આયોએ માન્યો ને પોતાની કરુણ કથા કહેવા માંડી:

'મારે કશું ય છુપાવવાનું નથી; પણ બોલવા જાઉં છું ત્યાં હૈયું ભરાઈ આવે છે!...રોજ રાતે મને શમણાં સતાવતાં. એક આર્જવભર્યો ફોસ-લામણો અવાજ મારી પાછળ પડયો હતો: 'ઓ સદ્‌ભાગી કન્યા! ક્યાં સુધી જોઇશ હવે પ્રિયતમની વાટ? તને તો સાંપડયો છે દેવાધિદેવનો સ્નેહ! એને તું ઠેલ મા! ઊઠ, બહાર ખુલ્લા ચરિયાણમાં જા ને ઝ્યૂસની આંખોને ઠાર.' રોજ રાતે, આ રીતે, હું થતી પરેશાન. આખરે, એક દી' મેં મારા પિતાને આ વાત કરી. છૂટકો નહોતો. એમણે દેવની ઇચ્છા જાણવા પાયથો ને ડોડોનાનાં મંદિરે માણસો મોકલ્યા દેવવાણી મેળવવા. એ આવ્યા. દેવવાણી અટપટી હતી. પણ આખરે, એનો અર્થ ઉકેલાયો ને ઇનેકસને–મારા પિતાને–આદેશ મળ્યો, મને ઘરબહાર કાઢી મૂકવાનો.'

આયો જરા અટકી. જળપરીઓ સમજી ગઈ કે આયો પોતાની જાતને વધ્ય બલિ જેવી માને છે. ગ્રીસમાં ત્યારે દેવોના બલિ માટે પસંદ થતા પશુને મંદિરના મેદાનોમાં મુક્ત રીતે વિહરવા દેવાની પ્રથા હતી.

'પિતાનો ય છૂટકો નહોતો. એમણે મારે માટે ઘરનાં બારણાં કાયમ માટે ભીડી દીધાં! ઝ્યૂસનું એવું દબાણ હતું ને, મારો ય છૂટકો નહોતો ને પછી તો...' એ અટકી. પછી એકાએક કહે: 'પછી તો તમે જુઓ છો જ! મારું રૂપ જ ફરી ગયું! મને માથે શિંગડાં!...ને પાછળ પડયો તીણા ડંખનો આ ભોંકનાર! હું ભાગી. ઘટાદાર વનો કે હિમશીતળ ઝરણાં ક્યાં ય મને કરાર ન મળ્યો. મારી પાછળ એવો પડયો'તો આર્ગસ! બાપ રે! દશ હજાર તો આંખો! એ તો કોણ જાણે કેમ, અણધારી રીતે, અચાનક ગયો; તો ય ન ગઈ મારી આ પીડા! આ જીવતો કોરડો, આ જીવતી આર મને વીંધ્યા જ કરે છે, ખદેડયા જ કરે છે!'

દુ:ખતપ્તા આયો એની આપવીતીની વિગતોને કાળક્રમે કહી શકે એવી સ્થિતિમાં જ ક્યાં હતી? એણે અલપઝલપ વાતો કરી. ને ઉમેર્યું: 'હવે કહેશો, હજી શું ભોગવવાનું લખ્યું છે આ લલાટે? દયા ખાઇને જૂઠાં વેણ કાઢશો મા હો! ઠાલી સહાનુભૂતિનાં ફોગટ વેણથી વધુ ભયંકર બીજું કશું નથી.'

જળપરીઓનાં હૈયાં પણ પીગળ્યાં. આ પરીઓ ય વિચિત્ર હતી. બહુ તરલ. પ્રોમીથિયસની દશા જોતાં એમણે ઝ્યૂસ માટે ઉદ્‌ગાર કાઢેલો:

'રે જુઓ, આપણો મહાદેવ તો કેવો બન્યો કઠોર!
રે હૈયાસૂનો. સત્તાના મદથકી છકેલ, નઠોર!'

પ્રોમીથિયસની વાત સાંભળતાં તો એમને ઝ્યૂસ પર ક્રોધ ચઢેલો પછી પ્રોમીથિયસનો અહંકાર જોતાં ઝ્યૂસને અન્યાય ન થઈ બેસે એ દહેશતે એમણે એની પ્રાર્થના કરેલી:

'હે નાથ મારા! તારી કૃપાનો અધિકાર આપજે!'

હવે ઝ્યૂસની નૃશંસતાનો જીવતો નમૂનો જોતાં એમને એની ક્રૂર-તાની પ્રતીતિ થઈ. આવી ક્રૂરતા, આટલો ભય, આટલું દુ:ખ–આ તો જોયુંસાંભળ્યું જતું નહોતું. આયોની વાત સાંભળતાં જળપરીઓને કંપારી છૂટતી હતી! પ્રોમીથિયસે એ જોયું, ને બોલ્યો: 'આટલું જ સાંભળીને આમ રડવા બેસો છો ત્યારે એના પર જે વીતવાનું છે તે જાણો તો તમારું શું થાય?' મોટી બોલી: 'અમારું તો ઠીક. જેને વેઠવાનું છે એ જો અગાઉથી જાણતું હોય તો સારું.' અને સૌના આગ્રહથી પ્રોમી-થિયસને આયોના ભાવિ યાત્રાપથની વાત વિગતે કરવી પડી.

પૂર્વાભિમુખે જતાં વણખેડાએલાં મેદાનો વટાવતાં આવનાર, તીર-કામઠાંવાળી ભયંકર ભટકતી સીથિયન જાતિનો પ્રદેશ; આગળ જતાં આવનાર ધૂધવતા ખડકોની પારનો લુહારોનો દેશ; ભયંકર ઉછાળા મારતી હાઇબ્રિસ્ટર નદીને ઉપલાણે છેક કૉકેસસની ગિરિમાળાની ટોચે આવેલ નદીમુખનું તારકસ્પર્શી શિખર; એ કૂદીને પાર કરતાં આવનારું પુરુષદ્વેષી ઍમૅઝૉન્સનું સ્ત્રીરાજ; ને આખરે ઈસ્થમસનો પ્રદેશ–એમ આ અવિસ્મરણીય સાહસયાત્રામાં આયો યુરોપ વટાવીને એશિયા પહોંચશે, એ વર્ણવીને એણે ઉમેર્યું: 'કેવો હિંસ્ર છે આ દેવાધિદેવ! દેવ થઈને એક માનવકન્યા માટેની એની કેવી અદમ્ય લાલસા! પોતા-ના સ્વાર્થ ખાતર આને બિચારીને એણે કેવી અણખૂટ યાતનામાં જોતરી છે! આયો, તું ખરેખર બહુ દુર્ભાગી છે કે તને આવો પ્રણયી મળ્યો! ને તારી ભ્રમણકથાનો આ તો હજી આરંભ જ કર્યો છે!'

'હજી યે તમારી આ કાળકથા બાકી છે શું?' આયોએ પૂછ્યું.

'હજી તો દુ:ખનો દુસ્તર સાગર બાકી છે.' પ્રોમીથિયસે કહ્યું.

'તો પછી મારે આમ ક્યાં સુધી સહેવું? શા માટે મારે આ વેઠવું? મને અહીંથી તમે નીચે ફંગોળી દો, હું ચૂરેચૂરા થઈ જાઉં, તો જ હું છૂટીશ. 'આખી યે જિંદગી પીડાવું એના કરતાં બહેતર છે એક વાર મરી જવું.'

પ્રોમીથિયસે સ્થિર નેત્રે એની સામે જોયું, પછી કરુણાર્દ્ર સ્વરે બોલ્યો: 'હા બહેન! સાચું. આમ મારી સામું તો જો. હું તો અ-મ-ર! મૃત્યુના વરદાનથી યે વંચિત! મારે તો અહીં અનંતકાળ સુધી રહેવાનું ને આ સહેવાનું—ઝ્યૂસના શાસનનો અંત આવે ત્યાં સુધી!'

'શું? શું કહ્યું? ઝ્યૂસના શાસનનો અંત છે?' આયોએ પૂછ્યું.

'હા.' પ્રોમીથિયસ બોલ્યો.

'એમાં હું કોઈ સહાય કરી શકું? મારી યે આ અવદશાનું મૂળ તો એ જ છે.' ને ઝ્યૂસની આ પીડિત પ્રેયસીને પ્રોમીથિયસે એના નૂતન સ્નેહના સમાચાર આપ્યા. ઝ્યૂસને એક નવું પાત્ર મળ્યું છે એ જાણીને આયોની ઈંતેજારી વધી: 'કોણ છે એ સ્ત્રી? જાતે કેવી છે? દેવ કે માનવ?' આયોએ ઉત્સુકતાથી પૂછ્યું.

'એ હું ના કહું.' પ્રોમીથિયસે સ્પષ્ટ સ્વરે કહ્યું.

'તો શું એ સ્ત્રી જાતે એને પદચ્યુત કરશે?' એણે પૂછ્યું.

'ના, એ સ્ત્રી જે પુત્રને ધારણ કરશે તે એના પિતાને પહોંચે એવો થશે. એ એને પરાસ્ત કરશે.' પ્રોમીથિયસે ભારપૂર્વક કહ્યું.

'આ પતનથી ઊગરવાનો કોઈ ઉપાય ઝ્યૂસ પાસે નથી?'

'ના; ઉપાય તો છે, પણ તે મારી પાસે. હું જો મુક્ત થાઉં ને એને સહાય કરું તો એ ઊગરે.' પ્રોમીથિયસે કહ્યું. 'પણ ઝ્યૂસની ઇચ્છા વિના તમે છૂટા થઈ જ શી રીતે શકશો?' આયોએ શંકા રજૂ કરી. 'તારું એક સંતાન મારું મુક્તિદાતા બનશે.' પ્રોમીથિયસે ભવિષ્ય ભાખ્યું.

'શી વાત કરો છો?! મારું સંતાન તમારી આ બેડીઓ તોડશે?'

'હા. તારા પછીની તેરમી પેઢીએ.'

'તમારી આ ભવિષ્યવાણી તો, પાછી, કોયડારૂપ બની ગઈ!'

'બધું યે જાણવા માગે તે મારાથી કેમ બને?' ને પ્રોમીથિયસે એને કેવળ એક જ વાત પૂછવા કહ્યું: કાં તો એ પ્રોમીથિયસના મુક્તિદાતા વિષે પૂછે, કાં તો પૂછે એની ભાવિયાત્રા.

'એક જ બાબત પસંદ કરીને પૂછ.' એ બોલ્યો.

અત્યાર સુધી મૂગી રહીને, આ બંને વચ્ચેની વાત સાંભળતી જળપરીઓમાંથી એક ટહુકી: 'એક જ બાબત ને? ઠીક, ચાલો. એક એને કહો ને એક અમને. એની ભાવિયાત્રા વિષે તો એને જ કહો; ને તમને કોણ છોડાવશે એ જાણવા તો અમે બહુ ઉત્સુક છીએ. એ વાત અમને કહો.'

પ્રોમીથિયસે પાછી આયોની ભાવિયાત્રા આગળ ચલાવી: 'આગળ જતાં આવશે એવો પ્રદેશ જ્યાં સૂર્યજ્વાળાઓની કળીઓ બંધાય છે. ત્યાં રહે છે સર્પોના વાળવાળી ગૅાર્ગન્સ. એને જોતાં જ માણસ પથ્થર થઈ જાય! ત્યાં ફૉર્સીની ત્રણ દૈત્યપુત્રીઓ રહે છે: દેખાવે હંસ જેવી, પણ ત્રણ વચ્ચે એક જ આંખ ને એક જ દાંત! ત્યાંથી આગળ જતાં આવશે ગરુડનાં માથાં ને સિંહનાં શરીરવાળાં ગ્રિફિન પશુઓનો પ્રદેશ. પછી પ્લુટોનિયન નદીતટે એકાક્ષી એરિમેસ્પિયન ઘોડેસવારોનો ને સૂરજના ઝરા પાસે આવશે કાળા લોકોનો દેશ. ત્યાંથી આખરે નાઇલની ભૂશિર આવશે. ત્યાં, આયો, તારો ને તારા વંશજોનો વસવાટ થશે. બોલ, હવે, કાંઈ પૂછવું છે? મારી પાસે સમયનો અભાવ નથી.' પ્રોમીથિયસે પૂછ્યું. આયોએ માથું ધુણાવ્યું.

'આંખ જોઈ શકે એથી ઘણું આગળ મારું ચિત્ત જોઈ શકે છે એની ખાતરી કરાવું.' કહીને પ્રોમીથિયસે આયો ક્યાંક્યાંથી આવી તે કહેવા માંડ્યું. જ્યારે એણે કહ્યું: 'ડોડોના પરની ખડકાળ દીવાલ પર ઝ્યૂસની દેવવાણીનું થાનક છે ત્યાં ઓકનાં ઊંચાં બોલતાં વૃક્ષોએ તને ઝ્યૂસની પ્રેયસી જાહેર કરી, એ વાત તારા હૈયા સોંસરી નીકળી ગઈ'તી ને?' ત્યારે આયોના આ આશ્ચર્યનો પાર ન રહ્યો. અને પ્રોમીથિયસે ઉમેર્યું: 'તેં જ્યાંથી ઍડ્રિઆટિક સમુદ્ર પાર કર્યો તે તારા ભ્રમણની ચિરસ્મૃતિ રૂપે આયોનિયન ઉપસાગર કહેવાશે.'

'પણ આનો છેડો ક્યાં?' આયોએ અધીરાઈથી પૂછ્યું.

પ્રોમીથિયસે જણાવ્યું: 'નાઈલને છેડે કૅનોપસ નગર છે. ત્યાં આખરે તને શાતા મળશે. ઝ્યૂસ પણ તને મળવા ત્યાં આવશે. એના પ્રેમાળ કરના સ્પર્શમાત્રથી તને જે પુત્ર થશે તે કહેવાશે ઇપેફોસ—સ્પર્શજ. નાઈલના સમૃદ્ધ પ્રદેશનો એ માલિક બનશે. એની પાંચ પેઢીઓ પછી એક ભયંકર દુર્ઘટના બનશે.'…દૂરદૂરનું જોતી હોય એમ પ્રોમીથિયસની આંખો ક્ષિતિજ પર મંડાઈ…'ડૅનોની પચાસ પુત્રીઓ પર લુબ્ધ થઈને એમની પાછળ પડશે ડૅનોના ભાઈ ઇજિપ્ટસના પચાસ પુત્રો. પિતા-પુત્રીઓ આર્ગોસ નાસી જશે; તો ત્યાં ય પેલા આવી ચડશે. આખરે લગ્નનો પ્રપંચ રચી, પ્રથમ રાત્રિએ જ પ્રત્યેક પુત્રી પોતાના પ્રેમીને પૂરો કરશે. નહિ કરે એક માત્ર હાઇપર્મેસ્ટ્રા. ખૂની થવા કરતાં નિર્બળ થવું પસંદ કરી એ લાયન્શિયસને જીવતો રાખશે. આર્ગોસના રાજવંશનાં એ બે બનશે જનક-જનની. એના વંશમાં એક અજોડ બાણાવળી પાકશે—એક પરાક્રમી વીર. એ મને બંધનમુક્ત કરશે. આવી છે મારે માટેની ભવિષ્યવાણી. મારી માતાએ આ વાત મને કરેલી.'

પ્રોમીથિયસે વાત પૂરી કરી. 'ઓહોહો…કેટકેટલી પેઢીઓ સુધી આયોને હજી સહવાનું!' જળપરીએ કહ્યું.

'ઓ…હ!' કરતી મૃત્યુચીસ આયોએ નાખી: 'નથી સહેવાતું રે!' કહીને આગલો પગ એણે પછાડ્યો, કાન હલાવ્યા, પાછલો પગ ઊંચે કરી પહેલાં પૂછડેથી ને પછી માથેથી ડાંસને ઉડાડવા મથી. છેવટે ચારે પગે ઊછળતી ત્યાંથી ભાગી—પારધિથી છળેલ હરણીની માફક.

જળપરીઓ એને જતી જોઈ રહી. દેવના પ્રેમમાં ફસાનાર માનવ સ્ત્રીની આ દશા થાય! જળપરીઓ વાતે વળગી: 'લગ્ન તો સરખેસરખાંનું જ સારું.' 'હા, એમાં પછી કોઈ બીક જ નહિ.' 'શ્રીમંતની મોંએ ચડાવેલી દીકરીને કે કુળની ઠાંસ મારીને પરણનાર તો પસ્તાય જ.' 'ભગવાન, મને ભૂલેચૂકે કોઈ દેવ સાથે ના વરાવતો.' મોટી બોલી. 'અરે, દેવની નજરથી બચીએ તો યે બસ છે.' 'હા. જોયું ને? ઝ્યૂસ જેવાની નજર લાગે તો પછી ઊગરવાનો કોઈ ઉપાય ન રહે.' 'અરે, એ તો સર્વનાશનો જ રાજમાર્ગ.'

'ઝ્યૂસને પણ—એનાં લગ્ન જ એના પતનનું કારણ બનશે.' વાતમાં પ્રોમીથિયસે ઝંપલાવ્યું. મોટીએ પૂછ્યું. 'કેવી રીતે?'

'યાદ છે ને, જ્યારે એણે એના પિતાને રાજગાદીથી હઠાવી પાતાળે ધકેલ્યો ત્યારે ક્રોનોસે શાપ આપેલો તે? એ શાપને વાળવાનો ઉપાય કેવળ એક જ જણ પાસે છે!'

સૌ એની સામે જોઈ રહ્યાં. એણે માથું ઊંચું કરીને કહ્યું: 'અને તે હું. હું એ બધું જાણું છું. એ તો ભલેને સ્વર્ગમાં રહ્યોરહ્યો આત્મશ્રદ્ધાથી ગાજ્યા કરે. છોને એનું અગ્નિઝરતું વજ્ર હાથમાં ઘુમાવતો ફરે. એનું એ શસ્ત્ર એને નહિ બચાવી શકે. એને ભાન નથી કે એ જાતે જ પોતાના વેરીને તૈયાર કરી રહ્યો છે! પરમ દૈવતવાળો વેરી! પોસીડનના ત્રિશૂળનાયે કુરચેકુરચા કરે એવો, વિદ્યુતથી વધુ દાહક; સાગર, ધરતી ને આકાશ—બધાંને હચમચાવી મૂકે એવો. એની શક્તિનું વહાણ એને ભયંકર શાપની તીણી પ્રચ્છન્ન તરાડો તરફ લઈ જાય છે એનું એને ભાન નથી. ત્યાં એ ભાંગીને ભુક્કો થઈ, તળિયે બેસી જશે ત્યારે જ એને ભાન થશે, શાસક અને શાસિત વચ્ચે કેવી ઊંડી ગર્તા હોય છે!' પ્રોમીથિયસ બોલ્યે ગયો. એના ક્રોધમાં અભિમાન ભળ્યું હતું.

એટલે જ જ્યારે મોટીએ કહ્યું; 'તમે તો આવું જ ઇચ્છો ને!' ત્યારે તરત એ ગર્જ્યો: 'હું ઇચ્છું?! ભલે; મારી ઇચ્છા માનો તો એમ. પણ હું જે કહું છું તે બન્યા વિના નહિ રહે, જોજો.'

'તો, શું ઝ્યૂસને ય નમાવનાર પાકશે?'

'બેલાશક. મારાથી યે બૂરા હાલ એના થશે.'

'તમે આમ સીધેસીધું કહો છો, તે એ સાંભળતો નહિ હોય?'

'તો શું કરી નાખવાનો છે? મોત તો મારા નસીબમાં જ નથી. એ મને મારી નાખી શકે એમ તો છે જ નહિ! હું અમર છું.'

'મારી ભલેને ન શકે, પણ તમને એ વધારે વેદનામાં નાખી શકે ને?'

'ખડકાય એટલાં દુઃખો ભલેને એ ખડકે. હું તૈયાર છું'. (અ. પૃ. ૩૦૯)

ચન્દ્રવદન ચી. મહેતા
ની
અંતરગઠરી-૪૨

સાનફ્રાન્સિસ્કોમાં સૂરત-બારડોલી


ના, મિશિગનથી જે સવારે ચેરી લેઈન છોડી ઍરપૉર્ટ ઉપર પહોંચીને ત્યાંથી આખરની વિદાય લીધી, એ પ્રસંગનું બયાન નહિ કરું. કેમ થાય? કેટલાંનાં નામો લખું? કેટલાંની આંખમાં આંસુ હતાં? મારી સજળ આંખ ક્યાં સુધી આંસુ ખાળી શકી? ખિસ્સાકોશ જેવડા નાનકડા ઍરપૉર્ટના ફાટકથી પ્લેઈન પર પહોંચવાને દસબાર ડગલાં પણ ન ચાલવું પડે ત્યાં, પગથિયાં તો શું પણ પ્લેઈનની અંદર સુધી મિત્રો, વિદ્યાર્થીઓ, શુભેચ્છકો હાથ મિલાવી ગયા, ભેટી ગયા, એ કારમી પંદર મિનિટનું બયાન શી રીતે કરું?

આ વખત લાન્સિંગથી ડીટ્રૉઈટ નહિ, પણ બીજી બાજુ પશ્ચિમ દિશા તરફ શિકાગો થઈ, ત્યાંથી મોટું પ્લેઈન લઈ સાનફ્રાન્સિસ્કો તરફ જવાનું હતું. બહુ ઊંચે ન ઊડતા એ નાના પ્લેઈનમાંથી અમારી યુનિવર્સિટીનો આખો વિસ્તાર સ્પષ્ટ દેખાતો હતો. લગભગ લાખેક પ્રેક્ષકો બેસે એવડું ફૂટબૉલનું સ્ટૅડિયમ ઉપરથી જોતાં આંખ ઠરી. આ અમારાં મકાનો, આ ચેરી લેઈન, આ થીએટર, આ નદી... આંખમાંનાં આંસુ ખાળ્યાં ખળાતાં નહોતાં! માનવીને પણ સ્થળ સાથે ક્યાં ક્યાં કેવી કેવી માયા બંધાઈ જાય છે!

આપણે જઇએ છીએ વેસ્ટ કોસ્ટ. એ વળી નવી તરેહનો, નવી વનશ્રીનો, નીચે ઊતરો તો તાપ-તડકાનો અને અનેક વૈવિધ્યવાળો પ્રદેશ છે. પણ આપણે વચગાળાના જૂના આદિવાસી રેડ ઇન્ડિયનોની વસાહતો અને કુદરતે તે બાજુ વજ્રના ઝાટકાઓ મારી કે ભૂકંપથી જમીન હચમચાવી રચેલા અડીખમ કૅન્યોનના પ્રદેશને ટાળી સાનફ્રાન્સિસ્કો શહેરમાં ઊતરીશું. આ વિભાગમાં ઈટાલિયનો કરતાં અસ્પાનિયનો વધારે; એના કરતાં મેક્સિકોના, બ્રાઝિલના, પેરૂના લોક વધારે; કાન્સાસના ગઠિયાઓ તો ઠેરઠેર. આમલી કેરી લસણ મગ વટાણા હીંગ હળદર જે માગો તે આ બાજુ મળે. આણી કોરથી આવી વસેલા જાપાનીઝો અને ચીનાઓ બધી જ તરકારી અને એ રાંધવાના મસાલાઓ લાવ્યે રાખે. આ બાજુના દરેક શહેરમાં એકેક ચાઈનાટાઉન મળે. ત્યાં આદુ પણ મળે ને ફણગાવેલા મગ પણ વેચાય. પણ આપણા મોટર-પ્લેઈનમાં ફરતા સોફિસ્ટિકેટેડ હિન્દીઓને—ફક્ત નજીકના એક જ અમેરિકન સ્ટોરમાંથી ખરીદી કરનારા એમને તો એ એક દુકાન એ જ એમની દુનિયા, એટલે અહીં વડી પાપડ અથાણાં પણ મળે છે, બાજરો બાસમતી તુવેર પણ મળે છે, એમ કહો તો 'હેં?' કરી આંખો ફાડે, ને જાણતા હોય તો વળી કહેશે, 'હા ક્યાંક મળે છે, પણ બહુ મોંઘાં દાટ!' તો આપણે કહીએ કે જર્મન મર્સિડીઝ કે અમેરિકન શેવ્રોલે ભારતમાં વડી પાપડ જેમ સસ્તી મળે છે?–કે ઑસ્ટ્રેલિયન મધ કે બદામપિસ્તાં અહીં સસ્તાં મળે છે? એમ તો આપણા કાજૂ ત્યાં સસ્તા મળે છે. પરંતુ નાની દુનિયામાં જ જીવવા માગતા સુફિયાણા લોકોની આપણે શી પંચાત કે એમની નિંદા કરવી?


એ લોકો વારંવાર કહે કે ફ્રિસ્કો શહેરમાં મેક્સિકનો બહુ, ત્યાં ખાવા જઇએ તો તીખું તમતમતું, અરે લાલ મરચાંવાળું ખાવાનું મળે! મેક્સિકો તો નીચે દક્ષિણે છે, પણ પશ્ચિમમાં દૂર દૂર ચાલ્યા જાઓ, તો હોનોલુલુ આવે, જાપાન આવે, બરમા આવે અને ભારત આવે, ને એ પશ્ચિમમાંથી અહીં આવી વસેલું સૂરત-બારડોલી મળે તો મેક્સિકન ને ચીનીજાપાનીના અડ્ડા-મહોલ્લા ન મળે? યુનાઇટેડ સ્ટેટ્સ એટલે ભારતથી અલાયદો અળગો દેશ એવું માનવાને કારણ નથી. ભારતની પેદાશ અહીં માગો તેટલી મળે, જણસોમાં તેમ જનતાજનાર્દનમાં. એ તો સામાજિક દષ્ટિએ કહેવાયું, પણ આધ્યાત્મિક દષ્ટિએ પણ એટલા જ જોરશોર વક્રરથી કહી શકાય કે અહીં મધ્યપ્રદેશમાં ભારતીય સંસ્કૃતિના અવશેષો જોવા મળે એટલું જ નહિ પણ આંખે પાટા બાંધી ક્યાંક એકાદ મહોલ્લામાં મૂકી દઈએ તો તમને ખબર ન પડે કે તમે પૃથ્વીના પૂર્વ ગોળાર્ધમાં છો કે પશ્ચિમ ગોળાર્ધમાં—એવી પણ અસરો પહોંચી–નીપજી છે.


ન્યૂ યૉર્કથી તદ્દન જુદી જ ઢબછબનું આ શહેર ફ્રિસ્કો. એમ કહું કે અહીં ઊતરતાં જ તે દિવસે મેથિયા અથાણું ને સળંગ વાલની દાળ ખાધી તો તમે માનશો? કવિબન્ધુ રાજેન્દ્ર શાહની કૃપા થકી, રહ્યો તેટલા દિ દાળ ભાત રોટલી ને શાક, શિખંડ દૂધપાક, વાલ મગ ખીચડી, ઢોકળાં-ઢોકળી, વડાં ભજિયા ખાવા મળ્યાં. ન માનતાં હો તો પૂછો 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતને. એ ત્યાં જઈને આ બધું માણી આવ્યા છે. અમે ગપ્પાં નથી મારતા. રાજ્યનો જ્યારે કેર વર્ત્યો ત્યારે બ્રિટન છોડી કંઈક અંગ્રેજો આ દેશમાં નાસી આવેલા અને અમેરિકન પ્રજા થઇને એ જ અંગ્રેજો સામે ખૂનખાર જંગ ખેલેલો, એ જો ઇતિહાસ હોય તો બ્રિટિશરોના કેરથી ત્રાસી બારડોલી નવસારી સૂરત તરફની ખેતી કરતી પ્રજા જેમ સૂઝ્યું તેમ, વહાણ 'ઈસ્ટીંબર' જે હાથ લાગ્યું તે પકડી, જ્યાં કિસ્મત ચારી આપે ત્યાં ભાગેલી, એ પણ ખરું છે. બ્રિટિશ પ્રજાજનો ગએલા બસો





ડાબી બાજુ: યુનિવર્સિટીનું સ્ટેડિયમ અને અન્ય વિસ્તાર–વિમાનમાંથી. સાનફ્રાંસિસ્કોના ઍરપૉર્ટ ઉપર લોકપતિ ભક્ત અને લેખક ચંદ્રવદન મહેતા (સાથોસાથ ઊભેલા) તથા સન્મુખભાઈ





△ મ્યૂર વૂડ્સનાં ગગનચૂંબી રેડવૂડ-દેવદાર વૃક્ષો. વચ્ચેથી પસાર થતી એક કેડી.

સાનફ્રાન્સિસ્કોનો ગોલ્ડન ગેઈટ બ્રિજ. દુનિયાનો ઊંચામાં ઊંચો અને મોટામાં મોટો ઝૂલતો પુલ. પાછળ દૂર સાનફ્રાન્સિસ્કો નગર દેખાય છે. △

વર્ષ પહેલાં, આટલાંટિક ઉલ્લંઘીને, પણ આ તો હમણાં, ૧૯૨૮-'૩૨માં, ગાંધીજી અને સરદાર વલ્લભભાઇએ બારડોલીમાં ના-કરની લડત શરૂ કરી ત્યારે, માર પડયા, સોટીઓ ચમચમી, લાઠીઓ ચાલી, પગની લાતો પડી, જમીનો ખૂંચવાઈ, લશ્કરો ફરકયાં, એક તોપમારો બાકી હતો, ત્યારે વાપી-અંબિકાનાં પાણીનાં વાંભાંઓમાંથી રાતોરાત નાસી છૂટેલા.

'કી ફા અઈલા?' 'અરે જ્ન કિસ્મત લઈ જાય તિંયાં'. તે અરબ્બી સમુદ્ર ડોળ્યો, રાતો સમુદ્ર પસાર કર્યો, મેડિટરે ઓળંગ્યો અને આટલાંટિક પણ ખૂંદ્યો અને પહોંચ્યા ત્રિનિદાદ–જમૈકા. ત્યાંથી નિગ્રો જોડે હાથ મિલાવી, વળી ઈસ્ટીંબરો બદલી, એનાં તળિયાંમાં કૈંક મહેનત મજૂરી કરી, પાંઉ-સૂપ ખાઈ, કૅપ્ટનોને પટાવી, માંડમાંડ ન્યૂ યૉર્ક ઊતર્યા; ન મળે પાસપોર્ટ, ન મળે પૈસા! ત્યારે વળી આવાં તોતિંગ બૅાઇંગ કેવાં! ઘોડાખટારામાં, પગે ચાલતા, મજૂરી કરતાં ખેતર-વાડીમાં મહેનત કરતાં આખરે આવી પહોંચ્યા સાનફ્રાન્સિસ્કો. આજે ચાળીસે વર્ષે સૂરત આસપાસના એ પ્રવાસીઓ પાસે બેંતાળીસ હોટલોનો જમેલો સ્થપાયો છે! પોતીકાં હોટલો, મેઈન સ્ટ્રીટની પાસે જ રહેણાક. વ્યવહાર મૂળ જેવો જ. ખાવેપીવે અસલી લ્હેરીલાલાપણું, હોટેલ ચલાવવા ઉપરાંત બીજા ધંધા પણ કરે. હવે તો શહેરી હક્કો મેળવી સ્થિર થયા છે. આ 'કૉન-ટીકી'ની કથા કરતાં પણ વધારે સાહસિક, ચિત્રાત્મક, રસિક, રોમાંચક

કિસ્સા આપણી કોઈ કથાવાર્તામાં વણાયા નથી એ ખટકે છે. ના, ઉપરથી શંકા કરે કે, 'એમ? એવું બને?' હાઈટી ટાપુમાં સેંકડો હજારો વર્ષો પહેલાં હિન્દની વસાહતો પહોંચેલી એમ પશ્ચિમના વિદ્વાનો કહે છે. પનામા પ્રદેશ પાસે ગ્વાટેમાલા પ્રદેશના કોઈ પ્રતિનિધિ સભાસંમેલનમાં અમારા પાસે હોંસેહોંસે દોડયા આવી 'અમારા પ્રદેશનું નામ તો અસલ ગૌતમમાળા' એમ કહે છે–એ જો શકય હોય, તો આ લોકોએ ૧૯૩૦-ની આસપાસ, મહિનાઓ સુધી અગવડો ભોગવ્યા બાદ, ટૂંકી ખરચી-ખૂટી લઈ, શાકાહારી રહી, પરાયા દેશમાં કેમ થાણાં સ્થાપ્યાં હશે, એનો સવિસ્તર ઇતિહાસ નોંધવા જેવો છે. ગયા જ હશે. ક્રિકેટ રમવા કનાઈ આપણે ત્યાં આવે ત્યારે જ આપણે જાણીએ કે અસલ તો ભારતમાંથી હિજરત કરી ગએલા કુટુંબનો એ નબીરો.

મને એમની મૂળ ઓળખાણ આપેલી રાજેન્દ્ર શાહ કવિજને, એટલે મેં એમને લખ્યું કે કયાંક હોટેલમાં વ્યવસ્થા કરજો. રાજેન્દ્રના મિત્ર લોકપતિ ભક્ત તે ખરેખરા ભક્ત જ. એ એરપોર્ટ ઉપર ભલભલા અમેરિકનને પાછા પાડે એવી મોટી ગાડી લઇને તેડવા આવેલા. અને ઊતરતાં જ 'આ સન્મુખભાઈ. આ મારા મિત્ર. કંઈ તકલીફ પડેલી કે? એમ સું બેત્રણ દા'ડા રહેવાનું કરી આઈવા જે! રૈઓ ઇંયા. અમે બધા તમારા ભાઇઓ છીએ' એમ શુદ્ધ તળપદી સૂરતી લ્હેકો સાંભળવા મળ્યો.

હોટેલમાં વ્યવસ્થા એટલે પોતાને ત્યાં જ વ્યવસ્થા. એમનાં ઘર જ હોટેલમાં. એટલે કે એકેક હોટેલના પોતે માલિક. એમાં હોટેલના એક મજલાના થોડા ખંડો પોતે વાપરે. એવાં બેંતાળીસ હોટેલોના આ ઉસ્તાદો માલિક. કેટલાકના તો 'એ' કલાસ હોટેલ સાનફ્રાન્સિસ્કો બહાર દૂર રણ-વગડામાં, યા વનરાજીઓમાં. એ બધાંનો વહીવટ અહીં બેઠે ચલાવે. ત્રણચાર ડૉલરના રૂમ અને દસવીસ ડૉલરના પણ રૂમ. કોરા રૂમનો જ વહીવટ. નીચે દફતર અને રખવાળ, અને બાજુમાં રેસ્ટોરાં. લોકપતિએ પોતાના બનેવીને ત્યાં મને ઉતાર્યો હતો. પણ હવે તો લોકપતિનું પોતાનું હોટેલ પણ થઈ ગયું છે. અને લોકપતિ પોતે કોઈ એર લાઈનમાં નોકરી કરે તે જુદી. અહીંથી તહીં ઊડે. રાતે જમતી વેળા મને કહેવામાં આવ્યું કે જે જાતની સૂરતી રસોઈ જોઇએ તે મળશે. અથાણાં બધી જાતનાં. દાળઢોકળી પણ તૈયાર. રજાને દિવસે પાંચસાત મજલાની એ હોટેલની ઉપર અગાશીમાં એ સૌ ભજન-કીર્તન પણ કરે. મારે માટે એક સાંજના એક મોટા મોટરગરાજમાં મીટિંગ પણ ભરી. ત્યાં બધા ભાઇઓને મળ્યો. ત્યાં શનિરવિ ગુજરાતી શીખવવા નિશાળ પણ બેસાડે. ઘરનો સ્ત્રીવર્ગ સવારે બજારમાં શાકભાજી લેવા જાય, ત્યાં સૂરતની નવસારી બજારમાં

કે ચૌટા ભાગોળના બજારમાં વેચનારા જોડે ભાવતાલ અને રકઝક કરે તેમ અહીં પણ પોતાની ભાષામાં—ગુજરાતી અંગ્રેજીમાં ચલાવે; એની સામે પેલો મેક્સિકન સ્પેનિશ અંગ્રેજીમાં સવાલજવાબ કરે; અને બંને 'પારટી' બરોબર સમજે. 'તાજુ સે?' 'યસ યસ ફ્રિરેશ સે.' 'લહણ સે?' 'હાઈ ગારલિક ફ્રિરેશ.' 'આદુ-જિંજર સે?'... 'યોર નેચર લાઈક જિંજર' એવો ટાણો પણ મારે, અને હસીમળી છૂટાં પડે. છૂટા સેન્ટ ન હોય તો 'ટુમારો'નો વાયદો પણ થઈ શકે. તાજા ભીંડા આવ્યા હોય તો પેલા કાછિયા હિન્દીજનને જોતાં જ બૂમ પણ પાડી ઊઠે: 'હીયર ફ્રિરેશ. ઑકરા બીંડા ઓકરા બીંડા!'ને અંગ્રેજને જુએ તો 'લેડીઝ ફિંગર' પણ બોલે.

લોકપતિ અને સન્મુખભાઈ મારા ગાઈડ. જમવાનું વળી રોજ જુદે જુદે ઘેર. આમ, આ બારડોલીના હોટેલમંડળ સાથે સારી ઓળખાણ થઈ. સન્મુખભાઈ અંગ્રેજી સારું બોલે, અને વ્યવહારુ માણસ. એમની સાથે થોડોક પ્રોગ્રામ નક્કી કરી લીધો. બર્કલી, સ્ટૅનફૉર્ડ, રેડ વૂડ, ગોલ્ડન ગેઈટ બ્રિજ—ઘણું ગોઠવી દીધું. આપણે એ બધાંની વિગતોમાં નહિ જઈએ. સ્વભાવ પ્રમાણે થોડું મેં મારે માથે પગે રખડીને ચાલવા-જોવાનું રાખ્યું તે આ ભાઈઓને મનમાં ગોઠયું નહિ. આટલી બધી ગાડીઓ છે, પછી ચાલવાના શું કામ? અને સન્મુખભાઈએ એક સવારે ગાડી હાંકી ત્યારે મેં એમને હિપ્પી લૅન્ડમાં, હાઈટી મહોલ્લામાં, એમનાં દર્શન કરાવવાની સૂચના કરી, ત્યારે એ પહેલાં તો સમજ્યા જ નહિ. પછી જરા તાજ્જુબ થઈ હિપ્પીઓ માટે એવો તો સુંદર ગુજરાતી શબ્દ ફટકાર્યો કે તે તરત મારા મનમાં વસી ગયો. 'તમારે એમની હંગાથે સું કામ?' 'અમથા જોવા, સમજવા.' 'અરે પણ તમને એમનો કંઈ ચેપબેપ લાગશે તો?' 'નહિ લાગે, એ લોકો મને સ્વીકારશે જ નહિ.' પછી મેં એમને મારો રસ સમજાવ્યો: 'ભાઈ, અમારો ધંધો લખવાનો. કંઈ જાણીએ તો લખીએ. અને આમના ગુરુ આચાર્ય સાથે તો અમારે ઓળખાણ, એટલે મને જરા એમના રંગરાગ જોવા છૂટો મૂકી દો.' ત્યારે સન્મુખભાઈ-ના મનમાં રામ વસ્યા. પણ તરત ફરી ત્રીજી વાર એ જ ઝોકથી બોલ્યા: 'હહરીનાં એ તો વાઘરાં! ની ન્હાય, ની ધૂએ. ગમે તિયારે ગમે તાં ખાય, અને પીવામાં ગાંજો, ચરસ અને જાતજાતનું કેવુંક પીતાં છે! પાકાં વાઘરાં!' અને જેમજેમ 'વાઘરાં' શબ્દ બોલાતો જાય તેમ 'રાં' પરનો અનુસ્વાર જોર પકડતો મોટો થતો રહે! મેં સન્મુખભાઇને વિગતવાર એમની જમાત વિષે રસ્તે સમજાવ્યું અને કહ્યું કે એમને વાઘરાં કહેવામાં આપણા વાઘરીભાઇઓનું અપમાન કરીએ છીએ. તો કહે: 'હા ભાઈ! તમે તો ઘણું જાણતા છેઓ, પણ હવે અમારી પાસે એમને લાયક કોઈ બીજો શબ્દ ની મલે એટલે અમે તો એને વાઘરાં જ કહી મૂકીએ.'

ની મલે કે ની મરે એટલે 'નહિ મળે: એમાં ળ કે લ કે ર એની ચર્ચામાં અહીં નહિ પડીએ, ત્રણે સાચા. જેવો પ્રદેશ અને જેવી પ્રથા. પણ સન્મુખભાઈની તેમજ લોકપતિની ભાષા એકંદરે સારી. પરંતુ હિપ્પી દરબારમાં હું દાખલ થાઉં, અને તમને જાતજાતની કથા કહું તે પહેલાં સન્મુખભાઈ લોકપતિ અને બીજા બેત્રણ ભાઇઓ સાથે અમે એક સુંદર વનરાઈ જોઈ આવ્યા તે વિષે વાતો કહી દઉં. તે પછી હિપ્પીલૅન્ડમાં જઈશું. મારી પાસે ત્યાં જવાનો પાસપોર્ટ તો હતો જ, એટલે ગમે ત્યારે ત્યાં જઈ શકાય એમ હતું. વળી, ચિન્મયાનંદજીનું બેત્રણ દિવસ બાદ ત્યાં વ્યાખ્યાન પણ હતું. પં. રવિશંકરનું પણ એ અરસામાં પધારવું હતું. આમ બધો સુમેળ સાધવા એ અડ્ડામાં જવાનું મેં જરા મુલતવી રાખ્યું. પેલી મ્યૂર વૂડને જરા લાંબે રસ્તે હંકારતા સન્મુખભાઇને મેં કહ્યું કે તમારે આવવું હોય તો તમને પણ એ અડ્ડામાં લઈ જાઉં અને 'અગ્ન ચક્ર' અને 'સહરા લૉટસ'ના અનુભવ કરાવું, તો તરત એ તડૂકી ઊઠયા: 'અરે નહિ રે, મને એમનો ઓળો પણ નહિ જોઇએ.' ખરેખર, સન્મુખભાઇને એમના આ 'વાઘરાં' સામે ઘણો રોષ હતો.

હિન્દમાં અને આફ્રિકામાં નૅશનલ પાર્ક છે તે જોયાં. ત્યાંના પ્રાણી-સૃષ્ટિનો, અને અમેરિકામાં બીજા પણ પાર્ક છે ત્યાં, ક્યાંક મોર તો ક્યાંક ફૂલ, ક્યાંક બીજાં પ્રાણીઓ, એમ જાતજાતની સૃષ્ટિ જોવા મળે છે. પણ અહીંથી સત્તર જ માઈલ દૂર એક અનોખા જંગલમાં જઈ જુઓ તો માણસ જરૂર વામણો લાગે; સમય, જીવતર ક્ષણમાત્રમાં પલટાતું લાગે; અને જેને આપણે શાંતિ કહીએ છીએ એવી શાંતિનો અનુભવ થાય. હિમાલયમાં એવી વનરાઇઓ છે—વધારે હશે, પણ આટલી સુસાધ્ય ને સફાઈબંધ નહિ. એ બાબતમાં તો આ મ્યૂર વૂડસ અનોખું સ્થાન છે.

અસલ તો આ જગ્યા અમેરિકાના એક કૉંગ્રેસમૅન વિલિયમ કેન્ટની. એણે પોતાની માલિકીના વનવિસ્તારમાં આ એક અવનવી ખીણ જોઈ: શાંત, ભવ્ય, સુંદર, ગૌરવવન્તી, લૌકિકમાંથી અલૌકિકમાં લઈ જનારી નિસર્ગરચના. ઓહોહો! કુદરત સૌન્દર્યને સરજે છે, ત્યારે સહસ્ર સહસ્ર હાથે અને કરોડ કરોડ આંગળીએ એના ઘાટમાપની રચના કરે છે. એવું આ સ્થાનક જોતાં વિલિયમ કેન્ટ સાહેબનો મનવો મ્હોર્યો, અને આ ઉપભોગ હું એકલો શેણે કરું, દુનિયાભરના લોકો શીદને ન કરે, એવો મનમાં લ્હેરકો ફિરક્યો, અને તરત આખી વનરાઈ ફેડરલ સરકારને ભેટ કરી દીધી, જેથી સરકાર એ સદાકાળ સાચવે, ને પ્રવાસીઓને ઉપભોગ કરવા સગવડ કરી આપે. સહનૌ ભુનક્તુનો સિદ્ધાંત. કેન્ટસાહેબે આવો વિશાળ વજીફો ત્યજ્યો, તે 'તે ન ત્યક્તેન ભુંજીથા'નું અનાયાસ રહસ્ય સમજીને, કેમ જે આ વનરાઈ પોતાના નામે મશહૂર ન કરવી, પણ ત્યાંના પ્રખ્યાત લેખક, નિસર્ગના શાસ્ત્રના અભ્યાસી અને કુદરતના પ્રેમી જ્હૉન મ્યૂરનું (૧૮૩૮-૧૯૧૪) નામ એની જોડે સાંકળી એને પ્રકીર્તિત કરવી! છે ને? જેની સાથે સનાનસૂતક નથી, જે કોઈ દોસ્તબિરાદર નથી, એનું નામ સાંકળવા સરકારને એણે ભલામણ કરી!! વાહ, વિલિયમ કેન્ટ, વાહ!

એક આડકથા માફ કરશો? અમે તો માનના એવા ભૂખ્યા છીએ કે સદ્‌ગત ભાવનગર નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહે કરેલી વાત યાદ આવે છે. પોતાના પિતાશ્રીના નામની એક મોટી રકમ એમને શહેરમાં સ્ટેડિયમ માટે ભેટ આપવી હતી, એ માટે મિનિસ્ટર સાહેબ સાથે આગળથી અમુક દિવસે મળવાનું, તથા બપોરનું ભોજન સાથે લેવાનું વગેરે નક્કી કર્યું હતું. થોડા અમારા જેવા મહેમાનોને પણ મહારાજાએ નોતર્યા હતા. બાર વાગ્યે મિનિસ્ટરસાહેબ પધારવાના હતા, અને વાતો થઈ જવાની હતી. એક થયો, બે થયા; સાહેબ દેખાયા નહિ. અંતે અઢી વાગ્યે મહા-રાજાએ બધાને જમવા બેસાડી દીધા. સાડા ત્રણ ચારે બધા છૂટા પડવાના હતા ત્યારે વાવડ આવ્યા કે મિનિસ્ટરસાહેબ અહીં જ પધારવાના હતા, પણ અધવચ્ચે અમુક ગામે એક નાનો મેલાવડો યોજી ભોંયમાં શિલાઉતરાણ અને માનપત્રનું અચાનક ઠેરવી દીધું, એટલે હવે રાત્રે સાત વાગ્યે પધારશે ત્યારે જમણવાર રાખવો! મહારાજાએ તો નૌકાખાતા-ના અધિકારી તરીકે શિક્ષણ લીધેલું, એટલે સમયની કિંમતના જાણકાર હોવાથી, તથા સાંજે એમને છ વાગ્યા પછી બીજે જવાનું નિશ્ચિત હોવાથી એમણે પેલા વાવડ લાવનારને ના પાડી, ને નીકળી ગયા. અને તે દિવસે સ્ટેડિયમ ને ભેટની વાત તો રહી. પણ મિનિસ્ટરસાહેબને માનપત્ર તો મળ્યું! અરે રસ્તા ઉપર કે દરિયાકાંઠે બેસવા નાનો બાંકડો આપણે ધર્માદા કરવા મુકાવીએ છીએ, ત્યાં એની ઉપરે ય આપણે ફલાણા તરફથી ભેટ એમ તક્તી ચોટાવીએ છીએ તે! પણ વળી કોઈ બંધુ મને 'લેસ પેટ્રીઅટ' કહી ભાંડે નહિ માટે એ પણ કબૂલ કરું છું કે આપણે ત્યાં પણ પોતાના નામને છાનું રાખી કેટલાકે મોટી રકમો દાનમાં દીધી પણ છે. પણ અરેરે, પેલી સુંદર વનરાઈની સોનાની થાળી સમી વાતમાં મેં વળી ક્યાં આ આડવાતની લોખંડની મેખ મારી?

વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ જાતના લાલ લાકડાનાં ઝાડ—રક્તકાષ્ઠ-

વૃક્ષો જૂનામાં જૂનાં છે, ચૌદ કરોડ વર્ષો પહેલાં પૃથ્વીપટે ઘણે સ્થળે એ પથરાએલાં રહેતાં, ટાઢ-તડકો, ભૂકંપ-જ્વાલામુખી-ઝંઝાવાતના અનેક પ્રકારના અનેક વાર પ્રહાર પ્રત્યાઘાતો સહી આજે આટલા નાનકડા ભાગમાં એમાંની જાતનાં કેટલાંક વૃક્ષો અનેક ઝંઝાવાતો સહેતાં ખડાં ઊભાં છે. આજે આ પ્રદેશના ૩૦ માઈલ પહોળા અને ૫૪૦ માઈલ લાંબા ધરતીના પટ ઉપર જ આ વૃક્ષો જોવા મળે છે. સાગરની હવા એને ઊગવામાં ને ટકી રહેવામાં અમુક રીતે મદદ કરે છે. એમની ઊંચાઈ ૩૬૭ ફૂટ ઊંચે (૧૧૨ મીટર) સુધી પહોંચે છે. પણ તેટલાં ઊંચાં વૃક્ષ અહીં આ જંગલમાં નથી. અહીં મ્યૂર વનરાઈમાં તો ૨૪૦ ફૂટ ઊંચાં અને ૪૦ ફૂટ એટલે કે ૧૨ મીટર પહોળાં થડવાળાં વૃક્ષો જોવા મળે છે. અને એ ૨૨૦૦ વર્ષો જૂનાં આ વૃક્ષો સીધાંસટ, કમર કે વાંસો વાળ્યા વિના, ગગન તરફ નજર રાખી ઊંચાં વધ્યે જ જાય છે, ને પોતાની આસપાસ, પોતાના થડની ઉપર, પોતાની નીચે વિવિધ પ્રકારી વનસ્પતિઓને પણ ઊગવા સગવડ કરી આપે છે. ના, સૂરજનો તડકો પણ અહીં પૂરો પ્રવેશી શકતો નથી. ને એથી સવારે કે સાંજે કે બપોરે, દિવસરાતના સતતના સંધિકાળ જેવા દેખાય એવું વાતાવરણ અહીં પેદા કરે છે. અહીં પહોંચવાનો રસ્તો રળિયામણો. મ્યૂર વૂડ્ઝની વનસ્થલીનું પ્રવેશ દ્વાર પણ અલાયદું અને દાખલ થતાં જ કોઈ અનેરી ભૂમિમાં પ્રવેશ કર્યાનું ભાન કરાવે છે. અંદર નાના પ્રકારની પગથીઓ, ક્યાંક પથરાળ, ક્યાંક રેતાળ, ક્યાંક ખાસ બનાવેલા ચાર-પાંચ ફૂટના પુલો, ક્યાંક નાનાં ઝરણાં, ક્યાંક મોટા રાક્ષસી કદના સાલામાન્ડરો—સરડાઓ, ક્યાંક શ્યામ પૂછડીવાળાં નિર્દોષ હરણાં, ક્યાંક એકાએક ન ઓળખાય એવાં ચઢઊતર કરતાં પંખીઓ; અને ફક્ત એક લીલા રંગમાં જ કેટલા પ્રકારની વિવિધ વનસ્પતિઓ છે તે જોઈ આંખ તો ઠરે છે જ—સાથે અહીંની અનહદ શાંતિ માણી હૈયું પણ ઠરે છે. ખૂણેખાંચરેથી પણ સૂર્યદેવતાનાં દર્શન કરવા મથો તો ખરે બપોરે બે વાગ્યે કે આથમતા સમયે પણ એ જોવા ન મળે, એવી કુદરતે અહીં ઘટાટોપ સરજી છે. વેલીઓ તો જાતજાતની, વેલાઓનો યે પાર નહિ. બંને એકબીજાને ટેકે, આ અડીખમ છડીદાર જેવા લાલ વૃક્ષની આસપાસ પ્રેમથી વીંટળાતાં ઉપર ચડે. આ રેડવૂડની શીતળ છત્રછાયા હેઠળ વળી બીજાં નાનાં વૃક્ષો પણ ઊગે, એમાં રાતો આલ્ડર, અઝાલિયા, ટૅન ઓક, ઑરેગૉન, ઓક્ઝાલિસ, ટ્રિલિયમ અને જંગલી આદુ પણ જોવા મળે. અઢળક શાંતિ, અનહદ સ્વચ્છતા, અપરંપાર વનશ્રી, અનેક અનેરીસુગંધોની મિલાવટથી ઊપજતી-વિસ્તરતી અકલ્પિત એવી સોડમ, એક કેડી ઉપરથી બીજી અને એમાંથી ફંટાતી ત્રીજી, એમાં ચાલ્યા જ જાઓ, તો ડગલે અને પગલે અવનવો આહ્લાદ અનુભવવા મળે. આ સફળ સૌન્દર્યનું રસપાન કરતાં મનવો પ્રફુલ્લિત થઈ મ્હોરી ઊઠે.

આપણે ત્યાં એવી વનસ્થલી હોય, હશે જ, છે, ક્યાંક થઈ શકે; પણ આવી માવજત કે દેખભાળ આપણે ન કરી શકીએ. અહીં કોઈ ટ્રાન્ઝિસ્ટર લઈને દાખલ ન થાય—કાયદો જ છે, પાટિયું જ માર્યું છે, અને ત્યાં જનારો જાણે જ છે કે અહીં શાંતિ માણવા જઈએ છીએ, ત્યાં ઘોંઘાટિયું ટ્રાન્ઝિસ્ટર કેમ લઈ જવાય! ખાવાનું બાસ્કેટ કે થર્મૉસ કે પડીકું કે કરંડિયો કે કાગળની કાપલી કે 'શીંગ ગરમાગરમ' કે કાજુદાણા કશું જ નહિ. થોડે દૂર સ્ટિન્સન બીચના બાગમાં જઈ એક ખાસ સૂચવેલા ખૂણામાં જઈ ખાઓ પીઓ; જરા આઘે, મોટરમાં (પાંચ સાત મિનિટનો સમય થાય ત્યાં) જઈને ખાઓ પીઓ; પણ ત્યાંનું કાપલું પણ ઊડીને અહીં ન આવી શકે, કે ન લાવી શકાય. ત્યાં તો રાંધવાની કે લાકડાં એકઠાં કરી ચૂલો સળગાવાની તો વાત જ ક્યાં? પાળેલા કૂતરા પણ છૂટા ન લઈ જવાય. સાઈકલ-બાઈસિકલને પણ દાખલ થવાની મનાઈ. જરા આઘે મોટરો રાખવાનો એક મોટો ચોકો. ત્યાં જ એને રાખીને આ દેવલોકના ગન્ધમાદન વનમાં પ્રવેશો. કણ્વમુનિના આશ્રમમાં દુષ્યંત પાસે, કાલિદાસે જે અદબ-વિનય પળાવ્યાં હતાં એવાં અહીં પાળ્યા વિના છૂટકો જ નહિ. ઈ. ૧૯૦૮માં આ વ્યવસ્થા અમલમાં આવી ૫૦૦ એકરના વિસ્તારમાં જાણે સતતની સદાકાળને માટે શાંતિ સ્થપાઈ.—સન્મુખભાઈ અમારા લીડર. વાંકીચૂંકી પગથાર ઉપર ચલાવતા એક રમણીય સ્થળે લઈ ગયા. ત્યાં એક શિલા હતી. ઉપર શબ્દો કોતર્યા હતા: 'આ શાંત અને સુંદર સ્થળે, ઈ. ૧૯૪૫માં, મેની ૧૯મી તારીખે, યુનાઈટેડ નેશન્સના સભ્યો યુનાઈટેડ સ્ટેટ્સના ૩૧મા પ્રેસિડેન્ટ ફ્રેંકલિન ડીલાનો રૂઝવેલ્ટને—માનવજાતને શાંતિનો સંદેશો આપનાર એ વ્યક્તિને—સ્મરણાંજલી આપવા અહીં એકઠા થયા હતા.' વાહ વાહ વાહ! આનું નામ તે કલ્પના! જેને આ વિચાર સૂઝ્યો એને ધન્ય છે.

ચાલો પાછા ફરીએ. પણ મન નથી થતું. ચા-કૉફી પીવાં હોય તો વ્યવસ્થાપકો બહાર નીકળવાના ખૂણા આગળ એક નાનકડી રાંધણી ચલાવે છે. ત્યાં ચા-પીણાં પીઓ. કંઈક કેક જેવું ખાઓ, અને આ રેડવૂડમાંથી હાથબનાવટની નાનીમોટી કોઈ વસ્તુ લેવી હોય તો ખરીદો. ફોટો પાડવામાં અને અહીં પ્રકાશની લમણાઝીંકમાં વખત બગાડવા કરતાં તરેહતરેહનાં પિક્ચર પોસ્ટકાર્ડ મળે છે તે ખરીદી, ફાજલ વખત આ વનશ્રી સાથે સહિયારું માણવામાં જ ગાળો. બરફ જોયા, નિયાગરાના ધોધ જોયા, વિવિધ પ્રકારનાં નાટકો જોયાં, ફૂલથી ભર્યાભર્યા બાગ-બગીચા જોયા, પણ આ મ્યૂર વૂડ—રેડવૂડ વૅલી ચિત્તની શાંતિને માટે અદ્ભુત જગ્યા છે. એ બાજુ જાઓ તો જજો જ જજો.

હવે આપણે ગોલ્ડન ગેઈટ બ્રિજ ઉપરથી પસાર થઈએ. બે થાંભલાઓ વચ્ચે ટાંગી ઝુલાવેલું ૪૨૦૦ ફીટ લાંબું આ અદ્ભુત સર્જન છે. જે તારના દોરડા થકી એ પુલ ટાંગ્યો છે, તે નાના તારોને વણીવણી ૩૬-૩૭ ઇંચ જાડું દોરડું બનાવ્યું છે. એંશી હજાર તારનો એ સરવાળો છે! આ તારના દોરડાનું જ સમગ્ર વજન ૨૪૦૦૦ ટન અને બે બાજુના બે મિનારાની ઊંચાઈ ૭૪૬ ફીટ છે. ઈ. ૧૯૨૭થી૧૯૩૭ એમ દસ વર્ષ એને બાંધતાં થયાં. અને ત્યારે એ બાંધતાં સાડાત્રણ કરોડ ડૉલરનો ખર્ચ થયો. મીંડું ઉમેરીએ એટલા લગભગ આજને ભાવે રૂપિયા થાય.

ગોલ્ડન ગેઈટમાંથી તો આપણે આવ્યા-ગયા. પણ હવે હિપ્પીસૃષ્ટિમાં કિયે દરવાજેથી દાખલ થઈશું? એમનું વર્ણન કરવું, એમના સિદ્ધાંતો તારવવા, ઓમકારનું રટણ કરવું, હરેકૃષ્ણની ધૂન લગાવવી, આવાંમાંનું થોડું થોડું તો આપણા ગુરુ એવનનાથે સમજાવ્યું હતું. અમેરિકાથી પાછો આવ્યો ત્યારે એક વાર કવિ રાજેન્દ્ર શાહની વિનંતીથી યુનાઇટેડ સ્ટેટ્સની ઈન્ફર્મેશન સર્વિસ તથા 'કવિલોક' તરફથી હિપ્પીઓ ઉપર એક ભાષણ રાખ્યું હતું. તા. ૧૪ નવેમ્બર-'૬૭ ને દિવસે એ ભાષણ બાદ એમના અફસર જરા છંછેડાએલા, અને રાજેન્દ્રને ફરી એ હૉલ સભા માટે આપવાની બંધી કરી હતી! મારા ભાષણમાં લેખો, પુસ્તકો, ફોટાઓ, અને એવી સચોટ પુરાવાદાર સાહિત્યની વાનગીઓ હતી, અને તે ઉપરથી સીધી સાદી આ જમાત માટે એવી આગાહીઓ હતી કે ત્યારે છેડાએલા ઑફિસરે, જતે કાળે પોતે જ પોતાના આ વાઘરીટોળાનાં કરતૂકો જોયાં ત્યારે એને સમજાયું કે મારી બાતમી તથા ટીકા-વિવેચના બરાબર હતાં, અને તેથી બે વર્ષ બાદ એ હૉલ ફરી વાપરવા માટે છૂટ આપી. ત્યાં જે કાવ્યો બોલ્યો હતો, સાર કહ્યા હતા, તે અહીં 'કુમાર'માં છાપી શકાશે કે કેમ એની મને શંકા છે. જોઈએ. (ચાલુ)


ઈસ્લામી સુલેખનકળા

લેખક · ઝેડ. એ. દેસાઈ

ઇસ્લામી લલિત કળાઓમાં સુલેખન—Calligraphy (ફારસી-ઉર્દૂમાં ખત્તાતી અથવા ખુશ-નવીસી)નું સ્થાન મહત્ત્વનું તેટલું જ અનોખું પણ છે. આમ તો દૂર પૂર્વના દેશોમાં, વિશેષ કરીને ચીન અને જાપાનમાં અક્ષરાલેખન ચિત્રકળા સાથે સારી એવી રીતે સંકળાએલું છે. દાખલા તરીકે એ દેશોમાં ચિત્રોની અંદર સુંદર રીતે આલેખાએલું એક-બે લીટીવાળું કાવ્ય પણ ચિત્રના એક અંગ તરીકે સાધારણ રીતે જોવામાં આવે છે. પરંતુ ઇસ્લામી દેશોમાં તો સુલેખનની એક વિશિષ્ટ કલા તરીકે જે ઉપાસના થઈ છે તેનો જોટો વિશ્વના બીજા દેશોમાં વિરલ છે.

સુલેખનના કલા તરીકેના વિકાસનું મુખ્ય કારણ ઈસ્લામ ધર્મનો જીવંત વસ્તુઓનાં ચિત્રણ વિષેનો નિષેધ છે. ઈસ્લામમમાં મૂર્તિપૂજનને સ્થાન નથી, એટલું જ નહિ પણ તેનો વિરોધ—ભલે પછી તે કોઈ પણ સ્વરૂપમાં હોય (પથ્થરમાં, દીવાલ પર કે કાગળ પર)—એ ઈસ્લામ ધર્મનું મુખ્ય અને મચક ન આપે એવું અંગ હોઇ ઈરાન અને મધ્ય એશિયાના મુસ્લિમ કલાકારોને પોતાની પ્રતિભાને ચિત્રકળાથી વિમુખ એવા વિષયો તરફ દોરવી પડી. આને પરિણામે જેને ઈસ્લામી કલા તરીકે ઓળખીએ છીએ તેનો જીવંત વસ્તુઓના ચિત્રોમાં પણ નહિવત, પણ મોટેભાગે ભૌગોલિક અને ફૂલપત્તીઓનાં ચિત્રો (geometric and floral patterns)ના રૂપમાં સર્વાંગી વિકાસ થયો.


આમ મુખ્યત્વે ચિત્રકલા પ્રત્યેનો આ અણગમો અને ઉદાસીનતા એ ઈસ્લામી સુલેખનકલાના વિકાસનું મુખ્ય કારણ છે, તો સાથેસાથે શિક્ષણને લગતા મામલા તથા બીજી એવી બાબતોનો પણ એના વિકાસમાં ઓછો ફાળો નથી. શિક્ષણ વિષે પયગંબરસાહેબનું કથન છે કે 'શિક્ષણ પ્રાપ્ત કરો–ભલે પછી તે અર્થે ચીન જેવા (અરબસ્તાનથી વધુમાં વધુ દૂર) દેશ સુધી જવું પડે.' શિક્ષણપ્રાપ્તિનું મુખ્ય તેમજ પ્રાથમિક સાધન અક્ષરબોધ છે. આના અનુસંધાનમાં લેખન-વ્યવસાય તેમજ વિદ્યાપ્રાપ્તિનું મહત્ત્વ દર્શાવતાં અરબી ભાષાનાં નીચેનાં સુભાષિતો પણ મનન યોગ્ય છે: 'અક્ષર એ વિવિધ વિદ્યાઓનું ઉપવન છે'; 'કલમ એ બુદ્ધિનો સંદેશવાહક છે'; 'અક્ષર એક એવી દોરી છે જેમાં દાર્શનિક જ્ઞાનનાં મોતીઓ પરોવાઈ તેની સુંદર માળા બને છે' વગેરે. મહાન મુઘલકાલીન લેખક અબુલ્ફઝલના શબ્દોમાં 'અક્ષર તો છે મનીષીનો તસવીરકાર; ઉચ્ચ વિચારોના સામ્રાજ્યનો પ્રાથમિક સ્કેચ; ઉજ્જવલ દિવસના આગમનના પ્રતીકરૂપ શુભ્ર રાત્રિ; જ્ઞાન-વર્ષાથી ભર્યુંભાદર્યું ઘનઘોર વાદળ; જ્ઞાનની તીજોરીની ચાવી; મૂક છતાં વાચાળ, સ્થાયી છતાં પથિક, પૃષ્ઠપટ પર પથરાએલ છતાં અનંત આકાશની સેર કરનાર.' અક્ષરનો મહિમા આથી વધુ સારી રીતે કયા શબ્દો વ્યક્ત થઈ શકે?



△ ઈસ્લામના પયગમ્બરસાહેબનો એક પત્ર. હિ. સં. ૭. (ઈ. ૬૨૯) અક્ષરોનો આ વળાંક 'કૂફી' ને 'નસ્ખ' મિશ્રિત શૈલીનો છે.

ઉપરાંત, શિક્ષણમાં ધાર્મિક શિક્ષણનું સ્થાન પ્રથમ હોઈ તેની પ્રાપ્તિ માટે આબાલવૃદ્ધ સૌ પ્રયાસ કરે તે દેખીતું છે. સૌથી પ્રથમ ઈસ્લામના ધર્મપુસ્તક 'કુર્આન શરીફ'નું જ્ઞાન અને હલકદાર રીતે પઠન (જેને માટે પારિભાષિક શબ્દ 'તિલાવત' છે અને જેની પણ સંગીત જેમ એક કલા તરીકે સતત ઉપાસના કરવી પડે છે), સાત વર્ષના બાળકથી લઈ બધા મુસ્લિમો માટે સાધારણ રીતે અનિવાર્ય લેખાય છે. આ ઉપલક્ષમાં પણ લેખનપ્રવૃત્તિનું સ્થાન કેટલું વ્યાપક તેમ જ મહત્ત્વનું બને તે સમજી શકાય તેમ છે. કુર્આનના શિક્ષણ માટે તેની હસ્તપ્રતોની સારી એવી સંખ્યામાં જરૂર પડતી. વળી પોતાના ધર્મપુસ્તક પ્રત્યે ઉચ્ચ અને અસીમ આદરની ભાવનાથી પ્રેરાઈ લહિયાઓ બીજાં પુસ્તકોના પ્રમાણમાં તે સુંદરમાં સુંદર બને તેની ખાસ કાળજી લેતા. વ્યવસાયી લહિયાઓ ઉપરાંત અમીર ઉમરાવો અને રાજાઓ સુધીના સમાજની ઉચ્ચ શ્રેણીના લોકો માટે સુલેખનનું શિક્ષણ જરૂરી ગણાતું હોઈ તેમના અભ્યાસક્રમમાં એ કલાને મહત્ત્વનું સ્થાન મળ્યું. મધ્ય એશિયાના સુલતાનો તેમજ હિંદુસ્તાનના મુઘલ શહેનશાહો અને તેમના પુત્ર-પરિવારોએ રણભૂમિની જેમ સુલેખનના ક્ષેત્રમાં પણ નામ કાઢ્યું છે. મધ્ય એશિયામાં તૈમૂરી કુટુંબના લગભગ બધા નબીરા સાહિત્ય અને લલિત કલાઓ પ્રત્યેના તેમના અનુરાગ માટે વિખ્યાત છે. તેમની કલા-સાહિત્ય-રસિકતાના ઉલ્લેખ વગર મધ્ય એશિયા-ઈરાનના રાજકીય તેમજ સાંસ્કૃતિક ઇતિહાસનું આલેખન અધૂરું ગણાય. પણ મુહમ્મદ બિન તુગ્લુકશાહ તેમજ અન્ય સમ્રાટો સુલેખન-કલાના અભ્યાસી હોવાના ઉલ્લેખ ઇતિહાસોમાં મળે છે. મુઘલ સમ્રાટો અને તેમના નબીરાઓના તો સુલેખન-નમૂનાઓ જ નહિ, પણ હસ્તપ્રતોનાં સુલેખન ને ચિત્રણ-કૌશલ વિષે તેમણે એ પ્રતો પર સ્વહસ્તે લખેલા અભિપ્રાયો ધરાવતી પ્રતિઓ પણ ઠીકઠીક સંખ્યામાં મળે છે. મુઘલ શાહઝાદાઓ તેમજ શાહઝાદીઓને કળાબાજ સુલેખનકારો પાસે સુલેખનની તાલીમ અપાતી. ઔરંગઝેબ તેમજ તેના અનુગામી લગભગ બધા મુઘલ બાદશાહોના દરબારી સુલેખનકારો (કોર્ટ-કૅલિગ્રાફર્સ) આ માટે નીમાતા. ટૂંકમાં ઇસ્લામી દેશોમાં સુલેખનનું સ્થાન અભ્યાસક્રમમાં મોખરાનું રહ્યું છે.

બીજી બાજુ અલંકરણ અને શોભનકલાઓ (ડેકોરેટિવ આર્ટ્સ)માં પણ તેનું સ્થાન નીચું નથી. મુસ્લિમકાળની ઐતિહાસિક ઈમારતોમાં શોભનનાં મુખ્ય અંગ બે: એક તો, વિવિધ રંગો વડે ચિત્રિત કે જડતર-કામવાળા (ઇનલેઇડ) ગ્લેઝ્ડ ટાઈલ્સમાં 'કાશીકારી' જમાવી, ફૂલપત્તીઓની વેલો અને ભૌમિતિક લીલાથી ઉપજાવેલી મનોહર અને વૈવિધ્યપૂર્ણ અગણિત આકૃતિઓ; અને બીજું, પથ્થર ઉપર કંડારેલા કે સફેદ આરસમાં કાળા યા વિવિધરંગી કિંમતી પથ્થરોથી ખચિત કરેલા વિવિધ મરોડ અને શૈલીઓમાં લખાએલા સુંદર અને ઘાટીલા અક્ષરોના અભિલેખો. દૂર ન જતાં ભારતની જ ઈસ્લામી ઇમારતો લઈએ તો, દિલ્હી





ડાબી બાજુ : સુ-શોભિત ઝફરનામાની પ્રત પર તીરથી દર્શાવેલ તે અકબરની, તેની બાજુમાં જહાંગીરની અને મથાળે શાહજહાંની ખુદની કરેલી નોંધો છે. સરફુદ્દીન અલી ઝાયદાનીની લખેલી ઝફરનામાની આ પ્રત હાલ પારી(સ)ના એક ખાનગી સંગ્રહમાં છે. સામાન્ય માન્યતા એવી છે કે અકબર લખી વાંચી શકતો નહોતો, પરંતુ 'આઈને અકબરી' તથા અન્ય ઇતિહાસ-સામગ્રીના ઊંડા અભ્યાસ પરથી જાણવા મળે છે કે એ માન્યતા ભૂલભરેલી છે. બધા મુઘલ પાદશાહોને બચપણમાં ખાસ ઉસ્તાદો દ્વારા સુલેખનની તાલીમ મળતી હતી, અને ઔરંગઝેબ તો ધર્મચુસ્ત હોઈ શાહી તિજોરીમાંથી નહિ પણ કુર્આનની નકલો લખીને અને ટોપીઓ બનાવીને વેચતો ને તેમાંથી જ પોતાનો અંગત ખર્ચ કાઢતો હતો. જમણી બાજુ એણે કરેલી કુર્આનની એવી એક નકલનું પાનું આપ્યું છે.

ખાતે ઇલ્તુમિશના મકબરા તેમજ કુત્બમિનાર, ફતેહપુર-સિક્રીની જામે મસ્જિદની અંદરના મધ્યખંડ, તેમ તેના બુલંદ દરવાજા, સિકન્દ્રા ખાતે આવેલા અકબરના મકબરાના મુખ્ય પ્રવેશદ્વાર, આગ્રા ખાતે એતિમાદુદ્દૌલાનો રોજો તેમજ જગવિખ્યાત તાજમહાલ, દિલ્હીના લાલ કિલ્લાની અંદર આવેલ દીવાને ખાસ અને શાહી હમામ વગેરે ઈમારતોમાં આ એક કે બંને પ્રકારનાં શોભન અને અલંકરણના નમૂના જોવા મળશે.

બીજી તરફ, પાતળા પૂઠા કે જાડા કાગળના લંબચોરસ ટુકડાઓ પર ધાર્મિક પાઠો, પયગંબરસાહેબ કે બીજા ઈસ્લામી મહાપુરુષોનાં બોધવચનો કે સુપ્રસિદ્ધ કવિઓની પંક્તિઓ આદિ સુંદર મરોડદાર અક્ષરે લખેલી તક્તીઓ કોઈ પણ સંસ્કારપ્રિય વ્યક્તિની મહામૂલી સંપત્તિ લેખાતી. સામાન્ય પુસ્તકના કદના કાગળના ટુકડાની આવી તક્તીઓને સુલેખનની પરિભાષામાં 'વસ્લી' નામ આપવામાં આવ્યું છે (વસ્લ એટલે જોડવું, ચોટાડવું, એ પરથી). આવી વસ્લીઓ કરવાનો શોખ સંસ્કૃતિપ્રિયતાની નિશાની લેખાતો અને તેની કિંમત સેંકડો ને હજારો રૂપિયા અંકાતી. બંગાળના વિખ્યાત કલાવિવેચક બૅરિસ્ટર અજિત ઘોષે પણ પોતાના કલાસંગ્રહમાં સારી એવી વસ્લીઓ એકઠી કરી હતી. આવી, સુપ્રસિદ્ધ સુલેખનકારોના હાથે લખાએલી વસ્લીઓ આજે વિપુલ સંખ્યામાં ઉપલબ્ધ છે અને તેનાં આલ્બમોનાં આલ્બમો જગતનાં વિખ્યાત પુસ્તકાલયો તેમજ કળાધામોમાં સચવાઈ રહ્યાં છે. ભારતમાં પણ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના મૌલાના અબુલ્કલામ આઝાદ પુસ્તકાલય, રામપુરની રિઝા લાયબ્રેરી, બાંકીપુર-પટણાની ખુદાબખ્શખાં (અને હવે સ્ટેટ) લાયબ્રેરી, કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમ, નવી દિલ્હીના નૅશનલ મ્યૂઝિયમ, દિલ્હીના લાલ કિલ્લાના મ્યૂઝિયમ, હૈદરાબાદનાં સાલારજંગ અને સ્ટેટ મ્યૂઝિયમો આદિ જેવાં વિશ્વવિખ્યાત પુસ્તકાલયો અને સંગ્રહાલયોનો એ મહામૂલો વારસો છે. આ ઉપરાંત વસ્લીઓ વધુ ઓછી સંખ્યામાં બીજી કલારસિક વ્યક્તિઓ તેમજ સંસ્થાઓના સંગ્રહોમાં પણ સચવાઈ રહી છે. તેની આવી વિપુલ સંખ્યા પરથી તેની અસીમ લોકપ્રિયતાનું માપ કાઢી શકાય. સુલેખનકલાના પુસ્તકી નમૂના તો દેશ-વિદેશની લગભગ બધી લાયબ્રેરીઓમાં ઉપલબ્ધ છે, જેની પુસ્તક-સૂચિઓમાં તેની શૈલીઓનું વર્ણન જોઈ શકાશે.


ચિત્રકલા તેમજ પુસ્તકને લગતી અન્ય કલાઓ—જિલ્દબંદી (બાઇન્ડિંગ) પૃષ્ઠભૂમિ (બૅકગ્રાઉન્ડ), મૂલ પાઠ (ટેક્સ્ટ) તેમજ મુખ્ય અને પેટા શિર્ષકો (ઉન્વાન) વગેરે (અને પાછળથી તો ઈરાન આદિમાં જીવંત ચિત્રોની કલા પણ) તેમજ સુવર્ણ તથા કિંમતી અને અર્ધકિંમતી પથ્થરોની આંખે ઊડી વળગે તેવા વિવિધ ભભકાદાર રંગોથી કરેલી ભાતભાતની નકશી અને ચિત્રકલા પણ વિકસી. પણ તે સુલેખનના જ અંગ તરીકે વિકસી હોઈ તેમનું સ્થાન સુલેખનના મુકાબલે ગૌણ રહ્યું છે.

સુલેખનકલાના આ મહત્ત્વને લઈને સારા સુલેખનકારોને રજવાડાં, અમીર ઉમરાવો અને શ્રીમંત કુટુંબોમાં શિક્ષક તેમજ ગ્રંથાલય નિયામક તરીકે, અથવા રાજકીય ખાતાંઓમાં લહિયા તરીકે સારા વેતને સ્થાન મળી રહેતું. વળી કુર્આને શરીફ જેવાં પવિત્ર પુસ્તકો ઉપલબ્ધ કરી આપનાર તરીકે પણ તેમનો મોભો અને માનમરતબો મોટો રહેતો. આ વિધાનની સચોટતાનું પ્રમાણ એ હકીકત પરથી મળી આવે છે કે બીજા કલાસ્વામીઓનાં જીવનવૃત્તાંતો સાધારણરીતે મળતાં નથી, પરંતુ સુલેખન અને તેના નામી ઉસ્તાદો વિષે અરબી અને ફારસી ભાષામાં સારું એવું સાહિત્ય મળી આવે છે. ઇસ્લામી ઇતિહાસોમાં—ભારત સુધ્ધાં-

મા લખાએલા ઇસ્લામી યુગના ઇતિહાસેમાં—દરેક રાજ્ય કે વંશનીસાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં વર્ણનોમાં કવિઓ તેમજ લેખકો સાથે સુલેખનકારોનો ઉલ્લેખ અનિવાર્ય જેવો જ મનાયો છે. અબુલ્ફઝલે પોતાની 'આઇને અકબરી'માં અકબરના સમયના ભારતનું જે વિસ્તૃતગૅઝેટિયર રૂપ વર્ણન આપ્યું છે તેમાં, સુલેખનના આરંભકાળથી તે તેના પોતાના સમય સુધીના વિકાસ તેમજ પ્રસિદ્ધ સુલેખનકારોના ઉલ્લેખ માટે એક જુદું જ પ્રકરણ લખ્યું છે.સુલેખનકલાના મહત્ત્વનું આ વર્ણન સહેજ વધુપડતા વિસ્તારથી થયું, પણ ગુજરાતી ભાષામાં આને લગતી માહિતી ઉપલબ્ધ ન હોઈ તે અસ્થાને કે અપ્રાસંગિક નહિ લેખાય.

સુલેખનકલાનો વિકાસ અને તેનું મહત્ત્વ અરબી મૂળાક્ષરોના ઢાંચા કે કલેવર ને તેમનાં નિર્મિત સ્વરૂપને આભારી છે. આમ તો અરબી લિપિ વિશ્વની બીજી વ્યાપક લિપિઓના પ્રમાણમાં બહુ પ્રાચીન નથી; બલ્કે વયની પરિભાષા વાપરીએ તો જગતની મુખ્ય લિપિઓમાં તે સૌથી નાની ગણાય. પરંતુ એથી ઊલટું વ્યાપકતામાં તેનો નંબર માત્ર રોમન લિપિથી જ ઊતરતો છે. ઘણાને વિદિત હશે કે આજે પણ આ લિપિ અરબસ્તાન, યમન, ઈરાક, શામ (સીરિયા), અર્દુન, (જૉર્ડન) લેબ્નાન (લેબૅનૉન), મિસ્ર (ઇજિપ્ત), તરાબ્લસ (ટ્રિપોલી), તુનિશ (ટ્યુનિશિયા), મરાકશ (મોરોક્કો), અલ્જઝાયેર (અલ્જીરિયા), સેનેગાલ, ન્યુબિયા, સુદાન, નાઈજીરિયા, ઝંજબાર (ઝાંઝીબાર), ઇરાન, અફઘાનિસ્તાન, મધ્ય એશિયાનાં સોવિયેત રીપબ્લિકો, સિંક્યાંગ (ચીન), પાકિસ્તાન, ભારત, ઇન્ડોનેશિયા, મલાયા દ્વિપો વગેરે દેશોમાં પ્રચલિત છે. જ્યાં અરબો અને પછી તુર્કો કે ઇરાનીઓનું રાજકીય વર્ચસ્વ સ્થપાયું તેવા દેશામાંનાં અમુકમાં (દા. ત. ઇરાનમાં) તો સ્થાનિક ભાષા માટે પણ અરબી લિપિ અપનાવવામાં આવી. બીજા દેશોમાં કોઈ કોઈ પ્રાદેશિક ભાષા માટે આ લિપિ વપરાઈ (દા. ત. ભારત-પાકિસ્તાનમાં સિંધી).







ઈ.સ. ૧૪૬૩માં તેબ્રિઝમાં લખાએલા કુર્આને શરીફનું અગ્રપૃષ્ઠ. સુલેખનની સાથે ખીલેલી શોભનકલાનો એક નાદર નમૂનો. નીચે ડાબી બાજુ: સ્થાપત્યમાં સુ-લેખનનો સુંદર વિનિયોગ. કાહિરા (કૈરો) એક મકબરા પર રંગીન પથ્થરોની 'કાશીકારી' વડે કરેલું સુલેખન. નીચે ઈ. ૧૭૮૨માં એક ખુશનવીસ મહમુદ અલીએ નસ્તાલિક શૈલીમાં લખેલી એક વસ્લી.

આવી વ્યાપક અરબી લિપિના ઉદ્ભવ કે આરંભ વિષે પ્રમાણિત કે ક્રમબદ્ધ માહિતી મળતી નથી એ આશ્ચર્યનો વિષય છે. તેના અક્ષરોના કોણીય કે ખૂણાદાર (ઍંગ્યુલર) અને જોડિયા કે વક્ર અથવા વર્તુલીય (કર્સિવ) આકારો મૂળ ઈ. સ. પૂર્વે ૫૦૦-૧૦૦૦ વર્ષો દરમ્યાન અર્વાચીન ઈરાક અને તેની પાસેના પ્રદેશમાં પ્રચલિત એવી ફિનીકી (ફીનીશિયન) લિપિમાંથી ઊતરી આવેલી નબતી (નૅબિટિયન) ભાષાના મૂળાક્ષરોના આકારો પરથી ઢળાયા હોવાનું લિપિશાસ્ત્રના વિદ્વાનોનું અનુમાન છે. કિંવદન્તી તો અરબી મૂળાક્ષરોના અરબ યોજકોનાં નામ પણ આપે છે, પરંતુ સંશોધનથી હજુ એ પુરવાર થયું નથી.

અરબી લિપિના અક્ષરોનો જે ક્રમ આજે મોટે ભાગે પ્રચલિત છે તે પ્રારંભકાળના ક્રમથી જુદો છે. જમણી બાજુ તરફથી લખાતા અને વંચાતા અક્ષરોનો હાલનો ક્રમ નીચે મુજબ છે:

ح	ج	ث	ت	ب	ا
હ	જ	થ (સ) થ અને સ વચ્ચેનો ઉચ્ચાર	ત	બ	અ
س	ز	ر	ذ	د	خ
સ	ઝ ખાસ ઉચ્ચાર	ર	ઝ઼ ખાસ ઉચ્ચાર	દ	ખ
ع	ظ	ط	ض	ص	ش
અ ગળામાંથી ઉચ્ચાર	ઝ ખાસ ઉચ્ચાર	ત઼ ત અને ત્વ વચ્ચેનો ઉચ્ચાર	દ઼ દ અને ઝ વચ્ચેનો ઉચ્ચાર	સ઼ સ અને સ્વ વચ્ચેનો ઉચ્ચાર	શ
م	ل	ک	ق	ف	غ
મ	લ	ક	ક઼ ગળા પાસેથી થતો ઉચ્ચાર	ફ઼ હોઠ અડવા દીધા વિનાનો ઉચ્ચાર	ગ઼ ગળામાંથી ઘ જેવો ઉચ્ચાર
		ی	ه	و	ن
		ય	હ	વ	ન

શરૂઆતમાં અક્ષરોનો ક્રમ નીચે પ્રમાણે હતો. પશ્ચિમ આફ્રિકામાં કોઈ ઠેકાણે આજે પણ એ ક્રમ પ્રચલિત છે:

ا ب ج د ه و ز ح ط ی ک ل م ن س

ع ف ص ق ر ش ت ث ح ذ ض ظ غ

ઉપરના બે ક્રમોની સરખામણી પરથી એમ ચોખ્ખું તરી આવે છે કે મૂળ ક્રમ કરતાં અત્યારે પ્રચલિત ગોઠવણ લિપિ શીખવામાં સુગમ પડે તે દૃષ્ટિએ કરવામાં આવી છે. અને આ ગોઠવણનો આધાર બે કે વધુ અક્ષરોના રેખાગત (linear) મળતાપણા પર નિર્ધારિત છે. દાખલા તરીકે મૂળાક્ષરના પહેલા (એટલે 'અ') અને છેલ્લા ચાર કે પાંચ (એટલે કે મ, ન, વ, હ, ય) અક્ષરોને બાદ કરી બાકી રહેલા એકવીસ (કે'ન'ને ગણીએ તો બાવીસ) અક્ષરોને તેમના રેખાન્વિત સામ્ય પરથી ચોખ્ખા દસ વિભાગોમાં વહેંચી શકાય. આ વિભાગો બિંદુ (નુકતા)ઓ વગરના અક્ષરોના માત્ર રેખાન્વિત સ્વરૂપના આ પ્રમાણે બને—

ٮ ح د ر س ص ط ع ف અને ل

આમાંના પહેલા નવ વિભાગના રેખાન્વિત રૂપને, એક કે વધુ, ઉપર કે નીચે બિંદુઓ તેમજ છેલ્લા રૂપ પર એક બિંદુ કે આડી લીટી આપવાથી કુલ અઠ્ઠાવીસ અક્ષરો બને. દા. ત.—


ٮ પરથી ب ت ث અને ح પરથી ج ح خ


અહીં એક બીજી બાબત તરફ ધ્યાન દોરવું કદાચ અસ્થાને નહિ લેખાય. મૂળાક્ષરોનો પ્રાચીન ક્રમ આ લિપિ જ્યાં પ્રચલિત છે તે બધા દેશોમાં આજે પણ વપરાય છે, પણ તે બીજા હેતુસર. તેના પહેલા ચાર અક્ષરો પરથી 'અબ્જદ્' કહેવાતા આ ક્રમનો ઉપયોગ તિથિ-લેખ પદ્ધતિ ક્રૉનોગ્રામ સિસ્ટમ—અરબી ફારસીમાં 'તારીખ')ના પાયા તરીકે થાય છે. તેમાં અ, બ, જ, દ, હ, વ થી લઇ અંતિમ ગ અક્ષર સુધીના અક્ષરોનું આ નીચે દર્શાવ્યા મુજબનું મૂલ્યાંકન થયું છે.


ا = ૧	ح = ૮	س = ૬૦	ت = ૪૦૦
ب = ૨	ط = ૯	ع = ૭૦	ث = ૫૦૦
ج = ૩	ی = ૧૦	ف = ૮૦	خ = ૬૦૦
د = ૪	ک = ૨૦	ص = ૯૦	ذ = ૭૦૦
ه = ૫	ل = ૩૦	ق = ૧૦૦	ض = ૮૦૦
و = ૬	م = ૪૦	ر = ૨૦૦	ظ = ૯૦૦
ز = ૭	ن = ૫૦	ش = ૩૦૦	غ = ૧૦૦૦

આ મૂલ્યાંકનનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ કે પ્રસંગવિશેષને લગતી સાલ અંકમાં નહિ પણ તે પ્રસંગને અનુરૂપ અર્થમાં રચાએલા શબ્દ કે શબ્દ-સમૂહથી દર્શાવવા માટે કરવામાં આવે છે. મુખ્યત્વે તો આંકડાના લખાણમાં ગોટાળો ન થઇ જાય એ માટે આ પ્રથા અપનાવાઈ હશે. આના પણ વિવિધ પ્રકારો છે. પણ તેની ચર્ચામાં ઊતરવું ઉચિત નથી. અહીં માત્ર સાદીરીતે દર્શાવેલ તિથિલેખનું એક ઉદાહરણ લઇએ. ગુજરાતના મિર્આતે સિકંદરીના લેખકે અમદાવાદ શહેરની સ્થાપના માટે 'બા-ખૈર' (અર્થાત્ બરકતવાળું) શબ્દ નોંધ્યો છે. આ શબ્દના અક્ષરો બ+અ+ખ+ય+રનાં મૂલ્યોનો સરવાળો ઉપરની ગણતરી મુજબ ૨+૧+૬૦૦+૧૦+૨૦૦= ૮૧૩ થાય, જે અમદાવાદની સ્થાપનાનું હિજરી વર્ષ દર્શાવે છે.* (ચાલુ)

*મુસ્લિમો કોઈ પણ લખાણને આરંભે ૭૮૬નો અંક લખે છે તે પણ ક્રૉનોગ્રામ છે. હિંદુઓ જેમ ૐ કે શ્રી કે શ્રી ગણેશાય નમઃ લખે છે તેમ મુસ્લિમ બંધુઓ 'બિસ્મિલ્લાહ અલરહમાન અલરહીમ' એ રીતે (પરમ દયાળુ, પરમ કૃપાળુ અલ્લાહના નામથી) શરૂ કરે છે, એ સૂત્રના બધા અક્ષરોનો સરવાળો ઉપર્યુક્ત અબજદ પદ્ધતિ પ્રમાણે ૭૮૬ થાય છે.







ઇસ્લામી સુલેખનકળાના થોડા નમૂના

ઉપર અરબી લિપિના પ્રારંભિક સુલેખનની બે શૈલી. પહેલી (ડાબી બાજુની) 'કૂફા' નગરમાંથી પ્રસરી તે પરથી 'કૂફી' તરીકે ઓળખાય છે. વળાંક વિનાની, ઊભી આડી કે તિરછી રેખા એ એની લાક્ષણિકતા. બીજી શૈલી 'નસ્ખ' (લખાવટ)માં, લખવાની સરળ-તા ખાતર આવેલા વળાંકો છે. ડાબી બાજુ 'પરી'ના આકારમાં સૂત્રાક્ષરોના વળાંકોનો જે ઉપયોગ કર્યો છે તેની ચાતુર્ય-પરાકાષ્ઠા પરીની પીઠ પરના છત્ર, માથાના તાજ ને આંખ નાક હોઠ સુધી પહોંચી છે. નીચે એક પાત્ર પર ઉતારેલું લેખન-શોભન.


















અરબી લિપિના સુલેખનમાંથી કાળાનુક્રમે 'તુગ્રા' નામે એક આગવો જ આલંકારિક પ્રકાર વિકાસ પામ્યો છે જેમાં અહીં દર્શાવ્યાં છે તેવાં પક્ષી પ્રાણી કે પરી જેવા આકારોમાં વિવિધ ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તુકો ઇત્યાદિનું અટપટું છતાં મનોરમ ચાતુરીભર્યું લેખન કરવામાં આવે છે. ભારતમાં–ખાસ કરીને બંગાળ તરફ એના આગવા ને ઘણા સુંદર સંયોજનો સર્જાએલાં આજે પણ જોવા મળે છે. ઈસ્લામી ગૃહશોભનમાં આસપાસ ફૂલવેલ ને અન્ય શોભનો સાથેના તુગ્રાનો ઉપયોગ સદીઓથી શુકનિયાળ મનાતો હોઇ, આજે પણ સારા પ્રમાણમાં થતો જોવા મળે છે. ભારતીય નારીકુંજર કે નારીઅશ્વ વગેરે જેવો આ પ્રકાર પણ ઈસ્લામી સુલેખનકળાનો ઘણો અટપટો ને ચાતુરીભર્યો પ્રયોગ છે.

કલાવાર્તા

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની જન્મ-શતાબ્દી



હિંદમાં જે કાળે પશ્ચિમી કળાની બોલબાલા હતી, જ્યારે વિલાયતી નમૂનાઓની નકલો કરી-કરી 'લાઈટ શેઈડ' ને 'પર્સ્પેક્ટિવ'માં અટવાતો અહીંનો કલાનો વિદ્યાર્થી કલ્પના, પ્રેરણા ને આંતરદર્શન ખોઈ બેઠો હતો, જ્યારે આ દેશના નિમ્ન-ઉચ્ચ બધા થરોમાં પરદેશી રાચરચીલા, પરદેશી રહેણીકરણી, પરદેશી ચિત્રો ને પૂતળાંનો ખેરીચો ખડકતો જતો હતો અને એમાં જ રાચતો અહીંનો સમાજ દેશના આગવા કલા-સંસ્કારને વિસારી રહ્યો હતો ત્યારે કલકત્તાની કલાશાળાના પ્રિન્સિપલ અને શુદ્ધ ભારતીય કલાના ચાહક તથા પુરસ્કર્તા મિ. હૅવેલની પ્રેરણાથી, પોતાની સર્વથા નૈસર્ગિક એવી કલા-પ્રતિભાને અખંડ અને અદમ્ય ઉપાસના વડે વિકસાવી આ દેશની કલાલક્ષ્મીની પુનઃપ્રતિષ્ઠા કરી તેને જગતભરમાં માનભર્યું સ્થાન અપાવનાર શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરનું નામ અને કાર્ય ભારતીય કલાના ઇતિહાસમાં અદ્વિતીય અને અમર છે. નંદલાલ વસુ જેવા શિષ્યોનું એક દળ ઊભું કરી એમણે દેશની પ્રાચીન કલા-સંસ્કારની પ્રેરણાના નવા પાશથી સમગ્ર દેશને રંગી દીધો હતો. પ્રથમ પંક્તિના કલાકાર હોવા ઉપરાંત સરળ અને રંગપ્રધાન શૈલીથી એમણે બાળ-સાહિત્ય પણ ખીલવ્યું હતું. 'રાજકાહિની', 'ખીરેરપુતુલ' તથા બંગાળી બાલ માસિક 'રંગ-મસાલા'માંના એમના લેખો એમની વિશિષ્ટ શૈલીના દ્યોતક છે. કલાના ક્ષેત્રમાં એમણે જે અદ્વિતીય કાર્ય કર્યું તેની કદર તરીકે કલકત્તા યુનિવર્સિટીએ એમને ડૉક્ટરેટની પદવી આપીને તથા સરકારે એમને સી. આઈ. ઈ.ના ઇલ્કાબથી નવાજ્યા હતા. એમનો વિસ્તૃત પરિચય ને આપકથા અગાઉ 'કુમાર'ના ૫૮ અને પછી ૩૩૭ તથા તે પછીના અંકોમાં આવી ગયાં છે. આ માસની ૭મી તારીખે એમની જન્મશતાબ્દી આવે છે. (જન્મ ૭ ઑગસ્ટ ૧૮૭૧) દેશના એ મહાન કલાકાર ને કલાચાર્યની થોડી કૃતિઓ આ અંકમાં પ્રકટ કરીને એમને અંજલિ આપવાનો પ્રયત્ન કર્યો છે.



અભિસારિકા : શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરની જન્મ-શતાબ્દી પર એમના જ આ એક ચિત્ર-વાળી ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ.
(પ્રેષક : ડાહ્યાભાઈ પરમાર–અમદાવાદ)

ફિલાડેલ્ફિયાનું કલાસંગ્રહાલય

ઈ. ૧૯૬૮ના છેલ્લા ચરણમાં કરેલા વિદેશ-પ્રવાસમાં જોવા ધારેલાં કલાસંગ્રહસ્થાનો (આર્ટ મ્યૂઝિયમો)માં ઈટલી અને જર્મનીનાં કલાધામો તો આપમેળે બકાત થઈ ગયાં, કેમ કે ત્યાં જવાની સુવિધા થઈ ન શકી. પારી(સ)ની યે સુવિધા તો ન હતી, પણ લંડન ગયા પછી તેનો યોગ ઊભો થયો. એટલે પારી(સ), લંડન, અને અમેરિકાનાં મ્યૂઝિયમોમાંથી જે જોવાની હોંશ પૂરી ન થઈ તે ૧) પારી(સ)નું લુવ્ર. ૨) બૉસ્ટન (અમેરિકા)માં જેનો ભારતીય કલા-વિભાગ ડૉ. આનંદ કુમારસ્વામીએ પોતાનું સમસ્ત ઉત્તર જીવન ગાળીને ગોઠવ્યો હતો તે, ને ૩) ક્લીવલૅન્ડ(ઓહાયો–અમેરિકા)નું એ ત્રણ. ક્લીવલૅન્ડનું કલાસંગ્રહસ્થાન અન્યને મુકાબલે છે તો નાનું, પણ તે દેશદેશની કલાના સૌંદર્યની દૃષ્ટિએ વિરલ એવાં મૂલ્યવાન રત્નો ધરાવવા માટે ખ્યાત છે. ભારતીય કલાના કેટલાક ચુનંદા નમૂના ત્યાં છે. ત્યાં જવાનો તો યોગ જ ન સધાયો, પણ બૉસ્ટનમાં તો ત્રણ દહાડા ગાળ્યા છતાં તક જતી કરવી પડી.

૩૦મી ઑક્ટોબરે રાત્રે ન્યૂ યૉર્કથી નીકળી મધરાતે બૉસ્ટન પહોંચ્યા પછીના સાડા ત્રણ દિવસમાં ભાઈશ્રી વિનોદ મણિયારને ત્યાં રહી જેટલું તળપદું અમેરિકા જોયું તેટલો હિસ્સો ન્યૂ યૉર્ક, ડીટ્રૉઈટ, સાનફ્રાન્સિસ્કો, વૉશિંગ્ટન અને ફિલાડેલ્ફિયાનો ન હતો. એ પૈકી, પિલ્ગ્રિમ ફાધર્સનાં પ્રથમ પગલાંથી અંકિત પ્લીમથના પ્રદેશ અને મે ફ્લાવર જહાજની વાત આગળ (૫૬૧મા અંકમાં) આવી ગઈ; અને દુનિયાના વિખ્યાત ધ્યેયવાદી દૈનિક પત્ર 'ક્રિશ્ચિયન સાયન્સ મૉનિટર'ની કચેરીથી માંડીને બેન્જામિન ફ્રાંકલિન ને પૉલ રેવરીનાં જન્મસ્થાન, ઓલ્ડ આયર્નસાઈડ્ઝ, એમર્સનનું જન્મસ્થાન અને સ્વાતંત્ર્યયુદ્ધની પહેલી ગોળી જ્યાંથી છૂટી તે કૉન્કૉર્ડ, મિનિટમેન-સ્મારક અને કવિ લૉંગફેલોનું નિવાસસ્થાન તથા એ કવિએ અમર કરેલી 'વે સાઈડ ઈન', તેમજ એક વિરલ જર્મન કલાકારે કાચમાં અસલ રંગમાં હૂબહૂ અમર કરેલાં દુનિયાભરનાં ફૂલોનું જગતનું એકમાત્ર સંગ્રહસ્થાન...એ બધું જોયાનો જે લાભ મળ્યો તેના સામા પલ્લામાં બૉસ્ટન મ્યૂઝિયમ ગુમાવ્યાની ખોટ આવી પડી. પણ ધારેલું ગુમાવ્યાનો અફસોસ કરવા કરતાં જે કાંઈ લાધ્યા હોઈએ તેનો સંતોષ—'નાહ્યા એટલું પુણ્ય' માનવાની આપણી પુરાણી જીવનશીખ અનુસાર—લેવો એ જ સુખી થવાનો માર્ગ છે.

એવા એક નાનકડા 'પુણ્ય'ની—ફિલાડેલ્ફિયા કલાસંગ્રહાલયની મુલાકાતની આ વાત છે.

અમેરિકા જતાં પહેલાં ત્યાં વસતા 'કુમાર'-ના ગ્રાહકોને લખેલા પત્રોના જે અણધારી સંખ્યામાં, પોતાને ત્યાં આમંત્રતા ઉમળકાભર્યા પત્રો મળેલા તેના પ્રતિનિધિ રૂપ ગણાય એવો પત્ર ન્યૂ જર્સીના વેસ્ટવિલે નામના નાના ગામમાંથી ભાઈશ્રી જયેન્દ્ર શાહ તથા એમનાં પત્ની ઉષાબહેનનો આવેલો : "ન્યૂ યૉર્કથી ૯૬ માઈલ ને ફિલાડેલ્ફિયાથી માત્ર નવ જ માઈલ દૂર છીએ. અમારે ત્યાં જરૂર આવશો. ન્યૂ જર્સી અને ડેલાવરનાં જોવા જેવાં સ્થળો તથા ફિલાડેલ્ફિયા જોવાનું સરળ થશે. એ બધાં સ્થળો ફેરવીને બતાવીશું. ન્યૂ યૉર્કથી અહીં આવવાનું જ છે. આગ્રહ કરતાં આવડતો નથી." એ પત્રમાં તો આગ્રહથી યે વિશેષ કશુંક હતું : જે વડે એ દંપતીએ મને બે દિવસ સુધી ભીંજવી રાખ્યો (અને પોતાના ખભા તથા બરડામાં સખત કળતર હતું તેની જાણ થવા દીધા વિના ચોમેરના



પ્રાચીન ઍથેન્સના ઍક્રૉપૉલિસની પેઠે શહેરની વચ્ચે ફેરમાઉન્ટ ટેકરી પર ગૌરવથી દસ એકર જેટલા વિસ્તાર પર પથરાએલું 'ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમ ઑવ આર્ટ'નું ભવ્ય મકાન રાતની રોશનીમાં. એના પ્રદર્શન ખંડો તો સૌ માટે ખુલ્લા છે જ પણ નજીવી વાર્ષિક ફી ભરી તેના સભ્ય થનારને આ સંસ્થા દ્વારા યોજાતા અભ્યાસ-વ્યાખ્યાનોનો લાભ, સંસ્થાના અવનવા શૈક્ષણિક ને માહિતીપૂર્ણ પ્રકાશનો, અહીંથી વેચાણ થતી વસ્તુઓ, તથા અહીંનાં બાળકો તથા મોટેરાંઓ માટેના કલાવર્ગોની ફી વગેરેમાં ખાસ વળતર મળે છે. આ સભ્યો અહીંના ૬૩૦૦૦ અભ્યસનીય કલાગ્રંથોથી સમૃદ્ધ પુસ્તકાલયનો ઉપયોગ પણ કરી શકે છે, એટલું જ નહિ પણ પોતાના ઘરમાં રાખવા માટે એ સભ્યોને અહીંથી અસલ કલાકૃતિઓ ભાડે પણ મળે છે. સંગ્રહાલય તરફથી અવારનવાર અભ્યાસ-પ્રવાસો પણ યોજાય છે.


પ્રદેશમાં, વરસાદની સતત ફરફરમાં, માઈલો સુધી મોટર હંકારીને મને ફેરવ્યો)એ પ્રેમ હતો.

લગભગ પચાસ વર્ષથી મારા મિત્ર અને 'કુમાર'ના વાચકોના વર્ષોથી પરિચિત શ્રી બલવંત ભટ્ટની પુત્રી ચિ. પુનિતાની બે દિવસની શુશ્રૂષાથી સિક્ત થઈ ને, નવમી નવેમ્બરે સાંજે વૉશિંગ્ટનથી નીકળી, ગ્રેહાઉન્ડ બસના કોચમાં રાત્રે ૮॥ વાગ્યે ફિલાડેલ્ફિયા પહોંચ્યો ત્યારે એ જયેન્દ્રભાઈ તથા ઉષાબહેન બસ-સ્ટેશને હાજર હતાં. દિવાળી જેવી રોશનીથી નહાતાં અમેરિકન શહેરો જેવા ઝાકઝમાળ ફિલાડેલ્ફિયાના માર્ગો વટાવી અમે નવ માઈલ દૂર વેસ્ટવિલેમાં એમણે નવા જ રાખેલા ઍપાર્ટમેન્ટમાં પહોંચ્યાં ત્યારે વરસાદની ઝરમર શરૂ થઈ ગઈ હતી. જરા વિસામો લઈ, સ્વસ્થ થઈને, ઉષાબહેનની ત્યાંની એકલતામાં જેમણે એમને પુત્રીવત્ અપનાવી લીધેલાં તે એક અમેરિકન સન્નારીના પુત્રના વેવિશાળ નિમિત્તે એમને ત્યાંના ભોજનમાં મને પણ ગણી રાખેલો, એટલે ત્યાં ગયાં. બાઈ બહુ જ મળતાવડાં, નિખાલસ અને પ્રેમાળ હતાં. હેતથી પીરસતાં જાય અને વાતો કરતાં જાય. અચકન–સુરવાલના મારા ખરબચડા ભારતીય પોશાક પર હાથ ફેરવી, પોતે પણ 'જવાહર જૅકેટ' ખરીદ્યું હતું તે વિદાય વેળા અંદરથી લઈ આવીને અરમાનથી બતાવ્યું.

કલાકારોનું પ્રદર્શન-બજાર

બીજે દિવસે, અમેરિકન ગ્રામપ્રદેશમાં બે-ત્રણ કસ્બાઓના ડિપાર્ટમેન્ટલ સ્ટોરવાળાઓ ભેગા થઈને જે કેન્દ્રસ્થ સહિયારો વિશાળ 'શૉપિંગ મૉલ' ચલાવે છે તે—રવિવારે બંધ હોવા છતાં, તેનો ખયાલ મેળવવા—જોવા ગયા. બીજી ખરીદી તો બંધ હતી, પણ એક અભિનવ આયોજન જોવા મળ્યું. બંને બાજુની દુકાનોની હારની વચ્ચેના પ્રોમેનેડ પર આજુબાજુનાં ગામશહેરોના કલાકારોએ ત્યાં પોતાનું પ્રદર્શન-બજાર ભરેલું! સૌએ પોતાનાં બાર-પંદર-પચીસ ચિત્રો ગોઠવેલાં. કેટલાક તો એકાદ ઘોડી ઉપર કૅનવાસ મૂકી ત્યાં નવું ચિત્ર પણ ચીતરતા હોય. ચિત્રો સારાં, ઠીકઠીક કલાગુણવાળાં, લગભગ બધાં જ વાસ્તવદર્શી પદ્ધતિએ આલેખેલાં. (મૉડર્નની હવા તો શ્રીમંત ઘરો, સમૃદ્ધ પેઢીઓ અને મ્યૂઝિયમોમાં જ સવિશેષ; જનસામાન્યના જીવનમાં નહિ.) મોટે ભાગે નિસર્ગદૃશ્યો, પંખી અને પુષ્પોની બહાર, નમણાં માનવપાત્રો અને થોડાં પ્રસંગસંયોજનો. કિંમત પંદર-પચીસ ડૉલરથી માંડીને બસો–અઢીસો સુધીની. કેટલાક કલાકારો તો દિવસભરનાં લંચપૅકેટ યા કાચી રસોઈની સામગ્રી લઈને પણ આવેલા. ચીતરવાનું, ખાવાનું, ગ્રાહકો પતાવવાનું, બધું કામ સાથેસાથે ચાલ્યા કરે. આ પ્રદર્શનો થોડા દિવસ ચાલુ રહે તેમાંથી બેપાંચ માસનું યોગક્ષેમ નીકળી રહે. કલાકારો, પોતે પણ સમાજનું એક અંગ છે એવી સમજદારીવાળા; 'કદરહીન અણસમજુ તુચ્છ સમા-

નીચે ડાબી બાજુ: ફિલાડેલ્ફિયા સંગ્રહાલયના કલાવિભાગના પાછળના પ્રાંગણમાં મૂકેલું એક સુંદર શિલ્પગુચ્છ. જમણી બાજુ મ્યૂઝિયમમાં એક કલાકૃતિ જોતા શ્રી બચુભાઈ રાવત અને ત્યાંનાં એમનાં યજમાન ઉષાબહેન શાહ. (બંને ફોટો: શ્રી જયેન્દ્ર શાહ)





જમાંઅમારીકલાસમજવાની શક્ર નથી' એવું કહેતા, સમાજને તિરસ્કારતા અહંમન્યો નહિ.

રસ્તે જયેન્દ્રભાઈ પાસેથી તેમનો પોતાનો પરિચય મેળવી લીધો. આપણે ત્યાં સોનાની દાણચોરી માટે નામચીન તાલબને સપડાવનાર કાબેલ ને હિંમતવાન અફસર જમનાદાસ શાહના એ પુત્ર; અમેરિકાની એક એન્જિનીઅરિંગ પેઢીમાં સારા પગારે મોખરાને સ્થાને હતા; ઉષાબેન સાથે છએક માસ પહેલાં જ લગ્ન કરીને અહીંઆવેલા;કલાના રસિયા;જાતે ચીતરી પણ જાણે. એટલે જ ઘરની સજાવટ કલાત્મક હતી.

વળતાં એકમાત્ર ખુલ્લી દુકાન—છાપાં-સામયિકો પુસ્તકો વગેરેની (જે, બાળકને મીઠાઈની જેમ મને હમેશાં આકર્ષક રહી છે તે)માંથી થોડાં છાપાં ખરીદતાં, સસ્તી હાથપોથીઓમાં એકનું નામ જોઈ સાનંદાશ્ચર્ય થયું: 'યોગ અને તમે.' અદ્દલ'કુમાર'પ્રકાશન 'યોગાસનો'જેવી. નમૂના તરીકે લઈ લીધી; અને વરસાદની ફરફર ઝીલતાં ઘેર જઈને, ઉષાબહેને આ મહેમાનના માનમાં બનાવેલી મુઘલાઈ 'કરી', પુલાવ, ગુલાબજાંબુ આદિની રસોઈને ન્યાય આપી ત્રણે ઊપડયાં ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમ જોવા.

અમેરિકાની સ્થાપનાકાળનાં જૂનામાં જૂનાં શહેરો પૈકીનું ફિલાડેલ્ફિયા યુનાઇટેડ સ્ટેટ્સના જે પેન-સિલ્વાનિયા રાજ્યનું પાટનગર છે એ પ્રાંત, લોહીનું એક બુંદ પણ વહાવ્યા વિના ક્વેકરપંથી વિલિયમ પેને,ભાઈચારાની ભાવના, પ્રામાણિક વ્યવહાર અને શરાફતથી ત્યાંના આદિવાસી ઈંડિયનોનાં દિલ જીતી લઈને સ્થાપેલું. આથી આજે એ પ્રાંત જેમ તેના નામ પરથી ઓળખાય છે, તેમ ફિલાડેલ્ફિયા 'વિલિયમ પેનનું નગર કે 'ક્વેકર શહેર' કહેવાય છે. અને અમેરિકનપ્રજાના વડવૈયા આદિ પુરુષોમાં અગ્રણી બેન્જામિન ફ્રાંકલિન પણ અહીંનો હોવાથી તેનું નામાભિધાન (બેન્જામિન ફ્રાંકલિનનું શહેર) પણ તે ધરાવે છે. એ જ રીતે આ પ્રાંત આદિ-સંસ્થાનોમાંનો એક હોવાથીતેમજ આઝાદીની લડત અને સ્વાતંત્ર્યના ઢંઢેરાનું પણ મથક હોઈ તે 'સ્વાતંત્ર્યનું શહેર', 'બંધારણનું નગર', 'યુનાઇટેડ સ્ટેટ્સનું પાટનગર' વગેરે નામનું ગૌરવ પણ ધરાવે છે.

શાનદાર મ્યૂઝિયમ

શહેરની વચ્ચોવચ આવેલી એક નીચી ટેકરીના ઉચ્ચપ્રદેશ પર, ઍથેન્સના ઍક્રૉપૉલિસની પેઠે ઊભેલું અને દસ એકર જમીનમાં વિસ્તરેલું, કલાના લાખેક નમૂના ધરાવતું ફિલાડેલ્ફિયાનું શાનદાર મ્યૂઝિયમ જગતનાં સમૃદ્ધ શ્રેષ્ઠ કલાસંગ્રહાલયોમાંનું એક ગણાય છે. યુરોપ-અમેરિકાની ચિત્ર-શિલ્પ શૈલીઓના કેટલાક ચુનંદા નમૂનાઓ ધરાવવા સાથે ફ્રેંચ





મથાળે: નેપાળની એક પ્રાચીન પ્રતિમા. (ફોટો: જયેન્દ્ર શાહ). ઉપર: ૭મી સદીના પલ્લવકાળની એક મૂર્તિ—મહિષાસુરમર્દિની. (ફોટો: 'યુસિસ'ના સૌજન્યથી)

અને ફ્લેમિશ કળા, ડચ ને મૉડર્ન કળા, ગ્રાફિક પ્રિન્ટ્સ (મુદ્રણક્ષમ કલા) અને ડ્રૉઈંગ (આલેખનો) વગેરેના ખાસ વિભાગોની જેમ બીજા માળની આખી જમણી પાંખ પૂર્વની કળાઓ જ રોકે છે, જેમાં મધ્યકાલીન કલા તથા ઈરાન, ભારત, કંબોજ, ચીન અને જાપાનની કળાઓના સમૃદ્ધ વિભાગો છે. આજથી ૪૦ વર્ષ પર દક્ષિણ:



ઉપર: ૧૧મી સદીની મધ્યપ્રદેશની એક ખંડિત જૈન પ્રતિમા. નીચે: ૧૦મી સદીની રાજસ્થાનની એક પ્રાચીન શૈલમૂર્તિ. (બંને ફોટો 'યુસિસ'ના સૌજન્યથી)






ફિલાડેલ્ફિયામાં જગવિખ્યાત શિલ્પી રોદેંનો તો એક ખાસ અલગ સંગ્રહ છે. તેના પ્રાંગણમાં એ કલાકારની વિખ્યાત કૃતિ 'થિંકર'-ચિંતક. જમણી બાજુ: ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમમાંની એક સુંદર પ્રતિમા. નીચે: ફિલાડેલ્ફિયાની એક હોટેલના પ્રાંગણમાં મૂકેલું શિલ્પ—'પરિવાર'. (ત્રણે ફોટો : જયેન્દ્ર શાહ)



ભારતના મંદિરનગર મદુરાઈના સોળમી સદીના એક મંદિરનો, થાંભલાઓ સાથેનો, અદ્‌ભુત કોતરણીથી ખીચોખીચ ભરેલો એક આખોય મંડપ આ મ્યૂઝિયમને ભેટ મળ્યો તે તો ભારતીય કલાવિભાગનું કેન્દ્ર બન્યો છે. અને ભારતની ધાર્મિક પ્રતીકગર્ભ શિલ્પકલાના નમૂના અહીં છે તેવા એકમાત્ર ભારત સિવાય જગતમાં અન્યત્ર ક્યાંય નથી એવો આ મ્યૂઝિયમનો દાવો છે. એના થોડા નમૂના આ સાથે તેમજ અન્યત્ર આપ્યા છે. આ અંકના મુખચિત્રનું સ્થાન પામેલું રાજસ્થાની કલાનું ચિત્ર પણ આ જ સંગ્રહનું એક રત્ન છે. દુનિયાભરમાં સૌથી વધુ ફેલાવો ધરાવતા અમેરિકાના જાણીતા વૃત્ત-સાપ્તાહિક 'ટાઈમે' એક વખત ભારતીય કલા વિષે લખેલું કે 'આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ફળદ્રુપ સિંધુ-ખીણમાં જે કલાસંસ્કૃતિ પલ્લવિત થઈ, તે ફૂલીફાલીને સમસ્ત ભારતમાં ફરી વળીને ત્યારથી આજ સુધી કરોડો ભારતવાસીઓનાં જીવનને સમૃદ્ધ કરતી રહી છે.'

નમતા બપોરથી તે છેક અંધારું થતાં સુધી મ્યૂઝિયમમાં ઘૂમ્યાં. કલારસિક જયેન્દ્રભાઈ તો અહીં વારંવાર આવતા રહેલા એટલે બધા વિભાગોના મુખ્ય મુખ્ય નમૂનાઓ ફેરવીફેરવીને બતાવ્યા. સાથે કૅમેરા પણ લાવેલા એટલે છબિઓ પણ લીધી, જે પૈકી થોડી આ સાથે છે.



ગુજરાતીઓનું રાવણું

અમેરિકાવાસી જે ગુજરાતી વાચકોએ મને ભાવભેર પોતાને ત્યાં આવવા લખેલું તે પૈકી અમદાવાદના શ્રી ઉમેશ ખારોડ અને તેમનાં પત્ની નજીકમાં જ ન્યૂજર્સીમાં હાઈલૅન્ડ પાર્ક મુકામે રહે. ટેલિફોન ઉપર વારંવારના આગ્રહ પછી જ્યારે એમને પ્રતીતિ થઈ કે મારાથી એમને ત્યાં નહિ જ પહોંચાય, ત્યારે એમણે ફિલાડેલ્ફિયામાં અભ્યાસ કરતા રાજકોટના મિત્ર શ્રી નટવરલાલ મણિયારને ત્યાં રાત્રે સૌએ મળવાનું ગોઠવ્યું. તે મુજબ અમે ત્રણ ત્યાં પહોંચ્યાં ત્યારે બે ખારોડ દંપતી (ઉમેશભાઈ સાથે એમના ભાઈ ઉપેન્દ્રભાઈ પણ ઉમંગથી સકુટુંબ આવેલા), અને યજમાન મણિયારભાઈએ ફિલાડેલ્ફિયામાં વસતા થોડા ગુજરાતી મિત્રોને પણ આમંત્રેલા તે, સૌ મળીને સારું રાવણું જામ્યું; ને અલકમલકની વાતો કરતાં મણિયાર મિત્રમંડળીએ તૈયાર કરેલા ઉપાહારને ન્યાય આપ્યો. સૌ વિખરાયા અને મારે બીજે દિવસે અહીંથી સીધા જ ન્યૂ યૉર્ક જવાનું હોવાથી મેં એ જૂના ફિલાડેલ્ફિયાના એક સાદા મકાનને ચોથે માળે સાદી પથારીમાં પડ્યાં પડ્યાં નટુભાઈ મણિયાર સાથે મોડી રાત સુધી જે વાતો કરી એમાં એમની બહુમુખી બુદ્ધિપ્રતિભાનો ક્યાસ પામ્યો.

બીજે દિવસે સવારે નટુભાઈ તથા તેમના બે મિત્રો ઉપાધ્યાય તથા વાકાણીએ પોતાની ગાડીમાં ફેરવીને ફિલાડેલ્ફિયાનાં મુખ્ય થાનકો બતાવ્યાં. અમેરિકાએ જ્યાંથી સ્વાતંત્ર્યની ઘોષણા કરી તે 'ઇન્ડિપેન્ડેન્સ હૉલ', ત્યાંનો જાણીતો જંગી 'ઘોષણા-ઘંટ' જ્યાં પહેલી ધારાસભા મળી તથા બંધારણ ઘડાયું તે ઓરડો વગેરે જોઈને ફરી પાછા અમે મ્યૂઝિયમમાં ગયા અને મારે ઊપડવાની ત્રણ વાગ્યાની ટ્રેઇનનો સમય થતાં સુધી બધો વખત ત્યાં જ ગાળ્યો.

નટુભાઈ માથામાર ખરા; ઑફિસમાં જઈને એક ગાઈડની વ્યવસ્થા કરી આવ્યા. જે તરુણ બાઈ ભોમિયણ તરીકે અમારી સાથે થઈ તેણે ત્યાં તાજા જ આવેલા ભારતીય કલાના નમૂના બતાવ્યા. બાર પંદર ઉત્તમ શિલ્પો હતાં, તેમાં શિવ-પાર્વતીનું ઉત્કૃષ્ટ હતું. બાઈ આ વિભાગની ન હતી તેથી મને પૂછે: 'આ શિવ-પાર્વતી છે એ તમે કેમ જાણ્યું?' મેં એને દેવદેવીઓનાં વાહનો, હાથમાંનાં આયુધો, મુકુટોના પ્રકાર વગેરે ઉપરથી જે રીતે શિલ્પ ઓળખાય છે તેની સમજ પાડીને 'વિષ્ણુ, ગણપતિ, બુદ્ધ આદિનાં બીજાં શિલ્પો એને બતાવ્યાં, અને એણે બધા વિભાગોમાં અમારી સાથે ફરીને પોતાના સૌહાર્દથી અમને ધરવી દીધા પછી ટ્રેઇનનો સમય થવા આવ્યો હોવાથી મારી મોટરે ત્રણે મિત્રોએ મને સ્ટેશને પહોંચાડ્યો. —બ. રા.

સાવળારામ લક્ષ્મણ હળદનકર

આ અંકમાં પાછળ આપેલી ત્રિરંગી તસવીરના કલાકાર સાવળારામ લક્ષ્મણ હળદનકર મહારાષ્ટ્રના એક જાણીતા ચિત્રકાર છે. ઈ. ૧૮૮૫માં સાવંતવાડીમાં એક શ્રીમંત કુટુંબમાં એમનો જન્મ, પણ એમની ચાર વર્ષની વયમાં જ પિતાનું અવસાન થતાં માતાએ દળણાંપાણી કરી દીકરાને ઉછેર્યો.


બચપણથી જ ચિત્રકામમાં ઘણો રસ હોઈ સાવંતવાડીના જાણીતા ચિત્રશિક્ષક શ્રી નારાયણ માલણકર પાસેથી પ્રારંભિક શિક્ષણ લઈ મુંબાઈની કલાશાળામાં વધુ અભ્યાસ કરી, ત્યાં મળતી ચિત્ર-શિક્ષકની નોકરી જતી કરીને સ્વતંત્રપણે કામ કરવા માંડયું. ઈ. ૧૯૦૮માં 'હળદનકર ફાઈન આર્ટ્સ' નામે એક ચિત્રશિક્ષણ સંસ્થા પણ સ્થાપેલી ને તે ઉપરાંત કૉન્વેન્ટ સ્કૂલમાં પણ શિક્ષક તરીકે જોડાયા. આમ, ત્રેવડી મહેનતથી તેઓ ઘણી સારી કમાણી કરવા લાગ્યા, પરંતુ બીજી બાજુ ધંધાદારી મર્યાદાઓને કારણે મુક્ત મને કલાસર્જન ન થઈ શકવાનો રંજ પણ એમને સદા ખટકયા કરતો હતો. અંતે અનેક ગડમથલ પછી એમણે નોકરી છોડી દીધી. પહેલા વિશ્વયુદ્ધ પછીનો એ કાળ એમને માટે અનેક વિટંબણાઓથી ભર્યો હતો. એકઠી થએલી પુંજી સાફ થઈ ગઈ ને પોતાનાં ભારે કિંમતનાં ચિત્રો યે પંદર રૂપિયા જેટલી નજીવી કિંમતે વેચવા જેવી સ્થિતિમાં તેઓ આવી ગયા પણ સાહસ વિના સિદ્ધિ નહિ એમ માની તેઓ પોતાના સ્વાવલંબન પર દૃઢ રહ્યા.

અંતે એમની શ્રદ્ધા ફળી. એક સાંજે ઓચિંતા જ એક જર્મન ગૃહસ્થે એમને ત્યાં આવી ત્રણ-ચાર હજારની કિંમતનાં ચિત્રો ખરીદ્યાં. હળદનકરનો ઉત્સાહ કૉળી ઊઠયો. એકએકથી ચડિયાતાં ચિત્રો એ સર્જવા લાગ્યા ને ૧૯૨૫માં બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. છબિચિત્રોમાં તો એમની હથોટી ઉચ્ચ કક્ષાની હતી જ, પણ કહેવાય છે કે એ સમયમાં જલરંગી ચિત્રાલેખનમાં એમની ગણના દુનિયાભરમાં ત્રીજા સ્થાને થતી હતી.

આમ, આકરી કસોટીઓ પછી ફરી એક વાર તેઓ પ્રકાશમાં આવી ગયા. સ્વ. શિલ્પકાર કરમારકર જેવા મિત્રો સાથે મળી એમણે 'આર્ટ સોસાએટી ઑવ ઈંડિયા'ની સ્થાપના કરી. જે આગળ જતાં સારી પ્રતિષ્ઠા પામી. આ સંસ્થા દ્વારા તેઓ અનેક નામી ચિત્રકારોના સંપર્કમાં આવ્યા, જે સૌએ મળીને એમનો એકષષ્ઠી સમારંભ યોજી એમની કલાસાધનાને નવાજી હતી. —જયંત સિદ્ધપુરા

ભારતીય નિયમોવાળો શતરંજનો કોયડો નં. ૩

ભારતમાં પ્યાદમ્હાત (પ્યાદાથી થતી મ્હાત) નું વધુ મહત્ત્વ હતું. તેથી ઘણા કોયડામાં સફેદ કાળાને પ્યાદમ્હાત આપે એવી શરત જોવા મળે છે. આપણે અહીં આ પ્યાદમ્હાતની શરતવાળો કોયડો જોઈએ.



કાળાનું એક પણ પ્યાદું માર્યા વિના ૧૪ ચાલમાં પ્યાદમ્હાત કરવાનું

આ વખતના કોયડામાં પ્યાદમ્હાત ઉપરાંત કાળાના એક પણ પ્યાદાને ન મારવાની શરત પણ છે. સફેદ પાસે ફક્ત એક જ પ્યાદું છે. તેની આજુબાજુની બંને પંક્તિ ઉપર કાળાનાં ચાર ચાર પ્યાદાં છે. આ બધાંને પાર કરીને સફેદ પ્યાદું કઈ રીતે આગળ વધે છે અને કાળાને મ્હાત કરે છે તે જોવા જેવું છે.

1 R–R8 ch, K–N2; 2R–KB8, K–N3; 3 N–K6!

રાજા હવે ચાલી શકે તેમ નથી માટે ફરજિયાત ઘોડાને મારવો રહ્યો.

3...; P×N; 4 Q–B7 ch, K–N4; 5N–K5! ફરી કાળા પ્યાદાએ ઘોડાને માર્યા વિના છૂટકો નથી.

5...,P×N; 6 B–K4! P×B:

ફરજિયાત! B5 પરનું પ્યાદું અણઊઠ છે એ ધ્યાનમાં લેશો.

7 B–K3 P×B: 8 Q–K7ch, K–N3, 9 K–R2, P–R6; 10 P–N2, P–R5; 11 P–N4, P–R4; 12 P–N5, P–R3; 13 Q–B6 ch, K–R2; 14 P–N6 mate. ઊંટની પંક્તિવાળા પ્યાદાને રાજાની પંક્તિ ઉપર બેસવવાની આકર્ષક રીતે ફરજ પાડવામાં આવી છે. હાથીની પંક્તિનાં પ્યાદાં જેમ આગળ વધે તેમ સફેદ પ્યાદાને આગળ વધવાની જગ્યા મળતી જાય છે.

શતરંજની રમતમાં જે સ્થિતિ લાવવી શક્ય જ નહોય તેવી સ્થિતિ નિયમ વિરુદ્ધ (Illegal) ગણાય છે અને અદ્યતન આંતરરાષ્ટ્રીય નિયમોવાળા કોયડામાં એવી સ્થિતિ ન મૂકી શકાય. આ કોયડાની મૂળ સ્થિતિમાં કાળાનાં પ્યાદાં જે રીતે ગોઠવાયાં છે તે રીતે રમતમાં લાવવાં શક્ય નથી માટે આ સ્થિતિ આજના નિયમાનુસાર નિયમવિરુદ્ધ જ ગણાય પણ એક શૈલીમાં રચાએલ કોયડાને બીજી શૈલીના માપદંડ લાગુ પાડવા યોગ્ય નથી. આમ આ કોયડો ઘણો મનોરંજક છે. **સુરેશ મોદી**

વિદ્યાર્થીઓને ઓછા લવાજમે

કવિલોક

ઘણા વિદ્યાર્થીઓ તરફથી 'કવિલોક' ઓછા દરે મળવાની માગણી આવી હોઈ નીચેની યોજના નિરધારી છે:/(૧) શાળા-કૉલેજના આચાર્યશ્રી દ્વારા અથવા એમની સહી સાથે જે વિદ્યાર્થી / વિદ્યાર્થીઓનાં નામ અમને મળશે તેમને વાર્ષિક રૂા. ૬ને બદલે રૂા. ૪ના લવાજમથી કવિલોક મોકલવામાં આવશે.

આ વર્ષ પૂરતું તો જેટલી સંખ્યામાં અમારી પાસે વધારે અંકો હશે એટલા જ વિદ્યાર્થીઓને એ લાભ મળી શકશે. ઈ. ૧૯૭૨ના વર્ષ માટે પ્રથમથી જ, ડિસેમ્બર ૧૯૭૧ સુધીમાં પોતાનાં નામ આચાર્યશ્રી દ્વારા નોંધાવી લેવાં, જેથી વધુ નકલોની વ્યવસ્થા થઈ શકે. **તંત્રીઓ**

સાહિત્યસંપર્ક

બૃહદ ગુજરાતની અસ્મિતા

મોટું—૮॥"×૧૧"નું કદ, હજાર ઉપરાંત પાનાં અને પાકા પૂઠાવાળા મહાકાય આ સંદર્ભગ્રંથમાં ગુજરાતના સર્વાંગી પરિચયને આવરનારો એક પ્રશસ્ય પ્રયાસ થએલો છે. ગુજરાતનો ઇતિહાસ, તેનાં પ્રાચીન-અર્વાચીન નગરો, દેવમંદિરો ને તીર્થસ્થળો, ગુજરાતની પ્રજાની લાક્ષણિકતાઓ, તેની ભાષા ને વિવિધ બોલીના ને તેનાં સાહિત્ય, કળા ને સંસ્કૃતિના પરિચયો, ગુજરાતી સંતભક્તોને વિવિધ ક્ષેત્રીય વ્યક્તિવિશેષોની ઓળખ, તેનાં સંગીત અને નૃત્યની પરંપરાનો પરિચય, ગુજરાતની પક્ષી-પ્રાણીસૃષ્ટિ, ખનીજસંપત્તિ તેમજ નાનામોટા ઉદ્યોગોનો તથા તેની વિશેષ શક્યતાઓનો ખયાલ અને તેના આર્થિક વિકાસની સમસ્યાઓ ઇત્યાદિ ગુજરાતનાં લગભગ સર્વ પાસાં વિષે જે તે વિષયના જાણકારોએ લખેલા માહિતીપ્રદ અને અભ્યસનીય લેખોનું આ વિસ્તૃત સંપાદન, તેમાંની કેટલીક ત્રુટિઓ છતાં યે, ઘણું ઉપયોગી સંદર્ભગ્રંથ બની રહે તેવું છે. સંપાદક: નંદલાલ બી. દેવલુક. પ્રકાશક: યોગેશ એડવર્ટાઇઝિંગ સર્વિસ, ભાવનગર-૨. કિંમત રૂ. વીસ.

ભારતીય અસ્મિતા

ઉપર્યુક્ત રીતે હવે એ સંપાદક આથી યે વધુ દળદાર સંપાદન દ્વારા 'ભારતીય અસ્મિતા'નું સર્વાંગી દર્શન કરાવતા સંદર્ભ ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે, જેમાં તેઓ ભૌગોલિક ભારતના પરિચયથી માંડી વર્તમાન ભારતની સિદ્ધિઓ અને સમસ્યાઓ સુધીના વિશાળ ફલકને આવરી લેતી ઐતિહાસિક પરંપરાઓ, વૈદિક સાહિત્યથી માંડી ભારતની મુખ્ય મુખ્ય બધી ભાષાના સાહિત્યનો પરિચય, ચાર્વાક જૈન અને બૌદ્ધ દર્શનો, ન્યાય વૈશેષિક, સાંખ્ય અને પૂર્વમીમાંસા ઉપરાંત વેદાંત અને યોગદર્શન તથા યોગના પ્રકારોનો પરિચય આપતું દાર્શનિક પરંપરાનું અવલોકન, ભારતીય શિલ્પસ્થાપત્ય અને અન્ય લલિત કળાઓનો ઇતિહાસ અને વિકાસ, ભારતના ચલચિત્ર-જગતનો પરિચય, ખેલકૂદ અને સાહસપરંપરા, ભારતનાં નગરો ને તીર્થધામો, રાજકારણના પ્રવાહો, સમાજદર્શન, વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ પ્રતિભાઓના પરિચયો વગેરે દ્વારા 'ભારતીય અસ્મિતા'-નું દર્શન કરાવવાનો આશય ધરાવે છે. આ અંગે ઇચ્છુકોએ 'ભારતીય અસ્મિતા-સ્મૃતિગ્રંથ કાર્યાલય, ૭ લોકલબોર્ડ સોસાએટી, ન્યૂ ફિલ્ટર પાસે ભાવનગર-૨' એ સરનામે પત્રવ્યવહાર કરવો.

શબ્દકથા: ચમત્કાર·ચમકવું·ચોંકવું

'જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર' એ કહેવત ચમત્કારનો પ્રભાવ બતાવે છે. ચમત્કારી ગુરુને શિષ્યોની ખોટ ન પડે; મહાત્માઓ મૃતને સજીવન કરે; રોગીને નીરોગી અને નિર્ધનને ધનિક કરે; આકાશમાર્ગે જાય, અદૃશ્ય થાય ને પરકાયા પ્રવેશ કરે: આ પ્રકારના ચમત્કારોની—પરચાની વાતો પણ અનેક સંતો વિષે દંતકથામાં અને લોકકથામાં પ્રચલિત છે.

ધાર્મિક જીવનના પ્રદેશમાં 'ચમત્કાર'નો આવો પ્રભાવ છે, તો સાહિત્ય ને કલાના પ્રદેશમાં તેનો પ્રભાવ ઓછો નથી. કાવ્યમાં કે કલામાં થતો રસાનુભવ 'ચમત્કાર' કે 'ચમત્કૃતિ' પણ કહેવાય છે. જેમાં ચમત્કૃતિ નહિ, તે કાવ્ય નહિ. રસાસ્વાદની ઉત્કટ ક્ષણે જે અણધાર્યો ભાવઉછાળ અનુભવાય છે, તેમાં રહેલા વિસ્મય અને રોમાંચને કારણે તે 'ચમત્કૃતિ' તરીકે પણ ઓળખાયો છે.

કાવ્યમાં અનુભવાતો ચમત્કાર એટલે સદ્ય ભાવોદ્રેક અને રોમાંચ—આ વાત કાવ્યમીમાંસકો એક દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. કોઈ કવિ વિષ્ણુને સમુદ્રમંથન વેળાના અનુભવનું સ્મરણ કરતા વર્ણવે છે અને કહે છે કે ચંદ્રની કાંતિવાળાં અને મૃણાલ જેવાં કોમળ લક્ષ્મીનાં અંગો મંદર પર્વતથી કચરાતાં કઈ રીતે બચી ગયાં હશે એનું સ્મરણ થતાં આજે પણ હરિ 'ચમકી' ઊઠે છે.

સંસ્કૃત 'ચમત્કાર' ઉપરથી આપણા 'ચમકાર', 'ચમકારો' તથા ક્રિયાપદ 'ચમકવું' થયાં છે. 'ચમકવું'માં અણધાર્યો લાગણીને ધક્કો લાગતાં અનુભવાતી ભડકનો, ધ્રુજારી ને તાણનો ભાવ છે. માણસ આશ્ચર્યથી ચમકી જાય કે ભયથી ચમકી જાય. આ અર્થમાં પ્રાકૃત 'ચમક્ક' ઉપરથી થએલ 'ચોંકવું, પણ વપરાય છે. 'ચમકવું'નો બીજો અર્થ છે 'ઝબક ઝબક થવું', અને 'ચમકારો' એટલે 'ઝબકારો'. તેમાં પણ એકાએક પ્રકાશ પ્રગટીને વિલાવાનો ભાવ છે.

આમ, અણધાર્યા પણ સુખદ ઊર્મિક્ષોભ અને તેના શારીરિક પ્રકટીકરણની સાથે સંકળાએલો સાહિત્યિક 'ચમત્કાર', અલૌકિક શક્તિથી અસંભવિતને એકાએક સંભવિત બનાવી દેતો ધાર્મિક 'ચમત્કાર', આશ્ચર્ય કે ભયને કારણે 'ચમકવું', તેજસ્વી પદાર્થનું કે બુદ્ધિનું 'ચમકવું' અને અણધાર્યા ભયથી 'ચોંકી ઊઠવું' એમ 'ચમત્કાર' શબ્દની અર્થયાત્રા પણ ઓછી ચમત્કારી નથી.

હરિવલ્લભ ભાયાણી

કૃષ્ણલીલા

ભારતના પ્રશિષ્ટ ગ્રંથો અને ઇતિહાસ પર આધારિત કહાણીઓને રજૂ કરતી 'અમર ચિત્રકથા' નામની એક બહુરંગી ચિત્રકથામાળા ઈન્ડિયા બુક હાઉસ એડ્યુકેશન ટ્રસ્ટ (૨૪૯, ડી. એન. રોડ, મુંબઈ-૧) દ્વારા પ્રકટ થાય છે. 'કૃષ્ણલીલા' આ માળામાંનું જ એક પ્રકાશન છે. બહુરંગી ચિત્રોથી ભરપૂર એનાં ૩૨ પાનાંના વિસ્તારમાં કંસે પિતા ઉગ્રસેનને કેદ કરી મથુરાનું રાજ્ય પચાવી પાડયું ત્યાંથી આરંભી ભવિષ્યવાણીથી પ્રેરાઈ મોતની બીકે બેનબનેવી દેવકી-વસુદેવને કારાવાસ, તેમનાં બાળકોની હત્યા, કારાવાસમાં કૃષ્ણજન્મ, કૃષ્ણનું ગોકુળમાં સ્થળાંતર, ત્યાં એના જન્મનો ઉત્સવ, પૂતનાવધ, કાલીયમર્દન, ગોવર્ધનધરણ વગેરે તેની બાળલીલાના ચમત્કારો બાદ મથુરાગમન કરી ત્યાં એમણે ત્રિવક્રાનો ઉદ્ધાર, યજ્ઞના ધનુષનું ખંડન, ચાણૂરનો વધ ને અંતે કંસનો વધ જેવાં મહાકર્મો કરી ઉગ્રસેનને ફરી રાજગાદી સોંપી ત્યાં સુધીની લીલાનું આલેખન છે. સરળ કથાનક, તેને નિરૂપતું ચિત્રાલેખન અને બહુરંગી મુદ્રણવાળી આ સુંદર ચિત્રકથામાળાની કિંમત (૧-૫૦) બહુ ભારે ન હોઈ ઘરઘરનાં બાળકો માટે આવકાર્ય છે. (મુખ્ય વિતરક: ઈન્ડિયા બુક હાઉસ, મુંબઈ-૨૬)



કંસવધ: 'કૃષ્ણલીલા'નો એક ચિત્રખંડ

ગાંધીદર્શન: ગાંધી શતાબ્દીના વર્ષમાં જંબુસરની જે. એમ. શાહ કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મહાશાળાના મુખપત્ર 'સ્વાતિ' માટે તૈયાર કરેલા ગાંધીજીનાં જીવન અને કાર્યો વિષેના લેખો અહીં પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા છે. શિક્ષણસંસ્થાને શોભે તેવું આ કાર્ય અન્ય શિક્ષણસંસ્થાઓએ જરૂર વિચારવા જેવું છે. સંપાદક: 'સુહાસી'; પ્ર૦ રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩ ટાવર રોડ, સૂરત; પાકું પૂંઠું, પૃ. ૨૮૯, રૂ. ૭-૭૫.

નવધા ભક્તિ: ગુજરાતના જાણીતા સંત 'પુનિત' મહારાજ રચિત ભક્તિ મહિમાનાં ભજનો-પદોનો ચોથો સંગ્રહ; પુનિત પ્રકાશન-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોની ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ઉશનસ્

મૂળ નામ નટવરલાલ કુબેરભાઈ પંડયા. ગીતા-વાક્ય 'કવીનાં ઉશના કવિ' પરથી ઉપનામ રાખ્યું 'ઉશનસ્'. જન્મ: સાવલી (જિ. વડોદરા)માં તા. ૨૮-૯-૧૯૨૦. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સૅનેટ તથા અન્ય ઉચ્ચ મંડળના અને ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ તથા કારોબારીના સભ્ય. ઇન્ડિયન પી.ઈ.એન.ના પણ સભ્ય. ૨૯ વર્ષનો અધ્યાપનનો અનુભવ. હાલ વલસાડ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં આચાર્યપદે છે. પ્રસૂન, નેપથ્યે, આર્દ્રા, મનોમુદ્રા, તૃણનો ગ્રહ, સ્પંદ અને છંદ, કિંકિણી એ કાવ્યસંગ્રહો તથા 'ચાર અધ્યયનો' અને 'રૂપ અને રસ' એ બે વિવેચનસંગ્રહના સર્જક. મોટા ભાગનાં પ્રકાશનો રાજ્ય સરકારનાં પારિતોષિક પામ્યાં છે. ઈ. ૧૯૫૯નો શ્રેષ્ઠ કાવ્યો માટેનો 'કુમાર ચંદ્રક' પણ મળ્યો છે.

૧ તમે કવિ છો. કાવ્યની તમારી વ્યાખ્યા પદ્યમાં આપશો?

ઉ. કવિતા એ **નહીં** કોઈ પિંગળ, નહીં કો પ્રથા;
મૌનને શબ્દ થવાની એ કો મહાનંદ-વ્યથા,
કવિતા તો લયાન્વિત અંતરાત્મતણી કથા.

૨ કેળવણીનું ક્ષેત્ર તમને પ્રિય છે, તો કેળવણીની વ્યાખ્યા પદ્યમાં આપશો?

ઉ. પિંડ-જનમ તે 'પ્રકૃતિ', લોચા શી જ ગણાય;
શિલ્પ સમી જે 'સંસ્કૃતિ', કેળવણીથી થાય.

૩ તમે કહો છો 'વ્યથા તણું રે બીજું નામ પ્રીતિ'; તો તમને વ્યથા—વેદના ગમે છે તે શા માટે?

ઉ. 'બંધુ! પ્રીતિ નિરવધિ કથની વ્યથાની,
આ તો અવસ્તુ પર જિંદગી હોમવાની.'

૪ જિંદગીની તમારી અવસ્તુ અનુભૂતિજન્ય માન્યતા દર્શાવશો?

ઉ. જિંદગી વિશે હવે તો આ કહેવાનો વારો આવ્યો છે:
'કશી કરી છ આપણી કરુણ ઠેકડી કોઈએ!'

૫ કલા અને સૌંદર્ય સંબંધી તમારું મંતવ્ય વર્ણવશો?

ઉ. સૌંદર્ય જે અનુભૂતિ તણું રૂપ તે કલા.

૬ તમારો પ્રિય કવિ કોણ? તમારું પ્રિય પુસ્તક કયું?

ઉ. કાલિદાસ કહું કે રવીન્દ્રનાથ? 'શાકુંતલ' કહું કે 'ગીતાંજલિ'?

૭ કાવ્યક્ષેત્રે વર્તમાન યુગમાં વહેણ કઇ દિશાએ જાય છે?

ઉ. પ્રામાણિક અનુભૂતિઓની સ્વાભાવિક અભિવ્યક્તિ પ્રતિ.

૮ ગુજરાતી કવિતાના સફળ વિવેચકો તમે કોને કોને ગણો છો?


ઉ. આનંદશંકર, ઠાકોર, રામનારાયણ, વિષ્ણુપ્રસાદ અને ઉમાશંકરને.

૯ તમારી દૃષ્ટિએ શ્રેષ્ઠ ગુજરાતી કવિ કોણ?

ઉ. 'વસંતવિજય'ના કવિ કાન્તને ગણાવું કે 'મહાપ્રસ્થાન'ના ઉમાશંકરને?

૧૦ તમારો ખાસ શૉખ?

ઉ. લખવું, વાંચવું, વિચારવું, રમવું અને રખડવું.



મંદિર, મણિનગર, અમદાવાદ–૮. કાચું; પૃ. ૧૬૮

હૉકી: હૉકી આજે આપણે ત્યાં પ્રિય રમતોમાંની એક બનતી જાય છે ત્યારે તે રમતના નિયમો વગેરેની શાસ્ત્રીય છણાવટ કરતી પુસ્તિકા. લે. પ્ર૦ મનહરભાઈ ઈ. હાથી. નકલંક કૃપા, ૬, કૉલેજવાડી, રાજકોટ, પૃ. ૧૧૨, રૂ. ૩.

કાશ્મીરનો પ્રવાસ: કાશ્મીરના પ્રવાસે સૂરસિંહજી ગોહેલનું 'કલાપી' તરીકે ઘડતર કરવામાં મોટો ફાળો આપેલો. ગુજરાતી સાહિત્યના અલ્પધન પ્રવાસસાહિત્યમાં એક સીમાચિહ્ન જેવું આ પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું તે કલાપીના અભ્યાસી પ્રા. ઇન્દ્રવદન દવેને હાથે સંપાદિત થયું છે એ આનંદની વાત છે. આ પુસ્તકમાંથી કલાપીના ઋજુ, નિખાલસ, સંવેદનશીલ હૃદયનો પરિચય વાચક સહેજે પામી શકે છે. પ્ર૦ ઇન્દ્ર પ્રકાશન, ખરાદી શેરી, ઝાંપા બજાર, સૂરત. કાચું પૂઠું, પૃ. ૧૨૬, રૂ. ૪.

સંગીત, નૃત્ય અને નાટયક્ષેત્રે પૂર્વની પશ્ચિમ ઉપર અસર: જાણીતા નાટ્યવિદ ચંદ્રવદન મહેતા પૂર્વ-પશ્ચિમનાં એ ત્રણેય કલાઓના અભ્યાસી હોવાથી એમણે સવિવેક અહીં તેનાં તારતમ્યો રજૂ કર્યાં છે. આ વિષયમાં રસ ધરાવનારને માટે આ સારી સામગ્રી પૂરી પાડે તેવી પુસ્તિકા પ્રકટ કરીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ આવકાર્ય કાર્ય કરેલું છે. કાચું પૂઠું, પૃ. ૨૭, રૂ. ૧.

જાપાની ભાષા: આજના નાના બનતા જતા જગતમાં અન્ય ભાષાઓનો પરિચય કેળવવાની ઝંખના ઘણાને થતી હશે. જાપાની ભાષા શીખનાર માટે શ્રી ડાહ્યાલાલ પટેલે આ પુસ્તક વ્યાકરણપદ્ધતિએ ગુજરાતીમાં તૈયાર કર્યું હોઈ ઉપયોગી થઈ પડશે. પ્ર૦ લેખક પોતે, ૩૧૦ બી, ફર્ટીલાઇઝર નગર, જિ. વડોદરા. પાકું પૂઠું, પૃ. ૧૫૮, રૂ. ૫.

ગૃહજીવનની મંગલ વાતો: 'અખંડ આનંદ'માં 'ગૃહગંગાને તીરે' વિભાગમાં પ્રસિદ્ધ થએલી આ ૩૧ વાતો વિવિધ લેખિકાઓની કલમે લખાઈ છે. ગૃહજીવનનું સુભગ દર્શન કરાવતી આ કૃતિઓ ધ્યેયલક્ષી હોઇ જીવનપોષક છે. પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. કાચું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૨.

છગનલાલ ગાંધી જીવન-રેખા: શ્રી છગનલાલ ખુશાલદાસ ગાંધીની પ્રેરણાત્મક ચરિત્રરેખાની એમના પુત્ર પ્રભુદાસ ગાંધીએ તૈયાર કરેલી આવકાર્ય પુસ્તિકા. પ્ર૦ ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ-૧૩, કાચું, પૃ. ૪૦, ૪૦ પૈસા.

સાહિત્યદર્શન: સરદાર પટેલ યુનિવર્સિટીની 'જ્ઞાનગંગોત્રી' શ્રેણીમાં પ્રસિદ્ધ થતું આ સાતમું પુસ્તક સ્વતંત્ર ભારતની તેર ભાષાઓના સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓનો આસ્વાદ સાથે પરિચય કરાવી રહે છે. તે તે ભાષાના અધિકારી લેખકો દ્વારા આ કાર્ય સવિવેક રજૂઆત પામ્યું છે. અન્ય ભાષામાં આ રસાસ્વાદથી ગુજરાતી વાચકોનો પ્રવેશ ઉત્તેજાશે એ અપેક્ષા ઓછી નથી. સાહિત્યિક ને સાંસ્કૃતિક અભિરુચિ કેળવવામાં આ ગ્રંથ સારો ફાળો આપી રહે તેવો છે. એમાં રજૂ થએલી છબિઓ અને પરિચય, પુસ્તકની ઉપયોગિતામાં ઘટિત ઉમેરો કરે છે. પ્ર૦ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૨૦.

મહાભારત-કથા: મહાભારત વિશ્વનું અમૂલ્ય ગ્રંથરત્ન છે. જમાને જમાને એનાં નવનવાં અર્થઘટનો થતાં રહ્યાં છે. કવિ–કીર્તનકાર કરસનદાસ માણેકે મહાભારતના કેટલાક પ્રસંગોને તથા ચરિત્રોને અહીં પોતાની રીતે રજૂ કરેલા છે. પ્ર૦ નચિકેતા પ્રકાશન, ૧૩, દાદાભાઈ રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબાઇ–૫૬

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૧] — **કરાવનાર · જલન માતરી**



હસનઅલી કરમાલી

ઝાંઝવાં જેવા ઝગારા પણ જો મળી જાય તો જીવનના પાલવને ઉમંગોથી ભરવા માગતા, સનમ ફૂલ છે તો પોતે ખાર છે એવું કબૂલ કરીને સાથીદાર તરીકેનો ગર્વ લઈ રહેલા, સિતારે સિતારે નવી રોશની જોઇને તિમિરમાં ચંદ્ર-સૂર્યની પરવા ન કરતા, સ્વ. શયદાના સમકાલીન, ખોજા કોમના લોકપ્રિય સાહિત્યકાર શ્રી હસનઅલી કરમાલીને ગુજરાતના ગઝલપ્રેમીઓ 'નામાવટી'ના નામે ઓળખે છે.

જન્મ તા. ૩-૧૧-૧૯૦૧. અઢાર વર્ષની ઉમરથી ગઝલોનું એકધારું સર્જન કરતા રહેલા શ્રી નામાવટી હાલમાં મુંબાઇની ઈસ્માઈલી જનરલ ઑસ્પિટલમાં એસ્ટેટ મૅનેજર તરીકે સેવા આપી રહ્યા છે. નવલિકા, નાટિકા આદિ પ્રકારોમાં પણ કલમને કુશળ રીતે ઘુમાવી ચૂકેલા છે.

તેઓ સ્વભાવે નમ્ર અને વિવેકી છે. બરબાદીઓને આવનારી ભવ્યતાની સૂચક તરીકે બિરદાવીને હાસ્ય કરી રહેલા શ્રી નામાવટીના થોડાક શે'રોનો આનંદ લઈએ.

સોગંદ સિદ્ધિઓના જો ઠોકર પછી મળી;
માગું નહિ મફત કદી ચૌદે ભવન મળે.

કદમ તો એ ઘડી પણ અવળે પંથે જઈ નથી શકતા;
નજર રસ્તો ભૂલે છે જ્યારે તમને શોધવા માટે.

ક્યાં જિંદગીનો ભેદ મળે છે હજી સુધી?
હું ઘરમાં છું, ને ઘર વિષે મારો સવાલ છે.

નથી ભય મોતનો, કે મોત કેવળ એક વેળા છે;
જીવનની તો ઘણી વેળા દશા બદલાઈ જાય છે.

એના જ કાંધે અંતે બુલંદી મળી મને;
જીવનમાં ઊંચે જે મને લાવી શક્યા નહિ.

ભરી દેતે અમે જીવનના પાલવને ઉમંગોથી;
પરંતુ ઝાંઝવાં જેવા ઝગારા પણ નથી મળતા.

મને મારી નજર લાગી ન જાયે એટલા માટે,
ખુદાના સમ, હું તારી આંખનું કાજલ નથી જોતો.

કંટકો તો શું, જગત આરંભથી 'નામાવટી',
ફૂલ જેવાં ફૂલ આપી જાય છે ઘેરા જખમ.

એના પ્રથમ મિલનની કોઈ વાત પૂછ મા,
મહેમાન થઈને આવ્યાં અને નોતરી ગયાં.

કેમ આ મારાં કદમ આગળ હવે વધતાં નથી?
શું અચાનક હું તમારે દ્વાર તો આવ્યો નથી!

આંખ 'નામાવટી'ની મીંચાઈ,
ત્યારે એણે કર્યો નકાબ અલગ.

ઢાંક ચાદરથી કે ઝુલ્ફોથી વદન;
હું તને હર રંગમાં જોનાર છું.

આવનારી ભવ્યતાનું કોઈ સૂચન તો નથી?
કે મને બરબાદીઓ મારી હસાવી જાય છે.

નથી ચાંદ સૂરજની પરવા તિમિરમાં;
સિતારે સિતારે નવી રોશની છે.

લઈને સહારો દર્દનો આ વિશ્વમાં અમે,
રાખ્યું જીવનનું માન તમારા ગયા પછી.

તમે પોતે જ લઈ જાઓ તમારા ઘર સુધી અમને,
નહિ તો ઠોકરોના પથ્થરોથી પ્યાર થઈ જાશે.

તારો પાલવ ના રહ્યો જો હાથમાં,
હો વિજયરેખા હજારો તો ય શું?


એમ કંઈ એને મહત્ત્વ તો મળી જાતું નથી,
ચાંદના અજવાસમાં તેજસ્વી તારો હોય પણ.

(AS) પાકું પૂઠું, પૃ. ૩૩૫, રૂ. ૧૧.

સંતદર્શન: ભક્ત કવિ નરસિંહના પ્રસિદ્ધ ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ'ની પ્રત્યેક પંક્તિ લઇ, એ પંક્તિમાં ગાએલા આદર્શો જે જે ભારતીય પુણ્યાત્મામાં પ્રગટ થયા છે તેની અલપઝલપ આપતું સચિત્ર સુંદર પુસ્તક. પ્રત્યેક પંક્તિમાં ગાંધીજીએ જે દર્શન અનુભવ્યું અને આચર્યું તે ગાંધીતસ્વીરો દ્વારા અહીં દર્શાવ્યું છે. પ્ર૦ સરલા શાહ, ગાયત્રી, ૧૫મો માર્ગ, સાન્તાક્રુઝ, મુંબાઇ-૫૪, કાચું, પૃ. ૨૯, રૂ. ૫.

વાઙ્મય સમીક્ષા: 'ગુજરાત સાહિત્ય સભા' તરફથી દર વર્ષે કરાવવામાં આવતું વાઙ્મય સમીક્ષાનું કામ ચાલુ વર્ષ (સને ૧૯૭૧) માટે આચાર્ય શ્રી પ્રેમશંકર હ. ભટ્ટ, ૧૭ 'પંચામૃત' જયભારત સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ-૭. એમને સોંપવામાં આવ્યું છે. સર્વ પ્રકાશકોને વિનંતી છે કે એમનાં પ્રકાશનો પ્રકટ થાય કે તુરત સમીક્ષકને મોકલી આભારી કરશે.

કલા-રવિ ટ્રસ્ટ તરફની બીજી રંગપૂરણી હરીફાઇ



(શરતો અને માહિતી માટે પાછળ જુઓ)

((((((આવાઝ))))))

—ભારતી ગણાત્રા—

રોજ નવો દિવસ ઊગે છે. વહેલી સવાર, હવામાં ઠંડીની ચમકારી ને ફૂટતાં સૂર્યકિરણો. શું અદ્દભુત મુહૂર્ત વિદ્યાદાનનું તેમજ વિદ્યાપ્રાપ્તિનું!

હવામાં ઝાકળભીના ઘાસની આછી સુગંધ છે. પંખીઓ બોલવા માંડયાં છે. સમગ્ર વાતાવરણમાં તાજગી છે. તેમાં ટપ...ટપ...ઝાકળનાં બે'ક બિંદુ ઊંચા વૃક્ષનાં પત્રો પરથી અભિષિક્ત થઈ રહ્યાં. નિસર્ગ જાણે નિજ ચેતના સંક્રાંત કરવા ન ચાહતી હોય!

પગ બે ઘડી થંભી ગયા. સામે જાગી ઊઠેલું ઘાસનું મેદાન આમંત્રી રહ્યું હતું: 'આવ, આવ, મારી નસેનસમાં જીવનના ધબકાર છે. કુદરતના પ્રેમની ભીનાશ છે. બેસ અહીં, આપણે 'સહનાવવતુ સહનૌભુનક્તુ'ના મંત્ર આરાધીએ. સૌ નિસર્ગબાળ બાહ્ય આડંબર-અભિમાન મૂકી નિર્મલ ચિત્તે અહીં રમવા ઊતરી આવો. મા ગોદ બિછાવી બેઠી છે. એના ખોળાને ખૂંદવા તમે કેમ નથી આવતાં, ભલા? માને પોતાનો સાડલો 'ધોયો ધફોયો' રાખવાના કોડ નથી.' હરિયાળી ઝીણું ઝીણું બોલી રહે છે.

અહીં વિણાધારિણીની આરાધના! અહીં 'સહનૌભુનક્તુ'ના મંત્ર! કેટલું અદ્દભુત! એના પટ પર બિરાજતા શારદાના મંદિર તરફ દૃષ્ટિ ફરે છે. ત્યાંથી 'બુદ્ધિપ્રદામ્ શારદામ્'ના ઘોષ સાંભળવા કાન આતુર બને છે. પણ ત્યાં તો છે નીરવ શાંતિ! ચિંતા નહિ; સરસ્વતીની વીણા, તેના દરેક સ્પંદન સહિત, શાંતિમાં જ સંભળાશે. પેલો આવાઝ શમી ગયો છે......

ફરી માટી પર પગલાં પડવા માંડયાં અને મંદિરનાં વિશાળ પગથિયાં દેખાયાં. ટક...ટક...'થોભી જા...થોભી જા!' નજર પાછી વળી. ફૂલોની દુનિયામાં બહાર આવી છે, ફૂલોએ બાલિકાને આકર્ષવા મુગ્ધકર સ્મિતોની સ્પર્ધા માંડી છે. ત્યાં જ આવાઝ 'કેવાં એકએકથી બહેતરીન એવાં ફૂલ! અમારી અંદર એક એક સૃષ્ટિ છે. અમારા સંઘનો એક સૌંદર્યરાશિ છે; જા, તારા ગુરુને બોલાવી લાવ, એ તને અમારો મહિમા સમજાવશે.'

ગુરુ? બાલિકાના હૃદયનાં આશાનું એક નૂતન કિરણ પ્રકટયું અને હોલવાયું. ગુરુ! મંદિરમાં નજર કરો. ગુરુનું સ્થાન તો ખાલી છે. એક આછો નિ:શ્વાસ સરી પડયો. પણ ફૂલોને તો એ એવો જ ગર્વીલો અને આશાભર્યો ઉત્તર આપી ગઈ: 'રહો, રહો, ગુરુ આવશે ત્યારે તમારી સૃષ્ટિ માણવા જરૂર આવીશ. અત્યારે તો વિદ્યાપ્રાપ્તિની મારી અણમોલ ઘડી વહી જાય છે.' અને એનાં ઉત્સાહથી અધીર પગલાં મંદિરનાં ઊંચાં ઊંચાં પગથિયાં વટાવી રહ્યાં. ફૂલોનો ઝીણો આવાઝ શમી ગયો......

મહા વિશાલ, સ્વર્ગના દરબાર જેવા મંદિરના સભાખંડોમાં ગુરુઓનાં સિંહાસનો ઝળકી રહ્યાં હતાં. ઉપર આંજી નાખે એવી એમની પદવીઓ ઝબકતી હતી. બાલિકાએ આતુરતાથી પુસ્તકો સંભાળતાં, કલમ સમારતાં, વિદ્યાખંડ તરફ જવા ત્વરા ધરી. પણ અફસોસ! ગુરુ નિદ્રાધીન છે! ગુરુ જાગશે એ આશાએ બાલિકા પોતાનાં સહપાઠીઓ સાથે બેસી પ્રતીક્ષા કરી રહી. પ્રવચન-સમય પૂરો થવા આવ્યો. ગુરુની સ્વપ્નદ્રષ્ટા આંખો ખૂલી. મુખ પર મોહક સ્મિત પાથરી એ વચનો ઉચ્ચારી રહ્યા: 'અહો! બહુ સમય વહી ગયો. હું દિલગીર છું. વિદ્યાર્થીજનો, પરંતુ હજી તો તમારી પરીક્ષા ઘણી દૂર છે.' અને ગુરુ ગમન કરી ગયા.

હતબુદ્ધિ બનેલી બાલિકાના હાથમાંથી કલમ પડી ગઈ. એના કાનમાં ગુરુના આગલા દિવસના શબ્દો ગુંજી રહ્યા: 'હું તમારા ઉત્સાહની કદર કરું છું. પરંતુ મારા વિદ્યાર્થીકાળમાં, અહો, મેં કદી આવી પરવાહ કરી નહોતી!' અને એક મહત્તાભરી નજર! ઉષ્માભર્યા સ્ફુલ્લિંગ પર હિમ પડી જતાં જેવી છમકારી થાય તેવા 'આવાઝ' રોજ રોજ આ ખંડમાથી નીકળતાં બાલકો કરે છે. એ અવાજ સાંભળવા ન ગમે તેવા છે. નિષ્ક્રિય જંતુઓનું ટોળું કરે તેવા છે. બાલકો જ્યાં ત્યાં વિખરાઈ જાય છે...

બાલિકા અટ્ટાલિકાને ઉપલે ખૂણે આવેલા ખંડમાં જઈ બેઠી—એક મોટું બગાસું ખાતી. ખંડ પણ એની જોડે બગાસું ખાઈ રહ્યો: 'યાદ છે? અહીં જ તે ઘોડા ઘડયા હતા?' ફરી 'આવાઝ'! એ ચમકી ઊઠી.

'તમારો હું સભાખંડ. મારું દારિદ્રય એ તમારું દારિદ્રય બતાવે છે.'

'દારિદ્રય? અમે કંઈ દરિદ્રી નથી. તું કહે તો તને સોને મઢાવી દઈએ. વિજ્ઞાનશાળા, પુસ્તકાલય વગેરેને નથી મઢયાં શું?' ખંડ અટ્ટહાસ્ય કરી ઊઠયો: 'ના રે મારી બેન, એક સાદી શેતરંજીનાં કપડાં ને થોડી કલાકૃતિઓનાં આભૂષણ મારે બસ થઈ પડશે. મારે તો પ્રવૃત્તિએ ઊછળતાં બાલકોનો સાથ જોઈએ છે. કોઈ દિવસ અહીં આવો, જ્ઞાનવાર્તા કરો, તમારા ગુરુઓને પોતાના સિંહાસન પરથી ઊતરી અહીં મારી સપાટ જમીન પર બાલકોની સંગતિ કરવા કહો, ચિત્રો કરો, કંઈ હળવી પુસ્તિકાઓ વાંચો. અહીં ફૂલો ગૂંથો, સુશોભનો કરો. નવાં નવાં કાર્યે પ્રવૃત્ત થાઓ, ગતિમાન થાઓ...આ શી ચેતનહીનતા?'

ફરી ઘંટ બજી ઊઠયો અને બાલિકા ઝટપટ ઊભી થઈ, આશ્વાસન આપતી ગઈ: 'હું જરૂર મહાચાર્યને વિનંતી કરીશ.'

'એ તો તું કયારની કહે છે. પણ મારે શું? હું તો તમારા સૌ માટે કહું છું. પ્રગતિ તમારી થશે. હા, હું જોઈને આનંદ પામીશ.' કહી લાપરવાહી દર્શાવી તે ફરી બગાસાં ખાવામાં પડી ગયો.

બાલિકાનો ઠંડો પડેલો ઉલ્લાસ ફરી સહેજ તેજીમાં આવ્યો. કારણ કે હવે મળનારા ગુરુ શ્રદ્ધેય હતા. હસતું એમનું મોં, ચપળ એમનાં ચરણ ને સતત વહેતો રહેતો વિદ્યાપ્રવાહ આશાનાં કિરણ સમાં હતાં.

'બાલિકા! જરા થોભ.' બીજા એક ગુરુનો સાદ સંભળાયો. 'જી?'

'આ પ્રવચન પછી રહેજે. બપોરના વિદ્યાભ્યાસ સામે તારો કશો વાંધો નથી ને? તો હું વિદ્યાલાભ આપીશ.' રાહ જોઈ જોઈ, બેસી બેસી, ઠુંગરાઈ ગએલી આશાને એણે પરાણે સંકોરી: 'ભલે.'

'ભૂખ લાગે તો સહેજસાજ કશું ખાઈ લેજો'. 'જી.'

'બાલિકા! હજી બેઠાં છો?' સ્મિત વધુ મહેરબાનીભર્યું બન્યું. આશંકાથી ફફડી ઊઠતાં તે બોલી ઊઠી: 'જી...જી...આપે...'

'હા...હા...જરૂર... પણ વાત એમ છે કે હું દિલગીર છું, મારા ગુરુભાઈ જ્ઞાનચર્યા અર્થે પધાર્યા છે...તો કાલે આ સમયે ચોક્કસ હું...'

'પણ ગુરુજી, ઘણા વખતથી પ્રવચનલાભ મળ્યો નથી. પૂરું કયારે થશે?'

'તે અમે જાણતા નથી શું! નાને મોઢે........'

'ના જી...ના જી...' એ નાનકડું શરીર ધ્રૂજી ઊઠયું અને ગુરુનાં પગલાં દૂર થઈ ગયાં.

બાલિકા મધ્યાહ્ને ઘેર જવા નીકળી ત્યારે તે પુસ્તકભારે નમી ગઈ હતી. એને નવાઈ લાગી કે સવારે તે આટલાં જ પુસ્તકો લાવેલી કે વધી ગયાં?'

'બાલિકા!' અટ્ટાલિકાની દ્વારે દયામય ગુરુનાં પુન: દર્શન થયાં; 'આ, લે, ખરું જોતાં હવે પરીક્ષાને બહુ વાર ન ગણાય. મારા વિદ્યાર્થીકાલના ઉત્તરપત્રો અતિ સુંદર છે. તેને ઉતારી, વાંચી જજો. પૂરતા છે.' 'જી.'

'સાચવજો—મૂલ્યવાન છે.'

અને તેણે એ 'મૂલ્યવાન' થોકડો પોતાના ભારમાં ઉમેરી લીધો.

આટઆટલા, જુદીજુદી તરહે સંભળાતા 'આવાઝ' એ કોને કહે? કેવી રીતે કહે? કયા કહે ને કયા ન કહે? એણે એ આવાઝ એકલા સાંભળવા રહ્યા ને એકલા જીરવવા રહ્યા. પ્રત્યુત્તર કોઈ ન સાંભળી જાય તેની સંભાળ લેવી રહી; કારણ, નહિ તો આવા અપૂજ મંદિરને આશરે જવા માટે લોક એની જ હાંસી કરે. બાલિકા ધીમે ધીમે પગથિયાં ઊતરતી ગઈ. બે ઘડી તો એમ જ લાગ્યું કે......

એનો પણ 'આવાઝ' શમી ગયો છે. પણ ના, એણે બધા આવાઝ પોતાનામાં સમાવી લીધા છે. કો'ક દિવસ એમને પૂર્ણ રૂપે પડઘાવી શકવાની, પ્રત્યુત્તર દઈ શકવાની ભરીભરી આશા સાથે. □

અનુસંધાન] **બદ્ધ પ્રોમીથિયસ** [પૃ. ૨૮૭ થી

જળપરીઓને લાગ્યું કે નિયતિની-ઋતની (Nemesisની) આમન્યા પાળવા જેટલી નમ્રતા પણ આ દાખવતો નથી. મોટી તો બોલી પણ ખરી; 'શાણાઓ તો નિયતિ આગળ નમીને ચાલે છે; ઋતને માથે છે.'

પણ એથી તો પ્રોમીથિયસ વધારે ઉશ્કેરાયો: 'નમે છે! માથે છે! શક્તિનું પ્રદર્શન જોતાં જ પૂંછડી પટપટાવે છે, ને પગ ચાટે છે! ઝયૂસની મારે જરીકે પડી નથી.'

અને એને કોઈ આવતું લાગ્યું. એણે ઊંચે જોયું તો હર્મિસને દોડી આવતો દીઠો. એ હતો દેવદૂત. એને જોઇને પ્રોમીથિયસે જળપરીઓને કહ્યું: 'જુઓ, આ આવે એનો ખિદમતગાર, એનો ખાંધિયો.'

દેવનો આ સંદેશવાહક શું કામ આવતો હશે એ જાણવા સૌ ઉત્સુક બન્યાં. જાણે દાઢમાંથી બોલતો હોય એમ હર્મિસે આવતાંવેંત કહ્યું: 'કેમ છે, બુદ્ધિના બાદશાહ? ઉસ્તાદ અગ્નિચોર! અમરોને છેહ દઇને એક દા'ડાના આયખાવાળાઓના સરદાર થનારને કેમ છે?'

પ્રોમીથિયસ ચૂપ રહ્યો એટલે હર્મિસ વધારે દમામથી બોલ્યો: 'પિતાનો આદેશ છે. તું શેખી કરે છે ને ઝયૂસનું પતન નોતરનાર લગ્નની? એ શું છે? બોલ. જો, આમાં ચાલાકી નહિ ચાલે. ફૂટ ભાષામાં કોયડા બોલવાના નથી. સીધું સાદું સત્ય બતાવ. હું વારેવારે આટલે દૂર દોડી આવવા નવરો નથી, હો પ્રોમીથિયસ! ને તારાં ભેદભરેલાં વચનોથી દેવાધિદેવને સંતોષ નહિ થાય, હો!'

'આ જોને આ, દેવડો! પોતાની મોટાઈ મૂકતો નથી! અરે, તું, ને તારા દેવડા બધાય, હજી ઊગીને ઊભા થાવ છો; ને તમારું શાસન પણ હજી તો હમણાં શરૂ થયું, ત્યાં તો અજેય કો દુર્ગ કબજે કર્યો હોય એટલા ફુલાવ છો! પણ મેં તો બબ્બે રાજવંશોને સત્તાની ટોચે પહોંચતા અને ત્યાંથી પટકાઈ, નામશેષ થઈ જતા જોયા છે ને આ ... હું જોઈશ. આજનો અધીશ તો એના પુરોગામીઓની તુલનામાં ... છા સમયમાં ધરાશાયી થશે. તું એમ માને છે કે આ દેવોથી હું ડરી જઈશ? જા, જા; ચૂપચાપ પાછો ચાલ્યો જા. મારી પાસેથી તું કોઈ વાત કઢાવી શકીશ નહિ.'

'તું ભૂલીશ નહિ હોં, કે આવી જ જક ને તોછડાઈથી તારી આ દુઃસ્થિતિ થઈ છે!' પણ પ્રોમીથિયસ અક્કડ હતો: 'ભલે. મારી આ દુઃસ્થિતિના બદલામાં તમારી અધમ ગુલામગીરી હું કદી યે પસંદ નહિ કરું.'

'બરાબર છે! ઝયૂસ જેવા જનકના વિશ્વાસુ દૂત બનવા કરતાં આ પથ્થરના બંદી થવું બહેતર છે, ખરું?'

'ઉદ્ધતોને બરાબર શોભે એવી જ તારી વાણી છે.' પ્રોમીથિયસે કહ્યું.

'અને તારી આ સ્થિતિ તો બાદશાહી છે, નહિ?' હર્મિસ બોલ્યો.

'ઇચ્છું કે આજના મારા વેરીઓની પણ એક વાર આ જ સ્થિતિ હો. તારી પણ.' પ્રોમીથિયસ બોલ્યો.

'મને પણ તું તો લેતો પડે છે! તારી આ સ્થિતિ માટે મને પણ તું જવાબદાર ગણે છે?' હર્મિસે પૂછ્યું.

'ભૂંડું બોલનાર બધાંને હું ધિક્કારું છું.' પ્રોમીથિયસે કહ્યું.

'એટલે, હવે તારા ચિત્તભ્રંશની કોઈ હદ નથી રહી, એ નક્કી.'

'હા. જો શત્રુદ્વેષ એ ચિત્તભ્રંશ હોય તો.'

'અત્યારે જ જો આટલી તુમાખી છે તો છૂટયા પછી તો તું શું ય કરે! હવે તો તારી બંધનમુક્તિ અશક્ય જ છે.'

'હં'. પ્રોમીથિયસના હં-કાર સાથે એક નિઃશ્વાસ પણ નીકળી ગયો. હર્મિસનું ધ્યાન તરત એ તરફ ગયું: 'દે છે ને નિઃશ્વાસ? ઝયૂસ તો એને જાણતો ય નથી.' 'જાણશે. સમય એને પણ આ શીખવશે.'

'સમયે તને આત્મસંયમ કે વિવેક જેવું કશું શીખવ્યું લાગતું નથી!'

'ના. પણ તારા જેવા અનુચરો સાથે ચર્ચા કરવામાં હું નાનમ માનું છું.'

'સીધી વાત કર ને! ઝયૂસ જે જાણવા માગે છે તે કહેવા તું તૈયાર નથી ને?' હર્મિસે સીધો સવાલ કર્યો.

પ્રોમીથિયસે વ્યંગ ન છોડયો: 'ઝયૂસને તો મારે હજી ઘણું દાપું ચૂકવવાનું છે. એ બરાબર ચૂકવીશ હોં!' એણે કહ્યું.

હવે હર્મિસ ક્રોધે ભરાયો. 'મારી તું ઠેકડી ઉડાડે છે એ હું સમજું છું હોં! તું શું મને બાળક માને છે?' એણે પૂછ્યું.

'અરે હોય? તમે માત્ર બાળક? ના...રે. તમે તો...બાળકથી યે બેજ! નહિ તો આ સ્થિતિમાં મારી પાસેથી જવાબની આશા રાખો જ કેવી રીતે? તમારું કોઈ દુઃખ, કોઈ પીડા, કોઈ પરેશાની મારી પાસેના રહસ્યને છતું નહિ કરાવી શકે. જ્યાં સુધી હું મુક્ત થઈશ નહિ ને જ્યાં સુધી આ પીડાના ઘા રુઝાશે નહિ ત્યાં સુધી મારી પાસેથી આ રહસ્ય તમને જાણવા મળે એ અશક્ય માનજો. તમારાથી થાય તેટલો જુલમ ગુજારો. ઉપરથી આગ વરસાવો, બરફનાં તોફાન ફેલાવો, પાતાળને ઉભ-

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮

કમળો

આયુર્વેદ કમળાને 'કામલા' અને સાંપ્રત વિજ્ઞાન 'જોન્ડીસ' કહે છે. પિત્ત દોષની કુપિત થવાથી આ રોગ થાય છે. પાંડુ હોવા છતાં પિત્તવર્ધક આહારનું વધારેપડતું સેવન, તાવ ઊતર્યા પછી ચુસ્ત પથ્યપાલનમાં રાખેલી બેદરકારી અથવા પાચનક્રિયામાં ગરબડ હોય યા યકૃત કે બરોળ બગડયાં હોય તો આ રોગ થાય છે.

કમળામાં રોગીના નખ, નેત્ર, જીભ, ત્વચા, મુખ અને મૂત્ર પીળાં પડી જાય છે. શાસ્ત્રકારે આવા રોગીને દેડકા સાથે સરખાવ્યો છે. રોગી પીળા દેડકા જેવો દેખાય છે. કમળો લોહી અને માંસ બંનેને બાળતો હોઈ રોગી ખૂબ અશક્તિ તથા શરીરમાં બળતરા, અરુચિ, આફરો અને વધુપડતી તરસ અનુભવે છે. સાથે થોડો તાવ પણ જણાય છે. એથી ઉત્સાહહાનિ થઈ થાકી જવાય છે. નાડીની ગતિ પણ ધીમી, રોકાઈ રોકાઈને કે ગરમ જણાય છે. ભૂખ મરી જઈ ખોરાક પચતો નથી.

ચિકિત્સા

૧. તેલ-ઘીનો આહાર બિલકુલ બંધ કરવો. તેનો સ્પર્શ પણ ન કરવો, કે માથામાં પણ તેલ નાખવું નહિ.

૨. હલકો ખોરાક ખાવો. મગ, ભાત, છાશ, ફુલકા રોટલી વગેરે લઈ શકાય.

૩. શેરડી સારી છે. પણ તેનો રસ પીવા કરતાં તેને ચૂસવી વધુ લાભપ્રદ છે.

૪. ચણા ખૂબ લાભ કરશે. પણ તે શેકેલા કે તેના દાળિયા ખાવા. તેલમાં તળેલી તેની વાનગી ખાવી નહિ.

૫. રોજ એક કે બે મૂળાનાં પાન અને કંદ ખાવાં. તેથી પેશાબની છૂટ થઇ શરીરની પીળાશ ઘટશે.

૬. ઔષધોમાં શિવાક્ષાર પાચન, આરોગ્યવર્ધિની રસ, નવસાર, કામલહાર રસ, ત્રિફલા ચૂર્ણ વગેરે ઉપયોગી છે. બજારમાંથી આ ઔષધો લાવી સમાન ભાગે મેળવી સવાર-બપોર-સાંજ એમ દિવસમાં ત્રણ વાર પાણી સાથે પાવલીભાર ફાકવું.

૭. કૂકડવેલના ફળનું સૂક્ષ્મ ચૂર્ણ બનાવી તેનું નસ્ય લેવું. આ ખૂબ તીક્ષ્ણ દ્રવ્ય છે તેથી સાવચેતીપૂર્વક તેનો ઉપયોગ કરવો. આંગળીની ચપટીમાં છીંકણીની જેમ સહેજ જ ચૂર્ણ લઈને સૂંઘી શકાય. ઝડપથી મટાડવામાં આ એક ઉપયોગી પ્રયોગ છે.

૮. રોગીએ આરામ કરવો. તેનાં વસ્ત્રો, ખાવાપીવાનાં વાસણો, ટુવાલ, પથારી વગેરે અલગ રાખવાં.

૯. રોજ તાજું ગોમૂત્ર પીવાથી અથવા ગોળ-સૂંઠનું મિશ્રણ ખાવાથી કમળાનો રોગ થતો અટકાવી શકાય છે. રોગી પણ આનો ઉપયોગ કરશે તો લાભ દેખાશે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

રાવી દો, ઉલ્કાપ્રપાત કરાવો, ગમે તે કરો તો ય ઝ્યૂસની સત્તાને નિર્મૂળ કરનારનું નામ મારી પાસેથી નહિ કઢાવી શકો.'

આવો ઉત્તર છતાં ય હર્મિસે એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ એનો જવાબ સ્પષ્ટ હતો : 'ઝ્યૂસથી ડરી જઇને, દાંતે તરણું લઇને હું એનું શરણું યાચીશ એ ભ્રમ કાઢી નાખજે.'

હર્મિસની સમજાવટ તો એને વધુ ઉશ્કેરતી હોય એમ લાગતું હતું. છેલ્લી વાર એણે એને ચેતવ્યો : 'આનું પરિણામ શું આવશે, જાણે છે? આભ વાવાઝોડાં ને વીજળી ઓકશે! પાતાળ ફાટશે અને તારા સમેત આ આખીયે શિલા ધરતીમાં ગરકી જશે, તારી જીવતી કબર થશે. એક લાં...બો યુગ ત્યાં પસાર કર્યા પછી તને અજવાળું જોવા મળશે. ત્યાં તારું બંધુ થશે ઝ્યૂસનું જંગલી કાળવું શિકારી ગરુડ. રોજ સવારે એ આવશે ને તારું કાળજું ઠોલીઠોલીને કોતરી ખાશે. રાત્રે એ ઘા રુઝાશે ને દિવસે પાછો કોચાશે. એમાંથી તું ઊગરવાનો નથી. જ્યાં સુધી કોઈ દેવ જાતે તારું દુઃખ વહોરવા એ અંધારઘોર પાતાળમાં તારે સ્થાને પુરાવા આવે નહિ ત્યાં સુધી તારે ત્યાં જ સબડવાનું છે. આને તું કોઈ ઠાલી ધમકી કે બડાશ લેખીશ નહિ. ઝ્યૂસને ધમકીઓ આપવાની આદત નથી. હજી વિચાર. ખોટા મમત કરતાં સાચી શિખામણ સારી.'

જળપરીઓ અત્યાર સુધી તો શાન્ત હતી. હવે એમને પણ થયું કે હર્મિસ જાતે આવ્યો છે તો આ તક પ્રોમીથિયસે ન જવા દેવી. પીડાને નિરર્થક ન લંબાવવી. પણ પ્રોમીથિયસ એકનો બે ન થયો. હર્મિસની ધીરજ ખૂટી. એણે આદેશ આપતો હોય એમ, જળપરીઓને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું: 'પ્રચંડ પ્રલય ઊમટે, ઝંઝા વિંઝાય, ધરતી ડોલી ઊઠે, પાતાળ ફાટે ને આ આખું યે શિખર ભૂમિમાં ભંડારાઈ જાય તે પહેલાં તમે અહીંથી નાસી છૂટો.'

મોટીનો મિજાજ બદલાઈ ગયો. એનો અવાજ તેજ થયો: 'તમારે જે કરવું હોય તે કરો, પણ આ રીતે તમે અમને બિવડાવી નહિ શકો. બંધુને છોડીને નાસી છૂટીએ એવાં અમે નમાલાં નથી. અમે અહીં જ રહેવાનાં-પ્રોમીથિયસની પડખે. થવાનું હોય તે થાય. પોતાના બંધુજનોને છાંડી જનારને ધિક્કારતાં અમે શીખ્યાં છીએ. મિત્રદ્રોહથી મોટી બીજી કોઈ બદનામી નથી.' એના અવાજમાં એના નિર્ધારનો રણકો હતો, આંખમાં અજબ ચમક હતી, આફતોને ઝીલવાની તત્પરતા હતી.

'તમે જાણો! પછી નહિ કહેતાં કે ઝ્યૂસે તમને પીડયાં. શું થશે તે મેં તમને જણાવ્યું છે જ.' કહીને હર્મિસ ગયો.

કે તરત જ ધરતીકંપ શરૂ થયો. શૈલશિલાઓ દડવા લાગી. સાગરલોઢ ચડયા આકાશે, તારક સૌ બુઝાયા. આકાશ પેઠું પારાવારને તળિયે!

અકલ્પ્ય મચ્યું ધમસાણ,
વીજ, ને મેઘ તણો ગગડાટ,
ધરણીતળથી પ્રગટેલ નિનાદ,
કારમો ફેલ્યો ઉલ્કાપાત!
બડા તોતિંગ રાક્ષસી વૃક્ષોને ઉન્મૂળ ફેંકતા
ચારે પાના પવનો
માંહોમાંહ્ય ચડયાં શું યુદ્ધે?
ત્યાં એક કારમો થયો કડાકો!

—ને એક ક્ષણમાં તો પ્રોમીથિયસસમેત પેલું આખું શિખર ધરતીમાં સમાઈ ગયું! ત્યાં એ તુમુલ તોફાનને ભેદતો હતો એક બુલંદ આર્તનાદ;

ઓ મુજ પૃથ્વી માતા! ને, દ્યૌ! સૌના વરદાતા!
તેજતણી મંગલતા સૌને રવિશશી કેવી પાય
ને નીરખો આંહીં વેઠું છું હું કેવો રે અન્યાય!
ઘોર આર્ત મુજ ગૃહ શું બનશે તમસઘેરી આગર્તા?
કહો, પાવન મુજ માતા! ઓ મુજ પૃથ્વી માતા! □

વારતા ૧૩

વૈતાળ પચ્ચાસી

લીલાનગર

વિનોદ ભટ્ટ

અને ફરી એક વાર રાજા વિક્રમે સિદ્ધવડ ઉપરથી મડાને ઉતારી ખાંધે નાખી ચાલવા માંડયું ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

"લીલાનગર નામે કોઈ એક શહેર હતું. એમ કહેવાતું કે પશ્ચિમના દેશોમાંથી આવતું અનાજ ખાવાથી આ નગરની પ્રજામાં લીલાવૃત્તિ પ્રવેશી ગઈ હતી. અને હે વિક્રમ, તું તો જાણે છે કે, જેવું અન્ન ખાઈએ એવા જ ઓડકાર આવે. આ નગરની અઠ્ઠાણું ટકા જેટલી સ્ત્રીઓ પોતાના પતિને બેવફા હતી, ને બે ટકા સ્ત્રીઓ જૂઠી હતી. એ જ પ્રમાણે પુરુષોમાંથી લગભગ સાડા નવ્વાણું ટકા પુરુષો પોતાની ધર્મપત્નીઓને વફાદાર નો'તા ને બાકીનો અરધો ટકો પુરુષો, પુરુષમાં નહોતા. આમ હોવાને કારણે પતિ-પત્નીઓને એકબીજા પર સદા અવિશ્વાસ રહેતો.

એવા આ નગરમાં જોરાવરસિંહ નામે એક મલ્લ રહેતો હતો. તેને સુંદર પત્ની હતી. પણ એની ધાકથી એના ઘર સામે જોવાની હિંમત કોઈ કરતું નહિ. તે પોતાની (તેમજ અન્યની) પરણેતરને ખૂબ ચાહતો હતો.

એક દિવસ પહેલવાન પોતાની પ્રેયસીને મળવા નીકળ્યો. પ્રેયસી બાજુના નગરમાં રહેતી હતી. અરધે રસ્તે પહોંચતાં તેની આંખ ફરકવા માંડી. તેથી પોતાની પત્નીની વફાદારી અંગેના વિચારો એના મગજમાં ડહોળાવા લાગ્યા અને એ અરધે રસ્તેથી જ પાછો વળી ગયો.

ઘરમાં પગ મૂકતાં જ અત્તરની સુવાસ આવવા માંડી. પત્નીને પાસે બોલાવી તેણે કરડાકીથી પૂછયું: 'મારી ગેરહાજરીમાં અહીં કોઈ આવેલું?'

'તમારા ઘર સામે નજર નાખવાની કોની મગદૂર છે!' પત્નીએ હસીને કહ્યું. પણ આ હાસ્યમાં પહેલવાનને બનાવટ દેખાઈ. 'તો પછી ઘરમાં આ અત્તરની સુવાસ કયાંથી આવી?' પત્નીની ગળચી પકડતાં તેણે પૂછયું. 'મને તો નથી આવતી...' પત્નીએ કાંપતા અવાજે કહ્યું.

અને જોરાવરસિંહે દીવાનખંડમાં, રસોડામાં, સૂવાના ખંડમાં બધે તપાસ આદરી. પણ કોઈ હાથ લાગ્યું નહિ. શ્રમ અને ગુસ્સાથી તેના આખા શરીરે પરસેવો વળી જતાં તેણે પાછળથી ખડકી ઉઘાડી. એ ઉઘાડતાં જ એક માણસને તેણે નાસી જતો જોયો. પહેલવાને ગુસ્સાના આવેશમાં પાસે પડેલો એક મોટો વજનદાર પટારો ઊંચકી દોડી જતા માણસ પર ફેંકયો. પટારો ઊંચકવાના શ્રમથી ને પત્નીની બેવફાઈના આઘાતથી પહેલવાન ત્યાં જ ઢળી પડયો ને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું.

ફરી વાર તેણે આંખ ઊઘાડી જોયું તો ઈશ્વરના દરબારમાં ઊભો હતો.

'તું એકાએક અહીં કયાંથી આવી ગયો?' એક દરબારીએ પહેલવાનના આત્માને પૂછયું.

'મારી ગેરહાજરીમાં મારા ઘરમાં ઘૂસી આવેલા એક માણસ પર પટારાનો ઘા કરવાથી પડેલા શ્રમથી તેમજ પત્નીના બેવફાઈના આઘાતથી મારું હૃદય બેસી ગયું.' પહેલવાનના આત્માએ જવાબ આપ્યો.

'અને તું એકાએક કયાંથી?' બીજા માણસને દરબારીએ પૂછયું.

'રસ્તા પરથી હું ઝડપથી પસાર થતો હતો ત્યાં મારા પર પટારો પડયો ને હું એ પટારા નીચે ચગદાઈને મરી ગયો.' બીજો બોલ્યો.

અને એની બાજુમાં ઊભેલા ત્રીજા માણસને પૂછયું: 'અને તું?'

'એ તો મને ય ખબર નથી...' ત્રીજાએ કહ્યું."

વારતાને અહીંથી અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછયું: 'આ ત્રીજો માણસ ઈશ્વરના દરબારમાં કયાંથી પહોંચી ગયો?'

'પટારામાંથી.' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું ફરી વાર સરકીને ઝાડ પર લટકી ગયું. □

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્‌લાદભાઈ ચુ. વૈદ્ય

૨૦

ડબ્લિન · તા. ૨૧–૬–૭૦

વ્હાલાં બાળકો,

અહીં આપણા દેશની યાદ આપે તેવા બે બનાવો હમણાં બની ગયા. ગુજરાત યુનિવર્સિટીની કૉલેજના શિક્ષકોએ પરીક્ષાના પેપરો તપાસવાની ના પાડી હતી, કારણ કે ઈ. ૧૯૬૬ પછી જોડાએલા શિક્ષકોને નવા સ્કેલ પૂરેપૂરા ન આપવા એવો યુનિવર્સિટીની સિન્ડિકેટે નિર્ણય કર્યો હતો. અહીં પણ એવું જ થયું છે, પણ કૉલેજના શિક્ષકોને બદલે માધ્યમિક શાળાના શિક્ષકોએ અહીં પરીક્ષાનો બહિષ્કાર પોકાર્યો છે. કેળવણી ખાતાએ શાળાઓને સર્ક્યુલર મોકલ્યો કે મોંઘવારી ભથ્થાનો વધારો નવા જોડાએલા શિક્ષકોને ન આપવો. નવા-જૂના શિક્ષકો વચ્ચે આવો ભેદ પાડી શિક્ષકોમાં ભાગલા પાડવાની આ ચાલ છે એમ કહી ASTI (એસોસીએશન ઑવ સેકન્ડરી ટીચર્સ ઑવ આયર્લૅન્ડ)એ આ સરકારી સર્ક્યુલરનો વિરોધ કર્યો અને ઠરાવ કર્યો કે સ્કૂલ લીવિંગ પરીક્ષા (આપણી એસ.એસ.સી. જેવી)ના પેપરો શિક્ષકો નહિ તપાસે.

પણ અહીંના લોકો, સરકાર વગેરે સૌ હડતાલોથી ટેવાઈ ગયાં છે. એમ જલદી કોઈના પેટનું પાણી હાલતું નથી. ૧લી મેથી દેશની બધી જ બૅન્કો બંધ છે, પણ કોઈને કશી ચિંતા નથી. એક મહિનો પૂરો થયા પછી જૂન મહિનામાં જુદીજુદી સંસ્થાનાં નિવેદનો આવવા માંડયાં કે ભાઈ હવે કાંઈક વાટાઘાટો કરો; બૅન્કો બહુ બંધ રહી.' પણ હજુ કોઈ વાટાઘાટો શરૂ થઈ નથી. એવી જ રીતે દેશનાં સિમેન્ટનાં કારખાનાંમાં અહીં ચાર માસથી હડતાલ ચાલે છે પણ તેનો અંત આવે એવાં કોઈ ચિહ્નો અત્યારે દેખાતાં નથી.

એટલે જ્યારે શિક્ષકોએ જાહેર કર્યું કે તેઓ પેપર તપાસશે નહિ ત્યારે સરકારને જરા યે ચિંતા થઈ નહિ. કેળવણી પ્રધાને જાહેર કર્યું કે સરકારી નોકરો, વકીલો, ને એવાઓની મદદ લઈ પેપરો તપાસાવવાની વ્યવસ્થા કરવામાં આવશે, ને બીજે દિવસે છાપાંઓમાં મોટે અક્ષરે જાહેર ખબરો ય આવી કે 'Wanted Examiners'. પણ ASTI મક્કમ છે. શિક્ષકો મૂછમાં હસે છે કે જોઈએ કેવી રીતે આ બધા સિવિલ સર્વન્ટ (સરકારી નોકરો) પેપર તપાસે છે; કારણ કે છેલ્લાં ત્રણ વર્ષમાં ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમો તદ્દન બદલાઈ ગયા છે અને નવા અદ્યતન અભ્યાસક્રમમાં શિક્ષકો સિવાય કોઈને ય ગમ પડે તેવું નથી! અત્યારે પરીક્ષાઓ લેવાઈ રહી છે અને શિક્ષકોનો પરીક્ષાનો બહિષ્કાર ચાલુ છે. અને સરકાર નવા પરીક્ષકો શોધવાની વેતરણમાં છે.

આવો જ એક બીજો બનાવ પણ એ જ ક્ષેત્રમાં બન્યો છે. અહીં હમણાં પરીક્ષાની સીઝન ચાલે છે. સ્કૂલ લીવિંગ પરીક્ષાનો ગણિત-પ્રશ્નપત્ર II બહુ અઘરો નીકળ્યો ને છાપાંમાં હોહા થઈ. આપણે ત્યાં પણ અઘરો પેપર નીકળે ત્યારે છાપાં ઊહાપોહ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. અહીં એક છાપાએ તો આખો પેપર છાપ્યો, જેથી વાચક પોતાની મેળે નક્કી કરી શકે. આઇરિશ મૅથેમૅટિક્સ ટીચર્સ એસોસીએસન, માધ્યમિક શિક્ષક સંઘ, હેડમાસ્તરોનું મંડળ વગેરે છ સંસ્થાઓએ સાથે મળીને નિવેદન બહાર પાડી ગણિતના પેપરમાંથી કેટલા સવાલ થઈ શકે તેવા હતા અને કેટલા સવાલો કોઈ પણ વિદ્યાર્થી ન કરી શકે તેવા છે તેની વિગતો આપી, અને 'પેપરો તપાસવામાં ધ્યાન રખાશે' એવો કોઈ ઉપાય શકય નથી કારણ કે લગભગ ૯૦ ટકા વિદ્યાર્થીઓ બેથી વધુ પ્રશ્નો ઉકેલી જ નહિ શકયા હોય તેમ કહી તેમણે સરકારને વિનંતી કરી કે આ પેપરની ફરી પરીક્ષા લેવી. આ બાબતમાં પણ સરકાર મક્કમ જ રહી છે અને કેળવણી પ્રધાને જાહેર કર્યું છે કે આ છ સંસ્થાઓના અભિપ્રાયને પૂરું મહત્ત્વ અપાશે, પણ કોઈ સંજોગોમાં ફરી પરીક્ષા નહિ લેવાય.

ધાકધમકીથી ડરી જઈને નિર્ણયો લેવાનો કે બદલવાનો અહીં રિવાજ જ નથી અને તમારું કહ્યું સરકાર ન કરે તો પથરા લઈ કાચ ફોડવાનો યે રિવાજ નથી. છાપાંનાં નિવેદનો દ્વારા જાહેર જનતાનો અભિપ્રાય કેળવીને કામ કરવાની લોકશાહી પદ્ધતિ અહીં ઘણી જોવા મળે છે.

આવી લોકશાહી પદ્ધતિએ કામ કરવાની ટેવ અહીંના વિદ્યાર્થીઓ અને જનતાને પડી ગઈ છે તેનું મુખ્ય કારણ અહીંના રાજકીય પક્ષોની પ્રણાલિકા છે. આમ તો અહીંના રાજકીય પક્ષોનો ઇતિહાસ આપણા રાજકીય પક્ષોના ઇતિહાસ જેવો જ છે. આપણે ત્યાં ઈ.સ. ૧૯૨૧માં, ૧૯૩૦માં અને ૧૯૪૨માં અંગ્રેજ સરકાર સામે અસહકારની ચળવળ થઈ. ૧૯૪૨માં તો પાટા પણ ઊખડયા અને બૉમ્બ પણ ફૂટયા. કેટલાક લોકોનું એવું માનવું છે કે આને લીધે જનતાને સરકારનો વિરોધ કરવાની ટેવ પડી ગઈ છે અને તમને ન ગમે તેવું કાંઈ થાય તો પથ્થર લઈને ગલીમાં નીકળી પડવું એવો રિવાજ ઊભો થયો છે. પણ આ માન્યતા સાચી નથી. એમ તો જેટલા દેશ ગુલામીમાંથી છૂટયા છે તે બધા દેશોએ આપણા જેવી લડતો આપી હતી. આયર્લૅન્ડે તો ઇંગ્લૅન્ડ સામે સશસ્ત્ર બળવો કર્યો હતો. છતાં અહીં જનતાને બિનલોકશાહી રીતે વિરોધ કરવાની ટેવ પડી ગઈ નથી તેનું શું કારણ, એમ વિચારતાં મને તો લાગે છે કે આઝાદીની લડાઈ જેની મારફત આપણે લડયા હતા તે કૉંગ્રેસ અને ૧૯૪૭ પછીની કૉંગ્રેસ એ બેમાં જે મોટો તફાવત છે તે તફાવત આનું મુખ્ય કારણ છે. ગાંધીજીએ તો કહ્યું હતું કે કૉંગ્રેસનું વિસર્જન કરી એક નવી સંસ્થા સ્થાપવી જોઈએ. ગાંધીજીની દૃષ્ટિએ આઝાદી પછીનું રાજકારણ અને લોકસેવા એ બે ભિન્ન પ્રવૃત્તિઓ હતી. તેથી એક લોકસેવકસંઘ બનાવવો અને રાજકારણ માટે જુદા જુદા પક્ષો રચવા એવો તેમનો આશય હતો. આપણે તેવું કાંઈ કર્યું નહિ અને એ જ લડાયક કૉંગ્રેસ આઝાદી પછી રાજકીય પક્ષ બની ગઈ.

અહીં એવું નથી થયું. ઈ. ૧૯૨૧માં ઍંગ્લો આઇરિશ કરાર થયા અને ઇંગ્લૅંડ અહીંથી હઠી ગયું. પછી આ સંધિ સ્વીકારનારા અને નહિ સ્વીકારનારા વચ્ચે બે વર્ષ આંતરયુદ્ધ થયું. ઈ. ૧૯૨૩માં તે યુદ્ધમાં સમાધાન થયું. તે સમયે આઝાદી માટે લડનાર સંસ્થા 'સિન-ફિન'માંથી ડિ વેલેરા છૂટા થયા અને તેમણે એક રાજકીય પક્ષ 'ફીઆના ફેલ' સ્થાપ્યો. આમ, આઝાદી માટે લડનારી સંસ્થા સિન-ફિન પણ આજે આયર્લૅન્ડમાં સિન-ફિન પક્ષ તરીકે નથી. સિન-ફિન હજુ ચાલુ છે પણ તેનું કામ લોકસેવા અને પેલા આયર્લૅન્ડના ભાગલા દૂર કરવાનું છે. ફીઆના ફેલ નવો પક્ષ સ્થપાયો એટલે સિન-ફિનની લડાયક રીતો ધીરે ધીરે વિસરાઈ ગઈ અને લોકો લોકશાહી રીતે કામ કરતા થઈ ગયા એમ મને લાગે છે.

—લિ. કાકાના આશિષ

હરિ: ૐ આશ્રમ તરફનાં

જુલાઈ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર પારિતોષિક

'જાવજી દાદાજી ચૌધરી'ના લે. શંકરદેવ વિદ્યાલંકારને અને

વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક

શ્રી મુકુન્દરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે.

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૬ આદર રાખીને સ્વતંત્રતા કેળવવાની કળા

હું માનું છું કે બાળકો પોતાનાં માબાપની અસર તળે ઊછરે એ જ યોગ્ય છે. માબાપના આદર્શો ગમે તેટલા સંકુચિત હોય, હીન હોય, તો યે એ આદર્શો તળે બાળકો ઊછરે એ જ કુદરતની યોજના છે. એ વ્યવસ્થા આદર્શ ભલે ન હોય, પણ અપરિહાર્ય છે. આગળ જતાં એ અસરમાંથી ઊપજતાં ખરાબ પરિણામો ધોવાનાં રહેશે. પણ માબાપના સંસ્કારોની અસર ટાળી ન શકાય.

બાળકોને જન્મ મળે છે તે માબાપના શરીરના નિચોડમાંથી જ. પિતાનું વીર્ય અને માતાનું લોહી એકત્ર બની એકજીવ થાય છે ત્યારે બંનેના હૃદયોના સંસ્કારો પણ એમાં દાખલ થાય છે; અને આ ત્રિપુટીમાંથી જ બાળક જન્મે છે. આ વસ્તુ જો અપરિહાર્ય ગણાય અને અપરિહાર્ય છે જ, તો માતાનું દૂધ ને પિતાના સંસ્કારો એ પણ બાળકના જીવનમાં અપરિહાર્ય છે. બધાં જ માબાપ આદર્શ નથી હોતાં. ઘણાંખરાં સામાન્ય કોટીનાં હોય છે. એમનામાં ગુણ ને દોષ બંને હોય છે. (દોષ વધારે પણ હોય.) પણ એ સંસ્કારોમાંથી જ બાળકને પોષણ મળવાનું. એટલે બાળકોનાં મનમાં માબાપ વિષે પરિપૂર્ણ વિશ્વાસ અને આદર હોવાં જ જોઈએ. માબાપ વિષે પૂજ્યભાવ કેળવવાની શિખામણ બાળકોને આપવી જ જોઈએ.

એવો પૂજ્યભાવ કાયમ રહેવા છતાં બાળકો જેમ મોટાં થતાં જાય તેમ માબાપની અસરમાંથી ધીમેધીમે તેઓ નીકળી જવાનાં. માબાપને ઠેકાણે આસપાસનું વ્યાપક જીવન અને બાળકના આત્માની આંતરિક પ્રેરણા એનું જ મહત્ત્વ વધવાનું. આ જ સૃષ્ટિનો ક્રમ છે અને સંસ્કૃતિનો પણ આ જ ક્રમ છે.

માબાપની અસર વિષે ઉપર જેટલું લખ્યું છે તે ઘણું મહત્ત્વનું છે, અને એ જ ચિંતન વ્યક્તિની સ્વ-ધર્મનિષ્ઠાને પણ લાગુ પડવું જોઈએ. સ્વ-ધર્મનિષ્ઠા, સ્વ-ધર્મપાલન અને સ્વ-ધર્મનું મહત્ત્વ એ વિષે ગાંધીજીએ આશ્રમજીવનના પ્રારંભમાં ઘણું ઘણું લખ્યું ને ભારપૂર્વક લોકોને સમજાવ્યું; એટલે મેં વિદ્યાપીઠના સ્નાતકોની પ્રતિજ્ઞામાં પણ સ્વધર્મપાલનના આ તત્ત્વને સ્થાન આપ્યું. આગળ જતાં બાપુજીએ સ્વધર્મપાલન ઉપર ભાર મૂકવાનું ઓછું કર્યું, કેમ કે એમને એમાંથી ઉત્પન્ન થતી સંકુચિતતાને પોષણ આપવું ન હતું.

મેં સ્વધર્મપાલનને કોરે નહિ મૂકતા નવું સૂત્ર ચલાવ્યું: 'સ્વધર્મપાલનમાંથી સર્વધર્મ-સ્વીકાર ફલિત થવો જોઈએ. દરેક ધાર્મિક વ્યક્તિ પોતાના ધર્મની શુદ્ધિ કરે, વૃદ્ધિ કરે અને બીજા લોકોના ધર્મમાંથી જે ગમે તે ગ્રહણ કરતા જાય. આમાંથી સર્વધર્મ સમન્વય ખીલે એ ઈષ્ટ છે.

માબાપની અસર અને એમના સંસ્કારો નાનપણમાં સ્વીકાર્યા પછી અને એમને વિષે આદર કેળવ્યા પછી ઉમર વધતાં વિવેકબુદ્ધિનો સ્વીકાર કરવો જોઈએ. આવડો મોટો સિદ્ધાન્ત રજૂ કર્યા પછી છેક તુચ્છ ગણી શકાય એવા બે પ્રસંગો મારા જીવનમાંથી અહીં ટાંકવા માગું છું.

નાનપણથી લોકોને પાણીમાં તરતા જોઈ મને એની અદેખાઈ આવતી. મારા મોટા ભાઈ પાણીમાં ચત્તા તરતા રહે એ જોઈને મને મઝા પડતી, પણ મને પોતાને કોઈ તરતાં શીખવા દે નહિ. હું આજ્ઞાધારક પુત્ર: માબાપની આજ્ઞા માનીને ચાલું. જે દિવસે કૉલેજમાં જવા ઊપડયો ત્યારે માએ કહ્યું: 'દત્તુ, પાણીમાં તરવાનો શૉખ કરીશ મા. અમે ત્યાં જોવા આવવાનાં નથી; માટે આટલું ખાસ કહું છું.'

મેં અત્યંત આદરપૂર્વક માને કહ્યું: 'મા, એ બનવાનું નથી. ખોટીખોટી હા પાડું એ મારા સ્વભાવમાં નથી. કૉલેજમાં જતાંવેંત વહેલામાં વહેલી તકે હું તરતાં શીખવાનો જ. પણ એટલું વચન આપું છું કે હું જોખમ નહિ ખેડું, ખૂબ સાવચેતીથી ચાલીશ.'

ત્યાર પછી મેં તરવાની કળા કેમ કેળવી એ વિષે મેં ક્યાંક લખ્યું છે.

બીજી વસ્તુ એનાંથી યે નજીવી હતી ને તે પથારીબિસ્તર વિષેની. મા કહે કે, 'શેતરંજી, પથારીની ગાદી, ઉપર ઓછાડવાની ચાદર ને ઓઢવા માટેની ચાદર તથા કામળો આટલાં તારે સાથે રાખવાં જ જોઇએ.' મેં કહ્યું: 'આ બધી વસ્તુઓ સાથે લઈ જવાની ના નથી, પણ મારે ખડતલપણું કેળવવું છે; એટલે એ બધી વસ્તુઓ નિશ્ચે વાપરવાનું વચન આપતો નથી.'

બિસ્તરમાં એકને બદલે બે શેતરંજીઓ લેવાનું મેં પસંદ કર્યું. કૉલેજમાં ગયા પછી ફક્ત એક શેતરંજી પાથરીને એના ઉપર સૂઈ જતો. બાકીનું બિસ્તર ઘેરથી જેવું બાંધેલું લઈ જઉં એવું ને એવું જ, છ મહિનાના સત્રને અંતે પાછું ઘેર આવી જતું. મા સમજી ગઈ અને એણે મને પૂછવાનું છોડી દીધું. અને હું પણ રજા પૂરી થતાંવેંત બિસ્તરનો એ જ વીંટો ઘેરથી કૉલેજ લઈ જતો, ઓરડીમાં બાજુએ મૂકી દેતો અને વર્ષને અંતે એને ફરી ઘેર લઈ જતો. મારા આ નિષ્કામ કર્મની બિસ્તરના વીંટા ઉપર શી અસર થઈ એ હું જાણતો નથી. કહે છે નિષ્કામકર્મ મોક્ષધર્મને પોષક છે. તો એ વીંટો પણ 'મોક્ષધર્મનો અધિકારી' થયો હશે. જોકે એને 'દોરીના બંધનમાં કાયમ રહેવાની ટેવ' પડી હતી.

હું સ્વભાવે પ્રચારક. જે વસ્તુને સ્વીકારું એનો સમાજમાં પ્રચાર પણ કરતો જાઉં. એટલે રજામાં ઘેર ગયા પછી માબાપના દેખતાં જ તરવાની કળાનો પ્રચાર કરું, અને તારુણ્યમાં વિલાસવૃત્તિ ટાળી ખડતલપણું કેળવવાના મહત્ત્વનો પણ પ્રચાર કરું.

મારે કબૂલ કરવું જોઈએ કે હવે હું ઉમરે મોટો થયો છું, પોતાની લાગણીઓ અને પોતાના આદર્શો પ્રમાણે જીવવાનો મને હક છે, એ વસ્તુનો સ્વીકાર, મને-ક-મને, મારાં માબાપે કર્યો.

ઘેર પણ અબોટિયું પહેર્યા વગર હું જમવા લાગ્યો. પિતાશ્રીથી એ સહન ન થાય. એટલે જમવા ટાણે મને તે પોતાની હારમાં (પંક્તિમાં, પંગતમાં) જમવા બેસાડે નહિ; છતાં મને દૂર પણ ન કરે. એટલે મને પોતાની પાસે, પણ કાટખૂણે જમવા બેસાડે: નજીકમાં નજીક અને છતાં એક પંક્તિમાં નહિ! કેટલી એમની રૂઢિધર્મ પ્રત્યેની નિષ્ઠા, અને સાથેસાથે પ્રેમધર્મને સાચવવાની કળા! એની મારા જીવન ઉપર અદ્‌ભુત અસર થઈ છે. જ્યાં મતભેદ હોય ત્યાં પોતાના વિચારનો આગ્રહ કાયમ રાખવા છતાં આત્મીયતા ઓછી થવા ન દેવી, એ વસ્તુ એક શબ્દનો યે ઉપદેશ કર્યા વગર પિતાએ મને શીખવી. અને એ જ વસ્તુ મને સર્વધર્મ-મમભાવ અને સર્વ-સંસ્કૃતિનો સમન્વય કરવાની કળા શીખવે છે. મારા પિતાશ્રીએ આટલું ઊંડું ચિંતન ન પણ કર્યું હોય, પણ જીવનપ્રત્યેની વફાદારીમાંથી જ એ તત્ત્વ એમનામાં ઊગ્યું હતું એ આજે મને વધુ ને વધુ સમજાય છે.

છેક નાનપણમાં માબાપ પ્રત્યે જે આદરભાવ અને પૂજ્યભાવ મેં કેળવેલો તેમાંથી જ આ બધું મને મળ્યું છે, અને તેથી જ માબાપ પ્રત્યેનો પૂજ્યભાવ એ સંસ્કૃતિનો પાયો છે એમ કહેતાં મને જરા યે સંકોચ નથી જણાતો. □

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૧ · સજાતિ કામના]

સંવેદના-ભરપૂર તારુણ્યમાં મિત્રતા પછી બીજું તત્ત્વ પ્રેમનું છે જેમાંથી શારીરિક સ્પર્શસુખની તલસાટ જાગે છે

પુત્રીની ખોટ વિષે નિરંતર બળાપો કરતાં માબાપનો પુત્ર સ્ત્રૈણ બનવા પ્રતિ ઢળી પડે છે.

કામુકતાના અને ભીરુતાના આવેગ વચ્ચે ઝોલાં ખાતો તરુણ સજાતીય સંબંધમાં ધકેલાય છે.

શરીરના અંતર્ગત ફેરફારોના કારણે થતી લૈંગિક ઉત્તેજનાની અસર વ્યક્તિના આચાર-વિચાર ઉપર પણ પડે છે. સંવનનકાળમાં સૌંદર્યમંડિત પંખીઓ જેમ સામી જાતિને રીઝવવા છટા, અદા અને પૂરી શક્તિથી પોતાની જાતનું પ્રદર્શન કરે છે તેમ તરુણો પણ સામી જાતિને આકર્ષવા જાણ્યે-અજાણ્યે પોતાની શક્તિ અને પ્રવીણતાનો દેખાવ કરવા માંડે છે. જ્યારે તરુણી સ્ત્રીત્વભર્યાં માર્દવ, લજ્જા અને લટકાળી રીતભાતથી વધુ આકર્ષક બને છે. આમ, બન્નેમાં પરસ્પર આકર્ષણ અને જાતિનેય કામના પ્રકટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ જાતિનેય વિકાસનું પ્રમાણ, ઉત્કટતા અને કામાવેગની સંવેદનાઓની અસર તરુણે તરુણે જુદી હોય છે. આખરે મોટા ભાગના લોકોની જિંદગીમાં આ કામાવેગ જ તેમના આચરણનું એક બલિષ્ઠ પ્રેરક બળ બને છે. પણ બાળપણમાં વધારેપડતું શિસ્ત-પાલન, માતાએ દીકરાનો દીકરીના જેવો કરેલો ઉછેર, છાત્રાલયનું નિરંકુશ જીવન, પોતાને અનાકર્ષક ધારી સામી જાતિ સાથેના પરિચયનો ક્ષોભ વગેરે અનેક કારણોસર તરુણની કામોત્તેજનાઓ સ્વાભાવિક વલણ લેવાને બદલે વિપથગામી બને છે, ને તરુણ કાં તો હસ્તમૈથુનને રવાડે ચડી જાય છે યા સજાતીય આકર્ષણમાં લપટાય છે.

હસ્તમૈથુનની ટેવ એ એક વળગાડ છે. ક્વચિત્ એકાકીપણામાં સંતોષ ન મળવાથી સમાન છંદવાળા સાથીદાર સાથે તે કૃત્ય સહિયારું બને છે. કદીક મિત્રતાની લાગણીનો દૃઢ સંબંધ સજાતીય આકર્ષણનું વિકૃત રૂપ ધારણ કરી સજાતીય શારીરિક સંબંધમાં પણ ઢળી પડે છે. સમય જતાં તેની આસક્તિ વધી તેમાં બેશરમીની હદ સુધી તે જડ ઘાલે છે.

બાળપણમાં રમતગમત પૂરતી દોસ્તી જામે છે. યૌવનમાં પરસ્પર વિશ્વાસ વધી મિત્રતાની ગાંઠ બંધાય છે. મોટી ઉંમરના માણસોમાં તો સરખેસરખાની મિત્રતા જામે છે, પણ તરુણોની મિત્રતાની લાક્ષણિકતા એ છે કે બે મિત્રોમાંથી એક વધુ ક્રિયાશીલ તો બીજો વધુ નિષ્ક્રિય, એક નેતા તો બીજો અનુયાયી જેવા હોય છે.

તારુણ્યની સંવેદનાભરપૂર જિંદગીમાં મિત્રતા પછી બીજું તત્ત્વ પ્રેમનું છે. સૌન્દર્ય, આકર્ષકતા અને શારીરિક શક્તિની ઓથે પ્રેમ પાંગરે છે. આમાંથી સ્પર્શ, આલિંગન, થાબડવું, ચુંબન આદિ શારીરિક સ્પર્શસુખ મેળવવા તલસાટ જાગે છે, જે છેવટે વિષયેચ્છા ભણી ઢળે છે. તેનાં અનેક કારણો હોઈ શકે, પરંતુ કામુકતાનો અતિરેક તેમાં મુખ્ય છે. બીજું, કેટલાકનું માનસ જ તાબેદારી ઉઠાવવા જ્યારે કેટલાકનું દાદાગીરી કરવા ટેવાએલું હોય છે; એટલે તેમાં મોટો કે સશક્ત મિત્ર નેતા કે સ્વામી જેવો અને બીજો તેનો તાબેદાર બની રહે છે.

અન્ય તરુણો જ્યારે 'તરુણીઓ' તરફ આકર્ષાય છે ત્યારે કોક તરુણને બીજા 'તરુણ' માટે કુણી લાગણીઓ કેમ પેદા થતી હશે? આનાં ઘણાં કારણો છે. ઉછાળા મારતી સંવેદનાઓનાં વરસોમાં તરુણને કન્યાની સોબત ન મળે ત્યારે જે મળી આવે તેના ઉપર એટલે કે બીજા 'તરુણ' ઉપર તે પ્રેમ ઢોળે છે. આ છે તો એક કામચલાઉ તબક્કો, પણ તે એક વિકૃતિ જ છે. એમાંથી સંયમપૂર્વક નીકળી જાય તો યુવક લગ્નજીવનમાં પડી સ્વાભાવિક જીવનધરેડમાં જોતરાઈ જાય છે.

તદ્દન શિશુ અવસ્થામાં લાગણીનાં પ્રથમ અંકુર ફૂટે ત્યારે બાળક સૌ પ્રથમ પોતાને પોષનાર સ્તન પ્રતિ ને પછી તે દ્વારા પોતાને જીવાડનાર માતા તરફ પ્રેમ ઢાળે છે. કુદરતની આ સ્વાભાવિક પ્રક્રિયા છે. પ્રેમસંબંધનાં આ મૂળ જિંદગી પર્યંત કાયમ રહેતાં હોય તેમ, મોટા ભાગના લોકો સ્ત્રીના સ્તનમાં એક પ્રકારની તૃપ્તિ અનુભવે છે. તરુણ માટે સ્ત્રી સાથેનો આ મૂળનો સંબંધ યૌવનમાં વિજાતીય કામનાનો પાયો બને છે.

કોકને બાળપણથી પરાયા માટે એક પ્રકારનો અજ્ઞાત ભય હોય છે. શાળામાં સહાધ્યાયીઓ જોકે પરાયા હોય છે, પણ તે પોતાની જ જાતિના હોઈ તેમાં પરાયાપણું ઓછું લાગે છે. પણ તારુણ્યમાં પ્રવેશતાં જ્યારે તેનું મન કન્યા તરફ ઢળવું જોઈએ ત્યારે એને તેના માટે કોઈ અજાણ્યો ભય લાગે છે. આ સ્થિતિમાંથી પાર ઊતરવા આત્મવિશ્વાસ, નિર્ધાર અને હિંમત જોઇએ છે. એને અભાવે, એક તરફ પોતાની ભીરુતા અને બીજી બાજુ કામુક્તાનો આવેગ એને સજાતીય સંબંધમાં ધકેલી દે છે.

માબાપ પ્રત્યેની લાગણીની અતૃપ્તિ પણ બાળકને વિપથગામી બનવા પ્રેરે છે. બાળપણમાં માબાપનો પૂરતો પ્રેમ મળ્યો ન હોય ત્યારે તેનું દુઃખ ભરપાઈ કરવા તે પોતાના તરુણ સજાતિ સાથીને, મા કે બાપના વહાલની જેટલી ઇચ્છા અધૂરી રહી હોય તે પ્રમાણે ચાહે છે.

બાળક પોતાની જાતિ પ્રમાણે મા કે બાપને વિશેષ ચાહે છે અને તે પ્રમાણે પોતાની જાતને ઘડે છે. પણ કોઈ વાર દીકરીની તીવ્ર ઇચ્છાવાળાં માબાપની નિરાશાના બોલ વારંવાર સાંભળી દીકરો, દીકરી થવાની તીવ્ર ઇચ્છાસર, બોલછા, લટકાં, રમતગમત આદિ દરેક બાબતમાં નારીજાતિનું સ્વભાવ વૈચિત્ર્ય ધારણ કરે છે. પોતાની જાતને સ્ત્રી તરીકે કલ્પીને એ અજાણપણે સ્ત્રૈણ રીતભાતો અપનાવે છે, જેનો અતિરેક આગળ જતાં તેનામાં સજાતિ આકર્ષણ અને પછી સજાતીય કામુક્તા (હોમોસેક્સુઆલિટી)માં પરિણમે છે.

કોઈ નિરાશ્રિત તરુણ આધાર ને સલામતીની શોધમાં હોય ત્યારે, તેને માત્ર પોતાની કામવૃત્તિ સંતોષવા ખાતર જ આશ્રય આપવા તૈયાર થએલા વિકૃત માનસવાળા આશ્રયદાતાની ફસામણીનો પણ તે ભોગ બને છે.

જાતીય સંબંધો ને વાસનાતૃપ્તિ માટેના ચિત્રવિચિત્ર વિકૃત ખયાલો પણ કેટલાકને સજાતીય સંબંધો બાંધવા પ્રેરે છે. પરંતુ કેટલાકને તો સામી જાતિ પ્રત્યે બિલકુલે આકર્ષણ જ થતું નથી. આવી સ્ત્રી જોકે પરાણે પુરુષ સાથે દેહસંબંધમાં જોડાઈ શકે છે, પણ આવા પુરુષને સ્ત્રી માટે કંઈ આકર્ષણ જ હોતું નથી; ઇચ્છવા છતાં ય આ જાતિનેય સ્વભાવ બદલાતો નથી. જ્યારે બીજી બાજુ તે લૈંગિક પ્રેમ છોડી શકતો નથી. આથી તે અનુકૂળ પુરુષને શોધી કાઢી તેની સાથે અનૈતિક સંબંધમાં જોડાય છે.

કેટલીક વ્યક્તિના શરીરમાં બીજગ્રંથિઓ અને શુક્રગ્રંથિઓ બન્ને હોવાથી તે ઉભયલિંગી (હર્મોફ્રોડાઈટ) હોય છે. એમને જાતીય આચરણ સ્વીકારવાનું મુશ્કેલ થઈ પડે છે. કાં તો તે સ્ત્રી કે પુરુષની ભૂમિકામાં સ્થિર થાય છે તથા સજાતિ કામુકતા ધારણ કરે છે, ને સાથી મળી આવતાં તેમનું મંડળ જામે છે. તેઓ એકબીજાને પંપાળવું, ચુંબન કરવું આદિ વિજાતિ કામુકતાની ક્રિયાઓ કરે છે, થોડા જણ ગુદામૈથુન (સૉડૉમી)ની ક્રિયામાં રાચે છે. ગુદામૈથુનમાં રાચતા ક્રિયાવાન સજાતિ કામુક પુરુષ આવા તરુણોને ભોળવી, લલચાવી કે ગભરાવીને સ્વાર્થ સાધી લે છે. કેટલાક ભોગ બનેલા તરુણો પછી પોતાની જાતને ખામીભર્યા સમજી એવા તો

ત્રાસી જાય છે કે પોતાની કામુકતા ખોઈ બેસે છે. વારંવારના અનૈતિક સંબંધથી તેમની જન્મજાત કામવૃત્તિ કાયમના માટે વિકૃત બને છે. માટે ભોળા તરુણોએ સજાતિ કામુક પુરુષથી ખૂબ ચેતતા રહેવાનું છે.

કન્યાઓની સંવેદનાઓનો વિકાસ તરુણો કરતાં ઘણી રીતે જુદો પડે છે. તેમને માતા માટે અનન્ય ભાવ હોય છે. માતા પ્રત્યેના અચળ પ્રેમમાંથી તે અન્ય યુવતીઓ સાથે ગાઢ સંબંધ બાંધવાનું શીખે છે, છતાં તેના વિજાતિ સંબંધમાં કશી ઊણપ નથી આવતી. પરણીને એ પતિ સાથે પ્રેમમય જીવન ગુજારે છે. પણ કોક વાર—ક્વચિત્ એક તરુણી બીજી તરુણીના જ પ્રેમમાં પડે છે. તેના લાગણીના સંબંધો માત્ર સ્ત્રીજાતિ સાથે જોડાય છે અને તે સજાતિ કામુકતા ધારણ કરે છે! પુરુષો પ્રત્યેના લાગણીના કોક અંતરાયના કારણે પણ સ્ત્રી સ્ત્રીને ચાહતી થાય છે; જે 'લેસ્બીઅન લવ'ના નામે ઓળખાય છે. કન્યાને લાગણીની પક્વતા મેળવવામાં મુશ્કેલીઓ પડે છે. આ કારણે તે પુરુષ કરતાં લગ્ન વગર કે લૈંગિક સંતોષ પામ્યા વગર જીવન પસાર કરવાની વધારે તાકાત ધરાવે છે. તરુણ કરતાં તરુણીઓમાં જોકે સજાતિ સંબંધનું પ્રમાણ ઓછું હોય છે. લગ્નમાં દુ:ખી થએલી અને અપરિણીત સ્ત્રીઓ કે પુખ્ત વયની સ્ત્રીઓ સજાતિ સંબંધમાં સરળતાથી ઢળી પડે છે.

સ્ત્રી અને પુરુષમાં આમ સજાતિ આકર્ષણનું વલણ અપક્વ લાગણીઓના કારણે શરૂ થાય છે. અલબત્ત, ત્યારે એમાં દૈહિક સંબંધની લાલસા હોતી નથી. પણ તે લાંબો વખત ચાલુ રહેતું નથી. ઘણા જણ માટે પુખ્ત વયે પહોંચતાં અગાઉનો તે એક તબક્કો છે. પણ પુખ્ત વય થવા છતાં ય જો પુરુષ પુરુષને પ્રેમ કરતો રહે અને અન્યોન્ય વિષયાસક્તિ ધારણ કરે એ એક વિકૃતિ જ નહિ, સામાજિક અનિષ્ટ છે અને તેથી મોટા ભાગના દેશોમાં એ ગેરકાનૂની લેખાય છે.

ઘણા યુવાનો લિંગના કદની ચિંતા, શંકા અને મૂંઝવણ વેઠે છે. આવી મન:સ્થિતિ પણ તેમના વ્યક્તિત્વ ઉપર અસર પાડે છે. ઘણા તેના કદને પૌરુષેય શક્તિનું મૂલ્યવાન લક્ષણ ગણે છે. પરંતુ શરીરના કદ-બાંધાને શિશ્નના કદ સાથે કશો સંબંધ નથી. મોટા શરીરમાં તે નાના કદનું અને નાના શરીરમાં મોટા કદનું હોઈ શકે છે. આમ, તેના કદમાં વ્યક્તિગત ફેરફાર રહે છે. શિશ્નના કદને અને કામશક્તિને કશો સંબંધ નથી.

ગુહ્યાંગને લગતી યુવાનોને સતાવતી બીજી ચિંતા શુક્રગ્રંથિઓના ઘાટની છે. ઘણુંખરું વ્યક્તિની ડાબી શુક્રગ્રંથિ જમણી કરતાં વધારે નીચી લબડતી રહે છે. આ સામાન્ય છે. કદીક એક શુક્રગ્રંથિ વૃષણમાં આવતી જ નથી યા તો અધૂરી આવે છે. કદીક બન્ને શુક્રગ્રંથિઓ અધૂરી ઊતરે છે. આ છેલ્લી સ્થિતિ બરાબર નથી. યુવાનો અજ્ઞાનતા કે શરમને લીધે યા તેને પૌરુષેય હીનતારૂપ સમજી તે વિષે વડીલોને કહેતાં પણ અચકાય છે. પણ લગ્નજીવનમાં પડતાં અગાઉ આના વૈદકીય ઉપચાર કરાવી લેવા જોઇએ. માત્ર એક નાની શસ્ત્રક્રિયાથી આ ખામી સરળતાથી સુધરી જાય છે.

આવી જ તકેદારી શિશ્નના ફૂલને ઢાંકતી ચામડી અંગે પણ રાખવાની છે. સામાન્ય રીતે આ ચામડી સહેલાઈથી પાછી ખેંચાય છે ને ફૂલનો ભાગ ખુલ્લો થાય છે. મોટા ભાગની સમજુ માતાઓ શિશુવયથી જ બાળકની આ ચામડી પાછી ખેંચી ફૂલને સાફ કરતી રહે છે. એવું ન બન્યું હોય તેથી પણ કોઈકને આ ચામડી પાછી ખેંચી શકાતી નથી. આ ચામડીની અંદરની બાજુમાં સફેદ ચીકણો સ્રાવ પેદા થાય છે, જે શેફમળ (સ્મેગ્મા) કહેવાય છે. રોજ નાહતી વખતે ફૂલ ઉપરની ચામડી પાછી ખેંચી શેફમળ સાફ કરવો જોઇએ. કેટલાક અજ્ઞાનતાથી, બાથરૂમમાં નાહવાની સગવડ ન મળવાથી કે ફૂલ પરની ચામડી પાછી ન ખેંચાઈ શકવાથી શેફમળ સાફ કરતા નથી. આ એક પ્રકારની ગંદકી છે. એ દૂર થવી જ જોઇએ. નહિતર અંદર ખજવાળ ઊપડવાથી જાહેરમાં

લઘુકથા

'સંસ્મૃતિ'

રમેશ ત્રિવેદી

દીનાનાથ સાંજે મોડા ઑફિસેથી ઘેર આવે છે. સાઈકલને તાળું મારી, મોં પરનો પરસેવો લૂછતો એ બારણામાં પગ મૂકવા જાય છે, ત્યાં જ અંદરનું દૃશ્ય જોતાં એના પગ ઉંબરા પર જકડાઈ જાય છે. ખંડમાં એની પત્ની દક્ષા પૂંઠ વાળીને દીવાલ પરની છબીને અપલક નજરે તાકતી ઊભી છે. દીનાનાથ બારસાખનું આલંબન લઈ દક્ષા સામે, છબી સામે નજર ઝુલાવતો ઊભો રહે છે. અને એની આંખો સામે સ્મૃતિઓનાં ચામાચીડિયાં ઊડવા માંડે છે.

—આંખો, હોઠ, રૂપ-રંગ, બધું જ તમારા જેવું જ છે નહિ?...

—કહું છું, આજે ટીનિયો ઘૂંટણિયે ચાલીને છેક પરસાળ સુધી ગયો હતો...

—અરે! આજે તો ટીનિયાએ મને 'મમ્મી' કહીને બોલાવી હતી...

—જુઓ તમારા લાડકાનું પરાક્રમ...કપ-રકાબીનું સ્ટૅન્ડ નીચે પાડયું. અને...

—આજે તો ટીનિયાએ રઘવાઈ રઘવાઈ કરી મૂકી મને. જુઓ આ શો-કેસનો કાચ...

આ સિત્તેર રૂપિયાની ટ્રાઇસિકલની દશા તો જુઓ જરા...

—આજે ટીનિયાનું શરીર સહેજ ગરમ લાગે છે. ક્યાંક કોઈની નજર તો... અને...અને...અને...

'આવી ગયા?'

'હં...હા!'—દીનાનાથ ચમકે છે, અને પત્નીના રટમસ ચહેરા સામે સૂની આંખે તાકી રહે છે.

ઉભય અકલિત મૌન ઓઢીને ઘરમાં જાય છે અને અંદર પડેલા પારણા પાસે જઈને ઊભાં રહે છે. એકસાથે ચાર આંખો પારણામાં સૂતેલા પુષ્પપુંજ સમા બાળક પર મંડાઈ જાય છે.

પડખે ઊભેલી પત્નીની નજર ચુકાવીને દીનાનાથ તિર્યક દૃષ્ટિએ સામે દીવાલ પર ટાંગેલી નાનકડી છબીને જોઈ લે છે. અને એ જ ક્ષણે એનું કઠણ કાળજું પીંજાઇ ઊઠે છે. એની હૃદયગુહામાંથી જાણે કે વિષાદઘેરો સૂર પડઘાય છે: 'બેટા ટીનુ, કેવો યોગાનુયોગ છે...આજે નાના ભૈની જન્મતિથિ છે—અને તારી પહેલી પુણ્યતિથિ...'

એકાએક દક્ષાની નજર પતિના ચહેરા પર પડે છે. અને એ એના વિષાદને કળી જાય છે. પોતાના હૃદયપાત્રમાં ઘૂંટાઈ રહેલી વેદનાને ઘડીભર ગોપવી દઇને એ મોટેથી હસી પડે છે: 'અરે, જુઓ તો ખરા! આ નાનકો ય ખરો છે હોં! ઊંઘમાં પણ હસ્યા કરે છે...'

ખંજોળવાની અશિષ્ટ પ્રવૃત્તિ કરવી પડે છે. વળી, એ ગંદકીને કારણે બીજી રોગિષ્ટ સ્થિતિ પણ પેદા થાય છે. આવું થતાં ફૂલ પરની ચામડી વધારે સજ્જડ બને છે. ફૂલ ઉપર જામેલો શેફમળ અને સજ્જડ ચામડી રાતના શિશ્નના ઉત્થાનનું ને વીર્યસ્રાવ થવાનું કારણ પણ બને છે. વળી, પરિણીત જીવનમાં પ્રથમ સંભોગ વખતે સજ્જડ ચામડી એકાએક પાછળ ખેંચાવાથી ફૂલીને ટેટા જેવી બની 'પેરાફાઇમોસિસ' નામની વેદનાભરી સ્થિતિ ઊભી થાય છે, જે માટે તાત્કાલિક વૈદકીય સારવાર માટે દોડવું પડે છે. આવી સ્થિતિમાં મુકાવું ન પડે તે માટે ફૂલ ઉપરની ચામડી જો સરળતાથી પાછી ખેંચાતી ન હોય તો તેને કાપી નાખવાનું—સુન્નત (સર્કમસિસન)નું ઑપરેશન કરાવી લેવું જોઇએ. એમાં કશું નુકસાન નથી. મુસલમાનો અને યહૂદીઓમાં તો એક ધાર્મિક સંસ્કાર તરીકે બહુ નાનપણમાં જ સુન્નત કરવામાં આવે છે. □

ટિકિટ સંગ્રહ

ઇઝરાએલની કેટલીક નવી ટિકિટો. બાજુની પહેલી હારમાં ઉપરની ત્રણે આડી ટિકિટો એક સરખી કિંમતની હોવા છતાં તેના પર ત્યાંની નાટ્ય-પ્રવૃત્તિનાં ત્રણ જુદાંજુદાં સૂચક ચિત્રો છે – જેમાં નૃત્ય નાટક, સંગીત નાટક અને ગદ્ય નાટકનું આલેખન છે. તેની નીચેની બે ટિકિટોમાં પહેલી ત્યાંના ટ્રેડ યુનિયન્સ ઑર્ગેનિઝેશનની જ્યૂબિલી નિમિત્તની તથા બીજી રાષ્ટ્રના ત્રેવિસમા સ્વાતંત્ર્યદિને દેશના મૃત સૈનિકોને અંજલિ આપવા નિમિત્તની છે.






જમણી બાજુ મથાળાની ચાર ટિકિટો પર જેરૂસલેમના સાડા ચાર સદી જૂના ગઢના ચાર દરવાજાનાં ચિત્રો છે. વિવિધ કિંમતની આ ચારે ટિકિટો એક જ શિટ પર છાપી છે. આ જ ટિકિટો આનાથી દોઢા કદમાં છૂટી પણ છપાઈ છે. તેની નીચેની વચલી ચાર ટિકિટો પર ત્યાંનાં પ્રાણીઓનાં ચિત્રો છે. છેલ્લી ત્રણ ઊભી ટિકિટો 'હેપોલ' રમતોત્સવ નિમિત્તની છે. આ બધી ટિકિટો તેના મૂળ કદમાં અહીં આપી છે. એની નયનઆકર્ષક રંગભભક તો આ એકરંગી છાપમાં નથી ઊતરી શકતી પણ એના વિષય, ચિત્રશૈલીઓ અને સંયોજનોનું વૈવિધ્ય નોંધપાત્ર છે. (પ્રેષક: કિરણચંદ્ર જોષી – અમદાવાદ-૧)

જર્મનીની ત્રણ નવી ટિકિટો

બાજુની ત્રણ ટિકિટો પશ્ચિમ જર્મનીની છે. એમાં પહેલી ટિકિટ ઑાસબર્ગમાં કૅથોલિક ને પ્રોટેસ્ટંટ દેવળોની અમુક ધર્મપ્રવૃત્તિઓના ઐક્ય અંગે મળેલા અધિવેશન પ્રસંગની, બીજી ટ્રાફિકના ત્યાં નવા નિયમો અપનાવ્યા તે નિમિત્તની અને છેલ્લી નાનાં નાનાં રાજ્યો એક થઈ જર્મન 'રાઈક' સ્થપાયાની શતાબ્દી પ્રસંગની છે.
(પ્રેષક: અરવિંદ કાટપિટિયા – મેઈન્ઝ)





પચ્ચીસ વર્ષ પહેલાં





હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની કલમે લખાએલા બંગાળ 'શિલ્પપરિચય'નો 'ચિત્ર-વિજ્ઞાન' નામથી શ્રી અપર્ણાબેન ત્રિવેદીએ કરેલો અનુવાદ, જનસામાન્યને પણ સમજાય તેવી સાદી સરળ રીતે અને સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રો સાથે લેખમાળા રૂપે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પ્રકટ થયો હતો. કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી એ અત્યંત ઉપયોગી લેખમાળાનો પહેલો હપતો હોવો જોઈએ.

ચિત્ર કોને કહેવાય? એક તો એ, કે જેને જોવાથી આંખ તૃપ્ત થાય તે દૃષ્ટિમધુર સામગ્રીનું નામ ચિત્ર; ને બીજું: જેનાથી ચિત્ત કે મનને તૃપ્તિ અથવા આનંદ થાય તેનું નામ ચિત્ર.


પહેલાં તો, આંખને તૃપ્તિ કોનાથી થાય અને કેમ થાય તેનો વિચાર કરીએ. પ્રકૃતિનાં જુદાંજુદાં રૂપોની આકૃતિઓ ઘણી જુદીજુદી જાતની રેખાઓ વડે બનતી હોય છે. એમાં બે જાતની રેખાઓ મુખ્ય છે: સરળ રેખા—સીધી લીટી (જુઓ નીચે ચિત્ર નં. ૧); અને બીજી: વક્ર રેખા—વાંકી લીટી (જુઓ ચિત્ર નં. ૨). પ્રકૃતિની જુદાંજુદાં રૂપોની આકૃતિઓ મુખ્યત્વે આ બે જાતની રેખાના સમાવેશથી બનાવાય છે (ચિત્ર નં. ૩). કોઈ કોઈ રૂપમાં સીધી રેખા મુખ્ય હોય છે. દાખલા તરીકે સાધારણ પહાડનું રૂપ (ચિત્ર નં. ૪); ત્યારે કોઈ કોઈ રૂપમાં વક્ર રેખા મુખ્ય હોય છે. જેમ કે ઝાડનાં પાંદડાં ચિત્ર નં. ૫). સાધારણરીતે સીધી અને વાંકી રેખાના જુદા જુદા મિશ્રણ વડે પ્રકૃતિનું રૂપનિર્માણ થયું છે. (ચિત્ર નં. ૩). કોઈ પણ રેખા જોતી વેળા આપણે આંખની કીકી ફેરવવી પડે છે. કીકીની બે બાજુની માંસપેશીની મદદથી આપણે તે ફેરવી શકીએ છીએ (ચિત્ર નં. ૬). સીધી રેખા પર આંખ ફરતી વેળા આ માંસપેશી એકસરખી રીતે હાલે છે; ઊંચીનીચી કરવી પડતી નથી. પણ વાંકી રેખા (ચિત્ર નં. ૭) જોતી વખતે આંખની કીકીને માંસપેશી એક વાર એક તરફ ઠેલે છે, ને થોડી વાર પછી બીજી તરફ ઠેલે છે (ચિત્ર નં. ૮). કીકીની આ બે જાતની ગતિમાં જ્યારે એક તરફની માંસપેશી કામ કરે છે ત્યારે બીજી વ્રરફની માંસપેશી વિસામો લે છે. તેથી ગોળાકૃતિ અથવા વાંકી રેખાથી આંકેલા ચિત્ર પર ફરતી વખત આંખને કંઈ કષ્ટ તો થતું જ નથી, બલ્કે આરામ મળે છે; કારણ કે એમાં એક પછી એક એમ બંને માંસપેશીને વારાફરતી વિસામો મળી રહે છે (ચિત્ર નં. ૯). ઊલટું ઘણી લાંબી સીધી રેખા જોતાં આંખને થાક લાગે છે, કારણ કે તેમાં માંસપેશીને ઘણી વાર સુધી એક જ જાતનો પરિશ્રમ કરવો પડે છે.

ચિત્ર નં. ૧







←ચિત્ર નં. ૨




←ચિત્ર નં. ૪




←ચિત્ર નં. ૫→





ચિત્ર નં- ૩



ચિત્ર નં. ૬

ચિત્ર નં. ૮→



ચિત્ર નં. ૭→





ચિત્ર નં. ૯→





નં. ૧૦

વળી ઊંચીનીચી સીધી રેખાથી આડીઅવળી (zigzag) રેખા પર આંખ ફરે છે ત્યારે આંખની કીકી એ રેખાના દરેક ખૂણે અટકે છે ને માંસપેશીને વચ્ચે વચ્ચે આંખની કીકીને અવળે રસ્તે ઠેલવી પડે છે (ચિત્ર નં. ૧૦) એટલે કોઈ અવિચ્છિન્ન સીધી રેખા જોતી વખત આંખને જે સુખનો અનુભવ થાય છે તે સુખનો અનુભવ આડીઅવળી (zigzag) રેખા જોતી વખત થતો નથી; પણ પગલેપગલે વિપત્તિ ને ઊંધે જ રસ્તે જવાની ઉતાવળથી આંખને કષ્ટ પડે છે.


ઉપર ↑ ચિત્ર નં. ૧૧ નીચે ↓ ચિત્ર નં. ૧૨




પણ જો આ જ દ્વિભુજ સીધી રેખાની અણીઓ ભાંગી નાખીએ (ચિત્ર નં. ૧૧) અને તે આડીઅવળી (zig-zag) રેખાને ઊંચીનીચી વાંકી રેખામાળાનું રૂપ આપીએ તો એ વાંકી રેખા પર ફરતાં આંખને કંઈ પણ કષ્ટ પડતું નથી; બલ્કે આરામ મળે છે. જોકે આ ઊંચીનીચી વિપરીત ગતિથી આંખને હિન્દોલવી પડે છે ખરી; પણ માંસપેશીને અણીવાળી આડીઅવળી રેખાની પેઠે થોડીથોડી વારે અટકવું પડતું નથી, પણ ગતિના ક્રમમાં તે ધીરેધીરે છૂટી થાય છે. ૧૧ અને ૧૨ નંબરનાં ચિત્રો પર આંખ ફેરવવાથી આ સમજાશે. વાંકી રેખાની આ ઊંચીનીચી ગતિને અંગ્રેજીમાં Rhythm અથવા છંદગતિ કહે છે.

કેવળ સીધી રેખા વડે ચિત્રકાર આંખને પ્રીતિકર સુંદર ચિત્ર કરી શકે ખરા, પણ વાંકી રેખાની મદદ લીધા વગર સુમધુર છંદમાં ચિત્રરચના ન કરી શકાય. કારણ આપણે જોયું કે સીધી રેખાની અણીઓ અથવા એક જ પ્રકારની ગતિ આપણી આંખને પીડાદાયક થાય છે. વચ્ચેવચ્ચે વાંકી રેખાનો આશ્રય લીધા વગર આંખને ચેન નથી પડતું. સીધી રેખામાં ચીતરેલી માણસની છબિ (ચિત્ર નં. ૧૩) ગોળ રેખામાં ચીતરેલી બીજી છબિ (ચિત્ર નં. ૧૪) સાથે સરખાવવાથી આપણને લાગશે કે વાંકી રેખામાં ચીતરેલી માણસની છબિ દૃષ્ટિમધુર છે. સીધી રેખાની અણીઓમાં દૃષ્ટિની આ મધુરતા નથી.


ચિત્ર નં. ૧૩


ચિત્ર નં. ૧૫

ચિત્ર નં. ૧૪





ચિત્ર નં. ૧૬


↑ચિત્ર નં. ૧૭


ચિત્ર નં. ૧૮


ચિત્ર નં. ૧૫ તથા ૧૬ વાળી ઘોડાની બે છબિઓમાં પણ આ ફેર સારી રીતે સમજી શકાય છે. સીધી રેખામાં ચીતરેલી કૂકડાની લડાઈ (ચિત્ર નં. ૧૭) ને મુલાયમ વાંકી રેખામાં ચીતરેલી 'ઉંદરની દોડ' (ચિત્ર નં ૧૮) એ બે ચિત્રોમાં પણ આ માધુર્યનો ફેર સ્પષ્ટ રીતે સમજી શકાય છે. સરળ રેખાના ચતુષ્કોણની અણીઓ ભાંગી નાખી, તેને ગોળાકૃતિમાં ફેરવી નાખવાથી ચતુષ્કોણ વસ્તુ ગોળાકૃતિની વાંકી રેખામાં માધુર્ય મેળવે છે. (ચિત્ર નં. ૧૯ તથા ૨૦).


←ડાબી બાજુ ચિત્ર નં. ૧૯

નીચે ↓ ચિત્ર નંબર ૨૦



પ્રકૃતિદેવી પોતાનો પદ્મ-હસ્ત ફેરવી, બધી રેખાઓના ખૂણા ભાંગી, ગોળાકૃતિવાળી વાંકી રેખાના માધુર્ય વડે પ્રકૃતિની જુદીજુદી મૂર્તિને મધુર બનાવે છે. પ્રકૃતિના રૂપમાં આંખને પીડાદાયક ખૂણા ભાગ્યે જ જોવામાં આવે છે (ચિત્ર નં. ૨૧). પહાડની ટોચ કેટલેક અંશે ખૂણાવાળી હોય છે ખરી, પણ વાંકી રેખાના સહયોગથી એ સીધી રેખાનો ખૂણો ગોળાકાર ધારણ કરે છે (ચિત્ર નં. ૨૨.)



ચિત્ર નં. ૨૧


ઉપર: ચિત્ર નં. ૨૨

જમણી બાજુ: ચિત્ર નં. ૨૫→




નીચે: ચિત્ર નં. ૨૩




સીધી તથા વાંકી રેખાના આ દોષ, ગુણ અને મૂલ્ય વિચારીને વિચક્ષણ ચિત્રકાર પોતાની ગોઠવણીનું મધુચક્ર રચે છે. જેમ કવિ જુદાજુદા વજનના શબ્દો જાણી લઈને તેને યથાયોગ્ય ગોઠવી છંદ અને તાલમાં જોડી સુમધુર કવિતા રચે છે, તેમ ચિત્રકાર પણ જુદાં જુદાં રૂપની, જુદાં જુદાં મૂલ્યની, જુદાં જુદાં વજનની ને જુદા જુદા છંદની રેખાને સુંદર રીતે મેળવી (composition કરી) આંખને પ્રીતિકર એવા સુમધુર ચિત્રની રચના કરે છે (ચિત્ર નં. ૨૩–૨૪).

રેખાની આ ગોઠવણીની રીત પણ ચિત્રકાર પોતે જ શોધી કાઢે છે; કુદરતના સ્વાભાવિક રૂપની ગોઠવણીની તે હૂબહૂ નકલ કરતો નથી. આમ, પોતાની મેળે કરેલી રેખાની ગોઠવણી તે એ ચિત્રકારની પોતાની મૌલિક રચના, નકશો અથવા ડિઝાઈન (પરિકલ્પના) કહેવાય. આ ડિઝાઈન અથવા સ્વેચ્છાકૃત રેખાનો સમાવેશ એ જ ચિત્રરચનાની મૂળ શક્તિ અથવા પ્રાણ છે (જુઓ ચિત્ર નં. ૨૫).



ડાબી બાજુ તથા નીચે ચિત્ર નં. ૨૬


સીધી રેખા અને વાંકી રેખાની વચ્ચે એક જાતનો સ્વાભાવિક ફેર, વિભેદ અથવા વિસંવાદ છે. આ ફેરને લઈને એક જાતની રેખા બીજી જાતની રેખાની શક્તિમાં વૃદ્ધિ કરે છે અથવા એને પોષણ આપે છે. જેમ કાળા રંગની પાસે સફેદ રંગ વધારે ઉજ્જવળ લાગે છે, તેવી રીતે વાંકી રેખાની સાથે-અથવા પાસે-સીધી રેખા વધારે સીધી હોય એવું લાગે છે. તેવી જ રીતે સીધી રેખાની પાસે વાંકી રેખા વિશેષ ગોળ લાગે છે. (ચિત્ર ૨૬ના બંને સમૂહ)




↑ચિત્ર ૨૪

એટલા માટે કોઈ પણ રેખાને શક્તિશાળી અથવા ગુરુત્વપૂર્ણ કરવા માટે બે ઉપાય અથવા પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે: એક પદ્ધતિ તે વિપરીત રસ અથવા વિસંવાદી રેખાની મદદ લેવી તે; ને બીજી પદ્ધતિ તે એક જ રસવાળી વિસંવાદી રેખાની મદદ લેવી તે. એક જ સીધી રેખાની સાથે કે પાસે જો બીજી થોડી સીધી રેખા મૂકવામાં આવે તો પેલી રેખાને પોષણ મળે છે–તેનો ગુણ વધે છે, તેનું વજન વધે છે ને તે રસભર થાય છે. રેખાના આ દ્વિત્વથી અને પુનરાંકનથી તેનું મૂલ્ય વધે છે અને તેમાં નવા રસની ઉત્પત્તિ થાય છે. ઘણી વખત આ સહકારી રેખાને બહુ પાસે, થોડે દૂર અથવા બહુ દૂર રાખવી પડે છે (ચિત્ર નં. ૨૭). આ દૂરત્વ અથવા સાન્નિધ્યના પ્રમાણ અનુસાર એની સહકારિતાની મદદમાં ફેર પડે છે ને મૂળ રેખાના રસના ગુરુત્વનું અથવા વજનનું પ્રમાણ પણ વધારેઓછું થાય છે. ચિત્રકારનાં

બાજુએ: ૨૭
નીચે: ૨૮





ઉદ્દેશ પ્રમાણે આ સહકારી રેખાને દૂર અથવા પાસે રાખવી પડે. આ દૂરત્વ ને સાન્નિધ્યના પ્રમાણ અનુસાર રેખાના વજનમાં અથવા રસની અનુભૂતિમાં પણ ફેર પડે છે.

ચિત્રકારના ઉદ્દેશ પ્રમાણે સીધી રેખા, વક્ર રેખા, ખૂણાવાળી રેખાની હાર અથવા વાંકી રેખાની હાર ગોઠવીને ચિત્રકાર પોતાનો મનમાન્યો નકશો કે ડિઝાઇન (પરિકલ્પના) બનાવે છે. (ચિ. ૨૯).


વધુ પડતા લવણયુક્ત આહારના દોષના નિવારણ માટે જેમ થોડી ખાંડની જરૂર પડે છે, તે પ્રમાણે જ્યાં વધારે વાંકી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષનું નિવારણ કરવા ચિત્રકાર સીધી રેખાની ગોઠવણી કરે છે (ચિત્ર નં. ૩૦). તે જ પ્રમાણે, જ્યાં વધારે સીધી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષના નિવારણ માટે ચિત્રકાર પોતાની રચનામાં કુશળતાથી કોઈ પણ સ્થળે વાંકી રેખાનો સમાવેશ કરી લે છે. આવી રીતે સીધી સરળ રેખાની ગોઠવણી વડે અણીવાળી સીધી રેખાની સમષ્ટિની ઉગ્રતા અથવા દૃષ્ટિ કટુતાનું પ્રમાણ ઘટાડી શકાય છે. આ પ્રમાણે અખંડ, અતિ દીર્ઘ એવી એક સીધી રેખાને ભેદી વચ્ચેવચ્ચે વાંકી રેખાના હાંસિયા કરી. ચક્ષુપીડાનું નિવારણ કરવાની પદ્ધતિ જૂની છે.

પૂર્વ ને પશ્ચિમના દેશોના હસ્તલિપિ-કુશળ પ્રાચીન લેખકોની અક્ષર લખવાની લિપિકુશળતા (Calligraphy)માં પણ આ સીધી અને વાંકી રેખાના મધુર સમાવેશનો જ આપણને પરિચય થાય છે. મધ્ય યુગમાં સુંદર હસ્તલિખિત પોથીની બહુ કદર થતી. રાજા-બાદશાહો, ખ્રિસ્તી પાદરીઓ, પુરોહિત બ્રાહ્મણો, ધાર્મિક મુસલમાનો ને પંડિતોએ લિપિવિદ્યાને બહુ જ ઉન્નત કરી હતી. આ બધા ધાર્મિક સાધકોની મદદથી અને મહેનતથી લિપિવિદ્યાએ એક સર્વોત્કૃષ્ટ શિલ્પવિદ્યાનું રૂપ ધારણ કર્યું હતું. મધ્યયુગના આ બધા લિપિકુશળ શિલ્પીઓના લખાણમાં સીધી ને વાંકી રેખાનો સુંદર અને સુચતુર પ્રયોગ જોવામાં આવે છે. જેઓ આવી સુંદર લિપિ લખતા હતા તેઓ રેખાતત્ત્વનું વિશેષ જ્ઞાન ધરાવતા હતા; એટલે કે કેટલા પ્રમાણમાં સરળ રેખાની સાથે વાંકી, રેખા જોડવાથી સુંદર સુમધુર આકૃતિના અક્ષરો લખી શકાય તેના યોગ્ય મૂલ્ય અથવા વજનનું જ્ઞાન તેઓને હતું. ચીન, જાપાન અને હિંદુસ્તાનમાં અક્ષર લખવાની આ શિલ્પકળાના ઘણા નમૂના છે. એવી લિપિકળાના કેટલાક નમૂનાઓ આ સાથે આપ્યા છે (ચિત્ર નં. ૩૧ થી ૩૭). તેમાં નં. ૩૫માં ચીની ભાષાના જુદા જુદા અક્ષર ગોઠવીને એક માણસના ચિત્રની રચના કરવામાં આવી છે.





ચિત્ર નં. ૨૯; જમણી બાજુ ચિત્ર નં. ૩૦ નીચે ચિત્ર નં. ૩૧



ચિત્ર નં. ૩૨

ચિત્ર નં. ૩૩








૩૪ →

← ૩૫

૩૬ ↓







અનુસંધાન] **સર વૉલ્ટર સ્કૉટ** [પૃષ્ઠ ૨૮૧થી

Lassie, can ye love me weel?
    Ask your heart and answer true;
Doth that gentle bosom feel
    Love for one who loveth you?

પ્રિયે, મને ચાહી શકે છ તું કે ? / હૈયે મૂકી હાથ જવાબ દેજે;
જે મુગ્ધ તારા પર તે પરે શું / તારું ય હૈયું ઋજુ મુગ્ધ છે કે ?

સાજા થતાં વૉલ્ટરને પાછા એડિનબરુઅ જવું પડ્યું. પકડાવાની બીકે પત્રો ય બંધ થયા. પણ થોડા માસ પછી કોઈ કામે કેલ્સો જવાનું થતાં પાછાં પત્રો, મિલન, કાવ્યો શરૂ! પાછો એ એડિનબરુઅ આવ્યો, ને વિરહ-નો પટક્ષેપ થયો. ત્યાં એક વાર એણે જાણ્યું કે જેસ્સીની એક કાકી બીમાર હોવાથી એ એડિનબરુઅ આવી છે. સરનામું નહોતું. એની ભાળ મેળવવા એ આખું ગામ ખૂંદી વળ્યો! અચાનક એકવાર એના જ એક ઓળખીતાને મળીને એ દાદર ઊતરતો હતો ત્યાં જેસ્સીનો ભેટો થઈ ગયો–અકસ્માત! ખબર પડી કે એનાં બીમાર કાકી ઉપલે માળે જ રહે છે! પછી તો વૉલ્ટરે આ ઓળખીતાને ત્યાં, ને એ ન જાણે તેમ ઉપલે માળે, વારંવાર જવું શરૂ કર્યું. ત્યાં પેલાં બીમાર માજી ઊંઘી જાય ત્યાં સુધી બીચારા વૉલ્ટરને રસોડામાં સામાન વચ્ચે છુપાઈને રહેવું પડતું! અલબત્ત, જેસ્સી એને કાગળ-પેન્સિલ આપતી, ભાઈસાહેબ કવિતા ઠાલવ્યા કરતા! એ જોડકણાં રસિક થતાં. એમાં ક્યારેક પરિસ્થિતિનું ચિત્ર પણ ઊપસતું:


Instead of loving words from you,
    No sort of sound I hear;
Save an old woman's sighs and Iroans
    That make my stomach queer.

સરે ન તારા મુખ કેરી મીઠી / વાણી; અહીં તો, ઊલટું, અશબ્દ!
સિવાય આ બુઢ્ઢી તણા નિસાસા / ને ઊંહકારા વળી પેટ બાળતા!

સદ્‌ભાગ્યે માજી બહેરાં હતાં, એટલે ગુસપુસ ને ખખડાટ થતો તો ય ખબર ન પડતી. પણ પ્રથમ મિલનમાં જે ઊર્મિ હતી તે ધીમે ધીમે ઓસરી ગઈ. એમાં ટાઢાશ આવી. વેટીએ જેસ્સીને મળવાનું ય છોડી દીધું. ને છેવટે જેસ્સી એક વૈદ્યકના વિદ્યાર્થીને પરણી ગઈ.

આ ગાળા દરમિયાન 'લિટરરી સોસાએટી'માં જોડાવાને કારણે વાદ-શક્તિ ને ભાષાજ્ઞાનમાં વૃદ્ધિ થઈ. કૉલીન મૅકેન્ઝી, ચાલ્સૅ કેર અને મૅક લૅારીન એ ત્રણની સાથે મળીને વૉલ્ટરે એક 'પોએટ્રી સોસાએટી' સ્થાપેલી. પિતા સાઠ વર્ષના થયા હતા. એમને નિવૃત્ત થવું હતું. પૈતૃક ધંધો નાનો ભાઈ ટૉમ લે, અને વૉલ્ટર વકીલ બને એવી એમની ઇચ્છા હતી. એ પ્રમાણે ઈ. ૧૭૮૯, ૯૦, ૯૧, ૯૨નાં ચાર વર્ષોમાં એણે મૉરલ ફિલૉસૉફી અને કાયદાની પરીક્ષાઓ આપી. અતિ શ્રમથી, નિયમિત, ગંભીર અધ્યયન કર્યું. જૂન ૧૭૯૨માં ધારાશાસ્ત્રી બન્યો. વકાલત શરૂ કરી.પહેલી ફીમાંથી મા માટે રૂપાનું મીણબત્તીનું સ્ટૅન્ડ(શમાદાન)ખરીદ્યું. આરંભે જ સારી મહેનત કરવા માંડી. સાથે સાથે શરીર પણ એવું સુદૃઢ બનાવ્યું કે પછીનાં વીસ વર્ષમાં એ માંદો ન પડચો.

આટલી પ્રવૃત્તિ, નિયમિત ગંભીર અધ્યયન, છતાં એ એટલો સશક્ત હતો કે ભારેખમ એરણને પણ ઊંચકી શકતો. ઘોડેસવારીમાં તો એક્કો હતો. કેલ્સોમાં પાંચ વરસ રહ્યો એ દરમિયાન ઘણી વાર રોજના ૨૫-૩૦ માઈલ ચાલતો! ઓગણીસની વયે એને પંદર વર્ષની વિલિયમિના બેલ્શિઝ નામે સુંદર કન્યાનો પરિચય થયો. એ પરિચય સાતેક વર્ષ રહ્યો. પણ વિલિ-યમિના એક વિલિયમ ફૉર્બ્સને ચાહતી હતી. એટલે, એ એને ૧૭૯૭માં પરણી ગઈ. વૉલ્ટરને ઊંડો આઘાત લાગ્યો. જો કે પાછળથી એણે એક મિત્રને પત્રમાં લખ્યું: 'જેના પ્રત્યે પ્રેમ હોય તેને જ પરણવાનું સદ્‌ભાગ્ય તો વીસે માંડ એકાદ જણને સાંપડે છે...જુવાનીના જુવાળમાં થએલા



એબટ્સફર્ડમાં સ્કૉટનો લેખન ખંડ

પ્રેમમાં હકીકત કરતાં કલ્પનાનો ફાળો વિશેષ હોય છે. આપણે બરફનાં શિલ્પો ઘડીએ છીએ, અને તે પીગળી જાય એટલે રડીએ છીએ.'

એ વર્ષોમાં ફ્રાન્સે બ્રિટન પર યુદ્ધ લાદ્યું. ઈ. ૧૭૯૩માં મિત્રરાજ્યો-નું સૈન્ય ર્‌હાઈન નદીની પાર ધકેલાયું. એક યુવાન આર્ટિલરી અફસર નેપોલિયન બોનાપાર્ટે બ્રિટનના દળને તૂલોં શહેરની બહાર તગડી મૂક્યું. વૉલ્ટરનો રાષ્ટ્રપ્રેમ જાગી ઊઠ્યો. એણે, મિત્રોની મદદથી. એંશી સભ્યો-ની એક ડ્રૅગૂન્સ નામે ટુકડી ઊભી કરી. એનો એ મંત્રી થયો. આ પ્રવૃત્તિ, પક્ષાઘાતથી પથારીવશ બનેલા અડસઠ વર્ષના પિતાની સેવા, ગથેનાં ત્રણ કાવ્યોનો અને એક જર્મન નાટકનો અનુવાદ, 'વાઈલ્ડ હન્ટ્સમૅન' પુસ્તકની પ્રસિદ્ધિ, જૂનાં ખંડેરોમાં ને પહાડો-જંગલોમાં અભ્યાસાર્થે પરિભ્રમણ, બૅલડ્ઝ (લોકકથાગીતો) સાંભળવાં–એકઠાં કરવાં વગેરે કાર્યો તો ચાલુ જ હતાં. એક વાર એના ભાઈ જ્હોન અને ઍડમ ફર્ગ્યુસન સાથે એ ઈંગ્લંડના સરોવરપ્રદેશની સફરે ગયો. ત્યાં હોટેલમાં એક સુંદર ફ્રેન્ચ તરુણી સાથે એને પરિચય થયો. શાર્લોટ કાર્પેન્ટર ત્યારે સત્યાવીસ-ની અને વૉલ્ટર છવ્વીસનો. ત્રણ અઠવાડિયાંનો એ પ્રેમ, પિતાના તીવ્ર વિરોધ છતાં, પરિણયમાં પરિણમ્યો.

સરહદ પરના લોકજીવનનો એમણે સારો અભ્યાસ કરી લીધો હતો. 'મિન્સ્ટ્રલ્સી ઑવ ધ સ્કૉટિશ બૉર્ડર' માટે સારું ભાતું એણે મેળવી લીધું હતું. પોતાની કવિત્વશક્તિથી કવિ બર્ન્સ જેવાને આકર્ષી શકચો હતો. આ વખતે એની જુવાની ખીલી રહી હતી. એ ઊંચો ને સશક્ત, ચંચળ, ભૂરી આંખોથી શોભતો. મુખ પર દૃઢ નિશ્ચયની મુદ્રા હતી ને હોઠ પર નિખાલસ સ્મિત ફરકતું. પાર્લામેન્ટ હાઉસમાં પણ એણે નિય-મિત હાજરી આપવા માંડેલી. ત્યાં થોડુ કામ પણ મળતું રહેતું. સૉલિ-સિટરોની ખુશામત ન કરવાની નેમ, સ્વતંત્ર મિજાજ, તીવ્ર સ્વમાન-વૃત્તિ અને લેખક થવાની તમન્ના–આ બધાંને કારણે વકાલતથી ઝાઝી કમાણી થતી નહોતી. છતાં લગ્ન પછી તરત એડિનબઅરથી છ માઈલ દૂર એક સુંદર નાનું મકાન ખરીદી શકચો. પિતાના મૃત્યુથી આઘાત થયો; પણ સાતેક વર્ષથી, રૉબર્ટ શાર્ટરીડ, ઍડમ ફર્ગ્યુસન, હેબર વગેરેની સાથે સ્કૉટલૅન્ડની સરહદોમાં ઘૂમીને રાસડા (બૅલડ્ઝ) એકઠા કરવાનું જે કામ ઉપાડેલું તેને એણે વેગ આપ્યો. 'મન્ક' લ્યુઈસ, જ્હૉન લાઈ-ડન, જૉસેફ રિટસન, ચાલ્સૅ શાર્પ જેવા વિભિન્ન સ્વભાવવાળાની મૈત્રી ને મદદ આ કામમાં એ મેળવી શકચો. બૅલડ્ઝ મેળવવાની લગનીને કારણે કપરા ડુંગરો અને ગાઢ જંગલોમાં અનેક પ્રકારની મુસીબતો એ હસતે મુખે સહતો. ક્યારેક ઘાસની પથરીમાં ઘોડાની જોડાજોડ સૂવું પડતું, ક્યારેક પાથરવા ઘાસ પણ ન મળતું. એક વાર તો જગ્યાને અભાવે એક ઓરડીમાં મુરદાની બાજુમાં સૂવું પડેલું અને છતાં એને ઘસઘસાટ ઊંઘ આવેલી! આ રઝળપાટમાં એને જ્યૉર્જ એલીસ જેવા વિદ્વાન વિલિયમ લેઇડલૉ જેવા ખેડૂત—એમ ભાતભાતના લોકો સાથે મૈત્રી થઈ. એક કાવ્યરસિક ભરવાડ જેમ્સ હૉગનો ભેટો થયો, એનું હીર પારખીને સ્કૉટે

એને કવિતા લખતો કરી દીધો. બીજા એક શરમાળ કવિ રૉબર્ટ સાઉસે કેટલાંક 'પ્રાચીન' કથાગીતો તેને બતાવ્યાં. સ્કૉટે જોયું કે એણે પોતાના કસબથી તેને અર્વાચીન બનાવી દીધાં હતાં!

આ કામ ચાલતું હતું એ દરમિયાન લેખક–કવિ–વકીલ તરીકે જાણીતા થએલા સ્કૉટની નિમણૂક (૧૭૯૯માં), સેલ્કર્કશાયર નામના અનેક નાની નદીઓવાળા ડુંગરાળ પ્રદેશના શેરીફ તરીકે થતાં આવક વધી અને એને પ્રિય સરહદી વિસ્તારોમાં જવાની અનુકૂળતા થઈ. એડિનબરઅમાં કોર્ટનું કામ ન હોય ત્યારે શેરીફ તરીકે એ જાતે ન્યાય તોળવા બેસતો. એના નિષ્પક્ષપાતપણાનો પરિચય આરંભે જ સૌને થયો. શેરીફના સહાયકની નિમણૂક માટે બે જુદાં જૂથોએ બે યોગ્ય વ્યક્તિઓને ઊભી રાખેલી; પણ કોઈ એકને પસંદ કરવા જતાં જૂથબંધી વધે ને ક્લેશ થાય એમ હતું; વળી, બન્ને પક્ષો સાથે એને સારો સંબંધ હતો. એટલે બન્નેને માન્ય એવા લવાદને એણે નિમણૂકનું કામ સોંપ્યું, અને ત્રીજાની જ નિમણૂક કરી! એડિનબરઅમાં એણે નવું ઘર ખરીદ્યું. પ્રથમ પુત્રી સોફિયા અને પત્ની શાર્લોટ સાથે એ ત્યાં રહેતો. આજુબાજુના વિસ્તારમાં 'શિરા' (શેરીફ) તરીકે એ એટલો બધો પ્રખ્યાત થયો કે તેનું નામ દેનાર અજાણ્યાને પણ લોકો ઉમળકાભેર તમામ સગવડો આપતા. આ જ કાળે એ કોલરિજ, વર્ડ્ઝવર્થ, કૅમ્પબેલ એ કવિ ત્રિપુટીના નિકટ પરિચયમાં આવ્યો. પ્રાચીન ખંડિયેરોમાં ભ્રમણ તો હજી ચાલુ જ હતું. એક વાર રોઝલીન જતાં, રસ્તામાંના પહાડ પર એક ઊંચી ભેખડની ધારે આવેલી પ્રાચીન ગુફામાં જવા માટે એણે ચડવા માંડયું. એમાં પગ ખસ્યો. એ નીચે નદી તરફ પટકાયો, પણ સદ્ભાગ્યે અધવચ્ચે એક ઝાંખરું પકડી લેતાં, નદી પાસે આવીને અટકી પડયો! વાગ્યું તો હતું. છતાં ધૂળ ખંખેરતાં, હસતાં હસતાં કહે, 'ચાલો જોઉં તો, હવે કોણ મારી જેમ ભૂસકો મારી બતાવે છે!' પડવા છતાં ફરી પાછો, મૂળિયાં ને ઝાડ-ઝાંખરાને આધારે, એ ઉપર ચડયો ને ગુફા જોઈ જ.

સાતઆઠ વર્ષના સતત પરિશ્રમને પરિણામે બૅલડ (રાસાઓ)નું જે સાહિત્ય એકઠું કરેલું તેને ગોઠવતાં, લખતાં, છપાવતાં ૧૮૦૦ અને ૧૮૦૧નાં બે વરસ લાગ્યાં. એને પરિણામે 'ધ મિનસ્ટ્રેલ્સી ઑવ ધ સ્કૉટિશ બૉર્ડર'ના ત્રણ મોટા ગ્રન્થો પ્રગટ થયા. પહેલા વર્ષે જ બધી નકલો ખલાસ થઈ ને તે પછી અનેક આવૃત્તિઓ થઈ, અને અનેક ભાષાઓમાં એનાં ભાષાંતરો પણ થયાં. મૂળના પાઠને જાળવવાના મતનો તો એ હતો, પણ લોકસાહિત્યની ક્ષમતા દર્શાવવાનો ને લોકોને એ પ્રત્યે આકર્ષવાનો મુખ્ય હેતુ હતો. એટલે, ઇતિહાસ અને કવિતામાં પાવરધા સ્કૉટે બૅલડ્ઝ વધારે સુંદર લાગે એમ એને મઠારવામાં વાંધો ન જોયો! એને પરિણામે ભૂતકાળની ભવ્યતાને એ લોકકથાઓ દ્વારા જનચિત્તે રમતી કરી શક્યો. અતીત જાણે શ્વસતો થયો. બૅલડ્ઝ પરના એના વિવરણમાંની વિષયની અદ્ભુત પકડ, કાવ્યગુણપરખ, આસ્વાદ કરાવવાની સૂઝ, ઇતિહાસ લોકજીવન વગેરેનું જ્ઞાન, અને અત્યંત આકર્ષક શૈલી, આ બધાંથી એણે સમર્થ ગદ્યકાર તરીકે તે કાળે લોકોને આંજી દીધા. તેથી જ એક દસકા બાદ જ્યારે એક અનામી નવલકથાકારે 'વેવર્લી'થી લોકોને આંજ્યા ને એ કોણ હશે એની અટકળો ચાલી ત્યારે ક્રિસ્ટૉફર નૉર્થે જાહેર કર્યું: 'અટકળો શા માટે કરવી જોઈએ? 'મિન્સ્ટ્રેલ્સી'નું ગદ્ય શું આપણે ભૂલી ગયા છીએ?' મેઘાણી બાબતમાં પણ આમ નથી થયું? લોકસાહિત્યના સંપાદને (ખાસ કરીને 'સૌરાષ્ટ્રની રસધાર'ના ગદ્યે) એમની નવલોના ગદ્યના ઘડતરમાં કેટલો બધો ફાળો આપ્યો છે!

'મિન્સ્ટ્રેલ્સી'ના ત્રીજા ભાગમાં સરહદ પરના શૌર્ય વિષે એક નાનું કાવ્ય મૂકેલું હતું. ડાલકેઈથનાં કાઉન્ટેસે સરહદના ગિલ્પીન હૉર્નર નામે ઓળખાતા એક લોકકલ્પનાના વીર રાક્ષસ વિષે કાવ્ય લખવા સૂચવેલું અને સ્કૉટે શરૂ કરેલું, પણ મિત્રોને જ્યારે એ સંભળાવ્યું ત્યારે એમણે કશો પ્રતિભાવ ન દર્શાવ્યાથી સ્કૉટે એ આગળ લખવાનું માંડી વાળ્યું. થોડા સમય પછી મિત્રોએ જ એ વિષે, પાછી, જિજ્ઞાસા બતાવી. એથી એ કામ થોડું આગળ વધાર્યું. એવામાં, ૧૮૦૨માં ઘોડેસવારીની કસરતો ચાલતી હતી તે દરમિયાન, એક ઘોડાએ લાત મારવાથી સ્કૉટને ત્રણ દિવસ ઘરમાં સૂઈ રહેવું પડયું. એમાં 'લેડી ઑવ ધ લેઈક'નો પહેલો ખંડ લખાઈ ગયો ને પછી બહુ ઓછા સમયમાં એ પૂરું થયું. ૧૮૦૫માં એ પ્રસિદ્ધ થયું, ને એક દસકામાં તો એની ૪૪ હજાર નકલો ખપી ગઈ! ત્યારની ઇંગ્લૅન્ડ સ્કૉટલૅન્ડની વસ્તીના પ્રમાણમાં આ ખપત આશ્ચર્યજનક ગણાય. એનો આજનો ચરિત્રલેખક એડ્ગર જ્હૉસન કહે છે કે બ્રિટિશ કવિતાના ઇતિહાસમાં આટલી પ્રસિદ્ધિ કોઈ કાવ્યને મળી નથી. એમાંના ચાંદનીમાં ખીલતા મલરોઝ ઍબીનાં ખંડિયેરોના સૌંદર્યનાં વર્ણનથી લલચાઈને કેટલા યે પ્રવાસીઓએ એ સ્થળની મુલાકાત લીધેલી. પણ સ્કૉટે કબૂલ કર્યું કે પોતે તો એ સ્થળ કદી જોયું જ નહોતું!

ઈ.૧૮૦૪માં સ્કૉટે ઍશેસ્ટીએલમાં પ્રકૃતિસૌન્દર્યથી ઘેરાએલો સુંદર આવાસ ખરીદ્યો. તે જ અરસામાં રૉબર્ટ કાકાનું અવસાન થતાં, તેમનો વારસો મળ્યો. સોફિયા, વૉલ્ટર અને ઍન એ ત્રણ સંતાનોમાં ચોથા પુત્ર ચાર્લ્સનો ત્યાં ઉમેરો થયો. ઈ. ૧૮૦૬માં 'ક્લાર્ક ઑવ ધ સેશન્સ'નું માનભર્યું પદ મળ્યું ને આવકમાં સારી પેઠે વધારો થયો. મિત્ર જેમ્સ બૅલેન્ટાઈનની ભાગીદારીમાં છાપખાનું ને પ્રકાશનસંસ્થા શરૂ કર્યાં. એશેસ્ટીએલ ગયા પછી સ્કૉટે વહેલા ઊઠવાની ટેવ પાડી ને લખવાનું ઘણું કામ સવારમાં પતાવવા માંડયું. હવે સાહિત્યપ્રવૃત્તિ ધમધોકાર ચાલતી રહી. એકીવખતે બે યા ત્રણ પ્રકારનું લખાણ એ કરી શકતા. કાવ્યો લખતાં થાકે ત્યારે અવલોકનો લખે, ને એમાં થાકે ત્યારે બીજા લેખો લખે! એ કહેતા: 'એક વખતે માત્ર એક જ વસ્તુ કર' એમ મને કોઈ કહે તો મને હસવું આવે છે...આખી જિંદગી મેં ઓછામાં ઓછી એકાદ ડઝન પ્રવૃત્તિઓ તો એકીસાથે કરી જ છે.'

'લેડી ઑવ ધ લેઈક'ની સફળતાથી ઉત્તેજાઈ બીજાં કાવ્યો રચ્યાં. ઈ. ૧૮૦૮માં ફ્લૉડેનની લડાઈ વિષે અતુલનીય એવું 'માર્મિયૉન' પ્રસિદ્ધ થયું હતું. ઈ. ૧૮૧૦માં પ્રેમશૌર્યસભર 'લેડી ઑવ ધ લેઈક', '૧૧માં 'વિઝન ઑવ ડૉન રૉડરિક' '૧૩માં 'રૉકબી' અને 'ધ બ્રાઇડલ ઑવ ટ્રીએર્સ્ટ મેઈન', '૧૫માં 'લૉર્ડ ઑવ ધી આઈલ્સ' અને '૧૭માં હૅરોલ્ડ ધ ડૉન્ટલેસ' પ્રસિદ્ધ થયાં. દરમિયાન એણે ઍબટ્સફર્ડ જાગીર ખરીદી. (નવા ઘરની ગોઠવણીની ધમાલ વચ્ચે એણે 'રૉકબી' અને 'ધ બ્રાઈડલ ...' લખેલાં.) આ જાગીર પર સ્કૉટનું જીવન ખૂબ જ સુખી હતું. દરરોજ સાંજે આખું કુટુંબ ભેગું થાય. એમાં વાતોના તડાકા ચાલે. સોફિયા હાર્પ વગાડે, કોઈ ગીત ગાય, કે સ્કોટ કશુંક વાંચી સંભળાવે. કીર્તિ પણ એવી હતી કે 'માર્મિયૉન'નું વસ્તુ સૂઝયું ને અમસ્તી એક પ્રકાશકને વાત કરી, કે તરત પેલાએ એ વણલખી કવિતાના પુરસ્કાર લેખે અગાઉથી એક હજાર ગીની આપીને એ કૃતિનો અધિકાર મેળવી લીધો! 'માર્મિયૉન'ની સાથોસાથ લખાએલા સ્કોટલૅન્ડના ધારાકીય સુધારાઓ વિષેના પુસ્તકની કિંમત દોઢ ગીની જેવી ભારે હોવા છતાં માત્ર બે જ માસમાં એની પ્રથમાવૃત્તિની બધીયે—બે હજાર—નકલો ઊપડી ગઈ!

એ વખતે કાવ્યજગતમાં બાયરન નામનો નવો તારક સૌનું ધ્યાન ખેંચતો ઊગ્યો. સ્કૉટની કવિતા વિષે લોકમત જરા નીચે ઊતર્યો. એ જ વખતે તાજગીભર્યા ગદ્યથી લોકોને મુગ્ધ કરતી 'વેવર્લી' નવલકથા બહાર પડી. પછી તો એ ઉચ્ચ કક્ષાની વાર્તાના એક પછી એક મણકા બહાર પડતા ગયા, ને ચૌદ વર્ષમાં તેણે આવી ૨૩ વાર્તાઓ લખી. દરેકમાં શૈલી વિષયાનુરૂપ હોવાથી એમાં સારી પેઠે વૈવિધ્ય છે. પ્રથમ પ્રસિદ્ધ થઈ ત્યારે 'ધ ગ્રેઈટ અનનોન'ના તખલ્લુસથી બહાર પડેલી. પણ લેખકને લોકો ઓ-

જાખી ગયા. પછી તો 'વેવર્લી'ના લેખક તરફથી 'ગાઈ મૅનરિંગ' 'ધી ઍન્ટિક્વેરી' વગેરે કૃતિઓ બહાર પડતી ગઈ ને લોકો એને આવકારતા ગયા.

આ બધી નવલકથાઓના નફાના પૈસા સ્કૉટ પોતાની જાગીર સુધારવા-વધારવામાં ખર્ચવા લાગ્યો. ઍબટ્સફર્ડમાં નંદનવન ખડું થયું. નદી તટે ભવ્ય મકાનો, સુંદર બગીચા ને વૃક્ષ વેલીઓવાળી પાંચ હજાર એકરની જાગીર હતી. સ્કૉટ એને 'ભવ્ય ઍબિલોન' કહેતો. ત્યાં મિત્રો, યાહકો, પ્રશંસકો, કુતૂહલથી જોવા-મળવા આવતા મુલાકાતીઓ વગેરેની આવનજાવન સતત રહ્યા જ કરતી. શાર્લોટ ઘરને હોટેલ કહેતી, છતાં ઘસારો હસતે મુખે સહી લેતી. રાજકુમાર લિયોપોલ્ડ, અમેરિકન લેખક વૉશિંગ્ટન ઇર્વિંગ, જોઆના બેઇલી, કવિ વર્ડ્ઝવર્થ, લેખિકા મેરીઆ એજનવર્થ, એક વખતના ઇંગ્લૅન્ડના વડા પ્રધાન બેન્જામીન, ડયુક દ લેવીસ, ટૉમસ કૅમ્પબેલ, થીઓડોર, હૂક, વિલિયમ ગૉડવિન જેવા અનેક ત્યાં આવીને રહી જતા. કેટલાક એની સલાહ લેવા આવતા, કેટલાક સહાય માટે, કેટલાક કેવળ સ્નેહથી. ગરીબો ને નોકરો પ્રત્યે એ સૌજન્યથી વર્તતો ને ઉદાર રહેતો. તેના બટલરે એક વાર પોતાના કુટુમ્બને મળવા જવાની રજા માગી; સ્કૉટે રજા તો આપી જ પણ સાથે એની માતા સારુ એક ગાઉન ને પૈસા પણ ભેટ આપ્યા. બીજા એક નોકર જ્હોન લેઇડલોના આખા કુટુમ્બના ભરણપોષણની જવાબદારી વહોરી લીધી. ભાઈ ટૉમનું અવસાન થતાં ભાભી ને બાળકોને પોતાનાં સ્વજનો તરીકે જ રાખ્યાં. એક વાર એક ગાડાવાળાના ગાડા સાથે સ્કૉટની ઘોડાગાડી અથડાઈ. પેલાએ ગાળોનો વરસાદ વરસાવ્યો. સ્કૉટે તેને કોર્ટમાં શેરીફ સામે ખડો કરવાની ધમકી આપી. પેલો કહે: 'શેરીફ સ્કૉટ તો ભલો છે. એ તો તને જ ધમકાવશે, જો જે ને!' અને બીજે દિવસે ફરિયાદ નોંધાવવા ગાડાવાળો શેરીફને સ્થાને પેલા ઘોડાગાડીવાળાને જોતાં જ ઢીલોઢફ થઈ ગયો! પણ સ્કૉટ તો ખડખડાટ હસી પડયો અને ગાડાવાળાને પૈસા આપી વિદાય કર્યો.

એ જેમ ઉદાર હતો તેમ નમ્ર પણ હતો. રાજકુમારી કૅરોલાઈનને ત્યાં કાવ્યપઠન માટે જવું પડયું ત્યારે એણે પોતાની નહિ, હૉગની કવિતા એને સંભળાવી ને એ કવિને મદદ કરવાનું વચન એની પાસેથી લીધું. પોતાને તે મોટો સાહિત્યકાર ન માનતો. પોતાની કવિતાને બહુ ઊંચી પ્રતિની યે ન લેખતો. પોતાનાં બાળકો પાસે તે કયારેય પોતાના કવિતા ન વાંચતો. કવિમિલનોમાં યે પોતાને ગમતી અન્ય કવિની કવિતા જ એ વાંચતો. પોતે ટોરી (રૂઢિચુસ્ત) પક્ષમાં હતો, છતાં વ્હિગ (ઉદારમતવાદી) પક્ષના મિત્રો પણ તેને હતા. સાહિત્યકારો, રણવીરો, ઉમરાવો, અભિનેતાઓ પ્રકાશકો, વિદ્વાનો, મજૂરો, શેઠો—ભાતભાતના લોકો સાથે એને મૈત્રી હતી. પ્રિન્સ રીજન્ટ જ્યૉર્જ ચોથા તરીકે રાજા થયો ત્યારે પણ બન્નેની મૈત્રી અખંડિત રહી. ૧૮૨૦માં ગાદીએ આવ્યા પછી પહેલું કાર્ય જ્યૉર્જે સ્કૉટને 'બૅરોનેટ' (સર)ની પદવી એનાયત કરવાનું કર્યું. રાજા સ્કૉટલૅન્ડની મુલાકાતે ગયો ત્યારે સઘળી વ્યવસ્થા સ્કૉટે કરેલી.

લેખક તરીકે સ્કૉટની લોકપ્રિયતા અદ્વિતીય હતી. પ્રવાસનો શોખીન સ્કૉટ જ્યાં જતો ત્યાં તેનું ભવ્ય સ્વાગત થતું. ફ્રાન્સમાં તો તેને જોવા હજારો લોકો ઊમટેલા. આયર્લૅન્ડમાં તેનું શાહી ઠાઠથી સન્માન થયું ને ત્યાંની યુનિવર્સિટીએ તેને 'ડૉક્ટર ઑવ લૉઝ'ની ઉપાધિ આપી. ઠેરઠેર હોટેલ-ધર્મશાળાઓનાં નામ 'ઍબટ્સફર્ડ', 'વેવર્લી' કે 'માર્મિયોન' રખાતાં. તેની નવલકથાઓનાં નાટયરૂપાન્તરો થતાં. પણ સ્કૉટ પ્રશંસા કે નિંદાથી ચલિત ન થતો. એની એક નનામે લખાએલી નવલકથાના ભાષાન્તરકારે એને પુરસ્કાર બાબત પત્ર લખ્યો ત્યારે એણે એને લખી નાખ્યું કે પોતે તેનો લેખક જ નથી! વિવેચકોને છેતરવા ને રહસ્યનો આનંદ માણવા 'ટેઇલ્સ ઑવ માઈ લૅન્ડલૉર્ડ' તો તદ્દન જુદા જ નામે છાપી, છતાં તે અત્યંત લોકપ્રિય થઈ.

આ કાળે એના જીવનની અંતિમ અને એના ખમીરની કસોટી કરતી આપત્તિ આવી પડી. એ બહુ મોટી આર્થિક ભીંસમાં-સપડાયો. જમીન-જાગીર-મકાન-આતિથ્ય-પ્રવાસના શોખે ધૂમ નાણાં ખરચાતાં. એમ i એની ભાગીદારીવાળી પ્રકાશન-પેઢી 'બૅલેન્ટાઈન કં.' ભાંગી. અગાઉ પણ એ પેઢી સારુ એને નાણાં લાવવાં પડેલાં. પણ આ વખતે તો સવા લાખ પાઉન્ડ ચૂકવવાના હતા! દેવાળું કાઢી, હાથ ખંખેરી નાખવાની સલાહ મિત્રોએ આપી; પોતે પણ વકીલ હોવાથી હજાર રસ્તા જાણતો હતો; પણ આ નીતિનિષ્ઠ પુરુષે કોઈ અવળો રસ્તો ન લીધો. દેવું ચૂકવવા એણે લેખનપ્રવૃત્તિ ખૂબ વધારી દીધી. મિત્રો ને પ્રશંસકોએ નાનીમોટી-રકમો ભેટ તરીકે મોકલી એ બધી એણે સ્વીકારી હોત તો ય, એના પૂરતું તો, દેવું ભરાઈ જાત, પણ એક પાઈની યે મદદ ન લેવાનો એણે નિશ્ચય કર્યો. એણે નોંધ્યું છે:...'Unless I die I will beat up against this foul weather—a penny I will not borrow...' 'My own right hand shall do it; else I will be done...Well–exertion–exertion'. (મરી જાઉં તો ય ડાબે હાથે-અવળે રસ્તે-કશું કરવું નથી; જમણો હાથ આ આફતની સામે પણ ઝઝૂમશે; મહેનત-તનતોડ મહેનત એ જ એકમાત્ર ઉપાય છે.)

આ આફત છતાં, કોર્ટમાં ને બીજે બધે ય, વિરોધીઓ પણ એની સાથે ખૂબ સલૂકાઈથી વર્તતા. એના લેણિયાતો પણ મિત્રોની જેમ વર્તતા ને એનામાં હજી શ્રદ્ધા રાખતા! દગો જો કોઈએ દીધો હોય તો એની તબિયતે, બરાબર અણીને વખતે જ! છતાં એ સામે પણ એ ઝૂઝ્યો. ઘરનો કીમતી સામાન ને કેટલાક દરદાગીના વેચવા પડયા. કેટલાક માણસોને છૂટા કરવા પડયા. આટલું ઓછું હોય તેમ એની પત્નીની તબિયત લથડી. અને ૧૮૨૬ના મે માસમાં તે મૃત્યુ પામી. ત્રીસ વર્ષનો એમનો ઘરવાસ, જ્યારે ખરી જરૂર હતી ત્યારે જ, તૂટયો! જવાબદારી ઘટવી જોઈએ ત્યારે જ વધી! દિલનો ઊભરો જેની આગળ અનાયાસે નીકળી જાય એવું કોઈ રહ્યું નહિ. ઊંઘ ઊડી ગઈ. ઍન પણ સખ્ત બીમાર હતી! એ દિવસોમાં જ કોર્ટના કામે એડિનબરાઅ જવું પડતું. ભૂલેચૂકે યે આંખનાં આંસુ કોઈ જોઈ ન જાય એવો એણે નિશ્ચય કર્યો: 'મારા મનોરાજ્યને શિથિલ થવા નહિ દઉં.' બર્ન્સની પંક્તિઓનું રટણ કર્યું:

'Come, firm Resolve, take thou the van...'

માંદગી યા દુ:ખને કારણે કદી લખાણ થંભ્યું નહિ. 'બ્રાઈડ ઑવ લૅમરમૂર' તો વારંવાર આવતી તાણ વચ્ચે લખ્યું. એની માંદગી દરમિયાન એનો પ્રિય શ્વાન 'મેડા' રડયા કરતો!

શાર્લોટના મૃત્યુને બીજે જ માસે 'વૂડસ્ટૉક' પ્રગટ થઈ. એના એને હજાર પાઉન્ડ મળ્યા. ફ્રાન્સમાં રખડી, નેપોલિયન સાથે કામ કરનાર માણસોને મળી. ઇંગ્લૅન્ડમાં જઈને નેપોલિયન સામે લડનાર રણસેનાપતિ વેલિંગ્ટન સહિત અનેકોને મળી, એણે નેપોલિયનનું માહિતીપૂર્ણ ચરિત્ર 'લાઈફ ઑવ નેપોલિયન' લખ્યું. એના અઢાર હજાર પાઉન્ડ મળ્યા. એની સાથે જ 'ક્રૉનિકલ્સ ઑવ કૅનન ગેઈટ' નામે બાળવાર્તાઓ અને 'ધ ટેઇલ્સ ઑવ અ ગ્રાન્ડફાધર' નામથી ઇતિહાસકથાઓના ચાર ભાગ બહાર પાડયા. 'ધ ફેઅર મેઈડ ઑવ પર્થ' નામે વાર્તા અને 'ઓપસ મૅગનમ' નામે પોતાની કૃતિઓનો સંચય પ્રગટ કર્યા' ઈ. ૧૮૨૬ ને ૧૮૨૮નાં બે વર્ષોમાં જ એટલું કામ કર્યું કે ૪૦,૦૦૦ પાઉન્ડનું દેવું પતાવી શકયો. પાંચ વર્ષની અંદર ૬૦ હજાર પાઉન્ડ કમાયો, ને તબિયતે જો દગો ન દીધો હોત તો જે એના મૃત્યુ પછી એકાદ દસકે પત્યું તે દેવું એથી યે ટૂંકા ગાળામાં પતી જાત. પણ પત્નીના આઘાત પછીનો એક તો આ સતત પરિશ્રમ રહ્યો, ને તેમાં ભાઈ ટૉમનું અવસાન થયું. એમાં એક વાર ઘોડેથી પડી જતાં વાગ્યું, જેમાં પંદરેક મિનિટ તો એ બેભાન રહ્યો.

એવામાં ૧૮૩૦ના ફેબ્રુઆરીની ૧૫મીએ પાર્લમેન્ટ હાઉસથી પાછો

ફર્યો. ઘેર મિસ યંગ એની રાહ જોતાં હતાં. યંગના પિતા વિષે એણે એક લેખ લખેલો તે મઠારી આપ્યો ને એને વળાવવા ગયો, ત્યાં ચકરી આવી. બેસી ગયો, છતાં દુઃખની જાણ થવા ન દીધી. ને એના ગયા બાદ દીવાનખાનામાં આવીને ઢળી પડચો. પુત્રી ઍન દોડી આવી. વાચા બંધ થઈ હતી. એના પર પક્ષાઘાતનો જીવલેણ હુમલો થયો હતો!

દુર્દૈવના આ હુમલાનો પણ એણે મક્કમતાથી સામનો કર્યો. ડૉક્ટરો-ના આશ્ચર્ય વચ્ચે માત્ર એક પખવાડિયામાં જ સાજો થયો! લખવાનું યે શરૂ કર્યું. પણ કલમ ધ્રૂજતી હતી. દુર્દૈવનું તોફાન શમ્યું નહોતું. એ 'કાઉન્ટ રૉબર્ટ' લખતો હતો, તેના પ્રકરણને આરંભે મૂકવા બૅલેન્ટાઇને પંક્તિઓ માગી. એણે લખ્યું:

..On comes the flood in all its horrors,
And where's the dike that shall stop it.

તૂટેલા બંધના પ્રચંડ પૂરને ખાળી શકે એવી પાળ ક્યાં મળે?

સ્થિતિ બગડતી ચાલી. હવાફેરની સલાહ મળતાં રાજ્યે શાહી જહાજની વ્યવસ્થા કરી. માલ્ટા, નેપલ્સ, એરોલ... એમ ભ્રમણ ચાલુ કર્યું. રસ્તામાં જર્મન કવિ ગથેને મળવાની ઇચ્છા હતી, ત્યાં એના અવસાનના સમાચાર મળ્યા! હવે સામે જાણે મોત દેખાતું હતું. ઘરની ઝંખના જાગી. એટલે વેનીસ ને ફ્રૅંકફર્ટને રસ્તે જલ્દી પાછો ફર્યો. રસ્તામાં લગભગ બેભાન જ રહ્યો. ઘેર આવતાં, પૈડાંવાળી ખુરશીમાં બેસીને ઘરમાં બધે ફરી વળ્યો. પથારીવશ સ્થિતિ એને અસહ્ય લાગી. કોઈની પાસે દુઃખ પ્રકટ કરવું તો એને પસંદ જ નહોતું. એક વાર એણે એનો અભ્યાસખંડ ઉઘડાવ્યો. ટેબલ પાસે ખુરશી, કાગળો ને કલમો મુકાવડાવ્યાં. ઍન અને સોફિયાએ એ પ્રમાણે કર્યું, એટલે હસીને કહે: 'હવે હું લખવા બેસીશ, તમે બહાર જતાં રહેજો.' ને એ બેઠો. ઍનને કહે: 'લાવ, મને કલમ પકડાવ જોઉં.' પણ આંગળીઓ વળતી નહોતી! કલમ કોરા કાગળ પર પડી જતી હતી! ઓશિકાંમાં માથું નાખીને એ ઊંધો પડચો રહ્યો. જીવન-સાથી બનેલી કલમ જ પકડાય નહિ એ જીવન શા કામનું?

લંગડો થવા છતાં પહાડખેડૂ બનનાર, અનેક જીવલેણ બીમારીઓ છતાં દૃઢ શરીર બનાવનાર, શાળા-કૉલેજના સામાન્ય શિક્ષણ છતાં અ-સામાન્ય જ્ઞાનસંપાદન કરી 'વટ્ર્યૂઅસો' બનવાનું સ્વપ્ન સિદ્ધ કરનાર, રૂઢિચુસ્ત (ટોરી) હોવા છતાં ઉદારતાથી ઉદ્દામોનાં પણ દિલ જીતનાર, જાગીરદાર બનવા છતાં ગરીબને મફત શિક્ષણ મળવું જોઇએ એવી ઝુંબેશ કરનાર, બધા જ આત્યંતિક મતોનો સામનો કરી મધ્યમમાર્ગની હિમાયત કરનાર, દુર્દૈવને ય માનવના નિશ્ચયબળથી મહાત કરનાર, પ્રારબ્ધથી નહિ પરિશ્રમથી પોતાનું જીવન ઘડનાર, સામાન્ય માણસનો પણ ઇતિ-હાસના ઘડતરમાં ફાળો હોય છે એ સિદ્ધ કરી બતાવનાર, અંગ્રેજી ઐતિ-હાસિક નવલકથાનો આ જનક, લોકકથાઓ અને લોકકવિતાનો સંપાદક, લોકપ્રિય કવિ, વેધક પત્રકાર, સક્રિય ધારાશાસ્ત્રી, તટસ્થ ન્યાયાધીશ, ને પ્રવાસવીર, ઈ. ૧૮૩૨ની ૨૧મી સપ્ટેમ્બરે બાસઠ વર્ષની વયે અવસાન પામ્યો. ગાથાના એ ચાહકે એક અત્યંત ઉમદા, ભવ્ય જીવનગાથા સર્જી બતાવી. લૉકહાર્ટે હોમરની એક પંક્તિ ટાંકતાં એને અંજલિ આપી હતી:

'there lay he, mighty and mightily fallen,
done with his gallantry.'

દૈવે દીધેલ ખોડભર્યાં અંગો ને પોચટ મન પર એણે પુરુષાર્થની ખેડથી સશક્ત શરીર ને નિશ્ચયબળથી શોભતા શીલયુક્ત ભવ્ય જીવનશિલ્પનું નિર્માણ કર્યું. [આમાંના પદ્યાનુવાદો માટે એક મિત્રના આભારી છીએ.]

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૨૮૩થી

રવિશંકર રાવળ અને પ્રમુખ તરીકે હું મારું નામ મૂકું છું.'

હું સમજી ગયો કે આથી તો મારા ગળામાં ગાળિયો આવવાનો, એટલે મેં માત્ર સભ્ય તરીકે રહેવા તૈયારી બતાવી ને મારાથી કશી કામ-ગીરીની જવાબદારી લેવાય તેમ ન હોવાથી ઉપપ્રમુખનું પદ સ્વીકારવા-ની ચોખ્ખી ના પાડી. રામનારાયણ પાઠકને મેં કહ્યું કે તમે તો જાણો છો કે હું એક કલાયુક્ત માસિક કાઢવાની યોજના મારા મિત્ર બચુભાઈ સાથે કરી રહ્યો છું તેથી બહારની કોઈ જવાબદારી હું લઈ શકીશ નહિ.

રામનારાયણ પાઠકે અને રસિકભાઈએ મને ખાતરી આપી કે અમે હમેશાં તમારી સાથે રહીશું પણ મંડળને પ્રતિષ્ઠા આપે એવાં નામો હોવાં જ જોઈએ. મેં કાર્યવાહક મંડળમાં ડૉ. હરિપ્રસાદ અને ડૉ. માધ-વજી મચ્છરનાં નામો ઉમેરવા કહ્યું તે તેમણે તરત જ સ્વીકારી લીધાં એટલે મારે પણ તેમનું વચન રાખવું પડચું. તરત કવિએ મંડળનું કામ આગળ ચલાવ્યું. મંડળની સભ્ય-ફી એક રૂપિયો રાખી અને તે દિવસથી એક વર્ષને અંતે પહેલું ગુજરાત કલા-પ્રદર્શન ભરવાનો ઠરાવ મૂકચો.

મને આ બધી ઉતાવળ ગમી નહિ. પણ કવિ પોતાના સ્વભાવ મુજબ મક્કમ રહ્યા કે તેમણે કહ્યું તેમ જ થવું જોઈએ, અને બીજાઓએ હા ભણી એટલે હું ચૂપ રહ્યો. તે પછી તરત મને કહ્યું કે, 'હવે આ મંડળ-ની પ્રવૃત્તિનું પગરણ કરવા આવતા રવિવારે કલા ઉપર તારે એક વ્યા-ખ્યાન આપવું પડશે.' કવિ પોતાની સાથેના દરેકને એકવચનથી બોલા-વતા અને તેમાં તેઓ આત્મીયતા બતાવે છે એમ માનતા. મેં કહ્યું કે 'મેં કદી ભાષણો આપ્યાં નથી અને હું જાહેર સભામાં આવો મહત્ત્વનો વિષય નહિ ચર્ચી શકું. પહેલું ભાષણ તમે જ આપો તે ઠીક ગણાય.'

એમણે કહ્યું: 'મારું પ્રમુખ તરીકેનું વાર્ષિક ભાષણ પ્રદર્શન વખતે થશે. પ્રારંભ તારે કરવો પડશે. ગમે તે કરજે. લખીને વાંચજે'. આમ તેમની હાકેમી શરૂ થઈ ગઈ. મંત્રીઓ અને સભ્યોએ પણ મારા પર દબાણ કર્યું. અઠવાડિયા પછી તે ભાષણની તારીખ ઠરાવી. વર્તમાન-પત્રોમાં જાહેરાત કરવા મંત્રીઓને આદેશ થયો. પ્રેમાભાઈ હૉલ તે માટે ઠરાવ્યો. મારું મન બહુ ખિન્ન થયું પણ ડૉ. હરિપ્રસાદે આ ચૅલેન્જ ઉપાડી લેવા પ્રોત્સાહન આપ્યું અને મેં મારું ભાષણ લખી નાખ્યું. વ્યાખ્યાનને દિવસે મંડળના મોવડીની હેસિયતે કવિ પોતે જ પ્રમુખસ્થાને બિરાજ્યા. શ્રોતાઓની સંખ્યા સારી હતી. મેં થોથરાતી તબિયતે મારું લખાણ વાંચ્યું. તેના પર ઉપસંહાર કરતાં કવિએ ટકોર કરી કે ચિત્રકામ જેમ એક કળા છે તેમ ભાષણ કરવાની પણ કળા છે વગેરે. એ વક્રોક્તિ હું સમજી શકચો, પણ મેં મારી આપત્તિ ટાળ્યાનો સંતોષ લીધો, અને કવિની આડે ન ઊતરવાનો મનમાં સંકલ્પ કર્યો. પછી મેં કદી પણ તેમણે બોલાવેલી કાર્યવાહક સભાઓમાં હાજરી આપી નહિ. માહુલીકર અને ચંદુલાલ કવિનું કાસદું કરતા રહ્યા. (ચાલુ)


ટપાલટિકિટની કથા-૮

યુરોપમાં ઈ. ૧૮૪૮માં અનેક રાજાઓ સામે બંડ થએલાં. એમાં સીસિલીનો ફર્ડિનાન્ડ બીજો માથાભારે હતો. બહુ ક્રૂરતાથી એણે બળવો દબાવી દીધો. એટલે પ્રજા એને 'બૉમ્બા'-તોપગોળો કહેતી. વર્ષો સુધી એણે રાજ્યમાં ટપાલટિકિટો શરૂ કરવા નહોતી દીધી. રદ્દીકરણની છાપથી પોતાનો રૂપાળો ચહેરો બગડે એ એને પસંદ નહોતું. આખરે ૧૮૫૯માં ત્યાંના



ટપાલખાતાએ કીમિયો કર્યો. રદ્દીકરણની મહોર એમણે એવી બનાવી કે ચહેરો એની વચ્ચેના ખાલી ગાળામાં આવે ને બગડે નહિ. પણ બિચારો 'બૉમ્બા' પોતાના સુંદર ચહેરાવાળી ટિકિટ જોવા પામે એ પહેલાં ઉપર સિધાવી ગયો.

ઈ. ૧૮૯૯માં દક્ષિણ આફ્રિકામાં ડચ ખેડૂત બોઅરો ને અંગ્રેજો વચ્ચે વિગ્રહ થયો. એક ટેકરીની તળેટીમાં 'માફેકિંગ' નામનું એક મહત્ત્વનું અંગ્રેજ થાણું ઘેરાઈ ગયું. અને લોકોને ઘર બહાર નીકળવું અશક્ય બની ગયું. ત્યારે અંગ્રેજ ટુકડીના કર્નલ બૅડન પૉવેલે કિશોરોનું એક ટપાલીદળ રચ્યું. એ વાનરસેના ગામના ખૂણેખાંચરે થઈ બધે ફરી વળતી. આ



સંદેશ-વ્યવહાર માટે ઈ. ૧૯૦૦માં એક ટપાલટિકિટ બનાવાઈ. કર્નલ પૉવેલની જાણ બહાર એના જવાનોએ એ ટિકિટ પર એની જ છબિ છાપી. માફેકિંગ ઘેરામાંથી છૂટયું ત્યાં સુધી એ ટિકિટ ચાલી. કર્નલને મહારાણી વિક્ટોરિયાને બદલે પોતાની છબિ મુકાયાની જાણ થતાં એ બહુ નારાજ થયા, પણ ખુદ રાણીએ એ ગુસ્તાખી માફ કરી. આ ટિકિટો સત્તાવાર નહોતી, છતાં સરકારે પણ એનો ઉપયોગ થવા દીધો હતો. આગળ જતાં કર્નલ બેડન પૉવેલને ઉમરાવપદ મળેલું. સ્કાઉટની વ્યાપક પ્રવૃત્તિના જનક તે આ જ બેડન પૉવેલ. માફેકિંગની વાનરસેનાની કામગીરીમાંથી જ એમને એની પ્રેરણા મળેલી. —યશવંત મહેતા



મધુકરી

હે ઉન્નત, હે અણનમ અવિચલ! હે રણધીર ગભીર અચંચલ!
નવભૂમાન્તે નિતનિત ઉજ્જ્વલ અરુણોદય શુભ શુકનવંત હો!
હે જનનિ! તું વિજયવંત હો!
વેરઝેર વિદ્વેષ અનર્ગલ, તવ મધુમંત્રે શમો નિરંતર!
સ્થિર ગણતંત્ર અનંત તપો તવ કીર્તિપતાકા દિગદિગંત હો!
હે જનનિ! તું વિજયવંત હો! —બાલમુકુંદ દવે

સ્વ. મુનિકુમાર મણિશંકર ભટ્ટ

ઉપહાસની કલાના મર્મજ્ઞ મુનિકુમાર ભટ્ટનું હમણાં ૭૪ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતી સાહિત્યક્ષેત્રે એક સંસ્કારી ને બુદ્ધિલક્ષી હાસ્યલેખક ગુમાવ્યા છે.

સ્વ. કવિ 'કાન્ત'ના એ પુત્ર. ઈ. ૧૮૯૮ની ૭મી ફેબ્રુઆરીએ વડોદરામાં એમનો જન્મ થયો. ભાવનગર, પેટલાદ અને જૂનાગઢમાં અભ્યાસ કરી પૂનાની ડેક્કન કૉલેજમાં એની પૂર્ણાહુતિ કરી. એ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ લંડોળ કમિટીની પરીક્ષામાં પ્રથમ આવી એમણે રણજિતરામ ચંદ્રક મેળવ્યો હતો અને ૧૯૧૬માં ગિરિબાલાબહેન સાથે એમનાં લગ્ન પણ થઈ ગયાં હતાં. અર્વાચીન ગુજરાતી અસ્મિતાના આદ્ય પ્રેરક રણજિતરામ વાવાભાઈની એમના સાહિત્યજીવન પર ઘણી અસર હતી અને એવી જ છાપ હતી ભોગીન્દ્રરાવ દિવેટિયા, કવિ નાનાલાલ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, બળવંતરાય ઠાકોર ને પિતા કવિ 'કાન્ત'ની.

ઈ. ૧૯૧૨માં 'સુંદરી સુબોધ'માં એક અંગ્રેજી વાર્તાના રૂપાંતરથી એમણે લેખનનો આરંભ કર્યો. તે પછી મુનશીજીના 'ગુજરાત'માં 'હુવા તો વિવા' એ પહેલી મૌલિક વાર્તા પ્રકટ થઈ. ત્યાર બાદ હાજીમહમ્મદના 'વીસમી સદી' અને વિજયરાય વૈદ્યના 'કૌમુદી'માં પણ એમની કૃતિઓ પ્રકટ થવા લાગી. પછી તો 'યુગધર્મ', 'કુમાર', 'સુવર્ણમાલા', 'પ્રસ્થાન', 'કહાની' ને છેલ્લે 'અખંડ આનંદ' અને 'ગૃહમાધુરી' વગેરે સામયિકોમાં પણ તેઓ અવારનવાર લખતા રહેતા.

પોતાના સમયમાં ઓછા ખેડાએલા હળવા નિબંધલેખનમાં એમને ઘણો રસ હતો, અને ઇતિહાસ સંશોધન પણ એમને પ્રિય હતું. ધર્મ, કાવ્ય, નાટક, નવલ-નવલિકા, વિવેચના, રાજનીતિ ને અર્થશાસ્ત્રનું પણ એમનું વાચન બહોળું રહેતું. છેલ્લે 'સૌરાષ્ટ્ર સમાચાર'માં પ્રકટ થતા 'ડેલીનો ડાયરો' તથા 'ત્યારે અને અત્યારે'ના વિભાગીય લેખો પણ લખેલા. નવી ઢબે તેઓ 'સરલ પિંગળ' પણ લખતા. પરંતુ પોતાનાં સર્જનોને ગ્રંથસ્થ કરવા પ્રતિની એમની ઉદાસીનતાને કારણે એમની ઘણી કૃતિઓ હજી યે છૂટીછવાઈ પડી છે. ગ્રંથસ્થ થયા માત્ર એમના થોડા હળવા નિબંધો—'ઠંડા પહોરે', 'કલાપીના ૧૪૪ પત્રો' તથા 'સીહોરની હકીકત'. લેખન ઉપરાંત દક્ષિણામૂર્તિ, લલિતકલામંડળ, મહિલા વિદ્યાલય, ધરશાળા, કલબ મંડળ વગેરે જેવી ભાવનગરની



સ્થાનિક પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાએલા રહેલા. બૉમ્બે બોર્ડ ઑવ હિસ્ટૉરિકલ રેકર્ડ્સ ઍન્ડ એન્શ્યન્ટ મૉન્યુમેન્ટ્સ' તેમજ 'ઇંડિયન હિસ્ટૉરિકલ રેકર્ડ્સ કમિશન'ની સમિતિમાં પણ તેઓ સભ્ય હતા. ભાવનગરની દીવાન ઑફિસથી કારકિર્દીનો આરંભ કરી સૌરાષ્ટ્ર સરકારમાં ઉપરી-દફ્તરી તરીકે અને પુરાતત્ત્વના વડા તરીકે સેવા આપી એમણે નિવૃત્તિ લીધેલી.

એમના વિનોદ-લેખો આકર્ષક અને રસનું વહન કરતા હોવા છતાં એનું પોત પાતળું રહેતું અને એમનો કટાક્ષ વેધક કે દાહક નહોતા એ ખરું, પણ એમનું સર્જન શિષ્ટ અને સાહિત્યલક્ષી હોઈ એમાં ઠાવકા વિનોદનો મલકાટ પ્રેરવાની શક્તિ અવશ્ય હતી. અને એટલે સંસ્કારી બુદ્ધિલક્ષી વિનોદ લેખકોમાં મુનિકુમારનું નામ સ્મરણીય રહેશે. (સંકલિત)


શ્રી અરવિંદ: જેમના જન્મનું ૧૦૦મું વર્ષ આ ૧૫મી ઑગસ્ટે શરૂ થયું



'ઑરો' ૧૧ વર્ષની વયે માંચેસ્ટરમાં



વડોદરા કૉલેજમાં પ્રાધ્યાપક પ્રો. ઘોષ




રાષ્ટ્રભક્ત 'અરવિંદબાબુ' કલકત્તામાં

ક્રાંતિવાદી દેશભક્ત ને પછી આધ્યાત્મિક માર્ગે માનવમાત્રના ઊર્ધ્વીકરણ માટેના સિદ્ધ શ્રી અરવિંદ ઘોષનો જન્મ ૧૮૭૨ની ૧૫મી ઑગસ્ટે થયો. પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ પૂર્ણતઃ દેશપ્રેમી છતાં અંગ્રેજી રહનસહનના પ્રેમી હોઈ નાનકડા 'ઑરો'ને સાત વર્ષની વયે બે પુત્રો સાથે ઇંગ્લૅંડ ભણવા મોકલેલ'. અતિ ઉદાર સખાવતોને કારણે પિતા હમેશાં નાણાંભીડ ભોગવતા હોઈ પુત્રોએ કપરી આર્થિક ખેંચ છતાં ત્યાં પૂર્ણ નિષ્ઠાથી અભ્યાસ જારી રાખ્યો અને લગભગ ૧૪ વર્ષના ઇંગ્લૅંડવાસમાં અરવિંદ લૅટિન અને ગ્રીકમાં પારંગત થવા સાથે અનેક પારિતોષિકો મેળવ્યાં પણ અંગ્રેજોની ગુલામી નોકરી ટાળવા જાણી જોઇને આઈ.સી.એસ.માં નાપાસ થયા. ભણવા સાથે ત્યાં હિંદી વિદ્યાર્થીમંડળ 'મજલિસ'માં દેશ ખાતર મરી ફીટવા તૈયાર એવા સાથીઓનું 'કમળ અને ખંજર' નામે એક મંડળ રચેલું. ઇંગ્લૅંડમાં જ એમની બહુમુખી પ્રતિભાથી પ્રભાવિત થઈ વડોદરાના શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે એમની પોતાના રાજ્યમાં નિમણૂક કરી દીધી. ઈ. ૧૮૯૩માં શ્રી અરવિંદ હિંદ આવવા ઊપડ્યા ત્યારે એક ડૂબી ગએલી સ્ટીમરના સમાચારથી પોતાના પુત્રનું અવસાન થયાના ખયાલથી આઘાત પામી પિતાનું અવસાન થયું. હિંદમાં વડોદરાની નોકરી દરમિયાન 'ઇન્દુ પ્રકાશ' નામક પત્રમાં ત્યારની કૉંગ્રેસની ઢીલી નેતાગીરી પરના એમના તીખા લેખોએ ખળભળાટ મચાવી દીધેલો. અહીં એમણે માતૃભાષા બંગાળી સાથે વડોદરાની રાજભાષા ગુજરાતી તેમજ મરાઠીનું શિક્ષણ પણ લીધું. ૧૯૦૧માં મૃણાલિનીદેવી સાથેના લગ્ન બાદ ૧૯૦૨માં એક બાજુ એમણે એક ગુપ્ત ક્રાંતિદળ સ્થાપ્યું, ને બીજી બાજુ યોગસાધનાનો પણ પ્રારંભ કર્યો. ૧૯૦૫માં બંગાળના ભાગલા પડ્યા પછી ત્યાં નૅશનલ કૉલેજ-ની સ્થાપના થતાં વડોદરા છોડી તેમાં જોડાયા અને બિપિનચંદ્ર પાલના 'વંદેમાતરમ્'નું પણ તંત્ર સંભાળવા લાગ્યા જેમાંના 'અગ્નિકલમે' લખેલા એમના લેખોએ એમને દેશખ્યાત કરી દીધા.



અલીપુરના જેલવાસ ને પ્રથમ સાક્ષાત્કાર પછી



પોંડિચેરીમાં સાધક શ્રી અરવિંદ



પૂર્ણપુરુષ મહાયોગી

ઈ. ૧૯૦૯માં મુઝફ્ફરપુરના બૉંબધડાકા અંગે એમની ધરપકડ થઈ પણ એમાંથી નિર્દોષ છૂટ્યા. દરમિયાન જેલમાં એમનું ચિંતન અને યોગસાધના વધુ પ્રગાઢ બનતાં છૂટ્યા પછી એમણે અંગ્રેજીમાં 'કર્મયોગિન્' તથા બંગાળીમાં 'ધર્મ' નામક અઠવાડિક પ્રકટ કરવા માંડ્યાં. આમાં 'દેશબંધુઓ પ્રત્યે' નામક એક લેખ માટે એમના પર વૉરંટ નીકળ્યું, પણ તેઓ ગુપ્ત રીતે ફ્રેન્ચ હિંદના પાટનગર પોંડિચેરી ચાલ્યા ગયા. ને ત્યાં રાજકીય ક્ષેત્ર છોડી જીવનસાધના આદરી. ચાર વર્ષ પછી 'આર્ય' નામે અંગ્રેજી માસિક શરૂ કર્યું જે ૧૯૨૧માં બંધ કર્યું. ઈ. ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે એમણે પોતાની સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરી ને આજના શ્રી અરવિંદ આશ્રમની સ્થાપના કરી. ઈ. ૧૯૪૦માં પોતાના જન્મદિવસે લપસી પડવાથી પગનું હાડકું તૂટ્યું. પણ એમની બધી શક્તિઓ પૂર્વવત્ રહી. ૧૯૫૦ની ૫મી ડિસેમ્બરે ૧૫ દિવસની મૂત્રપિંડની બીમારી પછી એમનું અવસાન થયું.

પાંચમા સિવાયનાં બાકીનાં ચિત્રો તથા શ્રી અરવિંદના જીવનની કેટલીક વિગતો એમના આ માસથી આરંભાતા જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે બહાર પડેલા **'શ્રી અરવિંદાયન'** નામે પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત. (લેખક: પંડિતરાવ રાવલ. પ્રકાશક: રામભાઈ ના. અમીન. અમદાવાદ-૬. મુખ્ય વિક્રેતા: બાલગોવિંદ બુકસેલર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પાકુ પૂઠું, પૃષ્ઠ ૨૦૦, રૂા. ૪.)

શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરી

આ સદીના શરૂના દસકાઓમાં ભારતની સર્વદેશીય મુક્તિ માટેના આંદોલનના તેજસ્વી અગ્રણીઓમાં, ભભૂકતી અગ્નિજ્વાળા જેવા શ્રી અરવિંદ ઘોષના એ અગ્નિએ યોગસાધના અને તત્ત્વચિંતનના માર્ગે કેવળ ભારતની જ નહિ પણ સમગ્ર માનવજાતની મહામુક્તિનો યજ્ઞ જ્યાં આરંભ્યો તે એમના આશ્રમધામનો આ ટૂંક પરિચય શ્રી અરવિંદની આ માસમાં આવતી જન્મશતાબ્દી પ્રસંગે ઉચિત થશે.

પોંડિચેરી આજે નવું તીર્થધામ છે. રાષ્ટ્રીય નહિ પણ આંતરરાષ્ટ્રીય, અને સામાન્ય નહિ પણ અસામાન્ય. આજે તો પોંડિચેરી એટલે શ્રી અરવિંદ આશ્રમ. પોંડિચેરી-પુદુચેરીનું મૂળ નામ વેદપુરી હતું. અહીં વેદોનો અભ્યાસ થતો અને એના સત્યોને જીવનમાં મૂર્ત કરવાનો પ્રયત્ન થતો. આજે નવા સ્વરૂપે ત્યાં એ જ કાર્ય થઈ રહ્યું છે.

પણ આ આશ્રમ પરંપરાગત 'આશ્રમ' જેવો નથી. અહીં ભગવાં કે સફેદ કપડાં પહેરનારાં સાધકો નથી, ધ્યાન કે તપજપમાં મગ્ન સંન્યાસીઓ નથી અને આશ્રમ કોઈ વિશાળ જગ્યામાં એક સાથે બાંધેલાં ઝૂંપડાંનો સમુદાય નથી. હાલ લગભગ ૧૭૦૦ જેટલા સાધકો આખા પોંડિચેરીમાં છૂટાંછવાયાં મકાનોમાં રહે છે. આકાશી વાદળી રંગનાં મકાનો આશ્રમના મકાન તરીકે તરત ઓળખી શકાય છે.

જેને મુખ્ય આશ્રમનું મકાન કહેવામાં આવે છે તેમાં શ્રી અરવિંદ રહેતા અને શ્રી માતાજી રહે છે. ત્યાં કેટલાક સાધકોનાં નિવાસસ્થાન, ઑફિસો, પુસ્તકાલય વગેરે પણ છે. દરવાજા ઉપરનાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં પ્રતીકચિહ્નોથી તરત ખયાલ આવી જાય કે આ જ આશ્રમ. દાખલ થતાં જ રંગબેરંગી પુષ્પોની સુંદરતાનું વાતાવરણ મન ભરી દે છે. થોડું જ આગળ વધીએ એટલે વચ્ચે મોટા ચોગાનમા શ્રી અરવિંદની સમાધિ છે. સમાધિની ઉપરની ફૂલોની ગોઠવણી, અગરબત્તીઓની સુવાસ અને શાંતિથી વાચન કે ધ્યાન કરતા સાધકોનાં દર્શનથી આગંતુકને ઊર્ધ્વ ચેતનાની ક્ષણ પૂરતી પણ ઝાંખી થાય છે.

પહેલે માળે શ્રી અરવિંદનો ખંડ છે જ્યાં તેમના વાપરની વસ્તુઓ વ્યવસ્થિત રીતે ગોઠવેલી છે. પછી બીજી સીડી ચડતાં શ્રી માતાજીનો નિવાસ આવે છે. પહેલાં તો શ્રી માતાજી આશ્રમની બહાર નીકળતાં અને પ્લેગ્રાઉન્ડમાં સાધકોની વચ્ચે ચારપાંચ કલાક ગાળતાં. સવારે ઝરૂખા કે અગાશીમાં દર્શન આપતાં, રોજ સાંજે એમની હાજરીમાં ધ્યાન થતું, તેઓ ટેનીસ રમવા જતાં અને રમતગમતની હરીફાઈઓમાં પણ હાજર રહેતાં. પરંતુ હવે તો આ ત્રીજા માળથી નીચે ઊતરતાં નથી. માત્ર વર્ષનાં ચાર દર્શન (ફેબ્રુઆરીની ૨૧મીએ શ્રી માતાજીના જન્મદિને, એપ્રિલની ૨૪મીએ શ્રી માતાજીના આગમનના દિવસે, ૧૫મી ઑગસ્ટે શ્રી અરવિંદના જન્મદિને અને ૨૪મી નવેમ્બરે શ્રી અરવિંદના સિદ્ધિદિને) ત્રીજા માળના ઝરૂખામાંથી આપે છે. ઉપરાંત દરેક ખાતના સંચાલકને તેમજ જેની વર્ષગાંઠ હોય તે સૌને અને જે દિવસે જે સાધકો અગર મહેમાનોને પ્રણામની રજા મળી હોય તે સૌને નજીકથી દર્શન થાય છે અને ફૂલ તથા આશીર્વાદનો લાભ મળે છે.

આશ્રમના સાધકોને રોજિંદા જીવનમાં ખાસ ચુસ્ત નિયમો પાળવાના હોતા નથી, પરંતુ સ્વેચ્છાએ દરેક સાધક પ્રવૃત્તિમય જ રહે છે. સવારથી રાત સુધી દરેક સાધક કો'કવાર એકલો તો કો'કવાર સમૂહમાં પોતાને માતાજી તરફથી સોંપાએલા કામમાં પ્રવૃત્ત હોય છે. આશ્રમમાં નિવૃત્તિ નહિ પણ પ્રવૃત્તિ જ જોવા મળે છે. કારખાનાં ને અતિથિગૃહો ચાલે છે, ખેતરો ને વાડીઓમાં અનાજ, શાકભાજી, ફળફૂલ અને વૃક્ષો ઉગાડાય છે, ડેરી, બેકરી ને પેટ્રોલપંપ છે, અનાજ, કાપડ અને જીવનજરૂરિયાતની વસ્તુઓના વેચાણની દુકાનો, પ્રેસ, બુકસ્ટૉલ્સ ને પુસ્તકાલયો છે. માર્ગો, ટેનીસ કોર્ટો, રમતગમતનાં મેદાનો, તરવાના હોજ

'કુમાર'ના લેખકો માટે એક નવું

દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી તેમની સ્વ. પુત્રી દીપ્તિના સ્મરણાર્થે આ પારિતોષિક અપાશે.

૧) દર સપ્ટેમ્બર માસમાં, તેની અગાઉના એક વર્ષ દરમિયાન 'કુમાર'માં આવેલા લેખો પૈકી ભારતીય સંસ્કાર-પરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને

રૂ. ૫૧)નું પારિતોષિક આપવામાં આવશે.

૨) તદનુસાર આગામી માસથી ઑગસ્ટ ૧૯૭૨ સુધીના અંકોમાં આવેલા લેખો માટેનું પારિતોષિક સપ્ટેમ્બર '૭૨માં જાહેર થશે.

૩) લેખની શ્રેષ્ઠતાનો નિર્ણય 'કુમાર'ના તંત્રી કરશે. □

આદિ અનેક વ્યવહાર ચાલે છે. દર શનિવારે ફિલ્મ બતાવાય છે. અહીંની શિક્ષણની સંસ્થાઓ તથા સામુદાયિક ભોજનવ્યવસ્થા તો નમૂનેદાર છે. ટૂંકમાં જીવનના બધા વ્યવહારો અહીં છે. તફાવત એ છે કે અહીં જે કાંઈ પ્રવૃત્તિ થાય છે તે અંગત લાભ માટે નહિ પણ પ્રભુપ્રીત્યર્થે થાય છે, 'ત્યાગ નહિ પણ રૂપાંતર' એ અહીંની સાધનાની અને બધી પ્રવૃત્તિઓની ભાવના છે. આ રીતે સમગ્ર જીવન યોગ છે એમ અહીં મનાય છે.

અહીં પ્રાથમિકથી માંડીને કૉલેજ સુધીનું શિક્ષણ અપાય છે. એમાં વિનયન, વિજ્ઞાન અને બધી વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે. શિક્ષણમાં સંગીત, નૃત્ય, ચિત્રકળા જેવા માનસિક શિક્ષણ સાથે કસરત રમતગમત અને આસનો જેવા શારીરિક શિક્ષણને એટલું જ મહત્ત્વ અપાય છે. શિક્ષણનાં અભિગમ અને પદ્ધતિ બન્ને વિશિષ્ટ છે, કારણ કે શિક્ષણની સાથેસાથે શિક્ષક અને વિદ્યાર્થીની અંદર રહેલી ચેતનાનો વિકાસ એ જ હેતુ મુખ્ય છે. આશ્રમની સમગ્ર પ્રવૃત્તિઓ પાછળ આ જ આશય રહેલો છે. જીવનનો આનંદ, સમૃદ્ધ જીવન કે કોઈ પણ પ્રવૃત્તિ અહીં ખોટી મનાતી નથી; ફક્ત માનસિક વલણ બદલવાનું રહે છે.

—સુમિત્રા દલાલ

મીરજનો સિતાર-કસબ

દક્ષિણ મહારાષ્ટ્રનું મીરજ શહેર સામાન્યરીતે તબીબી કેન્દ્ર તરીકે જાણીતું છે; પણ તે ભારતને વિશ્વના સંગીતના નકશા પર મૂક્યું છે એ ઘણા ઓછા જાણે છે. પશ્ચિમમાં ભારતીય સંગીતને લોકપ્રિય બનાવનાર મશહૂર વાજિંત્ર સિતાર, આ સાધારણ નગરના જ થોડા કસબી બનાવે છે.

સિતાર મોટે ભાગે દેશી સામગ્રીમાંથી બને છે. સિતારનો ગોળ ભાગ, નજીકમાં આવેલા પંઢરપુરમાં થતી દૂધીના પરિપક્વ કોટલાનો બનેલો છે. એનો હાથો મૈસૂરના જંગલમાં થતા લાલ સીડર લાકડામાંથી ને એના તાર દેશી તાંબા-પિત્તળના વાળાથી બનાવાય છે. પરદેશી એકમાત્ર ભાગ છે પોલાદનો તાર. આ તાર જર્મનીમાં બને છે ને તે સારા તરંગો આપે છે.

મીરજમાં આ વંશપરંપરાનો કસબ આશરે ૧૨૦ વર્ષ પર શરૂ થએલો. તાજેતરનાં વર્ષોમાં સિતાર વિદેશોમાં ખાસ લોકપ્રિય બની છે. પંડિત રવિશંકરે અમેરિકામાં ભારતીય સંગીત લોકપ્રિય બનાવવામાં સારો ફાળો આપ્યો હોઈ એ દેશમાં આ વાજિંત્રની માગ વધી છે.

સિતાર બનાવવાની આગવી કળા છે. પ્રત્યેક કારીગર પોતાના કામનો કસબી હોય છે—જેમ કે દૂધીનું કોટલું તૈયાર કરવું, તાર જોડવા, સુશોભન પૉલિશ વગેરે. એક સિતાર બનાવતાં ૮ થી ૧૦ દિવસ લાગે છે. અને એની કિંમત રૂ. ૧૦૦ થી ૭૦૦ જેટલી હોય છે. (અમેરિકન સંદેશ)

હૃદયરોગ ઉપર ડુંગળી

કૉરોનરી થ્રૉમ્બોસિસ એટલે લોહીમાં ગઠ્ઠા બાઝી તેના અભિસરણમાં અવરોધ ઊભો થવાની સ્થિતિ. એ ઘણી વાર હાર્ટ ફેઈલ્યોરનું કારણ બની જીવલેણ નીવડે છે. ચરબીવાળા ખોરાકનો અતિરેક એ આ દર્દનું એક મુખ્ય કારણ છે. એમાંથી જો બચવું હોય તો એક સહેલો ને સસ્તો ઉપાય છે: તળીને, બાફીને, શેકીને, વઘારીને, સૂકવીને કે આથીને મોકળે મને ડુંગળી ખાવા માંડો!


ડુંગળીમાં એવો તે શો ગુણ છે એ તો હજી કોઈ નિશ્ચિતપણે જાણતું નથી. દવા બનાવનારાઓ અને ઔષધવિજ્ઞાનીઓ એના એ રોગનિવારક તત્ત્વને છૂટું પાડવા મથી રહ્યા છે; પણ એટલું તો નક્કી કે ડુંગળીમાં એવું કંઈક તો જરૂર છે જે લોહીમાં ગઠ્ઠા બાઝતા અટકાવે છે.

આની પરીક્ષા કરવાની પ્રેરણા ફ્રાંસમાં હંગામી પ્રૅક્ટીસ કરતા એક ભારતીય ડૉક્ટરને ત્યાંના કોઈ ફ્રેંચ દર્દીની એક વાતમાંથી મળેલી. પેલાએ કહેલું કે એના વિસ્તારમાં ઘોડાના પગમાં લોહી બાઝી જાય ત્યારે તેઓ એને ડુંગળી ને લસણ ખવડાવીને સાજા કરે છે. પછી જ્યારે આ ડૉ. સુધાકરન્ મેનનને ઇંગ્લૅન્ડમાં 'ધી રૉયલ વિક્ટોરિયા ઇન્ફર્મરી'માં સંશોધન કરવાની તક મળી ત્યારે પેલા ફ્રેંચમૅનના વૈદાને ચકાસી જોવા વિચાર્યું.

એણે, બીજા ત્રણ સાથીઓ સાથે, બાવીસ જેટલા દર્દીઓ પસંદ કરીને તેમના પર પોતાના ડુંગળી-સંશોધનનો પ્રયોગ આદર્યો. આ બધા દર્દીઓ હોજરીની માંદગીમાંથી ઊઠેલા હતા ને એમને કોઈ ઔષધો અપાયાં નહોતાં કે જે કદાચ આ ડુંગળી-સંશોધનમાં કંઈ અસર કરે. બધા દર્દીઓને પથારીવશ રાખવામાં આવેલા, કેમ કે કેટલાક સંજોગોમાં હલચલ દ્વારા શરીરને મળતી કસરત પણ લોહીમાં બાઝતા ગાંઠાને ઓગાળી નાખે છે. આ બધા દર્દીઓને પ્રથમ તો ભૂખ્યા રાખવામાં આવ્યા ને પછી ખાસ યોજના મુજબ પેટ ભરીને ખોરાક આપવામાં આવ્યો.

દર્દીઓના ત્રણ વિભાગ પાડેલા. પહેલા જૂથને બહુ ચરબીયુક્ત ખોરાક જ આપ્યો અને બીજા જૂથને એવા જ ખોરાક ઉપરાંત તળેલી ડુંગળી અપાઈ. થોડા વખત પછી બંને જૂથનો ખોરાક અદલબદલ કરી નાખ્યો. દરમિયાન ત્રીજા જૂથને પણ ખોરાક તો પહેલા જૂથ જેવો જ આપ્યો પણ તેમને બાફેલી ડુંગળી અપાઈ હતી. આ પ્રયોગ દરમિયાન સૌના લોહીની તપાસ જારી રાખવામાં આવેલી. સામાન્યતઃ માણસ જ્યારે ચરબીયુક્ત ખોરાક ખાય છે ત્યારે એના લોહીમાંના ગઠ્ઠાને ઓગાળી નાખવાની સંભવિત શક્તિ ઘટી જાય છે. લોહીમાંનું 'ફાઇબ્રિનોજિન' નામનું એક તત્ત્વ હમેશાં ફાઇબ્રિન નામના એક ઘન સ્વરૂપમાં ફેરવાઈ જાય તેવું હોય છે. ડૉ. મેનન ને એમના સાથીઓના પ્રયોગથી સૌથી પહેલું તો એ જાણવા મળ્યું કે એકલો ચરબીયુક્ત ખોરાક લેનારાઓના લોહીની ફાઇબ્રિન ઓગાળી નાખવાની શક્તિ ઘટી, જ્યારે તળેલી અને બાફેલી ડુંગળી ખાનારા બંને જૂથના લોહીની ફાઇબ્રિન ઓગળવાની શક્તિ વધી હતી—બલ્કે ચરબીયુક્ત ખોરાકની હાનિકર અસરને મારી પણ હતી અને એમ ગઠ્ઠા બાઝવાની સ્થિતિ ટાળી હતી. ઊભડા વેગે પગથિયાં ચડવાના શ્રમ દ્વારા પણ આવી શક્તિ મળે છે એમ દાક્તરો માને છે; પણ પગથિયાં ચડઊતર કરવા કરતાં દર્દી ડુંગળી ખાવાનું કદાચ વધુ પસંદ કરે!

ડુંગળીની આ શક્તિની શોધ નહોતી થઈ ત્યારે પણ જૂનવાણી લોકો માંસાદિ ચરબીયુક્ત ખોરાક સાથે ડુંગળીના વઘાર કે ભેળનું ઉમેરણ કરતા એની પાછળ કંઈક બુદ્ધિ અવશ્ય રહેલી છે. જો કે કેટલાક નિષ્ણાતો ડુંગળીની આ શક્તિ વિષે શંકાશીલ છે. તેઓ કહે છે કે આવા છૂટાછવાયા પ્રયોગ વડે કોઈ નાટકીય પરિણામ આવે એ પૂરતું નથી. એટલે આનાં સંશોધનો ચાલુ જ છે ને એના પક્ષમાં ને વિરોધમાં મતમતાંતરો પણ ચાલશે. પણ એ દરમિયાન તમને જો વિવિધ ડુંગળી પ્રત્યે સૂગ ન હોય ને ખાવા માંડો તો એથી કંઈ નુકસાન નથી પણ ફાયદો તો છે જ.



ફકીરીમાં અમીરી: ચિત્રકાર હલદનકરની એક જલરંગી કૃતિ. ઈ. ૧૯૨૭માં બોમ્બે આર્ટ સોસાયટીનું 'ગવર્નર પ્રાઈઝ' મેળવનાર ચિત્ર. જલરંગમાં હલદનકરની સિદ્ધિ દુનિયાભરમાં ત્રીજા નંબરની ગણાતી હતી. (બ્લોક: 'બોમ્બે આર્ટ સોસાયટી'ના સૌજન્યથી)





મિથુન–૧૩મી સદીનું ઓરિસ્સાનું એક ભગ્ન શિલ્પ]

ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમ ઑવ આર્ટના ભારતીય શિલ્પસંગ્રહમાંનાં બે સુંદર રત્નો · ફોટો 'યુસિસ'ના સૌજન્યથી

[આકાશચારી દેવયુગલ

અનુ.] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૨૭૫થી

વખત સુધી મુંબાઈની હાઇકોર્ટના ઍડવોકેટ જનરલના હોદ્દા પર રહેલા. હું ત્યારે અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં ભણતો ને મારા મુરબ્બીઓ સાથે આ કેસ સાંભળવા ખાસ સરકીટ હાઉસ ગએલો; પણ ચાલુ ખટલે કોર્ટમાં જવા ભાગ્યશાળી ન હોવાથી અમે સરકીટ હાઉસની બહાર જ ઊભેલા ને કેસ પૂરો થયા પછી કોર્ટની અંદર ગએલા અને ગાંધીજીનાં દર્શન કરેલાં.

(મુંબાઇ) —જે. એન. દેસાઈ

મે અંકમાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'તારુણ્યની તકલીફો'નું છેલ્લું વાક્ય છે: 'બાળકના કે કિશોર-કિશોરીઓના જાતીય પ્રશ્નો હસી કાઢવા કે તિરસ્કારયુક્ત જવાબથી ટાળવાના નથી, પણ એ જિજ્ઞાસાવૃત્તિને તેમની વય પ્રમાણે સંતોષવાની છે.' એની સાથે હું સંમત છું. પરંતુ મારી મૂંઝવણ એ છે કે બાળક અમુક બાબત પૂછે તેને શા જવાબ આપવા? દા. ત. બે-અઢી વર્ષનું બાળક પૂછે કે 'ભાઈ ક્યાંથી આવ્યો? બેન ક્યાંથી આવી? હું ક્યાંથી આવેલો? વ૦' તો બાળકના દરેક સંભવિત પ્રશ્નોના ઉત્તર કઈ રીતે આપવા તે વિષે વિદ્વાન ડૉ. શ્રી પ્રકાશ પાડશે તો હું માનું છું કે મારા જેવા અનેક વાચકોની મૂંઝવણ દૂર થશે.

(સૂરત) —શરદ બી. દેસાઈ

[*બાળકના પ્રશ્નોના ઉત્તર એ પોતે સમજી શકે એટલા સરળ અને એટલી જ વિગતોમાં આપવા જોઇએ. નવું બાળક ક્યાંથી આવ્યું તેનો ઉત્તર એને માટે માત્ર 'માના પેટમાંથી' એટલો જ પૂરતો છે. એના પ્રશ્નનો વિગતવાર ઉત્તર આપી એનું જ્ઞાન વધારવાનો ભલે સચોટ અને સરળ પ્રયત્ન કરીએ તો યે તે નિરર્થક છે, કેમ કે એ વિગતો સમજવા જેટલી માનસિક શક્તિ બાળકોમાં ખીલી હોતી નથી અને એ સમજવાની એને પડી પણ હોતી નથી. આસપાસની દુનિયાની અસંખ્ય બાબતો ગ્રહણ કરવામાં પોતાની રીતે કામ કરતું મગજ એને એકાએક થએલા કુતૂહલના સંતોષથી વધુ કંઈ ઇચ્છતું હોતું નથી. મૂળ મુદ્દો એનું કુતૂહલ સંતોષવાનો છે, એનું જ્ઞાન વધારવાનો નહિ. ઉત્તર તદ્દન સરળ (એટલા માટે કે એના મગજમાં ઊતરી શકે) અને સાચો-સ્વાભાવિક-(એટલા માટે કે એને ખોટો ઉત્તર મળ્યાની શંકા ન જાય ને પરિણામે માબાપમાંનો એનો વિશ્વાસ ટકી રહે) ઉત્તર આપવો જોઇએ. એના પ્રશ્નને એના જ્ઞાનવર્ધન માટેની તક ન ગણતાં એણે માબાપ પાસેથી રાખેલી (ઉત્તરની) આશા અને તેમના પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરવાની તક સમાન ગણવી જોઇએ. એમાં જેટલી સરળતા ને સ્વાભાવિકતા એટલી એની અસર વધુ.]

ઘઉંના જવારાના ઉપચાર વિષે આપે જે સરનામાં મોકલ્યાં તે માટે આભાર. શ્રી લાભશંકર મહેતાએ વલસાડથી બહાર પાડેલી 'Be your Own Doctor' Dr. Ann Wigmorr એ આ જવારાનું કીમતી સંશોધન કરેલું છે તે માનવકલ્યાણ માટે મારી દૃષ્ટિએ અમૂલ્ય છે. તેના અભ્યાસ ને અનુભવ બાદ આ સમજાય છે. ખરેખર તે ઇશ્વરી બક્ષિશ અને આશીર્વાદ સમાન છે. આ ઘઉંના જવારાની વિગતો મળતાં અમે જે કોઈ આપના ગ્રાહક, ચાહક કે વાચક ઇચ્છશે તેને વિનામૂલ્યે યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવા ઉપરાંત મુંબાઈ જેવા શહેરમાં ઘણા ઘઉંના જવારા ઉગાડી શકતા નથી તેને અમારી પાસે વધુ હશે તો આપી શકીશું.

કીશનલાલ નિહાલચંદ, નં. ૫., સિન્ધી લેઈનના નાકે, વોરાનો માળો, ૧લા માળે, રૂમ ૩૬ ગોળપીઠા-નળબજાર વચ્ચે, મુંબઇ-૩

જાન્યુ. અંકમાં શ્રી એચ. સી. મહેતાનો પત્ર વાંચી આશ્ચર્ય થયું. ગુજરાતમાં ગણ્યાંગાંઠ્યાં સારાં સામાયિકો છે તેમાં 'કુમાર'નું નામ અગ્રસ્થાને છે. એમણે ફરિયાદ કરવા ખાતર જ કરી છે એવું નથી લાગતું? આ તો લવાજમ બંધ કરવું હોય તો કંઇક ફરિયાદ કરવી એથી ફરિયાદ કરી હોય તેમ લાગે છે.

(મુંબાઇ) —ચંદ્રકાન્ત યાજ્ઞિક

હું દસમા ધોરણમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી છું. મારી આટલી નાની ઉંમરે માથાના વાળનો રંગ સફેદ થઈ ગયો છે તો ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી પાસેથી વાળ સફેદ થતા અટકાવવાના ઉપચાર અને તે શા માટે સફેદ થયા તે વિષે જાણીને 'કુમાર'માં લખશો.

(અમદાવાદ) —ઇન્દ્રવદન સોમાલાલ શાહ

જૂન અંકમાં 'આ માસ ઇતિહાસમાં' વિભાગમાં બાળકેળવણીના પુરસ્કર્તા ગિજુભાઈ બધેકાનું અવસાન તા. ૨૫(૧૯૩૯) છે તે તા. ૨૩ (૧૯૩૯) જોઈએ.

(અમદાવાદ-૧૫) —વસંત નાયક

મે અંકમાં મોહન સામંતનું ચિત્ર જોયું. એ કૃતિ તેમના ઈટાલી તથા પછી અમેરિકાના મળીને સાતેક વર્ષના વસવાટ બાદની નથી પરંતુ તેમણે ભારતનો કિનારો છોડચો (૧૯૫૭-૫૮ના અરસામાં) તે પહેલાં ત્રણેક વર્ષની છે. આથી ચિત્ર સાથે છપાએલ 'ભારતીય પ્રણાલી છોડી નથી' વગેરેનો મેળ બેસે તેવો નથી.

(વડોદરા-૨) —જ્યોતિ ભટ્ટ

આ માસ (ઑગસ્ટ) ભારતના-ઇતિહાસમાં


હિંદુસ્તાન પહોંચવાનો જળમાર્ગ શોધવામાં સફળ થઈ ઈ. ૧૪૯૮માં વાસ્કો ડા ગામા અંતે કાલિકટ પહોંચ્યો. ત્યાંના રાજા ઝામોરિને એને આવકાર્યો પણ મૂર વેપારીઓ સાથે એને ઝઘડો થયો ને તેમાં એના માણસો કેદ પકડાયા. સામા ડ ગામાએ ૧૮ હિંદીઓને પોતાના વહાણમાં રોકી પાડયા. વાટાઘાટો ચાલી ને છેવટે ૨૮ ઑગસ્ટે છ જણને બાન તરીકે લઈ એ અહીંથી પાછો ફર્યો. પણ આ દેશ પર પરદેશીઓની જડ લાગી ગઈ. એને પગલે વલંદા (ડચ) ફ્રેન્ચ અને છેલ્લે ઈ. ૧૬૦૮માં અંગ્રેજોનો કૅપ્ટન હૉકિન્સ સૂરત બંદરે ઊતર્યો તે યે ઑગસ્ટમાં. અને તે પછીના ઇતિહાસમાં આ ઑગસ્ટ માસની સાલવાર કેટલીક તારીખો જોઈએ.



કાલિકટના રાજા ઝામોરિન અને વાસ્કો ડા ગામાની મુલાકાત

૧૭૪૯, કર્ણાટકના રાજા ચાંદાસાહેબે અંગ્રેજોની મદદ માગી તા. ૨, અને ત્યારથી અંગ્રેજોએ અહીંના રાજકાજમાં પગ પસારવા માંડયા.

૧૭૬૫, નબળી પડેલી મુઘલાઈનો લાભ લઈ વરસે ૨૬ લાખ રૂપિયા આપવાના બદલામાં ક્લાઇવે શાહ આલમ બીજા પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાનીનું ફરમાન મેળવ્યું, તા. ૨.



અંગ્રેજોને દીવાનીનું ફરમાન આપતો શાહ આલમ બીજો

૧૭૭૫, અંગ્રેજોની કપટનીતિ પામી જઈ બંગાળના એક જાગીરદાર રાજા નંદકુમારે અંગ્રેજોને હાંકી કાઢવા જે પ્રયત્નો આદર્યા તેમાં છેલ્લે એમણે હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ પણ મૂક્યો, પરંતુ એની સામે ખોટાં આળ અને સાક્ષીઓ ઊભા કરી તેના પર સામો દાવો માંડી અંગ્રેજોએ એને ફાંસીએ ચડાવી દીધો, તા. ૫.

૧૮૦૯, શ્રી રંગમ્‌ના માપલાઓએ અંગ્રેજો સામે બળવો જગાવ્યો, તા. ૨૩.

૧૮૫૮, સત્તાવનના બળવા પછી ઇસ્ટ ઈંડિયા કંપની પાસેથી બ્રિટિશ સરકારે હિંદનો રાજવહીવટ પોતાને હસ્તક લઈ લીધો, તા. ૨.

૧૮૭૨, અંગ્રેજો સામેની આઝાદીની જલદ ચળવળના એક પુરસ્કર્તા અને તત્ત્વચિંતક શ્રી અરવિંદ ઘોષનો જન્મ, તા. ૧૫.

૧૯૦૬, વિપિનચંદ્ર પાલે શ્રી અરવિંદના તંત્રીપણા નીચે બંગભંગના સંચાલનનું સર્વોત્તમ અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્' શરૂ કર્યું, તા. ૭.

૧૯૦૮, ક્રાંતીવીર ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી, તા. ૧૯.

૧૯૧૯ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એ સૂત્ર હિંદી પ્રજાની રગે-રગમાં ઉતારનાર બાળ ગંગાધર ટિળકનું અવસાન, તા. ૧.

૧૯૨૦, અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસિલ કરવાની ગાંધીજીએ ઝુંબેશ ઉપાડી, તા. ૧.

૧૯૩૧, ગાંધી-અરવિન કરાર પછી કૉંગ્રેસે ગાંધીજીને ગોળમેજી પરિષદ-માં ભાગ લેવા મોકલ્યા; તા. ૨૯.



અંગ્રેજો સામેની '૪૨ની લડતનું એક દશ્ય

૧૯૪૨, કૉંગ્રેસે 'હિંદ છોડો'નો ઠરાવ કરી અંગ્રેજો સામે આખરી લડત લડી લેવા નિર્ણય કર્યો, તા. ૮. આથી ચેતી જઈ સરકારે અગ્રગણ્ય નેતા-ઓને જેલમાં નાખ્યા. જેમાં ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈ-નું જેલમાં જ ઓચિંતું અવસાન થયું, તા. ૧૫. બીજી બાજુ સરકારને છક્કડ આપી કેદમાંથી નાસી ગએલા સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી, તા. ૨૫.

૧૯૪૫, એક વિમાની અક-સ્માતમાં નેતાજી બોઝનું અ-વસાન થયાની જાહેરાત, તા. ૧૦. (બાજુમાં નેતાજી અને એમની આઝાદ હિંદ ફોજને અંકિત કરતી એમની યાદમાં બહાર પડેલી એક ટિકિટ.)



૧૯૪૭, નેવું વર્ષથી આરંભાએલી સ્વાતંત્ર્યની ઝંખના ફળી, તા. ૧૫.

હુન્નર કરો હજાર, શાણપણું ને ચાતુરી,
હેત કપટ વહેવાર રહે ન છાનાં રાજિયા.

તોછડા વર્તન માટે જનરલ મૅક્લીનને સેનાપતિપદેથી દૂર કરવાનો પ્રસ્તાવ આવતાં પ્રમુખ લિંકને તેનો વિરોધ કર્યો. 'પણ એ તો જાહેરમાં આપને ભાંડે છે તેનું શું?' એમ પૂછતાં લિંકને કહ્યું : 'એ તેની 'માણસ' તરીકેની નિર્બળતા છે; પણ સેનાધિપતિ તરીકે તો એ જ યોગ્ય છે. યુદ્ધમાં તે જીતીને આવે તો હું જાતે તેના ઘોડાની લગામ પકડીને આગળ ચાલું.'

∞

કહેવતોના અર્થ : 'નાતરાની જાનને જાનીવાસો નહિ'–એક પત્નીવ્રતના આદર્શવાળા આ દેશમાં પુનર્લગ્ન હીણું કાર્ય ગણાતું હોઈ તે સંકોચપૂર્વક અને ત્વરાથી પતાવાય છે એમ કોઈ કામ ચૂપકી અને અગર ત્વરાથી પતાવવું હોય ત્યારે આ કહેવત વપરાય છે.

∞

અનેકાર્થી શબ્દ : **જાગ** = માતાના પૂજન માટે વવાતા જવારા તથા આઠ દિવસનું અનુષ્ઠાન; યજ્ઞ; જહાજના ભંડારનો રક્ષક; જાગૃતિ કે જાગરણ; ચેતવણી; વિષ્ણુના સત્તર અવતાર પૈકીનો ચૌદમો અવતાર.

∞

ગણિતગમ્મત :

$૧^{૨} = ૨^{૨} - ૩$


$૨^{૨} = ૩^{૨} - ૫$

$૩^{૨} = ૪^{૨} - ૭$

$૪^{૨} = ૫^{૨} - ૯$

$૫^{૨} = ૬^{૨} - ૧૧$

અને એમ આગળ (પી. એ. વ્યાસ)



એક અમેરિકન મોજણીમાં જણાયું છે કે ૪૫ વર્ષની વયનાં માણસોની કાર્યક્ષમતા એમની સાથેના યુવાન કામદારો જેટલી જ હોય છે અને એમની ઉત્પાદનશક્તિ ૨૫ વરસથી નીચેના કામદારો કરતાં વધારે ઉચ્ચ કક્ષાની હોય છે. વળી, મોટી ઉમરના કામદારોનો ઉત્પાદન-દર એકધારો રહે છે ને એમની ગેરહાજરી પણ ઓછી હોય છે.



આજના કોઈમ્બતુર ને સાલેમ જિલ્લાઓવાળો પશ્ચિમ મ્હૈસુરનો ભાગ જે કોંગુદેશ કહેવાતો ત્યાંના 'ગજપતિ' નામે ઓળખાતા ચેરા રાજાઓએ 'હાથી-પેગોડા' નામના સિક્કાઓ પાડેલા, જેનું ચિત્ર આ સાથે આપ્યું છે. તેમાં એક તરફ અલંકૃત હાથીનું ચિત્ર અને પાછલી બાજુ વર્તુલાકારી પુષ્પગુચ્છનાં આલેખનો છે, જેની નકલો પાછળથી કાશ્મીરના હર્ષદેવે (ઈ. ૧૦૮૯) પણ કરેલી.

∞

હાથીના પગમાં કુદરતી એવી સ્થિતિસ્થાપક રચના હોય છે કે ચાલતી વખતે જે પગ ઉપર શરીરનું વજન આવે તે પ્રસરીને જાડો થાય અને જેના ઉપરથી વજન ઊંચકાય છે તે સંકોચાઇને પાતળો થઈ જાય. આ રચનાથી તે ભેજ ને કાદવવાળી જમીનોમાં સરળતાથી ચાલી શકે છે, કેમકે જાડો થવાને લીધે પગ બહુ ઊંડો ખૂંચી જતો અટકે અને સંકોચાવાથી તરત ખેંચી લઈ શકાય. નહિતર વજનથી અંદર ખૂંચી રહે.

∞

નવાં ખરીદેલાં ચિનાઈ માટીનાં પ્યાલારકાબી તથા વાસણોને પહેલેથી જ રીઢાં બનાવી લેવા માટે આ નુસખો અજમાવજો: એક મોટા તપેલામાં ઠંડું પાણી ભરી તેમાં એ વાસણોને ૨૪ કલાક ડૂબાડૂબ રાખો. પછી ખૂબ ધીમી આંચે એને ગરમ કરતા જઈ આંધણ જેવું ઊકળવા દો. પછી તે ઉતારી લઈ આપમેળે તદ્દન ઠંડું પડી જાય ત્યાં સુધી વાસણો અંદર જ રહેવા દો. છેવટે સાફ કરીને સમધારણ વાતાવરણમાં મૂકી છાંડો.



કલાકણિકા : છે તો માટીનું રોજિંદા વપરાશનું જલપાત્ર, પણ ૧૩થી ૧૬મી સદીની સીઆમની પ્રજાએ એને કેવા ઉમંગથી શોભાવ્યું છે.